સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 26
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ અષાઢ સુદ- ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૯ જૂન, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ

## પહેલી જુલાઈ, ૨૦૨૫ના સમગ્ર એશિયાનું સૌથી જૂનું અખબાર ‘‘મુંબઈ સમાચાર’’ પ્રવેશે છે ૨૦૪ વર્ષમાં...




## મુંબઈ સમાચાર adani ધન્વંતરિ અવૉર્ડ ૨૦૨૫

### સન્માનિત ડૉક્ટરો




**‘૫૧ ગુજરાતીઓ’ કૉફીટેબલ બુકનું વિમોચન**



**મુખ્ય અતિથિ**
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્ય પ્રધાન, ગુજરાત**


**ડૉ. અમિત વોરા**
MBBS, MD, DM, DNB (Cardiology)


**ડૉ. જગદીશ પરીખ**
MBBS, MD (Internal Medicine), DM (Cardiology)


**ડૉ. નિલેશ ડૉક્ટર**
MBBS, MS, DNB (General Surgery), MNAMS, FRCS


**ડૉ. સમ્રાટ શાહ**
MBBS, MD (Internal Medicine)


**ડૉ. જી પી રત્નપારખી**
MBBS, MD (Medicine), DM (Cardiology), FESC, FCSI, FSCAI


**ડૉ. સોનલ ચૌહાણ**
MBBS, MD, DMRE


**ડૉ. વશિષ્ઠ મણિયાર**
MBBS, MD (Medicine), DM (Oncology)


**ડૉ. દિન્યાર દારૂવાલા**
MBBS, MD (Medicine), DM (Cardiology)


**ડૉ. મમતા મંગલાની**
MBBS, M.D.(Ped.), DCH, USMLE, FRCPCH


**ડૉ. ભાસ્કર શાહ**
MBBS, MD Medicine, DM Cardiology


**ડૉ. સિદ્ધાર્થ લાખાણી**
MBBS, MD, DM, DNB (Nephrology)



**ડૉ. હાર્દિક પરીખ**
MBBS, MS (Ophthalmology)


**ડૉ. જીવન જૈન**
MBBS


**ડૉ. કિશોર દવે**
MBBS, MD (Psychiatry), DPM



**ગીત-સંગીતની ધૂમ મચાવશે બોલિવૂડ સિંગર ભૂમિ ત્રિવેદી**


**ડૉ. શરદ શાહ**
MBBS, MD Homoeopathy


**ડૉ. બટુક ડિયોરા**
MBBS, MS (General Surgery), DNB (Neurosurgery)

**તારીખ :** ૧ જુલાઈ ૨૦૨૫
**સમય :** સાંજે ૭.૦૦ વાગ્યે
**સ્થળ :** નહેરુ સેન્ટર ઑડિટોરિયમ, વરલી, મુંબઈ.

visit: www.bombaysamachar.com

વાચકમિત્રોએ પાસ મેળવવા આજે બપોરે ૧ થી ૪ દરમિયાન મુંબઈ સમાચારની વેબસાઈટ પર **ધન્વંતરિ અવૉર્ડ-૨૦૨૫** આઈકન પર ક્લિક કરવું

**I NEED TICKET** મેસેજ મોકલ્યા બાદ આવેલા ગૂગલ ક્યૂઆર કોડ પર રૂા. ૧૫૦/- (ટિકિટદીઠ) ગૂગલ-પે કરવાના રહેશે. અમને ગૂગલ-પેનું કન્ફર્મેશન મળતાં જ તમને તમારા વૉટ્સઍપ પર સીટ નંબર પ્રાપ્ત થશે. પાસ બુક કર્યા બાદ ગેરહાજર રહેનારને રિફંડ નહીં મળે.

63 SATS Cybertech

સહ પ્રાયોજક:

MICL MAN INFRACONSTRUCTION LIMITED LIVE BETTER
NSE
DOSTI FRIENDS FOR LIFE
NEELYOG DREAMS TO REALITY
JJC NORTHEAST
Suru Kirlian
GAJRA Adorning Mother Earth ISO 9001:2015 CERTIFIED COMPANY 21+ years | 65+ projects | 5000+ happy families
JINAL studio the creative people...
CORONA

# ભરૂચમાં મનરેગા કૌભાંડમાં વધુ ત્રણની ધરપકડ: કરાર આધારિત ૨૧ કર્મચારી સસ્પેન્ડ

અમદાવાદ: ભરુચમાં મનરેગા કૌભાંડ મામલે તવાઈ બોલાવામાં આવી છે. આ કૌભાંડમાં સામે કરાર આધારિત ૨૧ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. બે કર્મચારીના રાજીનામાં પણ મંજૂર કરવામાં આવ્યા હતા. ફરજમાં બેદરકારીના આક્ષેપ સાથે કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા છે. જવાબદારી બરાબર ન નિભાવી હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. મનરેગા કૌભાંડમાં કોન્ટ્રાક્ટર બાદ કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી

ભરૂચમાં ચકચારી મનરેગા કૌભાંડમાં વધુ ત્રણની ધરપકડ કરવામાં આવી છે. જલારામ અને મુરલીધર એજન્સીના પ્રોપરાઈટર અને વચેટિયાની ધરપકડ કરવામાં આવી છે. તેમજ પીયૂષ ઉકાળી અને જોધા સભાડની ધરપકડ કરાઈ છે. ગીર સોમનાથના જ શરમન સોલંકીની પણ પોલીસે ધરપકડ કરી હતી. બન્ને એજન્સીઓ હીરા જોટવા સાથે જ સંકળાયેલા હોવાનું બહાર આવ્યું છે. મનરેગા કૌભાંડમાં અત્યાર સુધી કુલ છ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ મનરેગા કૌભાંડના તાર ગીર-સોમનાથ સુધી પહોંચ્યા છે. કોંગ્રેસ નેતા હીરા જોટવાની ધરપકડ બાદ તેમના પુત્ર દિગ્વિજય જોટવાની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત હાંસોટ તાલુકા પંચાયતમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા રાજેશ ટેલરની પણ ધરપકડ કરવામાં આવી છે. બંનેને કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે બંનેના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ભરૂચ જિલ્લાના ત્રણ તાલુકાના ૫૭ ગામમાં મનરેગા યોજનામાં ૭ કરોડના ભ્રષ્ટાચાર મામલે સીટની તપાસમાં ગીર સોમનાથના વેરાવળની બે એજન્સીના જલારામ એન્ટરપ્રાઇઝ અને મુરલીધર એન્ટરપ્રાઇઝ એજન્સીના નામ ખુલ્યાં હતાં. એજન્સીઓએ ઓછું મટિરિયલ સપ્લાય કરીને વધારે મટિરિયલ બતાવી કૌભાંડ કર્યુ હતુ. ત્યાર બાદ સીટની તપાસમાં હીરા જોટવાનું નામ ખૂલ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, ભરૂચમાં મનરેગા એજન્સીની કામ કરતી આ બે એજન્સીના માલિકના નામ કાગળ પર અલગ હતાં.

# ભારતને દરેક ક્ષેત્રમાં વિશ્વ ગુરુ બનાવવાનો સંકલ્પ લેવા અમિત શાહની યુવાનોને હાકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે શનિવારે યુવાનોને ૨૦૪૭ સુધીમાં ભારતને દરેક ક્ષેત્રમાં વિશ્વ ગુરુ બનાવવાનો સંકલ્પ લેવા હાકલ કરી હતી, જ્યારે ભારત તેની સ્વતંત્રતાની શતાબ્દી ઉજવી રહ્યું હશે. તેમણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી નેતા ગોવિંદ ગુરુના યોગદાનને પણ યાદ કર્યું હતું અને કહ્યું હતું કે, તેમણે બ્રિટિશ શાસન દરમિયાન પ્રદેશના લોકોના અંતરાત્માને જાગૃત કર્યા હતા. શાહ વીડિયો લિંક દ્વારા એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા જ્યાં ગુજરાતના પંચમહાલ જિલ્લામાં ગોધરા નજીક વિંઝોલ ખાતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી માટે ૧૨૫ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગોવિંદ ગુરુને ભારતના સ્વતંત્રતા સંગ્રામના નાયક તરીકે વર્ણવતા શાહે કહ્યું હતું કે, બ્રિટિશ શાસકો સામે લડનારા લગભગ ૧,૫૧૨ આદિવાસી ભાઈ-બહેનો શહીદ થયાં હતાં અને માનગઢ (ગુજરાતમાં) ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ સ્થાન બન્યું છે.

તેમણે કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગોવિંદ ગુરુના શૌર્યને આગળ ધપાવ્યું છે અને ૨૦૪૭ સુધીમાં ભારતને એક મહાન રાષ્ટ્ર બનાવવા માટે કટિબદ્ધ છે.

અમિત શાહે યુવાનોને હાકલ કરતા કહ્યું હતું કે, આ આપણા બધા માટે એક મહત્ત્વપૂર્ણ બાબત છે. આપણા યુવાનો અને બાળકોએ એક એવું ભારત બનાવવાનો સંકલ્પ લેવો જોઈએ કે દેશ તેની સ્વતંત્રતાની શતાબ્દી ઉજવતો હશે ત્યારે તે વિશ્વમાં દરેક ક્ષેત્રમાં પ્રથમ ક્રમે આવે. કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે, ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની સ્થાપનાનો વિચાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન કર્યો હતો. આજનો દિવસ પંચમહાલ (જિલ્લા) ના ઇતિહાસમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ દિવસ છે.

ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન તરીકે નરેન્દ્રભાઈએ ગોવિંદ ગુરુને સમર્પિત એક યુનિવર્સિટી અને સ્મારકની કલ્પના કરી હતી જે દેશભરના આદિવાસીઓ માટે પ્રેરણાનું સ્થળ બની શકે છે. શાહે તેમના સંક્ષિપ્ત વર્ચ્યુઅલ સંબોધનમાં કહ્યું હતું કે, ખરાબ હવામાનને કારણે તેઓ આ કાર્યક્રમમાં શારીરિક રીતે હાજર રહી શક્યા નથી. તેમણે કહ્યું હતું કે, યુનિવર્સિટીની સ્થાપના ૨૦૧૫માં કરવામાં આવી હતી અને આજે ૧૨૫ કરોડ રૂપિયાના વિવિધ કાર્યક્રમોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવી રહ્યો છે.

યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલા માળખાગત પ્રોજેક્ટ્સમાં સેન્ટર ઓફ એક્સેલન્સ, ઇન્ડોર મલ્ટીપર્પઝ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિન્થેટિક ટ્રેક, ફૂટબોલ અને ક્રિકેટ મેદાન, કૃત્રિમ તળાવ અને હોસ્ટેલ બિલ્ડિંગનો સમાવેશ થાય છે.

# અષાઢી બીજના શુભમુહૂર્તમાં અમદાવાદમાં ૫,૫૦૦ ટૂ વ્હિલર અને ૧૦૨૦ કારનું વેચાણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથ બહેન સુભદ્રા અને મોટા ભાઇ બલદેવજી સાથે નગરચર્યાએ નીકળ્યા હતા. અષાઢી બીજ એટલે વણજોયું શુભમુહૂર્ત, આ દિવસે લોકો પોતાના નવા ઘર કે ઓફિસમાં પ્રવેશ કરતાં હોય છે. નવો ધંધો શરૂ કરતા હોય છે કે પછી નવા વાહનો ખરીદતા હોય છે. અષાઢી બીજે લોકોએ શુભ પ્રસંગ માટેની ખરીદી કરતાં બજારોમાં તેજી જોવા મળતી હતી.

અષાઢી બીજે સવારથી જ તમામ કન્ટ્રક્શન સાઇટ, બુકિંગ ઓફિસ અને વાહનોના શો રૂમ પર ભીડ થઇ ગઇ હતી. અષાઢી બીજે માત્ર અમદાવાદમાં જ ૫૫૦૦ ટૂ વ્હિલર અને ૧૦૨૦ કારના વેચાણ થયા હતા. ઘણા શો રૂમના સંચાલકોએ તો વિજય મુહૂર્તમાં વાહનની ડિલિવરી મળી જાય તે માટે સામૂહિક ડિલિવરીનું આયોજન કર્યું હતું.

અમદાવાદ સહિત ગુજરાતમાં દર વર્ષે વાહનોના વેચાણમાં સતત વધારો થઇ રહ્યો છે ત્યારે જ અષાઢી બીજે અમદાવાદના તમામ શો રૂમ પરથી વાહનોની ડિલિવરી થઇ હતી. ફેડરેશન ઓફ ઑટોમોબાઇલ ડીલર્સ એસોસિયેશનના ગુજરાતના પ્રમુખ પ્રણવ શાહના મતે દિવસ દરમિયાન અમદાવાદમાંથી બેઝિકથી લઇને હાઇએન્ડ લક્ઝુરિયસ ૧૦૨૦ કારનું વેચાણ થયું હતું.

તે ઉપરાંત, ૫૫૦૦ ટૂ વ્હિલર વેચાયાં હતાં. જે આંકડો ગત વર્ષની સરખામણીએ લગભગ યથાવત્ રહ્યો છે. કારના વેચાણમાં દસેક ટકાનો વધારો નોંધાયો હોવાનું વેપારીઓએ કહ્યું હતું.

# ૧૦૦ કરોડના યુએસડીટી કૌભાંડમાં ઈડીના અમદાવાદ, સુરત અને મુંબઈમાં દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુના હવાલા-યુએસડીટી કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા ચોથા દિવસે પણ દરોડા યથાવત્ રહ્યા હતા. આ કેસમાં માત્ર ગેરકાયદેસર ક્રિપ્ટો કરન્સીના વ્યવહાર સાથોસાથ આંગડિયાની સ્લીપ અને આંગડિયાના ટોકન તરીકે ૧ અને ૧૦ની નોટના ફોટા જે હવાલામાં વપરાય છે, તેની પણ તપાસ એજન્સીઓ માટે રહસ્યમય સંકેત બનીને બહાર આવી છે, જેને ડિકોડ કરવાના ઈડી પ્રયાસ કરી રહી છે. આ કૌભાંડના તાર પાકિસ્તાન અને બાંગ્લાદેશ સુધી લંબાયેલા હોવાનું પણ તપાસમાં ખુલ્યું છે.

સાયબર ફ્રોડમાં વિદેશમાં ગયેલી જંગી રકમનો સોર્સ અને ચેનલ શોધી કાઢવા માટે અને તે ઉપરાંત લાભકર્તાઓને પકડવાના ઈરાદે સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સુરત, અમદાવાદ અને મુંબઈમાં ઈડી દ્વારા સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે. આરોપીઓના મોબાઈલ ફોનમાંથી મળેલા ડિજિટલ પુરાવા, ખાસ કરીને વોટ્સએપ ચેટ્સ અને ક્રિપ્ટોકરન્સી એપ્લિકેશન્સ આ સમગ્ર ષડયંત્રનો પર્દાફાશ કરી રહ્યા છે. જેની સતત તપાસ ઈડી દ્વારા કરવામાં આવી રહી છે.

આરોપી માઝ અબ્દુલરહીમ નાડાના મોબાઈલ ફોનમાંથી ''ઓફિસ પ્રાઈવેટ ગ્રૂપ'' નામનું વોટ્સએપ ગ્રૂપ મળી આવ્યું છે, જેમાં ''કાસિફ ડોક્ટર'' અને ''માઝ નાડા'' નામના મોબાઈલ નંબર એડ હતા. આ ગ્રૂપમાં રોજેરોજનો હિસાબ જાણવામાં આવતો હતો. આ ઉપરાંત, ''મહેશ ભાઈ'' નામથી સેવ મોબાઈલ નંબર સાથે યુએસડીટી લે-વેચ, આંગડિયાની સ્લીપ અને આંગડિયાના ટોકન તરીકે એક અને ૧૦ની નોટના ફોટા મોકલેલા જણાયા છે. આ સિવાય, અલગ-અલગ મોબાઈલ નંબર સાથે યુએસડીટી લે-વેચ અને રૂપિયાની લેવડ-દેવડ બાબતેની વાતચીત પણ થયેલી જોવા મળી છે. આ આંગડિયાના ટોકન તરીકે એક અને ૧૦ની નોટોના ફોટા મળવાના હવાલા કૌભાંડમાં નાનામાં-નાની રકમની લેવડદેવડ અને તેના પુરાવા છુપાવવાના પ્રયાસો દર્શાવે છે. મુખ્ય આરોપી મકબુલ ડોકટર સહિત ચાર આરોપીઓના ઘરે અને ઓફિસે ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

અત્યાર સુધીમાં ઈડીને ૨૭ બેંક એકાઉન્ટ અને ૫૦૦થી વધુ સિમકાર્ડ મળી આવ્યા છે. બે કરંટ એકાઉન્ટના ટ્રાન્ઝેક્શનની પણ સઘન તપાસ શરૂ કરવામાં આવી છે, જેમાં વિદેશ ટ્રાન્સફર થયેલા રૂપિયા અંગે પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

# પ્લેન ક્રેશના અંતિમ મૃતકનું ડીએનએ મેચ થયું: ૨૬૦ લોકોનાં મૃત્યુની પુષ્ટિ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં થયેલી વિમાન દુર્ઘટનામાં જેટલા લોકોનું મોત થયાં હતાં તે તમામ લોકોના મૃતદેહના ડીએનએ મેચ થઈ ગયા છે અને તમામ મૃતદેહોને પરિવારોને સોંપવામાં પણ આવ્યા છે. મળતી જાણકારી પ્રમાણે એર ઈન્ડિયા પ્લેન ક્રેશમાં કુલ ૨૬૦ લોકોનાં મૃત્યુ થયું એ વાતની પુષ્ટિ થઈ હતી. કારણ કે અંતિમ ડીએનએ મેચ થતા કુલ ૨૬૦ લોકોનાં મૃત્યુની પુષ્ટિ થઈ છે. અમદાવાદથી લંડન જઈ રહેલા એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું ત્યારે સવારે જ ૨૪૧ યાત્રિકો અને મુસાફરો સિવાય ૧૯ અન્ય લોકોના મૃત્યુ થયા હોવાના પુષ્ટિ કરવામાં આવી હતી.

આ દુર્ઘટનામાં કેટલા લોકોનાં મોત થયાં તે અંગે અનેક સવાલો થઈ રહ્યાં છે, પરંતુ છેલ્લા મૃતકનું ડીએનએ મેચ થતા ૨૬૦ લોકોનું મોત થયું હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. આ દુર્ઘટનામાં આખા મૃતદેહો તો મળ્યા જ નથી! કારણે કે, પ્લેન ક્રેશ થતાની સાથે બ્લાસ્ટ થયો હતો. જેના કારણે અનેક લોકો જીવતા ભડથું થયા હતા. ઘટના સ્થળ પર હાજર લોકોનું પણ મોત થયું હતું. તમામ લોકોના મૃતદેહોનો પરિવારજનોને સોંપવામાં આવ્યાં હોવાનું સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું.

વધુમાં સિવિલાન સુપરિટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ કહ્યું હતું કે, હવે કોઈ મૃતદેહ સોંપવાના બાકી નથી. આ સાથે જ સારવાર માટે એક દર્દી દાખલ હતો તે પણ સ્વસ્થ થઈ જતા શુક્રવારે હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. જ્યારે હજી ચાર જેટલા દર્દી સિવિલમાં સારવાર લઈ રહ્યા છે. ચાર દર્દીઓ સ્વસ્થ થશે ત્યારે તેમને રજા આપવામાં આવશે.

# ડાકોરના ઠાકોર નગરચર્યાએ નીકળ્યા: પુષ્ય નક્ષત્રમાં રણછોડરાયજીની ૨૫૩મી રથયાત્રા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરધામ ખાતે પરંપરાગત રીતે પુષ્ય નક્ષત્રમાં રથયાત્રા યોજાઈ હતી. ડાકોરના ઠાકોર રાજાધિરાજ રણછોડરાયજી વાજતે ગાજતે નગરચર્યાએ નીકળ્યા હતા. રણછોડરાયજી મંદિરથી મંગળા આરતી સહિતના પારંપરિક વિધિ વિધાન બાદ ચાંદીના રથમાં બિરાજમાન થઈ ભગવાન નગરયાત્રાએ નીકળ્યા હતા.

ડાકોરમાં ભગવાન રણછોડરાયજીની ૨૫૩મી ભવ્ય રથયાત્રા યોજાઈ હતી. ડાકોરમાં આવેલા રણછોડરાયજી મંદિર ખાતે સવારે મંગળા આરતી તેમ જ નિત્ય પૂજા અર્ચના બાદ ચાંદીના રથમાં ભગવાનનું અધિવાસન થયું હતું. ભગવાન રણછોડરાયજીના બાળ સ્વરૂપ ગોપાલલાલજી મહારાજને શણગાર કરી રથમાં બિરાજમાન કરાયા હતા અને મંદિર પરિસરમાં ૧૧ પરિક્રમા પૂરી કરીને રથયાત્રાએ નગરચર્યા માટે ૧૨ કિલોમીટર લાંબા માર્ગ પર પ્રસ્થાન કર્યું હતું. આ પવિત્ર અવસરે ભક્તો દ્વારા જય રણછોડ માખણ ચોરના જયઘોષ સાથે ડાકોર ધામ ભક્તિમય બની ગયું હતું.

રથયાત્રાના પરંપરાગત રૂટ પર ડાકોરના ઠાકોરની વાજતે ગાજતે રથયાત્રા શરૂ થયા બાદ ગૌશાળા, લાલબાગ, મહાપ્રભુજીની બેઠક નરસિંહ ટેકરી થઈને રાધા કુંડ પહોંચી હતી. ત્યાંથી મોખા તલાવડીથી પુનઃ રથમાં બિરાજી રણછોડપુરા થઈ કેવડેશ્વર પહોંચી હતી. જ્યાં ભગવાને આભૂષણ અને વસ્ત્રો ધારણ કર્યા હતા.

રથયાત્રા લક્ષ્મીજી મંદિર, બોડાણા બેઠક થઈ નિયત રૂટ પૂરો કરી રાત્રે નિજ મંદિરમાં પરત ફરી હતી. રથયાત્રામાં ભજન મંડળી સહિત મોટી સંખ્યામાં વૈષ્ણવો અને ભક્તજનો જોડાયા હતા.

રથયાત્રામાં ફણગાવેલા મગ, જાંબુ અને કેરીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાત્રે નિજ મંદિરમાં પરત ફરતા ભગવાનની પારંપરિક 'ઇન્ડી પિંડી' વિધિ ભવ્ય રીતે કરી ભગવાનની નજર ઉતારવામાં આવી હતી. જે બાદ ઠાકોરજીનું ગર્ભગૃહમાં પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અષાઢી બીજના દિવસે જગન્નાથપુરી તેમ જ અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાય છે. જ્યારે સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે વર્ષોથી પરંપરાગત રીતે પુષ્ય નક્ષત્રમાં રણછોડરાયજીની રથયાત્રા યોજવામાં આવે છે. જે મુજબ પુષ્ય નક્ષત્રમાં ભક્તિભાવ સાથે ધામધૂમપૂર્વક ૨૫૩મી રથયાત્રા નીકળી હતી.

# વનતારા અમદાવાદ રથયાત્રામાં બેકાબૂ બનેલા હાથીની મદદે આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રામાં ગજરાજ ખાડીયા ગેટ વિસ્તારમાંથી પસાર થતા હતા ત્યારે ત્રણ હાથી બેકાબૂ બનતા રથયાત્રા જોવા પહોંચેલા ભાવિક ભકતોમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. ભારે ઘોંઘાટ સાથે વાગતા ડી.જે. અને સિસોટીઓના અવાજથી ભડકેલા હાથી બેરીકેડ તોડી સીધા ખાડીયા બાલાહનુમાન તરફ ધસી જતા લોકો જીવ બચાવવા દોડતા નજરે પડયા હતા. ભાગદોડના કારણે પડી જવાથી પાંચ લોકોને વત્તાઓછા અંશે ઈજા પહોંચી હતી.

બાલાહનુમાનથી હાથી આગળ વધતા નહીં હોવાથી એમને ટવિન્કિલાઈઝર ગન દ્વારા ઈન્જેકશન અપાયા હતા. આ સમયે વધુ એક હાથી ઢીકવાચોકી ઢાળ વિસ્તારમાં ઉતરી જતા ત્યાં પણ લોકોમાં ભાગદોડ મચી હતી. છ કલાકની જહેમતના અંતે ત્રણે હાથીને રિવરફ્રન્ટના રસ્તે નીજ મંદિર પહોંચાડાયા હતા.

વનતારાએ ૧૪૮મી જગન્નાથ રથયાત્રા દરમિયાન ત્રણ હાથીઓની ભાગદોડની ઘટના બાદ તરત જ અમદાવાદમાં તેની એક વિશેષ ઇમર્જન્સી ટીમ તૈનાત કરી હતી. આ ટીમમાં બે વન્યજીવ પશુચિકિત્સકો, છ વરિષ્ઠ મહાવતો, તાલીમ પામેલા અગિયાર સહાયક સ્ટાફ અને પાંચ એલિફન્ટ એમ્બ્યુલન્સનો સમાવેશ થતો હતો. વનતારાની ટીમે સ્થાનિક અધિકારીઓને અસરગ્રસ્ત નર અને માદા હાથીઓના તબીબી મૂલ્યાંકનમાં મદદ કરી, વર્તણૂકીય અને માનસિક સહાય પૂરી પાડી અને જ્યાં જરૂરી હોય ત્યાં સલામત નિયંત્રણ સુનિશ્ચિત કર્યું હતું.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રથયાત્રા દરમિયાન હાથીઓની દોડભાગની ઘટના બાદ અમે તાત્કાલિક સહાય માટે વનતારાનો સંપર્ક કર્યો હતો. તેમની ટીમે જામનગરથી ઝડપથી પ્રતિક્રિયા આપી અને સ્થાનિક અધિકારીઓ અને સંભાળ લેનારાઓ સાથે સંકલન સાધીને હાથીની યોગ્ય સંભાળ માટે તેમના સ્થાનાંતરણની વ્યવસ્થા કરી હતી. જગન્નાથ મંદિર મેનેજમેન્ટે વનતારાના ત્વરિત પગલાં અને સમર્પણની પ્રશંસા કરી હતી. વનતારા આ હાથીઓને લઈ ગઈ હતી તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.

# વિશ્વામિત્રી નદીમાંથી ૨૦૦ કિલો વજન ધરાવતા મગરનો મૃતદેહ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરની વિશ્વામિત્રી નદીમાં મગર મોટી સંખ્યામાં રહે છે, પરંતુ છેલ્લા થોડા મહિનાથી સમયાંતરે નદીમાંથી મગરના મૃતદેહ મળી આવે છે. આજે સવારે કારેલીબાગ બુદ્ધદેવ કોલોની પાસે કમાટીબાગના બ્રિજ પાસેથી વધુ એક મગરનો મૃતદેહ નદીમાં જોવા મળતા લોકોનાં ટોળાં જામ્યાં હતાં. જીવદયા પ્રેમીઓને જાણ થતાં ૧૦ ફૂટના અંદાજે ૨૦૦ કિલો જેટલા વજનના મગરનો મૃતદેહ પાણીમાંથી કાઢતા નાકેદમ આવી ગયો હતો. ફોરેસ્ટ વિભાગની ટીમ આવી જતા પાંચથી સાત જેટલા કાર્યકરો દ્વારા મગરના મૃતદેહને વાનમાં મૂકીને રવાના કરવામાં આવ્યો હતો. ૬ મહિનામાં ૯મો બનાવ નોંધાયો હતો. એપ્રિલ મહિનામાં વિશ્વામિત્રીમાં નદીમાં રહેતા ૧૦ ફૂટના મગરનું મોત થતાં મગરપ્રેમીઓ શહેરમાં વિશ્વામિત્રી નદીના ઘાટ પર એકત્ર થયા હતા અને શ્રદ્ધાંજલિ સભા (બેસણું) રાખ્યું હતું. છેલ્લા કેટલાક મહિનામાં થયેલા મગરના મોતને લઈ સૌએ શોક વ્યક્ત કર્યો હતો.

# સુરતમાં રોગચાળાની આશંકા વચ્ચે ૫૮૭.૪૪ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં આવેલા ખાડીપૂર ઓસરવાની શરૂઆત સાથે જ પાલિકાએ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી છે. સફાઈની કામગીરી સાથે સાથે પાલિકાએ આરોગ્ય લક્ષી સર્વે અને કામગીરી હાથ ધરી છે. પાણી ઓસર્યા બાદ પાલિકાએ ૫૮૭.૪૪ મેટ્રીક ટન કચરાનો નિકાલ કર્યો હતો અને સફાઈ બાદ ૩૪,૯૬૪ કિલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. શહેરમાં રોગચાળો ન ફેલાઈ તે માટે પાલિકા તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં સતત આરોગ્યલક્ષી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ખાડીપૂર ઓસરવાની સાથે જ સફાઈની કામગીરી માટે મ્યુનિ.કમિશનર શાલિની અગ્રવાલે સીધી સૂચના આપી હતી અને આઈસીસીસી ખાતે તથા સ્થળ પર જઈને કામગીરીનું નિરીક્ષણ કરતા કામગીરીમાં ઝડપ આવી હતી. સુરત જિલ્લામાં પડેલા દેમાર વરસાદના કારણે સીમાડા ખાડી ઓવર ફ્લો થવા સાથે ખાડી કિનારાનાં અનેક વિસ્તારમાં ખાડીમાં પાણી ફરી વળ્યા હતા. પાંચમા દિવસે ખાડી પૂર ઓસર્યા હતા. તેની સાથે જ પાલિકા તંત્ર આ વિસ્તારમાં રોગચાળો ન ફેલાઈ તે માટે યુદ્ધના ધોરણે સફાઈની કામગીરી કરી રહ્યું છે. પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સફાઈ ઝુંબેશ સાથે મેડિકલ ટીમ તથા સર્વેલન્સ વર્કરો મારફત અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વે કરી આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી હતી. તા.૨૪ થી ૨૭ જૂન દરમિયાન પાલિકાએ શહેરના અસરગ્રસ્ત વિસ્તારમાં ૨,૨૪,૦૬૯ વસતીને સર્વેમાં આવરી લીધી હતી. જેમાં ૧૨૧૫ લોકોને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. સુરતમાં ચાર દિવસથી ખાડીપૂર હતું તે વિસ્તારમાં લોકો ઘરની બહાર નિકળી શકે તેમ ન હતા તેથી પાલિકાએ આ વિસ્તારમાં ૪૦,૨૭૫ ફુડ પેકેટોનું વિતરણ કર્યું હતું. પાલિકાએ સફાઈ ઝુંબેશ વધુ સઘન બનાવી ૫૮૭.૪૪ મે.ટન કચરાનો નિકાલ કર્યો હતો. અને ૩૪,૯૬૪ કિલો જંતુનાશક દવાનો છંટકાવ કર્યો છે.

# મહેસાણા દૂધ સાગર ડેરીમાં કૌભાંડનો ખુદ વાઈસ ચેરમેને પર્દાફાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા દૂધ સાગર ડેરીની શુક્રવારે (૨૭મી જૂન) મળેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં વાઇસ ચેરમેન યોગેશ પટેલ દ્વારા કેટલાક સવાલો પૂછવામાં આવ્યા હતા. જેમાં મામલો એકાએક બગડતાં ચેરમેન અશોક ચૌધરીએ આવેશમાં આવીને યોગેશ પટેલને લાફો ઝીંકી દેતા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં ભારે હોબાળો થયો હતો. આ મામલે શનિવારે વાઇસ ચેરમેન યોગેશ પટેલે મહેસાણા દૂધ સાગર ડેરીમાં કૌભાંડ થતું હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો.

શનિવારે (૨૮મી જૂન) વાઇસ ચેરમેન યોગેશ પટેલે ચરાડામાં અમૂલના ગોડાઉનમાં પહોંચ્યા હતા. જ્યાં અમૂલ મિલ્ક પાઉડરનો એક્સપાયર થયેલો જથ્થાનો સંગ્રહ કરાયો હતો. વાઇસ ચેરમેન યોગેશ પટેલે કહ્યું હતું કે, અમૂલ મિલ્ક પાઉડરનો જૂનો જથ્થો પડ્યો રહે અને નવો જથ્થો મગાવે છે. જેના કારણે મહેસાણા દૂધ સાગર ડેરીને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. આ બધા જ નુકસાનની જવાબદારી ચેરમેન અશોક ચૌધરીની છે. નોંધનીય છે કે, ભાજપના મેન્ડેટથી જ આ બંને ઉમેદવાર ચેરમેન અને વાઇસ ચેરમેન બન્યા છે.

વાઇસ ચેરમેન યોગેશ પટેલ પર હિસાબ મુદ્દે બેઠકમાં હુમલો થયો હતો. બેઠકમાં ભ્રષ્ટાચાર મુદ્દે સવાલો કરનાર વાઇસ ચેરમેન યોગેશ પટેલ ઉપર ચેરમેન અશોક ચૌધરી અને દિલીપ ચૌધરીએ હુમલો કર્યો હતો.

આ સમગ્ર મામલો મહેસાણા બી ડિવિઝન પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

# કચ્છના કાંઠાળ વિસ્તારો પર મેઘમહેર જારી: માંડવીમાં વધુ ત્રણથી સાડા ચાર ઈંચ વરસાદ

ભુજ: હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે ત્યારે શુભ માનવામાં આવતાં આદ્રા નક્ષત્રમાં અને અષાઢી બીજના શુકનવંતા દિવસથી થઇ રહેલા વરસાદે સરહદી કચ્છના કાંઠાળ પટ્ટામાં અને ખાસ કરીને બંદરીય માંડવી તાલુકામાં ચાર ઇંચથી વધારે વરસાદ વરસાવી દેતાં ટુરિસ્ટ હોટસ્પોટ તરીકે ઓળખાતું આ પ્રાચીન નગર જાણે જળમગ્ન બન્યું છે. વીતેલા ૨૪ કલાક દરમ્યાન માંડવીમાં સર્વાધિક સાડા ચાર ઇંચ, તાલુકામાં દોઢથી બે ઇંચ, અબડાસા તાલુકામાં એકથી અઢી જેટલી વાવણી થયેલા પાકો માટે સંજીવની સમી ધીંગી મહેર વરસાવી છે. માંડવીમાં ભારે વરસાદ ખાબકતાં નાનાં તળાવો, ડેમો તથા ખેતરોમાં પાણી ભરાયાં છે. નીચાણવાળા વિસ્તારો આઝાદ ચોક, લાકડાં બજાર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયાના અહેવાલ મળી રહ્યા છે. બીજી તરફ, કાંઠાળ અબડાસાના કોઠારા સહિતના વિસ્તારમાં દોઢેક ઇંચ જેટલો ધોધમાર વરસાદ ખાબક્યો છે.

# પાટીદાર ચિંતન શિબિરમાં ઈડબલ્યુએસને ચૂંટણીઓમાં અનામતનો લાભ આપવા માગ ઊઠી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાટીદાર અનામત આંદોલન સાથે સંકળાયેલા નેતાઓએ પાટીદાર અનામત આંદોલન સમિતિના નેજા હેઠળ ગાંધીનગરમાં ચિંતન શિબિર બેઠકનું આયોજન કર્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતના પાટીદાર સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત કહ્યા હતા. ગાંધીનગર ખાતે આયોજિત આ બેઠકમાં સમાજનાં સંગઠનો, અગ્રણીઓ સહિત અનેક લોકોને આમંત્રણ મોકલવામાં આવ્યાં હતાં. જો કે આ શિબિરમાં આશ્ચર્યજનક રીતે પાટીદાર અનામત આંદોલનમાં સૌથી વધુ ચમકેલા અને હાલના ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલને દૂર રાખવામાં આવ્યા હતા. આ મામલો સૌથી વધારે ચર્ચાનો વિષય બન્યા હતો. પાટીદાર સમાજની ચિંતન શિબિરમાં શરૂ થઈ તે સાથે જ બબાલ શરૂ થઇ ગઇ હતી. પાસના પૂર્વ કન્વીનર જયેશ પટેલને મીટિંગ માટે નહીં બોલાવવામાં આવતા બબાલ કરી હતી.

આ બાબતે વાંધો ઉઠાવ્યો હતો જેથી મામલો ગરમાઇ ગયો હતો. શાંતિલાલ સોજીત્રા અમદાવાદના નિકોલના પાસ આગેવાન છે. તેઓ આમંત્રણ બાબતે પ્રથમ રિસાયા અને બાદમાં અણગમો વ્યક્ત કરીને બેઠક છોડીને બહાર નીકળી ગયા હતા. આ સમયે અન્ય આગેવાનોએ મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ) અને સરદાર પટેલ ગ્રૂપ (એસપીજી) બંને સંગઠનોના આગેવાનોએ સ્પષ્ટ માગ કરી હતી કે ઓબીસી, એસસી અને એસટી સમુદાયની જેમ ઈડબલ્યુએસ (આર્થિક રીતે નબળા વર્ગ) હેઠળ આવતા લોકોને પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં અનામતનો લાભ મળવો જોઈએ.

આ માગણી પાટીદાર સમાજના યુવાનો અને આગેવાનો દ્વારા સક્રિયપણે ઉઠાવવામાં આવી રહી છે, જે દર્શાવે છે કે આ મુદ્દો આગામી સમયમાં ગુજરાતની રાજનીતિમાં કેન્દ્ર સ્થાને રહી શકે છે.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 26
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ અષાઢ સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૯ જૂન, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ગુજરાત પર મેઘરાજા મહેરબાન

# આ વર્ષે જૂનમાં છેલ્લાં ૧૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો




પાકમાં આત્મઘાતી હુમલોઃ ૧૩નાં મોત ૨

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના વિવિધ ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત મેઘમહેર થઇ રહી છે. ૨૭ જૂન શુક્રવારે ગુજરાતમાં સરેરાશ ૨૫૭ મિમી વરસાદ સાથે આ ચોમાસાની સિઝનનો ૩૦ ટકા પડી ગયો છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન્સ સેન્ટર (એસઈઓસી) ના આંકડા અનુસાર સાત જૂને સરેરાશ સંચિત વરસાદ ૭ મિમી હતો જે દર્શાવે છે કે ૨૦ દિવસમાં રાજ્યમાં ૨૫૦ મીમી વરસાદ પડ્યો છે, જે સિઝનના કુલ વરસાદના ૨૮ ટકા જેટલો થાય છે. એસઈઓસી આંકડા દર્શાવે છે કે જૂન મહિનામાં રાજ્યમાં ઓછામાં ઓછા છેલ્લા૧૦ વર્ષમાં સૌથી વધુ જોરદાર ચોમાસુ હતું.

આંકડાનાં પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, છેલ્લા પાંચ વર્ષમાં ૨૭ જૂન સુધી સરેરાશ વરસાદ ૧૦.૬ ટકા હતો - સૌથી વધુ, ૧૪ ટકા , ૨૦૨૦માં ૧૧૮ મિમી વરસાદ સાથે નોંધાયેલો હતો.

ભારતીય હવામાન વિભાગના આંકડા અનુસાર, આ વર્ષે ૨૭ જૂન સુધી રાજ્યમાં સામાન્ય કરતાં વધુ વરસાદ ૧૩૫ ટકા અથવા બમણાથી વધુ હતો. રાજ્યભરમાં સુરત, જામનગર અને ભાવનગર જેવા અનેક જિલ્લાઓમાં (જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં ૧૮૭ તાલુકામાં મેઘમહેર, દ્વારકામાં સૌથી વધુ ૨.૪૪ ઇંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ચોમાસાએ જમાવટ કરી છે. ગુજરાતમાં ૧૮૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. દ્વારકામાં સૌથી વધુ ૨.૪૪ ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે જાંબુઘોડામાં ૨.૪ ઇંચ વરસાદ પડ્યો હતો. લખપતમાં ૧.૮૯ ઇંચ, પોરબંદરમાં ૧.૮૫ ઇંચ, ભરૂચમાં ૧.૮૧ ઇંચ, ચીખલીમાં ૧.૭૩ ઇંચ, વસલાડમાં ૧.૭૩ ઇંચ, કરજણમાં ૧.૭૩ ઇંચ, પ્રાંતિજમાં ૧.૫૭ ઇંચ, કલ્યાણપુરમાં ૧.૫૪ ઇંચ, ગણદેવીમાં ૧.૩૮ ઇંચ, બાવળામાં ૧.૨૬ ઇંચ, વાઘોડીયામાં ૧.૨૨ ઇંચ વરસાદ નોંધાયો હતો.

સવારથી દ્વારકા પર મેઘરાજા મહેબાન થયા હતા. દ્વારકા સહિતના આસપાસના વિસ્તારમાં બે ઇંચથી વધુ વરસાદ વરસતાં ખેતરો અને રોડ રસ્તા પર પાણી ભરાયાં હતાં. દ્વારકામાં સવારથી જ વરસાદી માહોલ જામતા ખેડૂતોમાં ખુશીની લહેર (જુઓ પાનું ૨) ▶▶




પાકિસ્તાનની 'નાપાક' મુરાદ

## 'આપરેશન સિંદૂર'માં તબાહ લોન્ચ પેડ્સનું ફરી નિર્માણ

લાહોરઃ ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકી હુમલાનો ભારતે ઑપરેશન સિંદૂર દ્વારા બદલો લીધો હતો. આ કાર્યવાહીથી ભારતે આતંકી લોંચપેડ્સને તબાહ કર્યા હતા. જોકે હવે પાકિસ્તાન દ્વારા આ લોંચપેડ્સ ફરીથી બનાવવાનું શરૂ કર્યું છે. પાકિસ્તાનની સેના, ગુપ્તચર એજન્સી તથા આઈએસઆઈ અને સરકારનું સમર્થન મળ્યું છે.

પીઓકે (પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર) અને આસપાસના વિસ્તારમાં આતંકી લોંચપેંડ્સ બનાવવાની કોશિશ કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ માટેનો કોન્ટ્રાક્ટ પણ આપી દેવામાં આવ્યો છે. પાકિસ્તાન ફરી એક વખત આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું હોવાનું આના પરથી સ્પષ્ટ થાય છે.

ઑપરેશન સિંદૂર બાદ ફિલ્ડ માર્શલ બનાવવામાં આવેલા આસિમ મુનીરે આતંકી ઠેકાણાને ફરીથી ઊભા કરવા સરકારી ફંડ જાહેર કર્યું છે. અત્યાર સુધીમાં ૪૦ કરોડ રૂપિયાનું ફંડ ફાળવવામાં આવી ચક્યું છે. પાકિસ્તાનના વડા પ્રધાન પણ ભારતની કાર્યવાહીમાં જે ઘર અને મસ્જિદોને નુકાસન થયું છે તેનું પુનઃનિર્માણ સરકાર કરાવશે તેમ કહી ચૂક્યા છે. બહાવલપુરને રૂપિયા ૧૪ કરોડનું ફંડ પૂરું પાડવામાં આવ્યું છે. અહીંના મરકઝ સુભાન અલ્લાહ પરિસર પર ભારતીય સેનાએ જૈશ-એ-મોહમ્મદના (જુઓ પાનું ૨) ▶▶

## બાંગ્લાદેશથી શણ અને તેના રેસાની આયાત પર નિયંત્રણ મૂકતું ભારત

નવી દિલ્હીઃ ભારતે બાંગ્લાદેશથી શણ અને સંબંધિત રેસાની આયાત પર તાત્કાલિક અમલમાં આવે એ રીતે નિયંત્રણ મૂક્યાં છે. બાંગ્લાદેશથી શણ અને સંબંધિત રેસાની આયાત જમીન અને દરિયાઇ માર્ગે કરવા પર નિયંત્રણ મુકાયાં છે, પણ તેમાં મહારાષ્ટ્રના ન્હાવા સેવા બંદરને અપવાદ રખાયું છે.

વાણિજ્ય મંત્રાલય હેઠળના વિદેશ વેપારને લગતા ડિરેક્ટર જનરલે બાંગ્લાદેશથી શણની આયાત પર નિયંત્રણ મૂકતું જાહેરનામું બહાર પાડ્યું હતું. અગાઉ, 'સાઉથ એશિયન ફ્રી ટ્રેડ એરિયા'ની જોગવાઇ હેઠળ બાંગ્લાદેશથી ભારત ખાતે કરાતી શણની નિકાસ પર જકાત નહોતી લાગતી. બાંગ્લાદેશથી શણ, શણની ચીજો, ખાસ કરીને યાર્ન, ફાઇબર અને ગૂણીઓની ડ્યૂટી ફ્રી કરાતી આયાતથી ભારતના શણ ઉદ્યોગને માઠી અસર થઇ હતી.


આ ઉપરાંત, બાંગ્લાદેશની સરકાર બાંગ્લાદેશના શણ ઉદ્યોગને નિકાસમાં સબસિડી આપતી હોવાથી તેઓ સસ્તા દરે શણનો માલ ભારત મોકલી શકતા હતા.

ભારતના એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટીના વિભાગે આ સંબંધમાં તપાસ હાથ ધરી હતી અને દેશના શણ ઉદ્યોગના હિતના રક્ષણાર્થે તેમ જ ગ્રામીણ ક્ષેત્રને રોજગારી પૂરી પાડી સ્વાવલંબી બનાવવા માટે બાંગ્લાદેશના શણ અને સંબંધિત રેસાની આયાત પર નિયંત્રણ લાદવાનો નિર્ણય લેવાયો હતો. બાંગ્લાદેશના શણના વેપારીઓ કોઇ ત્રીજા દેશના માર્ગે ભારતમાં શણની નિકાસ ન કરે તેનું પણ ધ્યાન રખાશે. (એજન્સી)■




## 'કાંટા લગા' ફેમ શેફાલી જરીવાલાનું શૉકિંગ મૃત્યુ

### પ્રથમદર્શી હાર્ટ અટેકથી મૃત્યુ થયું હોવાનું પોલીસને લાગે છેઃ એન્ટિ-એજિંગની દવા લીધા બાદ તબિયત લથડી



મુંબઈઃ 'કાંટા લગા' ફેમ શેફાલી જરીવાલાનું શુક્રવારે રાતના મૃત્યુ થતાં પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી. અંધેરીના લોખંડવાલા ખાતે રહેતી શેફાલીનું બ્લડપ્રેશર અચાનક ડાઉન થતાં અને હાર્ટ અટેકની શક્યતા વચ્ચે તેને હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસી તેને મૃત જાહેર કરી હતી. શેફાલીના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. જોકે તેના મૃત્યુનું કારણ હજી અસ્પષ્ટ છે. પ્રથમદર્શી રીતે હાર્ટ અટેકને કારણે શેફાલીનું મૃત્યુ થયું હોવાનું પોલીસને લાગી રહ્યું છે. અંબોલી પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પાછલા વર્ષોમાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી ઘણી હસ્તીઓનું હાર્ટ અટેકના કારણે મૃત્યુ થયું છે. જેમાં એક વધુ નામનો ઉમેરો થયો છે. કાંટા લગા ગર્લ તરીકે જાણીતી બનેલી ૪૨ વર્ષીય અભિનેત્રી શેફાલી જરીવાલાનું ૨૭ જૂનના રોજ હાર્ટ અટેકના કારણે અવસાન થયું છે. જેનાથી ઈન્ડસ્ટ્રી અને તેના (જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પે કૅનેડા સાથેના વેપાર અંગેની મંત્રણા પડતી મૂકી

### ડિજિટલ સર્વિસીસ ટૅક્સને વધુ પડતો ગણાવ્યો

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કૅનેડા સાથેના વેપારને લગતી મંત્રણા પડતી મૂકવાની શુક્રવારે જાહેરાત કરતા જણાવ્યું હતું કે કૅનેડા ટૅક્નોલૉજી ક્ષેત્રની અમેરિકી કંપનીઓ પર વધુ પડતો ટૅક્સ લાદી રહ્યું છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા નેટવર્ક પરની પોસ્ટમાં લખ્યું હતું કે કૅનેડાએ અમેરિકાને જણાવ્યું હતું કે કૅનેડામાંના ઓનલાઇન વપરાશકારોને સેવા પૂરી પાડનારી કૅનેડા અને વિદેશની કંપનીઓ પર ડિજિટલ સર્વિસીસ ટૅક્સ લાદવાના નિર્ણયનો અમલ કરવામાં પીછેહઠ નહિ કરે.

ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે કૅનેડા અમેરિકાની ટૅક્નૉલૉજી ક્ષેત્રની કંપનીઓ પર વધુ કરવેરો લાદવા મક્કમ હોવાથી અમે કૅનેડા સાથેની વેપારને લગતી બધી મંત્રણા તાત્કાલિક પડતી મૂકીએ છીએ. અમે કૅનેડાને અમેરિકામાં વેપાર-ધંધા અને નિકાસ કરવા પરના કરવેરાના નવા દર એક અઠવાડિયામાં જણાવી દઇશું.

દરમિયાન, કૅનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે અમે કૅનેડાના હિતને ધ્યાનમાં રાખીને જ અમેરિકા સાથે વેપારને લગતી મંત્રણા કરીશું.

બાદમાં, ટ્રમ્પે જણાવ્યું હતું કે હું આશા રાખું છું કે કૅનેડા વિદેશી, ખાસ કરીને અમેરિકાની કંપનીઓ પર લાદેલા ઊંચા કરવેરા રદ કરશે. કૅનેડા હાલમાં મૂર્ખામી કરી રહ્યું છે. કૅનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની ગયા મે મહિનામાં ટ્રમ્પને વાઇટ હાઉસ ખાતે મળ્યા હતા અને બન્ને નેતાએ વેપારને લગતી મંત્રણા કરી હતી. (એજન્સી)■

## પુરીની રથયાત્રા ગુંડીચા મંદિર પહોંચી, ૬૦૦ ભક્ત બીમાર પડ્યા

પુરી : પુરીની રથયાત્રામાં શ્રદ્ધાળુઓએ નવા ઉમંગ સાથે શનિવારે ભગવાન બલભદ્ર, દેવી સુભદ્રા અને ભગવાન જગન્નાથના રથ ખેંચવાનું ચાલુ કર્યું હતું. ૨૭ જૂનની રાત્રે રથયાત્રા થંભાવી દેવામાં આવી હતી. રથ શુક્રવારે સાંજે ભગવાનના મોસાળ ગુંડીચા મંદિર પહોંચવા જોઈતા હતા. પરંતુ બલભદ્રનો તાલધ્વજ રથ વળાંક લેતી વખતે અટકી ગયો હતો. આને લીધે બીજા બે રથ પણ આગળ ન વધી શક્યા હતા. કડક સુરક્ષા વ્યવસ્થામાં મૂર્તિ સાથે રથને આખી રાત રોડ પર રાખવામાં આવ્યો હતો.

સવારની વિધિ પતાવ્યા બાદ શનિવારે સવારે દસ વાગ્યે (જુઓ પાનું ૨) ▶▶



**રથયાત્રાઃ** ઓડિશાના પુરીમાં શનિવારે વાર્ષિક રથયાત્રામાં ભગવાન જગન્નાથના રથને ખેંચતા લોકો. (પીટીઆઇ)

## ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનથી રોડ બ્લોકઃ ચાર દિવસ ભારે વરસાદની આગાહી

દહેરાદૂન : દેશના વિવિધ રાજ્યોમાં ચોમાસાની શરૂઆત થઇ ચૂકી છે. જેમાં પણ ઉત્તર ભારતના રાજ્યોમાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. તેમાં પણ ઉત્તરાખંડમાં ભારે વરસાદ સતત તબાહી મચાવી રહ્યો છે. રુદ્રપ્રયાગમાં અકસ્માત થયેલી બસનો કાટમાળ હજુ મળી શક્યો નથી. જ્યારે ડાઇવર્સ કહે છે કે નદીમાં ડૂબકી લગાવવી મુશ્કેલ છે. ડાઇવિંગ કર્યા પછી પણ કાદવવાળા પાણીમાં કંઈ દેખાતું નથી. ત્યારે અકસ્માતમાં ગુમ થયેલા આઠ લોકો અને બસને શોધવાનું મુશ્કેલ છે. આ દરમિયાન ચમોલી પોલીસે બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ કરવાની માહિતી આપી છે. નંદપ્રયાગ અને ભાનેરપાણી નજીક બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ છે. ત્યારે ચારધામ યાત્રાળુઓને સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે.

જ્યારે હવામાન વિભાગે ઉત્તરાખંડના વિવિધ જિલ્લાઓમાં આગામી ચાર દિવસ સુધી સતત વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન કેન્દ્ર દેહરાદૂનના ડિરેક્ટર વિક્રમ સિંહે માહિતી આપી હતી કે ચમોલી, રુદ્રપ્રયાગ, ટિહરી, પૌરી, (જુઓ પાનું ૨) ▶▶



**ભેખડો પડીઃ** ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં ભારે વરસાદને પગલે ધસી પડેલી ભેખડોને લીધે રસ્તા પર વાહનવ્યવહાર અને લોકોની અવરજવર બંધ કરી દેવાઇ હતી. (પીટીઆઇ)

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૯-૬-૨૦૨૫ થી તા. ૫-૭-૨૦૨૫

ગ્રહગોચરઃ આ સપ્તાહનાં સૂર્યનારાયણ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ સિંહ રાશિમાં માર્ગી ભ્રમણ કરે છે. બુધ કર્ક રાશિમાં મિશ્ર ગતિએ માર્ગી ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર, તા. ૨૯મીએ વૃષભ રાશિમાં પ્રવેશે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર કર્કમાંથી તા.૨૯મીએ સિંહ રાશિમાં, તા.૧લીએ કન્યા રાશિમાં, તા.૪થીએ તુલા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણના પ્રયત્નો સફળ પુરવાર થશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૩૦, ૨ નોકરી માટે શુભ જણાય છે. વેપારની નાણાં આવક જળવાઈ રહેશે. નવા ભાગીદારીના સંબંધો નિર્માણ થાય તેમ છે. જૂની ઉઘરાણીની નાણાંની આવક પણ સફળતાથી મેળવી શકશો. વેપાર વધશે. મહિલાઓને કુટુંબીજનોનો યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અપેક્ષા અનુસાર નવા અભ્યાસના સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વધુ પડતું સાહસ ટાળવું જરૂરી છે. બજારમાં નવા નાણાં રોકાણ માટે ઉત્સાહનો અભાવ જણાશે. કારોબાર માટે જૂની ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય જણાતી નથી, પરંતુ વેપાર વધશે. વેપાર માટેના પ્રયત્નો સફળ જણાશે. મહિલાઓ આ સપ્તાહમાં શરીર સ્વાસ્થ્ય જાળવણી માટેના પ્રયત્નોમાં સફળતા મેળવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં આત્મવિશ્વાસ અને કાર્યદક્ષતા જાળવી રાખવાનો અનુભવ થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૧ શુભ જણાય છે. નાણાંની આવકની વૃદ્ધિ થાય. નાણાં બચત પણ શક્ય છે. સાહસિકતાથી નવા કામકાજના પ્રારંભ માટે નિર્ણય લઈ શકશો. મહિલાઓને આ સપ્તાહમાં અપેક્ષિત કામકાજના પ્રારંભ માટે અનુકૂળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને શિક્ષકથી અપેક્ષિત અનુભવ થાય.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું કામકાજ સાવધાનીપૂર્વક કરવું જરૂરી છે. વાયદાના વેપારમાં સંભાળવું જરૂરી છે. નોકરીમાં યશ મેળવશો. નોકરીની પ્રવૃત્તિઓ સમયસર પૂર્ણ કરી શકશો. ભાગીદારીના મતભેદોનો ઉકેલ આવશે. પરંતુ જન્મકુંડળીના આધારે ભાગીદારીના સંબંધોનો નિર્ણય લેવો જરૂરી જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસની અનુકૂળતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે આ સપ્તાહનું ગોચરફળ શુભ ફળદાયી જણાતું નથી. નોકરી માટે તા. ૩૦, ૧, ૨ સાનુકૂળ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ રહેશે. મદદનીશ મેળવશો. વેપારની નાણાં આવકની વૃદ્ધિ થશે. વેપારમાં મંત્રણાઓ, સફળ નીવડશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત કરશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં મહત્ત્વના નિર્ણયો સફળતાથી લઈ શકશો. નોકરીમાં બદલી શક્ય છે. તા. ૨૯, ૩૦, ૨ શુભ ફળદાયી જણાય છે. ભાગીદાર કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. કુટુંબના મતભેદોનો ઉકેલ આવશે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના પ્રસંગો પૂર્ણ કરવા માટે અનુકૂળતા જણાશે. મહિલાઓના નબળા સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો થાય. પર્યટન પ્રવાસ પણ અનુકૂળ જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સાંસ્કૃતિક રમતગમતની પ્રવૃત્તિમાં અનુકૂળતા જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે આ સપ્તાહ એકંદરે શુભ ફળદાયી છે. તા. ૨૯, ૩૦, ૧ની પ્રવૃત્તિઓ યશસ્વી પુરવાર થશે. સપ્તાહમાં બૅન્ક લોન મેળવશો. નવા આર્થિક વ્યવહારો પણ નિર્માણ થશે. વેપાર વધશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની અપેક્ષા પૂર્ણ થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ટ્રેડિંગનું કામકાજ સંભાળીને કરવું જરૂરી છે. ગોચરફળની અપેક્ષિત મદદ જણાતી નથી. કાર્યક્ષેત્રે મદદનીશ મેળવશો. ભાગીદારી પણ ઉપયોગી થાય. આત્મવિશ્વાસ જળવાશે. નાણાંની વ્યવસ્થા પણ સરળ બની રહેશે. નવા આવકના સાધનો નિર્માણ થશે. વેપારમાં પ્રગતિ જળવાશે. મહિલાઓની આ સપ્તાહની કુટુંબની પ્રવૃત્તિઓ નિયમિત બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં પરિવર્તનો શક્ય છે. વધુ પડતી જવાબદારીઓ માથે લેવી નહીં. તા. ૨૯, ૩૦, ૨ શુભ જણાય છે. વાહન, સ્થાવર મિલકતના નિર્ણયોમાં વિલંબ થાય તેમ છે. મદદનીશ બદલાશે. નિત્ય પ્રવૃત્તિઓ જાળવવામાં બેધ્યાનપણું આવે તેમ છે. મહિલાઓને આ સપ્તાહમાં મિલકતની ખરીદી માટે દ્વિધા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પરીક્ષાત્મક પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થાય.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ નીવડશે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૨ શુભ ફળદાયી જણાય છે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી કાર્યક્ષેત્રે ઉત્સાહ અનુભવશો. પુરુષાર્થ સફળ બની રહેશે. નવા નાણાં આવકના સાધનો મેળવશો. મહિલાઓનો આ સપ્તાહમાં યાત્રાપ્રવાસ, ધાર્મિક કામોની જવાબદારી ઈત્યાદિ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય જણાય છે તથા નવીન રોકાણ, વેપારની કાર્યપદ્ધતિ પણ શીખી શકશો. વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીના કામકાજમાં ઉત્સાહ જળવાઈ રહેશે. નોકરી માટે ઉપરી અધિકારી પણ માર્ગદર્શક બની રહેશે. આ સપ્તાહમાં મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નબળા વિષયમાં માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ચોક્કસ કાર્યપદ્ધતિ અપનાવવા માટે સરળતા જણાશે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૨, ૪ શુભ ફળદાયી જણાય છે. આ સપ્તાહમાં નાણાં આવકની વૃદ્ધિ થશે. નાણાં બચત માટે યોગ્ય નિર્ણય લઈ શકશો. કાર્યક્ષેત્રે પરિશ્રમ અધિક થાય. કાર્યક્ષેત્રના મિત્રોમાં યશ મેળવશો. અર્થવ્યવ્થા સાનુકૂળ બની રહેશે. મહિલોને આ સપ્તાહમાં નવું જ્ઞાન, નવા વિષયો શીખવા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ,
### રવિવાર, તા. ૨૯–૬–૨૦૨૫, ભદ્રા સમાપ્તિ

ભારતીય દિનાંક ૮, માહે અષાઢ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭,
અષાઢ સુદ–૪
જૈન વીર સંવત ૨૫૫૧,
માહે અષાઢ, તિથિ સુદ–૪
પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ,
માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૩જો,
માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
મીસરી રોજ ૪થો,
માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૬–૩૩ સુધી, પછી મઘા
ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૬–૩૩ સુધી, પછી સિંહમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા. ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતીઃ બપોરે ક. ૧૪–૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૫૭ (તા. ૩૦)
ઓટઃ સવારે ક. ૦૮–૧૪, રાત્રે ક. ૨૧–૧૬
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુકલ – ચતુર્થી. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯–૧૫, શુક્ર વૃષભમાં બપોરે ક. ૧૪–૧૦, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં સવારે ક. ૦૬–૨૦. વાહન ઉંદર.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન સૂર્ય–કેતુ પૂજા, વડનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી ગણેશ પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસી પૂજા, ગાયત્રી પૂજા, જાપ, હવન, ઘર–ખેતર જમીન, મકાન લેવડદેવડ, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, પિતૃપૂજા.
આચમનઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ આળસું સ્વભાવ, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ અણધાર્યા ફેરફારો આવે.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર–મઘા યુતિ
ગ્રહગોચરઃ સૂર્ય– મિથુન, મંગળ–સિંહ, બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મેષ/ વૃષભ, શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૯–૬–૨૦૨૫ થી તા. ૫–૭–૨૦૨૫

રવિવાર, અષાઢ સુદ–૪, વિ. સં. ૨૦૮૧, તા. ૨૯મી જૂન, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૬–૩૩ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૬–૩૩ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯–૧૪, શુક્ર વૃષભમાં બપોરે ક. ૧૪–૧૦. સામાન્ય દિવસ.

સોમવાર, અષાઢ સુદ–૫, તા. ૩૦મી. નક્ષત્ર મઘા સવારે ક. ૦૭–૨૦ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. સ્કંદ પંચમી, દ્વારકાધીશ પાટોત્સવ (કાંકરોલી), વલ્લભાચાર્ય વૈકુંઠગમન, હેરાપંચમી (ઓરિસ્સા), કુમારષષ્ઠી. શુભ દિવસ.

મંગળવાર, અષાઢ સુદ–૬, તા. ૧લી જુલાઈ, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સવારે ક.૦૮–૫૩ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૫–૨૩ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. કસુંબા ષષ્ઠી, કદર્મ ષષ્ઠી (બંગાળ), વિવસ્ત સપ્તમી. શુભ દિવસ.લગ્ન.

બુધવાર, અષાઢ સુદ–૭, તા. ૨જી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સવારે ક. ૧૧–૦૬ સુધી, હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ભદ્રા સવારે ક. ૧૧–૫૮ થી મધ્યરાત્રે ક. ૨૫–૦૦. શુભ દિવસ. લગ્ન.

ગુરુવાર, અષાઢ સુદ–૮, તા. ૩જી, નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૩–૫૦ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ૨૭–૧૮ સુધી (તા. ૪), પછી તુલા રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, પરશુરામાષ્ટમી (ઓરિસ્સા), ખરસી પૂજા (ત્રિપુરા). શુભ દિવસ. લગ્ન.

શુક્રવાર, અષાઢ સુદ–૯, તા. ૪થી, નક્ષત્ર ચિત્રા સાંજે ક. ૧૬–૪૯ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ જયંતી, ભડલી નોમ, મેલા શરીફ ભગવતી (કાશ્મીર), નેપ્ચ્યૂન વક્રી . સામાન્ય દિવસ, લગ્ન.

શનિવાર, અષાઢ સુદ–૧૦, તા. ૫મી, નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૧૯–૫૦ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. મન્વાદિ, પુર્નયાત્રા. સૂર્ય પુનર્વસુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯ક્ષ૪૯ (તા.૬). વાહન અશ્વ. (સંયોગીયુ છે). શુભ દિવસ. લગ્ન. ■

# સાઉથની જાણીતી ટીવી એન્કરે ભર્યું અંતિમ પગલું

હૈદરાબાદઃ ટીવીની જાણીતી અભિનેત્રી શેફાલી જરીવાલાના નિધન વચ્ચે દક્ષિણ ભારતની જાણીતી ટીવી એન્કરના રહસ્યમય મૃત્યુના અહેવાલથી ઈન્ડસ્ટ્રીને મોટો આઘાત લાગ્યો છે. સાઉથની લોકપ્રિય તેલુગુ ટેલિવિઝન એન્કર સ્વેત્ચા વોટરકર તેના નિવાસસ્થાને મૃત હાલતમાં મળી આવી હતી.

આ સમગ્ર ઘટના ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ જવાહરનગરમાં બની હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ ઘટના શુક્રવારે સવારે બની હતી, પોલીસ દ્વારા કરવામાં આવેલ પ્રાથમિક તપાસ પ્રમાણે સ્વેત્ચા છતના પંખા સાથે લટકતી હાલતમાં મળી આવી હતી. જેથી પોલીસને શંકા છે કે આ આત્મહત્યાનો મામલો છે! જોકે પોલીસ આત્મહત્યાની શંકાઓ કેસની તપાસ સાથે સાથે હત્યાની આશંકાએ પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ તપાસ દરમિયાન કોઈ સ્યૂસાઈડ નોટ મળી આવી નથી, જેથી આ કેસમાં હત્યા કેસમાં તપાસ કરવી કે નહીં? પ્રાથમિક તપાસ પ્રમાણે એન્કર માનસિક તણાવમાં હતી. હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે. સ્વેત્ચા તેલુગુ મીડિયા ક્ષેત્રમાં ખૂબ જ સક્રિય હોવાનું પણ જાણવા મળ્યું છે. સ્વેત્ચા મોટા ભાગે જાહેર મુદ્દાઓ અને સમાજને લગતી વિવિધ સમસ્યાઓ પર ટીવી ચેનલ પર શો કરતી હતી. એટલું જ નહીં, પરંતુ એન્કર સ્વેત્ચા સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય હતી.

પોલીસ તપાસમાં એવું પણ જાણવા મળ્યું કે મોતના કેટલાક કલાકો પહેલા સ્વેત્ચા વોટરકરે સોશિયલ મીડિયામાં એક ભાવનાત્મક પોસ્ટ પણ શેર કરી હતી. આ પોસ્ટની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ નથી. હાલમાં પોલીસે કેસ નોંધીને આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. આ મામલાની તપાસ માટે ફોરેન્સિક રિપોર્ટ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને સીસીટીવી ફૂટેજનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આ કેસમાં પોલીસે આપેલી જાણકારી પ્રમાણે સ્વેત્ચાનો મૃતદેહ પંખા સાથે લટકેલો મળી આવ્યો હતો. પરંતુ આ હત્યાનો કેસ લાગી રહ્યો છે. જેથી એ દિશામાં પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. જો કે, પોલીસને હજી કોઈ પુરાવા મળ્યા ના હોવાથી ઘટના હત્યાની છે કે આત્મહત્યાની તે મામલે ચોક્કસ કઈ કહી શકાય તેમ નથી. સાચી હકીકત પોલીસ દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો ત્યારે સામે આવશે. અત્યારે તો લોકપ્રિય ટીવી એન્કરના અચાનક મોત અંગે ઈન્ડસ્ટ્રીના લોકો શોકમાં ગરકાવ થયા છે. ■

# પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં ૧૩નાં મોત

પેશાવરઃ પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં શનિવારે આત્મઘાતી હુમલો થયો હતો. જેમાં ૧૩ સુરક્ષા કર્મચારીઓનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૨૪ ઘાયલ થયા હતા. આ માહિતી સુરક્ષા સૂત્રોએ આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર ઉત્તર વઝીરિસ્તાન જિલ્લાના ખડ્ડી વિસ્તારમાં શનિવારે સવારે એક આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલા વાહનને બૉમ્બ ડિસ્પોઝલ યુનિટના માઇન-રેઝિસ્ટન્ટ એમ્બુશ પ્રોટેક્ટેડ(એમઆરએપી) વાહન સાથે અથડાવ્યું હતું. જેમાં ઘાયલ થયેલા ૨૪ લોકોમાં મહિલાઓ અને બાળકો સહિત ૧૪ નાગરિકોનો સમાવેશ થાય છે. જેમાંથી ઘણાની હાલત ગંભીર હોવાનું જણાવાઇ રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઘટના સમયે વિસ્તારમાં ચાલી રહેલી લશ્કરી ગતિવિધિઓને કારણે કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. વિસ્ફોટ બાદ સુરક્ષા એજન્સીઓએ બચાવ કામગીરી શરૂ કરી હતી. તેમણે જણાવ્યું કે હાફિઝ ગુલ બહાદુર જૂથના આતંકવાદી પેટા જૂથ ઉસુદ અલ-હર્બે આ હુમલાની જવાબદારી લીધી છે. આ ઘટનાને તાજેતરના મહિનાઓમાં ઉત્તરી વઝીરિસ્તાનમાં બનેલી સૌથી ઘાતક ઘટનાઓમાંની એક ગણાવવામાં આવી રહી છે. જેણે પ્રદેશમાં સુરક્ષા સ્થિતિને લઇને ગંભીર ચિંતાઓ પેદા કરી છે. ■

# ભારતે બે જળવિદ્યુત પ્રકલ્પને લગતો લવાદનો ચુકાદો ઠુકરાવ્યો

ઇસ્લામાબાદઃ જમ્મુ અને કાશ્મીરના બે જળવિદ્યુત પ્રકલ્પને લગતા હૅગમાંની આંતરરાષ્ટ્રીય લવાદની અદાલત (પરમેનન્ટ કોર્ટ ઑફ આર્બિટ્રેશન)ના ચુકાદાનો ભારતે અસ્વીકાર કર્યો હતો, જ્યારે પાકિસ્તાને સિંધુ જળની વહેંચણીના કરાર અંગે ભારત સાથે નવેસરથી દ્વિપક્ષી મંત્રણા કરવાની તૈયારી દર્શાવી હતી. ભારતે લવાદના ચુકાદાને ઠુકરાવતા જણાવ્યું હતું કે અમે પાકિસ્તાન સાથેનો સંબંધિત વિવાદ ઉકેલવાના સૂચિત માળખાને ક્યારેય નહિ સ્વીકારીએ.

ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરમાંના કિશનગંગા જળવિદ્યુત પ્રકલ્પ અને રતલે જળવિદ્યુત પ્રકલ્પની ડિઝાઇન સામે વાંધો ઉઠાવીને પરમેનન્ટ કોર્ટ ઑફ આર્બિટ્રેશનમાં ફરિયાદ કરી હતી. અમે આંતરરાષ્ટ્રીય લવાદની આ અદાલત અને તેની સંબંધિત કાર્યવાહીને ક્યારેય માન્યતા નહોતી આપી. પાકિસ્તાન ત્રાસવાદની જનની હોવાના આક્ષેપમાંથી છટકી જવા માગે છે. તેણે જણાવ્યું હતું કે ભારતે જ્યાં સુધી સિંધુ જળ વિદ્યુત કરારનો અમલ અટકાવ્યો છે ત્યાં સુધી ભારત સરકાર આ કરાર હેઠળની કોઇ પણ જવાબદારી ઉઠાવવા બંધાયેલી નથી. હૅગની પરમેનન્ટ કોર્ટ ઑફ આર્બિટ્રેશનની રચના જ ગેરકાયદે છે. ભારતે જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં ચિનાબ નદી પરના ૮૫૦ મેગાવૉટનો રતલે જળવિદ્યુત પ્રકલ્પ પર ૧૩૩ મીટર ઊંચા બંધ અને બે વીજમથક બનાવવાની યોજના ઘડી છે તેમ જમ્મુ અને કાશ્મીરમાં એક નદીને બીજી નદી સાથે જોડતી યોજનામાં કિશનગંગા નદીનાં પાણીને ઝેલમ નદીના તટપ્રદેશના વીજમથકમાં લઇ જવાય છે. કાશ્મીર ખીણ પ્રદેશનાં બાંદીપુરથી પાંચ કિલોમીટર ઉત્તરમાં ધર્મહામા ગામમાં ૩૩૦ મેગાવૉટનો આ બીજો જળવિદ્યુત પ્રકલ્પ છે. ■

# ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન 'ભારત માતા કી જય'ના પડઘાથી ગુંજી ઊઠ્યું

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં જનારા દેશના સૌપ્રથમ અવકાશયાત્રી શુભાંશુ શુકલા સાથે શનિવારે વાતચીત કરી ત્યારે આ અવકાશી મથક 'ભારત માતા કી જય'ના પડઘાથી ગાજી ઊઠ્યું હતું. મોદીએ શુભાંશુને જણાવ્યું હતું કે તમારી અવકાશી યાત્રા ભારતના ગગનયાન મિશન તરફનું પ્રથમ ચરણ છે. ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાંના શુભાંશુની સાથે વાત કરતા મોદીએ જણાવ્યું હતું કે લખનઊમાં જન્મેલા અવકાશયાત્રીનો આ ઐતિહાસિક પ્રવાસ માત્ર અવકાશ સુધી સીમિત નહિ રહે પણ તે 'વિકસિત ભારત' માટેની કૂચને નવું જોમ પૂરું પાડશે.

શુભાંશુએ જણાવ્યું હતું કે અવકાશમાંનો મારો આ પ્રવાસ મારો એકલાનો નથી, પરંતુ સમગ્ર દેશની જનતાની સંયુક્ત સિદ્ધિ છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### જૂનમાં ૧૦ વર્ષનો

છેલ્લા ૧૦ દિવસમાં ભારે વરસાદ નોંધાયો છે. રાજ્યના તમામ પ્રદેશોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે, પરંતુ એસઈઓસીના આંકડા દર્શાવે છે કે ૩૪માંથી ૨૨ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં મોસમી વરસાદના ૨૫ ટકાથી વધુ વરસાદ પડ્યો છે.

ગુજરાત હવામાન વિભાગના ડિરેક્ટર અશોક કુમાર દાસે જણાવ્યું હતું કે ભારત માટે હવામાન વિભાગની લાંબા અંતરની આગાહી (એલઆરએફ) ભારતમાં સામાન્યથી વધુ વરસાદનો સંકેત આપે છે, જે ગુજરાત માટે પણ સાચું હતું. આ વર્ષે આપણે અરબી સમુદ્રથી બંગાળની ખાડી સુધી સારી ચોમાસાની પટ્ટી જોઈ છે. રાજસ્થાન અને ગુજરાત પર ચક્રવાતી પરિભ્રમણથી પણ રાજ્યને ફાયદો થયો છે. આમ આ વર્ષે વરસાદ સામાન્ય કરતા પ્રમાણમાં વધારે છે, તેમણે ઉમેર્યું હતું કે પરંપરાગત રીતે જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં ગુજરાતમાં વધુ વરસાદ અને ચોમાસાની ગતિવિધિઓ હોય છે. આગામી થોડા દિવસો સુધી રાજ્યના લગભગ તમામ વિસ્તારોમાં સારો વરસાદ પડવાની અપેક્ષા છે.

આ વર્ષે ચોમાસાનું આગમન દક્ષિણ ગુજરાત અને દરિયાકાંઠાના સૌરાષ્ટ્રમાં એક સાથે થયું હતું. ચોમાસાએ રાજ્યના મોટાભાગના ભાગોને બે દિવસમાં આવરી લીધા - જે રાજ્ય માટે સૌથી ઝડપી કવરેજમાંનો એક રેકોર્ડ છે. ■

### પુરી : રથયાત્રા

'જય જગન્નાથ'ના નારા સાથે રથ ખેંચવાનું ફરી શરૂ કરવામાં આવ્યું હતું.

હજારો ભાવિકોએ રાત પવિત્ર નગરમાં ગાળ્યા બાદ શંખ અને ઘંટના નાદ વચ્ચે યાત્રામાં ફરી જોડાયા હતા. રથ બારમી સદીના જગન્નાથ મંદિરથી ૨.૬ કિલોમીટર દૂર ગુંડીચા મંદિર પહોંચ્યા હતા.

અધિકારીઓએ માહિતી આપી હતી કે ૬૦૦ ભાવિકો રથયાત્રા દરમિયાન બીમાર પડતા તેમની પુરીની વિવિધ હૉસ્પિટલમાં સારવાર થઈ રહી છે. અનેક લોકોને ધક્કામુક્કીમાં ઈજા થઈ હતી. ભારે ગરમી અને ઉકળાટને લીધે ૨૦૦ લોકો બેભાન થઈ ગયા હતા. અધિકારીઓએ માહિતી આપી હતી કે રથયાત્રામાં સહભાગી થવા દસ લાખ શ્રદ્ધાળુ પુરી પહોંચ્યા હતા. હળવો વરસાદ પડયો હોવા છતાં શનિવારે હવામાન સાનુકૂળ હતું.

એવી માન્યતા છે કે ભગવાનના રથને ફક્ત સ્પર્શ કરવાથી ભાવિક પર ભગવાન જગનાથ કરૂણા કરે છે.

દર વર્ષે રથયાત્રા અભૂતપૂર્વ સલામતી વ્યવસ્થામાં યોજાય છે. આ માટે ઓડિશા પોલીસ, સેન્ટ્રલ આર્મ્ડ ફોર્સ, એનએસજી વગેરેના ૧૦,૦૦૦ જવાનને તહેનાત કરવામાં આવે છે. પોલીસે રથયાત્રા નિર્વિઘ્ન પૂરી થાય એ માટે તમામ વ્યવસ્થા કરી છે. ડીજીપી વાય. બી. ખુરાનિયાએ માહિતી આપી હતી કે એઆઈથી ચાલતા ૨૭૫ સીસીટીવી કેમેરા ટોળા પર નજર રાખવા ગોઠવવામાં આવ્યા છે. (એજન્સી) ■

### ઉત્તરાખંડમાં ભારે વરસાદ

ચંપાવત અને પિથોરાગઢ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ વરસાદ આગામી ૩-૪ દિવસ સુધી ચાલુ રહેશે. નૈનિતાલના કેટલાક ભાગોમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેહરાદૂન, રુદ્રપ્રયાગ, બાગેશ્વર અને પિથોરાગઢમાં ભારે વરસાદ પડી શકે છે. પહાડી વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે ભૂસ્ખલનનો પણ ભય છે. ત્યારે ચારધામ યાત્રાળુઓને સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે. આ વખતે ચોમાસું સામાન્ય સમય કરતા ૨૧ જૂને ઉત્તરાખંડ પહોંચ્યું હતું. કુમાઉ થઈને રાજ્યમાં પ્રવેશ કરનાર ચોમાસું હવે રાજ્યભરમાં ફેલાઈ ગયું છે. હરિદ્વારના કેટલાક વિસ્તારો સિવાય સમગ્ર રાજ્યમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન નિષ્ણાતોના મતે આ વર્ષે ૧૦ થી ૧૫ ટકા વધુ વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત બુધવારે ભારે વરસાદને કારણે હિમાચલ પ્રદેશના કાંગડામાં અચાનક પૂર આવ્યું હતું. ઘણા લોકો પૂરમાં ફસાઈ ગયા હતા. હાલમાં, આ લોકો માટે શોધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં છ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. કુલ્લુ જિલ્લાના રેહાલા બિહાલમાં વાદળ ફાટવાથી ગુમ થયેલા ત્રણ લોકોની પણ શોધખોળ ચાલી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ સહિત ૧૪ રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે. ■

### ગુજરાતમાં ૧૮૭ તાલુકામાં

ફેલાઈ ગઈ હતી. વરસાદને પગલે દ્વારકાના દરિયામાં ૨૦ ફૂટ ઊંચાં મોજાં ઊછળ્યાં હતાં અને ભારે કરંટ જોવા મળ્યો હતો. જ્યારે દ્વારકા જગત મંદિર પર અડધા સ્તંભે ધ્વજા ચડાવવામાં આવી હતી.

હવામાન વિભાગે ૨૯-૩૦ જૂનના રોજ કચ્છ, અમરેલી, ગીર સોમનાથ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, છોટા ઉદેપુર, નર્મદા, જૂનાગઢ, પોરબંદર જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું હતું.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મુજબ રાજ્યનો ચાલુ મોસમનો સરેરાશ વરસાદ ૨૯.૧૩ ટકા નોધાયો છે, જેમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૩૧.૨૦ ટકા અને સૌથી ઓછો ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૧.૫૦ ટકા વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત પૂર્વ મધ્ય ગુજરાત ઝોનમાં ૩૦.૯૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૩૦.૩૬ ટકા અને કચ્છ ઝોનમાં ૨૩.૭ ટકા સરેરાશ વરસાદ નોધાયો છે. ■

### 'આપરેશન સિંદૂર'માં

અફાને નિશાન બનાવીને મિસાઈલો છોડી હતી. આ સ્થળને આતંકવાદી મસૂદ અઝહરનો ગઢ માનવામાં આવે છે અને અહીં ૧૩ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

મુરીદકેને રૂપિયા ૧૫ કરોડનું ફંડ પૂરું પાડવામાં આવ્યું છે. આ લશ્કર-એ-તૈયબાનો ગઢ છે. તેને ભારતે નિશાન બનાવ્યું હતું અને હુમલામાં ઇમારતો ખરાબ રીતે તબાહ થઈ હતી.

મુઝફ્ફરાબાદને ૧૧ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. અહીંયા આતંકીઓના ટ્રેનિંગ કેમ્પ હતા અને તેને પણ ભારતીય સેનાએ તબાહ કર્યા હતા. ફંડ મળ્યા બાદ અહીંયા નિર્માણ કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીંયા જે આતંકી માર્યા ગયા હતા તેમના પરિવારોને પાકિસ્તાની સેનાએ મદદ કરી હતી. ■

### 'કાંટા લગા' ફ્રેમ શેફાલી

ફેન્સમાં શોકનો માહોલ છે. શેફાલી જરીવાલાની અંતિમવિધિ માટે ઓશિવરાના સ્મશાન ઘાટ ખાતે લઈ જવામાં આવ્યા હતા. અંતિમસંસ્કારમાં શેફાલી જરીવાલાનો પતિ પરાગ ત્યાગી સહિત તેના પરિવારજનો તથા તેના મિત્રો હાજર રહ્યા હતા. શેફાલી જરીવાલાના અંતિમસંસ્કાર દરમિયાન દરેકની આંખો ભીની થઈ ગઈ હતી.

અંધેરીના લોખંડવાલા ખાતે ગોલ્ડન રેઝ-વાય બિલ્ડિંગમાં રહેનારી ૪૨ વર્ષની અભિનેત્રી-મોડલ શેફાલી જરીવાલા એન્ટિ-એજિંગની દવા લેતી હતી. શુક્રવારે તેણે દવા લીધી હતી અને બાદમાં અચાનક તેનું બ્લડપ્રેશર ડાઉન થઇ ગયું હતું. શેફાલીની તબિયત લથડતાં તેનો પતિ અને અભિનેતા પરાગ ત્યાગી તેને રાતે ૧૧.૧૫ વાગ્યે બલેવ્યુ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં લઇ ગયો હતો, જ્યાં ફરજ પર હાજર ડોક્ટરોએ તપાસીને તેને મૃત ઘોષિત કરી હતી. શેફાલીના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે કૂપર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો અને તેનું વીડિયો શૂટિંગ પણ કરવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ હાલ સ્પષ્ટ નથી. એટલે મૃત્યુનું કારણ શું હોઇ શકે એ વિશે અભિપ્રાય હાલ અનામત રાખવામાં આવ્યો છે. બીજી તરફ વિસેરાને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. શેફાલીના મૃત્યુ અંગે જાણ થતાં મોબાઇલ ફોરેન્સિક યુનિટ અને પોલીસ ટીમ શેફાલીના નિવાસસ્થાને પહોંચી હતી.

દરમિયાન અંબોલી પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. પોલીસે શેફાલીના કેટલાક નિકટવર્તીનાં નિવેદન પણ નોંધ્યાં હતાં. પોલીસના જણાવ્યા અનુસાર શેફાલીના મૃત્યુ અંગે અમને મોડી રાતે એક વાગ્યે જાણ થઇ હતી. શેફાલીના મૃત્યુમાં કંઇ શંકાસ્પદ હોય તેવું પોલીસને નથી લાગી રહ્યું.

#### પરાગ ત્યાગી સાથે લગ્ન કરેલા

શેફાલી જરીવાલાનો જન્મ ૧૫ ડિસેમ્બર ૧૯૮૨ના રોજ ગુજરાતના અમદાવાદમાં થયો હતો. તેના પિતાનું નામ સતીશ જરીવાલા અને માતાનું નામ સુનિતા જરીવાલા છે. શેફાલીએ ૨૦૧૪માં ટીવી સીરિયલના અભિનેતા પરાગ ત્યાગી સાથે લગ્ન કર્યા હતા.

#### શેફાલી દીકરી દત્તક લેવા માગતી હતી...

શેફાલીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે હંમેશાથી એક દીકરીને દત્તક લેવાની ઈચ્છા હતી. પરંતુ બાદમાં મારા પતિ પરાગ ત્યાગી અને મારું મન બદલાઈ ગયું.

શેફાલીએ જણાવ્યું હતું કે થોડાક સમયે પહેલાં સુધી મારી આર્થિક સ્થિતિ સારી નહોતી, પણ આજે મારી પાસે બધું જ છે. અમે ગમે ત્યારે ફેમિલી પ્લાનિંગ કરી શકીએ છીએ. પરંતુ મને લાગતું હતું કે દુનિયાના ઘણા બાળકો છે, જેમને ઘર જોઈએ છીએ. અમે એવી જગ્યા પર છીએ જ્યાં અમે એમને એ બધું આપી શકીએ છીએ, જેનાથી એમને ખુશી મળશે. પોતાના બાળકોને બધા પ્રેમ કરે છે, પણ કોઈ બીજાના બાળકોને તમે બધું આપીને ઉચ્છેરો છો. હું એક બાળકીને એડોપ્ટ કરીશ, કારણ કે છોકરાઓને તો સરળતાથી ઘર મળી જાય છે. મને લાગે છે કે એક દીકરીનો પોતાના માતા-પિતા સાથે અલગ સંબંધ હોય છે.

મારો મારા માતા-પિતા સાથે એક સુંદર સંબંધ છે. આ જ કારણ છે કે હું એક દીકરીને ખોળે લેવા માગતી હતી. દીકરી માતા-પિતાના સુખ-દુઃખને સમજે છે. બાળકને દત્તક લેવા માટે તમને પતિની સાથે સાથે જ પરિવારનો સપોર્ટ પણ જરૂરી છે, એવું તેણે વધુમાં જણાવ્યું હતું. ■

## અગિયારમા ધોરણ માટેનું ઍડમિશન લિસ્ટ જાહેર

મુંબઈ: રાજ્યમાં ૧૧મા ધોરણના વિદ્યાર્થીઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ૧૧મા ધોરણની પ્રવેશ યાદી નિર્ધારિત તારીખના બે દિવસ પહેલા જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૧૧મા ધોરણના પ્રવેશની પહેલી યાદી ૩૦ જૂને જાહેર થવાની હતી, પરંતુ શિક્ષણ નિયામક દ્વારા ગઇ કાલે પહેલી મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. આ વર્ષે રાજ્યમાં ૧૨,૭૧,૦૦૦ વિદ્યાર્થીઓએ ૧૧મા ધોરણની કોલેજમાં ઓનલાઈન એડમિશન માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. દરમિયાન, વિદ્યાર્થીઓ અને વાલીઓ https://mahafyjcadmissions.in વેબસાઇટ પર પ્રવેશની પહેલી મેરિટ યાદી જોઈ શકશે.

સરકાર દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, ૩૦ જૂનથી ૭ જુલાઈ દરમિયાન પ્રથમ મેરિટ લિસ્ટમાં કોલેજ મેળવનારા વિદ્યાર્થીઓએ કોલેજમાં જઈને પોતાનો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. ■

# એક દેશ, એક બંધારણના ડૉ. આંબેડકરના વિચારને અનુરૂપ નહોતી કલમ ૩૭૦: ગવઈ

નાગપુર: ડો. બાબાસાહેબ આંબેડકરે દેશને એક રાખવા માટે એક જ બંધારણની કલ્પના કરી હતી અને ક્યારેય કોઈ રાજ્ય માટે અલગ બંધારણના વિચારની તરફેણ નહોતી કરી, એમ દેશના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ કહ્યું હતું.

અહીં કન્સ્ટિટ્યુશન પ્રીએમ્બલ પાર્કના ઉદઘાટન પ્રસંગે બોલતા ગવઈએ જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ કરતા કેન્દ્ર સરકારના નિર્ણયને માન્ય રાખતી વખતે સુપ્રીમ કોર્ટે એક બંધારણના આંબેડકરના વિચારમાંથી પ્રેરણા લીધી હતી.

કલમ ૩૭૦ રદ કરવાના કેન્દ્રના નિર્ણયને બહાલ કરનાર સર્વોચ્ચ અદાલતની પાંચ જજની બંધારણીય બેન્ચના ગવઈ પણ એક સભ્ય હતા.

''કલમ ૩૭૦ ને રદ કરવાના નિર્ણય પડકારવામાં આવ્યો ત્યારે તે અમારી સમક્ષ આવી હતી, અને જ્યારે સુનાવણી ચાલી રહી હતી, ત્યારે મને ડો. બાબાસાહેબના શબ્દો યાદ આવ્યા કે એક દેશ માટે એક બંધારણ યોગ્ય છે... જો આપણે દેશને એક રાખવા માગતા હોઈએ, તો આપણને ફક્ત એક જ બંધારણની જરૂર છે,'' એમ તેમણે મરાઠીમાં સભાને સંબોધતા કહ્યું.

જોકે, તેમણે જવાબ આપ્યો હતો કે બંધારણ બધા પડકારોને અનુકૂળ રહેશે અને રાષ્ટ્રને એક રાખશે, એમ ચીફ જસ્ટિસે કહ્યું હતું.



નાગપુરમાં એક કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી. (પીટીઆઈ)

તેમણે કહ્યું કે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારો એ બંધારણના રૂપમાં ડો. આંબેડકરની દેશને મળેલી અમૂલ્ય ભેટ હતી.

ગડકરીએ કહ્યું કે બંધારણમાં લોકશાહીના ચાર સ્તંભો, એટલે કે કાર્યપાલિકા, ન્યાયતંત્ર, વિધાનસભા અને મીડિયાની જવાબદારીઓ અને અધિકારોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (પીટીઆઈ)■

## આજે સેન્ટ્રલ, હાર્બર, ટ્રાન્સ હાર્બર લાઈનમાં મેગા બ્લોક: વે. રે.માં નો બ્લોક

મુંબઈ: રેલવે ટ્રેકનું મેન્ટેનન્સ, ઓવરહેડ વાયર રિપેરિંગ અને અન્ય અપગ્રેડ માટે આજે સેન્ટ્રલ, હાર્બર અને ટ્રાન્સ-હાર્બર લાઈન પર મેગા બ્લોક રહેશે. સેન્ટ્રલ લાઇનમાં થાણે-કલ્યાણ વચ્ચે સવારે ૧૦.૪૦ થી બપોરે ૩.૪૦ વાગ્યા સુધી અને ડાઉનમાં સીએસએમટીથી કલ્યાણ વચ્ચે સવારે ૯.૩૪ થી બપોરે ૩.૦૩ વાગ્યા સુધી લોકલ ટ્રેનો કલવા, મુમ્બ્રા અને દિવા સ્ટેશન પર થોભશે. અપ લાઇનમાં કલ્યાણથી સીએસએમટી વચ્ચે સવારે ૧૦.૨૮ થી બપોરે ૩.૪૦ વાગ્યા સુધી ટ્રેન મુલુંડ સુધી ધીમી લાઇન પર ચાલશે, દિવા, મુમ્બ્રા અને કલવા સ્ટેશન પર થોભશે અને લગભગ ૧૦ મિનિટ મોડી રહેશે. હાર્બર લાઇનમાં વાશીથી પનવેલ વચ્ચે સવારે ૧૧.૦૫ થી સાંજે ૪.૦૫ દરમિયાન મેગા બ્લોક રહેશે. આ દરમિયાન ટ્રેનો સમય કરતાં મોડી દોડશે. આ ઉપરાંત પનવેલથી સીએસએમટી ની સવારે ૧૦.૩૩ થી બપોરે ૩.૪૯ વાગ્યા સુધી અને સીએસએમટી થી પનવેલ/બેલાપુર ની સવારે ૯.૪૫ થી બપોરે ૩.૧૨ વાગ્યા સુધીની ટ્રેનો રદ કરવામાં આવી છે.આ સમય દરમિયાન સીએસએમટી અને વાશી વચ્ચે ખાસ લોકલ દોડાવવામાં આવશે. ટ્રાન્સ-હાર્બર લાઇનમાં થાણેથી વાશી/પનવેલ વચ્ચે સવારે ૧૧.૦૫ થી સાંજે ૪.૦૫ સુધી મેગા બ્લોક રહેશે. આ સમય દરમિયાન પનવેલ થી થાણે વચ્ચે સવારે ૧૧.૦૨ થી બપોરે ૩:૫૩ સુધી અને થાણે થી પનવેલ વચ્ચે સવારે ૧૦.૦૧ થી બપોરે ૩.૨૦ સુધી ટ્રેન રદ કરવામાં આવી છે.

વેસ્ટર્ન લાઇન અને ઉરણ ઉપનગરીય સેવાઓ રાબેતા મુજબ ચાલશે. ■

## મહારાષ્ટ્રમાં આઈપીએસ અધિકારીઓની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર ગૃહ વિભાગે ૫૧ ભારતીય પોલીસ સેવા (આઈપીએસ) અધિકારીઓ અને ૮૧ રાજ્ય પોલીસ સેવા અધિકારીઓની બદલી કરી છે, જેમાં મુંબઈ અને પુણે જેવા મુખ્ય શહેરોમાં તહેનાત અધિકારીઓનો સમાવેશ થાય છે.

પુણેમાં શસ્ત્ર નિરીક્ષણ શાખામાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ રહેલા તેજસ્વી સાતપુતેની રાજ્ય રિઝર્વ પોલીસ દળ (એઆરપીએફ) ગ્રુપ વન પુણેના કમાન્ડર તરીકે બદલી કરવામાં આવી છે, એમ શુક્રવારે એક અધિકારીએ જણાવ્યું હતું.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) મહેન્દ્ર પંડિતની થાણે શહેરથી મુંબઈમાં બદલી કરવામાં આવી છે.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સ્મર્તાના પાટિલની પુણેથી પોલીસ તાલીમ કેન્દ્ર, ખંડાલામાં બદલી કરવામાં આવી છે, જ્યારે ડીસીપી (ટ્રાફિક) અમોલ ઝેન્ડેની પણ એસઆરપીએફ દૌંડના કમાન્ડર તરીકે બદલી કરવામાં આવી છે.

કોલ્હાપુરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ તુષાર પાટિલને મુંબઈમાં ડીસીપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત, વિજય પવાર, સુનિલ લોખંડે, નમ્રતા પાટિલ અને સ્મિતા પાટિલને મુંબઈમાં ડેપ્યુટી પોલીસ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે પાંચ આઈપીએસ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે અને તેમને મુંબઈમાં ડેપ્યુટી પોલીસ કમિશનર તરીકે નિયુક્તિ આપવામાં આવી છે. ■

## કેનેરા બૅંકે ₹ ૨,૨૮૩.૪૧ કરોડનો ડિવિડન્ડ ચેક ભારત સરકારને સોંપ્યો



નવી દિલ્હી: કેનેરા બૅંકના એમડી અને સીઈઓ શ્રી કે. સત્યનારાયણ રાજુએ માનનીય કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ₹ ૨,૨૮૩.૪૧ કરોડનો ડિવિડન્ડ ચેક સોંપ્યો. શ્રી કે. સત્યનારાયણ રાજુ સાથે બૅંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ, શ્રી હરદીપ સિંહ આહલુવાલિયા, શ્રી ભાવેન્દ્ર કુમાર અને શ્રી એસ. કે. મજુમદાર પણ હતા. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે, કેનેરા બૅંકે પ્રતિ શેર રૂ. ૪નું ડિવિડન્ડ જાહેર કર્યું, જે તેના મજબૂત નાણાકીય પ્રદર્શનને પ્રતિબિંબિત કરે છે.

બૅંકે ૨૦૨૪-૨૫ માટે રૂ. ૧૭.૦૨૭ કરોડનો રેકોર્ડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે પાછલા વર્ષના રૂ. ૧૪,૫૫૪ કરોડ હતો. આ વાર્ષિક નફામાં ૧૬.૯૯ ટકાનો વધારો દર્શાવે છે. ■

## આશ્રમમાં પથ્થર ઝીંકી સાધ્વીની હત્યા

છત્રપતિ સંભાજીનગર: છત્રપતિ સંભાજીનગર જિલ્લાના આશ્રમમાં નિદ્રાધીન સાધ્વીના માથામાં પથ્થર ઝીંકી તેની હત્યા કરવામાં આવી હતી.

ચિંચડગાંવ વિસ્તારમાં આવેલા આશ્રમમાંના મંદિરના પૂજારીને શનિવારે સવારના સાધ્વી સંગીતા પવારનો મૃતદેહ મળી આવ્યો હતો.

નારાયણગિરિ મહારાજ કન્યા આશ્રમમાં સાધ્વી સંગીતા પવાર રહેતી હતી. પૂજારી રોજ મુજબ શનિવારે સવારે ૬.૩૦ વાગ્યે પૂજા કરવા માટે મંદિરમાં આવ્યો હતો. તેણે સાધ્વીને બોલાવી હતી, પણ કોઇ પ્રતિસાદ મળ્યો નહોતો. સાધ્વી જ્યાં રહેતી હતી એ કામચલાઉ શૅડ ખાતે તે લોહીના ખાબોચિયામાં પડેલી મળી આવી હતી.

સાધ્વી સૂતી હતી ત્યારે અજાણ્યા શખસે માથામાં પથ્થર ઝીંકી તેની હત્યા કરી હતી, એવું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

મંદિરનું તાળું પણ તૂટેલું મળી આવ્યું હતું. મંદિરમાં કોઇ ચોરી થઇ છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું.

સ્થાનિક વિધાનસભ્ય રમેશ બોરનરેએ આ ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી અને આરોપીની તાત્કાલિક ધરપકડ કરવાની માગણી કરી હતી. (પીટીઆઇ)■






## મહિલા ડૉક્ટરને આઠ દિવસ 'ડિજિટલ અરેસ્ટ'માં રાખીને ત્રણ કરોડ પડાવ્યા

મુંબઈ: મની લોન્ડરિંગમાં તમારું નામ સંડોવાયું હોવાનું જણાવીને ૭૦ વર્ષની મહિલા ડૉક્ટરને આઠ દિવસ સુધી 'ડિજિટલ અરેસ્ટ'માં રાખી સાયબર ગુનેગારોએ ત્રણ કરોડ રૂપિયા પડાવી લીધા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ડૉક્ટરને મે મહિનામાં એક વ્યક્તિનો કૉલ આવ્યો હતો, જેણે પોતાની ઓળખ ટેલિકોમ વિભાગના કર્મચારી અમિત કુમાર તરીકે આપી હતી. તેણે ડોક્ટરને કહ્યું હતું કે તમારી અંગત વિગતો સાથે લેવામાં આવેલું તમારું સિમકાર્ડ ગુનાખોરી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવામાં આવ્યું છે.

બાદમાં ડૉક્ટરને અન્ય વ્યક્તિએ કૉલ કરીને પોતાની ઓળખ ક્રાઇમ બ્રાન્ચના ઓફિસર સમાધાન પવાર તરીકે આપી હતી. પવારે ડૉક્ટરને જણાવ્યું હતું કે મની લોન્ડરિંગના કેસમાં અગાઉ ધરપકડ કરાયેલા એરલાઇન કંપનીના માલિકના ઘરે રેઇડ પાડતાં તમારા બૅંક અકાઉન્ટ અને ડેબિટ કાર્ડની વિગતો તેની પાસેથી મળી આવી હતી, જે હાલ તબીબી જામીન પર છે.

આરોપીએ બાદમાં ડૉક્ટરને અનેક દસ્તાવેજો મોકલ્યા હતા અને દાવો કર્યો હતો કે તે સીબીઆઇ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ અને આરબીઆઇ તરફથી છે.

દરમિયાન પોલીસ યુનિફોર્મમાં એક વ્યક્તિએ ડૉક્ટરના પતિ સાથે વીડિયો કૉલ પર વાત કરી હતી, જેને કારણે ડૉક્ટરને આ કેસ અંગે ખાતરી થઇ હતી. બાદમાં ડૉક્ટરને વીડિયો સર્વેલન્સ પર રખાઇ હતી, જેને ઠગો ડિજિટલ અરેસ્ટ તરીકે ઓળખાવે છે. આઠ દિવસ સુધી તેને આ રીતે રખાઇ હતી. આ સમય દરમિયાન દરેક કલાકે તેને રિપોર્ટ કરવાનું કહેવાયું હતું.

ભયભીત થયેલી ડૉક્ટરે બાદમાં તેને આપવામાં આવેલાં વિવિધ બૅંક ખાતાંમાં ત્રણ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. ડૉક્ટરે પાંચમી જૂને વેસ્ટ રિજન સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો.

તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીઓએ ૮૨ લાખ રૂપિયા ક્રિપ્ટોકરન્સીમાં ફેરવી દીધા હતા. પોલીસ આ પ્રકરણે તપાસ કરી રહી હોઇ આરોપીઓને પકડી પાડવા અને રૂપિયા પાછા મેળવવા પ્રયાસ ચાલુ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## સગીરા પર બળાત્કારના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

થાણે: થાણેની વિશેષ અદાલતે છ વર્ષ પહેલા ૧૫ વર્ષની સગીરા પર ૩૩ વર્ષના નરાધમે કરેલા બળાત્કાર કેસમાં આરોપીને ૧૦ વર્ષની જેલની ગંભીર સજા ફટકારતા પીડિતાની જુબાનીને 'સંપૂર્ણ રીતે વિશ્વાસપાત્ર' અને 'એકદમ ચોક્કસ' ગણાવી હતી. ૧૩મી જૂનનો આદેશ શુક્રવારે ઉપલબ્ધ થયો હતો. કોર્ટે આ કૃત્યને ઘૃણાસ્પદ, ગંભીર અને પીડિતા પર ઊંડો આઘાત પાડનારું ગણાવ્યું હતું. આરોપી અજાજ ઉર્ફે ઇજાજ ઇમરાન ઇસ્માઇલ ખાનને સંબંધિત કલમો હેઠળ દોષી ઠરાવવામાં આવ્યો હતો અને ૧૦ વર્ષની જેલની ગંભીર સજા ફટકારી હતી. આ સિવાય તેને પીડિતાને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાનો પણ આદેશ આપ્યો હતો. પીડિતાને બાળક તરીકે સાબિત ન કરાતા ખાનને અપહરણ અને પોક્સો કાયદા-૨૦૧૨ની અમુક કલમોના આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

ઉત્તન સાગરી વિસ્તારમાંથી પોતાના ઘરેથી ગુમ થયા બાદ ઓગસ્ટ, ૨૦૧૯ના પ્રથમ અઠવાડિયામાં સગીરા પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. તપાસકર્તા પક્ષ દ્વારા ખાનની સંડોવણી હોવાનું જણાવાયું હતું અને તેની ઓળખ પણ કરાવવામાં આવી હતી.

કોર્ટે પીડિતાની જુબાનીને સંપૂર્ણ રીતે વિશ્વાસપાત્ર ગણાવતા બચાવપક્ષની એવી દલીલ કે આરોપીને ખોટી રીતે આ કેસમાં સંડોવવામાં આવી રહ્યો છે, તેને ફગાવી દીધી હતી.

'પીડિતાએ અજાણી વ્યક્તિ પર વિશ્વાસ રાખીને આસરો માગ્યો હતો, પરંતુ તેની જાતીય સતામણી કરવામાં આવી હતી, એમ કોર્ટે કહ્યું હતું. (પીટીઆઇ) ■
















## હા, અમે લીધી કોલ્હાપુરી ચપ્પલની ડિઝાઈન પરથી 'પ્રેરણા': પ્રાદાની કબૂલાત

મુંબઈ: કોલ્હાપુરી ચપ્પલનો સમર કલેક્શનમાં ઉપયોગને કારણે થયેલા વિવાદ બાદ, ઇટાલિયન લક્ઝરી ફેશન બ્રાન્ડ પ્રાદાએ આ જોડાણનો સ્વીકાર કર્યો છે અને કહ્યું છે કે આ ડિઝાઇન ભારતીય હસ્તકલાવાળા ફૂટવેરથી 'પ્રેરિત' છે. જોકે, ઇટાલિયન હાઉસે જણાવ્યું હતું કે મેન્સ ૨૦૨૬ ફેશન શોમાં દર્શાવવામાં આવેલા સેન્ડલ હજુ પણ ડિઝાઇનના તબક્કામાં છે અને રેમ્પ પર મૉડેલો દ્વારા પહેરવામાં આવેલા કોઈપણ સેન્ડલનું વ્યાપારીકરણ થયું હોવાની પુષ્ટિ નથી.

અમે સ્વીકારીએ છીએ કે તાજેતરના પ્રાદા મેન્સ ૨૦૨૬ ફેશન શોમાં દર્શાવવામાં આવેલા સેન્ડલ, સદીઓ જૂના વારસા સાથે, પરંપરાગત ભારતીય હસ્તકલાવાળા ફૂટવેરથી પ્રેરિત છે. અમે આવી ભારતીય કારીગરીના સાંસ્કૃતિક મહત્ત્વને ઊંડાણપૂર્વક ઓળખીએ છીએ, એમ પ્રાદાના એક પ્રતિનિધિએ મહારાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ, ઇન્ડસ્ટ્રી એન્ડ એગ્રીકલ્ચર (એમએસીસીઆઇએ)ને આપેલા જવાબમાં જણાવ્યું હતું.

એમએસીસીઆઇએ ના પ્રમુખ લલિત ગાંધીએ જણાવ્યું હતું કે તેમણે દૃશ્યો જોયા પછી સ્થાનિક કારીગરો અને ઉદ્યોગના હિતમાં, ચેમ્બરે ફેશન હાઉસને પત્ર લખ્યો હતો.

''કોલ્હાપુરી ચપ્પલ ખૂબ જ અલગ છે અને અમે ઇચ્છીએ છીએ કે અમારા ફૂટવેર નવા બજારોમાં જાય. પરંતુ તેને યોગ્ય માન્યતા મળવી જ જોઇએ,'' એમ ગાંધીએ જણાવ્યું. પ્રાદાને લખેલા પત્રમાં, એમએસીસીઆઇએ એ સંશોધન સહયોગ અને કારીગરોને વાજબી વળતર અને પરંપરાગત જ્ઞાન અને સાંસ્કૃતિક અધિકારોનો આદર કરતી નૈતિક ફેશન પ્રથાઓનું પાલન કરવાની પણ માગ કરી છે.■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) કેદાર નારાયણ આઝાદ | ૬૪ | ૩૦,૦૦૦ |
| ૨) કોહિનૂર ખાતૂન | ૪૨ | ૩૦,૦૦૦ |
| ૩) કિંકરી બૌરી | ૪૬ | ૨૫,૦૦૦ |
| ૪) કલ્પના મંડળ | ૫૦ | ૬૦,૦૦૦ |
| ૫) કાબિતા દાસ | ૪૦ | ૫૦,૦૦૦ |
| ૬) કમલ સમાનતા | ૩૬ | ૬,૦૦,૦૦૦ |
| ૭) કમલેશ મિશ્રા | ૪૯ | ૨,૪૨,૦૪૦ |
| ૮) કલ્પના ઘોરાય | ૫૭ | ૭૫,૦૦૦ |
| ૯) ખરાબી ચટ્ટરજી | ૬૩ | ૩૦,૦૦૦ |
| ૧૦) કાળીપાડા દાસ | ૬૭ | ૨૫,૦૦૦ |
| ૧૧) કમલા દેવી | ૫૦ | ૭૦,૦૦૦ |
| ૧૨) કાંતિ રંજન મહતા | ૫૯ | ૧,૨૦,૦૦૦ |
| ૧૩) ખોંદાકર સેકેન્ડરી હોસેન | ૫૫ | ૩૦,૦૦૦ |
| ૧૪) કાળીપાડા મોહનદા | ૫૨ | ૧,૦૦,૦૦૦ |
| ૧૫) ક્રિષ્ના પાલ | ૪૦ | ૫૦,૦૦૦ |
| ૧૬) કંચન સંદીપ વૈદ્ય | ૪૮ | ૪૦,૦૦૦ |
| ૧૭) કુમકુમ દાસ | ૩૬ | ૫૦,૦૦૦ |
| ૧૮) કાર્તિક દાસ બૈરાગી | ૬૮ | ૩૦,૦૦૦ |
| ૧૯) કાલિદાસ દાસ | ૬૧ | ૧,૭૫,૦૦૦ |
| ૨૦) કાંતિ દાસ | ૪૫ | ૩૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# ડોમ્બિવલીમાં ફ્લેટમાંથી ૨.૧૨ કરોડનું મેફેડ્રોન ડ્રગ્સ પકડાયું: મહિલા સહિત ત્રણની ધરપકડ

થાણે: ડોમ્બિવલીમાં ફ્લેટમાંથી ૨.૧૨ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ પકડી પાડી પોલીસે મહિલા સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૩, કલ્યાણ) અતુલ ઝેંડેએ જણાવ્યું હતું કે પોલીસ ટીમે મળેલી માહિતીને આધારે ગુરુવારે રાતે ડોંબિવલીમાં ખોની ગામ નજીક ફ્લેટમાં રેઇડ પાડી હતી. ડ્રગ્સના નેટવર્કમાં સંડોવાયેલી ૨૧ વર્ષની મહિલાને ઘટનાસ્થળે તાબામાં લેવાઇ હતી. એ સમયે તેના બે સાથીદાર ત્યાંથી પલાયન થઇ ગયા હતા. જોકે બાદમાં તેમને પકડી પાડવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. આરોપીઓ એક ગેન્ગના સભ્ય હોઇ બે પુરુષ ડ્રગ્સના પુરવઠા અને લોજિસ્ટિક્સનું સંચાલન કરતા હતા, જ્યારે મહિલા ડ્રગ્સ સપ્લાય કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતી હતી.

પોલીસે ફ્લેટમાં રેઇડ પાડી ૨.૧૨ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું હતું અને મહિલા સહિત ત્રણ આરોપી વિરુદ્ધ માનપાડા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# જળાશયોમાં ૧૪૧ દિવસનું પાણી જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણી પૂરું પાડનારાં જળાશયોમાં છેલ્લા દસ દિવસમાં ૨૫.૪૦ ટકા જેટલું પાણી જમા થઈ ગયું છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં માત્ર ૫.૩૫ ટકા પાણી હતું, તેની સામે આ વર્ષે ૩૮.૫૮ ટકા પાણી જમા થઈ ગયું છે. જળાશયોનાં કેચમેન્ટ એરિયામાં સતત પડી રહેલા વરસાદને પગલે હાલ જળાશયોમાં ૧૪૧ દિવસ ચાલે એટલું પાણી જમા થઈ ગયું છે. મુંબઈને આખું વર્ષ પાણીપુરવઠો પૂરો પાડવો હોય તો સાતેય જળાશયોની પહેલી ઑક્ટોબરના જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર પાણી જમા હોવું જોઈએ. તેની સામે હાલ જળાશયોમાં ૫,૫૮,૩૫૦ મિલ્યન લિટર છે, જે લગભગ ૧૪૧ દિવસ ચાલે એટલું છે. જળાશયોમાં માત્ર ૧૦ દિવસમાં પચીસ ટકાથી વધુ પાણી જમા થઈ ગયું છે. ૧૯ જૂનના જળાશયોમાં ૧૩.૧૮ ટકા પાણી હતું. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૭૭,૪૨૧ મિલ્યન લિટર (૫.૩૫ ટકા) અને ૨૦૨૩ની સાલમાં ૧,૦૫,૧૦૮ મિલ્યન લિટર (૭.૨૬ ટકા) પાણી હતું. છેલ્લા બે વર્ષમાં આ વર્ષે જળાશયોમાં પાણીનું સ્તર વધું છે. સામાન્ય રીતે મુંબઈમાં જૂનના અંતમાં ભારે વરસાદ ચાલુ થાય છે અને ત્યારબાદ તળાવો ભરાવાનું શરૂ થાય છે. જોકે આ વર્ષે મે મહિનાની શરૂઆતમાં જ ચોમાસાનું આગમન થઈ ગયું હતું અને છેલ્લા દસેક દિવસ સતત પડેલા વરસાદને પગલે જળાશયોમાં પાણીની સપાટીમાં વધારો થયો છે. પાલિકાએ રાજય સરકારને પત્ર લખીને અગાઉ જ ભાતસા અને ઉપર વૈતરણામાંથી ૧.૮૧ લાખ મિલ્યન લિટર પાણીનો રિઝર્વ સ્ટોક વાપરની મંજૂરી માગી હતી. વરસાદે વિરામ લીધા જળાશયોની સપાટી જૂન મહિનાની મધ્યમાં લગભગ પાંચ ટકાની આસપાસ પહોંચી ગઈ ગઈ ત્યારે પાલિકાએ રિઝર્વ સ્ટોકનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો હતો અને વૈતરણામાંથી રિઝર્વ સ્ટોકનો ઉપયોગ કરવાનું ચાલુ કરીને માંડ ચાર દિવસ જ થયા હતા અને વરસાદે ફરી જોરદાર આગમન કરતા જળાશયોમાં પાણીની સપાટીમાં ધરખમ વધારો થતા ૧૯ જૂનથી રાજ્યના અનામનત સ્ટોકમાં વાપરવાનો નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

## નરેન્દ્ર મોદીના જન્મદિનથી

બાંધકામ સ્થળે ૧૩,૦૦૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે. પરિણામે, એવું જોવા મળ્યું છે કે અદાણી ગ્રુપ અને કેન્દ્ર સરકારે ફક્ત સ્થાનિક ફ્લાઇટ્સ ચલાવવાને બદલે એક સાથે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ શરૂ કરવાનું પસંદ કર્યું. અગાઉ મે અને જૂન ૨૦૨૫ માં મુહૂર્ત પહેલા, નવી મુંબઈથી ફ્લાઇટ્સ રવાના કરવાનું આયોજન હતું. પરંતુ ટર્મિનલનું કામ અધૂરું હોવાથી, મુહૂર્ત ૧૫ ઓગસ્ટના રોજ નક્કી કરવામાં આવ્યું હતું.

અદાણી ગ્રુપે જાહેર ઉપક્રમ સમિતિની સમીક્ષા બેઠકમાં સૂચના આપી હતી કે ટર્મિનલ પ્રોજેક્ટ ઓછામાં ઓછો ૧૫ સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવશે.

## ટાર્ગેટ બાંગ્લાદેશીઓ:

કરેલા દસ્તાવેજોને આધારે સરકારી પ્રમાણપત્રો મેળવનારા લોકોનો રેકોર્ડ રાખવા જણાવવામાં આવ્યું છે.

આ વ્યક્તિઓની ઓળખ થઈ ગયા પછી, તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે અને તેમની વિગતો વિભાગીય વેબસાઇટ્સ પર જાહેરમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી અન્ય વિભાગોના સરકારી ભંડોળનો વધુ દુરુપયોગ ન થાય. 'વ્યક્તિગત કલ્યાણ યોજનાઓ હેઠળ લાભ મેળવવા માગતા અરજદારોએ હવે તેમની ભારતીય નાગરિકતાની પુષ્ટિ કરતા ઘોષણાપત્રો પર સહી કરવાની રહેશે અને સ્વીકારવું પડશે કે નકલી દસ્તાવેજો પર આધારિત કોઈપણ ખોટા દાવા પર ફોજદારી કાર્યવાહી થઈ શકે છે,' એમ જીઆરમાં જણાવાયું છે.

જીઆરમાં એમ પણ જણાવાયું છે કે ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ, ખાસ કરીને શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં, સબસિડી અને રોજગારની તકો મેળવવા માટે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરી રહ્યા છે.

## પહેલા ધોરણથી હિન્દી

ક્યારેય મત નહોતો,' એમ અજિત પવારે ઉમેર્યું હતું.

### મુખ્ય મુદ્દા પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે ભાષા વિવાદ ઊભો કરાયો: પૃથ્વીરાજ ચવ્હાણ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણે આરોપ લગાવ્યો છે કે મહારાષ્ટ્રમાં હિન્દી ભાષા 'લાદવા' પર જાણી જોઈને વિવાદ ઉભો કરવામાં આવી રહ્યો છે જેથી લોકોનું ધ્યાન મુખ્ય મુદ્દા પરથી હટાવી શકાય. તેમણે શિક્ષણની ગુણવત્તા સુધારવાની જરૂરિયાત પર ભાર મૂકવાની માગણી કરી હતી.

શિક્ષણ માટે બજેટની ફાળવણીમાં ભારે કાપ મૂકવામાં આવી હોવાનો દાવો કરતા, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા અને શૈક્ષણિક ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓ મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

'શિક્ષણ પર બજેટ ફાળવણી વધારવી જોઈએ. અંગ્રેજી અને હિન્દી લાદવાના વિવાદો અપ્રસ્તુત છે અને મુખ્ય મુદ્દા પરથી ધ્યાન હટાવવા માટે કરવામાં આવી રહ્યા છે,' એમ ચવ્હાણે શુક્રવારે કોલ્હાપુરમાં જણાવ્યું હતું.

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને એવો પણ દાવો કર્યો હતો કે, મહારાષ્ટ્રમાં આઈઆઈટીમાં શિક્ષકોની ૪૧ ટકા જગ્યાઓ ખાલી છે. તેવી જ રીતે, કૃષિ યુનિવર્સિટીઓમાં ૭૦ ટકા જગ્યાઓ ભરાતી નથી.

જોકે, વિરોધ પક્ષોએ આ પગલાને ત્રીજી ભાષા તરીકે હિન્દીને ડિફોલ્ટ લાદવાનું પગલું ગણાવ્યું છે.

આ વિવાદે મરાઠી ભાષાના હિત માટે અલગ થયેલા પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ અને રાજ ઠાકરેને એક કર્યા છે. શિવસેના (યુબીટી) અને મનસે પાંચમી જુલાઈએ મુંબઈમાં સંયુક્ત મોરચો કાઢશે. શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી) એ વિરોધ માર્ચને ટેકો આપ્યો છે. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે હિન્દી પર ચાલી રહેલા ઉગ્ર વિવાદ વિશે પૂછવામાં આવતા, એનસીપી (એસપી)ના નેતા સુળેએ પૂછ્યું હતું કે, 'શું ગુજરાત, તમિલનાડુ, કેરળ, આંધ્ર પ્રદેશ કે તેલંગણામાં હિન્દી ફરજિયાત છે? જ્યારે હિન્દી દરેક જગ્યાએ ફરજિયાત નથી, તો મહારાષ્ટ્રમાં તેને શા માટે ફરજિયાત બનાવવામાં આવી રહી છે?'

### શાળાઓમાં હિન્દી ભાજપ-આરએસએસનો એજન્ડા: સપકાળ

મહારાષ્ટ્ર સરકારનો પહેલા ધોરણથી શાળાઓમાં હિન્દી દાખલ કરવાનો નિર્ણય ભાજપ-આરએસએસ દ્વારા બંધારણમાં સમાવિષ્ટ મરાઠીને બાજુ પર રાખવા અને ભાષાકીય વિવિધતાને દૂર કરવાનું કાવતરું છે, એવો આક્ષેપ રાજ્ય કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે શનિવારે કર્યો હતો.

'આ ફક્ત ભાષા નીતિ વિશે નથી. ભાજપ-આરએસએસનો એજન્ડા અન્ય બધી ભાષાઓને ભૂંસી નાખવાનો અને સમગ્ર દેશમાં હિન્દી વર્ચસ્વ લાદવાનો છે, પરંતુ અમે મરાઠીને દબાવવા દઈશું નહીં. આ કપટી યોજનાને હરાવવામાં આવશે. અમે હિન્દીને એક ભાષા તરીકે માન આપીએ છીએ, પરંતુ બળજબરી અસ્વીકાર્ય છે. મરાઠી ફક્ત આપણી ભાષા નથી. તે આપણી ઓળખ અને જીવનશૈલી છે,' એમ સપકાળે પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે કોંગ્રેસે પત્રો દ્વારા અગ્રણી સાહિત્યકારોનો સંપર્ક કર્યો છે જેમાં તેમને રાજ્ય સરકારને હિન્દી પરના આદેશને રદ કરવા માટે દબાણ કરવા માટે સંયુક્ત મોરચો બનાવવા જણાવ્યું છે. શાસક ભાજપ પર બેવડા ધોરણ અપનાવવાનો આરોપ લગાવતાં, સપકાળે સવાલ કર્યો હતો કે પડોશી ગુજરાતમાં હિન્દી ફરજિયાત ભાષા કેમ નથી? 'મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને (પ્રધાન) ચંદ્રશેખર બાવનકુળેએ આ બેવડા ધોરણો વિશે બોલવું જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

સપકાળે કહ્યું હતું કે સમાજના તમામ વર્ગોએ હિન્દી હુકમ સામે વિરોધમાં ભાગ લેવો જોઈએ કારણ કે તે 'સાંસ્કૃતિક સંઘર્ષ છે, ફક્ત રાજકીય લડાઈ નથી.'

### હિન્દી વિષય પર વિપક્ષ રાજકારણ કરે છે: ભાજપનો દાવો

ભાજપના વિધાનસભ્ય પ્રવીણ દરેકરે શનિવારે કહ્યું હતું કે વિપક્ષી પાર્ટીઓ લોકોને ગેરમાર્ગે દોરી રહી છે કે મહારાષ્ટ્રની શાળાઓમાં પહેલા ધોરણથી હિન્દીને ફરજિયાત વિષય બનાવવામાં આવી રહ્યો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના ત્રિભાષી સૂત્ર હેઠળ મહારાષ્ટ્રમાં હિન્દી ફરજિયાત વિષય નથી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ આ વાતનો પુનરોચ્ચાર કર્યો છે, એમ દરેકરે ભારપૂર્વક જણાવ્યું હતું.

વિપક્ષ બિનજરૂરી રીતે આ મુદ્દાનું રાજકારણ કરી રહ્યું છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી સરકારે ડૉ. માશેલકર સમિતિની ભલામણો સ્વીકારી હતી, જેમાં ત્રિભાષી નીતિનો સમાવેશ થતો હતો. મુંબઈ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વીસી ભાલચંદ્ર મુણ્ગેકર સમિતિનો ભાગ હતા. જે ઠાકરેએ મંજૂરી આપી હતી તે જ હવે તેનો વિરોધ કેમ કરી રહ્યા છે, એવો સવાલ દરેકરે પત્રકારોને કર્યો હતો. દરેકરે એવો પણ દાવો કર્યો હતો કે ત્રણ ભાષાની નીતિથી વિદ્યાર્થીઓને ફાયદો થશે કારણ કે તેમને રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવી પડશે.

'નાનપણથી જ ત્રણ ભાષાઓ શીખવાથી તેમને મદદ મળશે. અમે આ નિર્ણય પર અડગ છીએ. હિન્દી ફરજિયાત બનાવવામાં આવી રહી નથી. પહેલા ધોરણથી હિન્દી શીખવું વૈકલ્પિક છે. તેમ છતાં, વિપક્ષ ખોટી માહિતી ફેલાવી રહ્યો છે અને અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેમને રેલીઓ કાઢવા, પેમ્ફલેટનું વિતરણ કરવાનો અને લોકો સુધી પહોંચવાનો સંપૂર્ણ અધિકાર છે, પરંતુ હકીકતોના ભોગે નહીં,' એમ તેમણે ઉમેર્યું હતું.

ભાષાના આધારે ભય ફેલાવવાને બદલે, વિપક્ષે મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવું જોઈએ, એમ ભાજપના નેતાએ કહ્યું હતું.

તેમણે મહાયુતિ ગઠબંધનમાં ભાષાના મુદ્દા પર મતભેદોના અહેવાલોને પણ નકારી કાઢ્યા હતા.

'કોઈપણ ગઠબંધનમાં નાના મતભેદો સામાન્ય છે. તેને મુદ્દો બનાવવાની કોઈ જરૂર નથી. સત્તામાં રહેલા ત્રણેય પક્ષો સાથે મળીને કામ કરી રહ્યા છે અને તેઓ સામૂહિક રીતે નિર્ણયો લે છે,' એમ તેમણે કહ્યું હતું.

## સિમિના સાકિબ

(આઈઈડી) બનાવવા તથા તેના વિસ્ફોટની તાલીમ કરવામાં પણ પોતે સામેલ હોવાનું પણ તેણે કબૂલ્યું હતું.

ફેડરલ એજન્સીએ જણાવ્યું હતું કે નાચન કાવતરાના ભાગરૂપે, જેને પુણે આઈસિસ મોડ્યુલ કેસ પણ કહેવામાં આવે છે, તેના ભાગ રૂપે અન્ય આરોપીઓ સાથે સહયોગમાં કામ કરી રહ્યો હતો.

દરમિયાન, પોલીસે પડઘા અને પડોશી ભિવંડીમાં સુરક્ષા વધારી દીધી છે, કારણ કે નાચનના અંતિમ સંસ્કાર ત્યાં જ કરવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અમે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ, એક પોલીસ અધિકારીએ જણાવ્યું. (પીટીઆઈ)

## મુખ્ય પ્રધાન ફડણવીસના

જણાવાયું હતું કે ગોંદિયા જિલ્લાના ગોંદિયા, સાલેકસા, દેવરી અને અર્જુની મોરગાંવ તાલુકા તથા સંપૂર્ણ ગઢચિરોલી જિલ્લો નકસલગ્રસ્ત છે.

રાજ્યની પૂર્વ સીમા પર આવેલા ગઢચિરોલીને મહારાષ્ટ્રનો છેલ્લો જિલ્લા ગણવામાં આવે છે. જાન્યુઆરીમાં સી-૬૦ કમાન્ડોનું સન્માન કરતી વખતે ફડણવીસે કહ્યું હતું કે અનેક માઓવાદીઓએ શરણાગતિ સ્વીકારી છે અને તેમાં ભરતી ન થતી હોવાથી મહારાષ્ટ્ર ટૂંક સમયમાં નકસલમુક્ત બની જશે.

'ગઢચિરોલી પોલીસે જિલ્લામાં નકસલી ગતિવિધિઓ અટકાવી દીધી છે. ઉત્તર ગઢચિરોલી તો માઓવાદીઓથી મુક્ત થઇ ગયું છે અને દક્ષિણ ગઢચિરોલી પણ ટૂંક સમયમાં આ સમસ્યામાંથી મુક્ત થઇ જશે', એમ તેમણે પત્રકારોને કહ્યું હતું અને દાવો કર્યો હતો કે ગઢચિરોલીના દુર્ગમ વિસ્તારોમાં પણ નકસલીઓનો ત્રાસ ઓછો થઇ ગયો છે. સરકારે ગઢચિરોલીને માઓવાદીઓથી મુક્ત 'પ્રથમ જિલ્લો' બનાવવાની પ્રક્રિયા શરૂ કરી છે, એમ તેમણે વધુમાં કહ્યું હતું. (પીટીઆઇ)

## જોગેશ્વરીમાં ૨૧.૫૫ કરોડ

વ્યક્તિ જોગેશ્વરી પશ્ચિમમાં નશીલો પદાર્થ વેચવા માટે આવવાના છે. આથી પોલીસ ટીમે શુક્રવારે ઉપરોક્ત સ્થળે છટકું ગોઠવ્યું હતું. દરમિયાન એ સ્થળે આવેલા બે વિદેશી નાગરિકની હિલચાલ શંકાસ્પદ જણાઇ આવતાં પોલીસ ટીમે તેમને તાબામાં લીધા હતા. બંને જણની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી ૨૧.૫૫ કરોડ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો. બંને આરોપી વિરુદ્ધ ઓશિવરા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરાઇ હતી. આરોપીઓએ આ ગાંજો ક્યાંથી મેળવ્યો હતો અને તે કોને વેચવા માટે આવ્યા હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું.

### મુંબઇ એરપોર્ટ પર પાંચ કરોડના સાથે પ્રવાસીની ધરપકડ

કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈ એરપોર્ટ પર પાંચ કરોડ રૂપિયાના ગાંજા (હાઇડ્રોપોનિક વીડ) સાથે પ્રવાસીની ધરપકડ કરી હતી. બેંગકોકથી ફ્લાઇટમાં શુક્રવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવેલા પ્રવાસીને શંકાને આધારે આંતરવામાં આવ્યો હતો. પ્રવાસીના સામાનની તલાશી લેવામાં આવતાં તેમાંથી પાંચ કરોડ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો. આથી પ્રવાસી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી.

## અસ્થિ વિસર્જન

જણાવ્યું હતું કે શનિવારે બપોરના દરિયામાં ભરતી હોવાથી એ સમયે દરિયામાં ઊંચા મોજા ઉછળી રહ્યા હતા. એ દરમ્યાન ડિલાઈલ રોડ પર રહેતા ૫૧ વર્ષના સંતોષ વિશ્વેશ્વર તેમની માતાના અસ્થિ વિસર્જન કરવા માટે તેમના મિત્રો અને સંબધી સાથે દરિયામાં અસ્થિ વિસર્જન કરવા માટે આવ્યા હતા. એ દરમ્યાન સંતોષની સાથે ૪૫ વર્ષનો કુણાલ કોકાટે અને ૫૮ વર્ષના સંજય સરવણકર દરિયામાં તણાઈ ગયા હતા.

પોલીસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે વરલીમાં લોટસ જેટી પાસે અસ્થિ વિસર્જન માટે પાલિકા દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે અને ત્યાં આગળ એક પોલીસ ચોકી પણ છે. શનિવારે દરિયામાં બપોરના મોટી ભરતી હોવાથી લોકોને દરિયામાં અંદર નહીં જવાની ચેતવણી આપવામાં આવી હતી. આ લોકો અસ્થિ વિસર્જન માટે આવ્યા હતા અને ત્રણેયને લોટસ જેટી પાસે દરિયામાં અંદર નહીં જવાની સલાહ આપવામાં આવી હતી. દરિયામાં જવાને બદલે ત્યાં રાખવામાં આવેલા કળશમાં અસ્થિ રાખવાની તેમને સલાહ પણ આપવામાં આવી હતી. પોલીસની સલાહ માનવામાં બદલે તેઓએ પોલીસ સાથે બોલાચાલી કરી હતી અને તેમાંથી એકે પોતાને જીએસટી ઈન્સ્પેક્ટર ગણાવીને ધરાર ચેતવણીને નહીં ગણકારીને દરિયામાં અંદર ગયા હતા.

પાલિકાએ ૨૪થી ૨૮ જૂન દરિયામાં મોટી ભરતી હોવાની ચેતવણી આપી હતી અને દરિયામાં ૪.૫૦ મીટરથી ઊંજા મોજા ઉછળવાની શક્યતા હતી. શનિવારે બપોરના ૨.૨૬ વાગ્યાથી દરિયામાં ભરતી હતી અને દરિયામાં ૪.૬૪ મીટરથી ઊંચા મોજા ઉછળી રહ્યા હતા અને ત્રણેય લોકો બપોરના ૩.૪૫ વાગ્યાની આસપાસ દરિયામાં અંદર ગયા હતા એ સમયે મોટું મોજું આવીને તેમાં ત્રણેય લોકો તણાઈ ગયા હતા. પોલીસ સ્થાનિક માછીમારની મદદથી તેમને બહાર કાઢવા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં સંજય સરવણકરે રસી પકડી લેતા તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા પણ સંતોષ વિશ્વેશ્વર અને કુણાલ કોકાટે અંદર તણાઈ ગયા હતા પણ તેમને પણ માછીમારોની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા અને તરત હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા પણ સારવાર મળે તે અગાઉ જ સંતોષ વિશ્વેશ્વર અને કુણા કોકાટેનું મૃત્યુ થયું હોવાનું નાયર હૉસ્પિટલના ડૉક્ટરે જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

તળાજા નિવાસી હાલ વિરાર સ્વ. કૈલાસબેન તથા સ્વ. અમૃતલાલ મનોરદાસ શાહના પુત્ર ચિ. હસમુખલાલ (હસુભાઇ) શાહ (ઉં. વ. ૭૪) તા. ૨૭-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. હિતેન, મેહુલ, દિપ્તી કમલેશ પારેખ, જલ્પા સંદીપ મોદીના પિતા. હિરલ તથા મેઘનાનાં સસરા. જીતુભાઇ તથા રાજુભાઇ, હંસા દિપક અજમેરા, સ્વ. હર્ષા પંકજ ભાયાણી, પ્રજ્ઞા પંકજ શાહ, રેખા મનિષ ભાયાણીનાં ભાઇ. સ્વ. રસિકલાલ અમૃતલાલ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૯-૬-૨૫ના ૪થી ૬. ઠે. બાલાજી બેન્કવેટ હોલ, ગોકુળ ટાઉનશિપ, વિરાર (વેસ્ટ).

હાલ મુલુંડ સ્વ. લીલાબાઇ જગન્નાથ માળી (ઉં. વ. ૭૯) તા. ૨૫-૬-૨૫ બુધવારના મરણ પામેલ છે. તે હેમલતા, સંજય, મનોહર, હરીશના માતુશ્રી. અવિનાશ, સંગીતા, રેખા, પૂજાના સાસુ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૯-૬-૨૫ના ૫થી ૭. ઠે. દયાનંદ બેન્કવેટ હોલ, (ચંદનબાગ) દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ).

મૂળ ગામ ગણોદ હાલ ઘાટકોપર, સ્વ. લાભુબેન હંસરાજભાઈ ભાલોડિયા (ઉં.વ. ૮૬) તે સ્વ. હંસરાજભાઈ પરબતભાઈ ભાલોડિયાના ધર્મપત્ની સ્વર્ગવાસ ૨૭-૦૬-૨૫ શુક્રવારના થયેલ છે. હિતેષભાઈ તથા સ્વ. રંજનબેનના માતુશ્રી, શિલ્પાબેનના સાસુજી આર્ય તથા સ્નેહાબેનના દાદીજી, મંથનના દાદીસાસુજી. ટેલિફોનિક બેસણું તા. ૩૦-૦૬-૨૫ને સોમવારે ૪ થી ૭.

**કચ્છી લોહાણા**

રતિલાલ વેલજી ઠક્કરના જીવનસાથી અ. સૌ. ઇન્દિરાબેન ગામ ખેડોઇ હાલ મુલુંડ (ઉં. વ. ૭૫) તા. ૨૬-૬-૨૫ના રામશરણ પામેલ છે. તે સીતાબેન કરસનદાસ કારીયાના પુત્રી. તે પ્રશાંત, સચીનના માતુશ્રી. શિતલબેન, રીંકુબેનના સાસુ. જીયા, રિદ્ધિ અને ઇશાનના દાદી. તથા વિજયભાઇ કરસનદાસ કારીયાના બહેન. પ્રતિમાબેન કારીયાના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯-૬-૨૫ના ૫થી ૭. ઠે. ગોપુરમહોલ, આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. કોકિલાબેન (કમલા) આશર (ઉં. વ. ૮૮) નલિયા નિવાસી હાલ બોરીવલી તે સ્વ. કૃષ્ણકુમાર ત્રિકમદાસ આશરના ધર્મપત્ની. સ્વ. વિસનજી જસાણીના સુપુત્રી. દિનેશ અને ભાવનાના માતા. આશા અને દીપકભાઇ ઉદેશીના સાસુ. સ્વ. વેલાબેન (રમાબેન) વાંડ્યા અને સ્વ. ભગવાનદાસ જસાણીના બેન તા. ૨૫-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૯-૬-૨૫ના ૩થી ૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદીવલી (વેસ્ટ).

**દશા મોઢ માંડલિયા વણિક**

જસદણ નિવાસી હાલ હિંમતનગર જયેશ (ઉં. વ. ૬૧) તે સ્વ. ભાનુબેન પરમાણંદદાસ કલ્યાણીના સુપુત્ર. જાગૃતિ, મોના, રીટા, રેખા, રાકેશ, રાજીવ અને વિશાલના ભાઇ. સ્વ. અમૃતલાલ, સ્વ. હિંમતલાલ, નગીનદાસ, સ્વ. વિજયાબેન તથા ચેતનાબેનના ભત્રીજા તા. ૨૬-૬-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કલ્યાણપુર હાલ ડોમ્બિવલી નિવાસી ગં. સ્વ. આશાબેન (ભાનુબેન) નિલેશકુમાર ચંદે (ઉં. વ. ૭૯) સ્વ. માણેકબાઇ દામજી ભીમજી ચંદેના પુત્રવધૂ. સ્વ. ગંગામા શિવજી જોબનપુત્રાની દીકરી. નિમેષ, સંજય, મનિષા નીતિન કોઠારીના માતુશ્રી. અંજના, જાસ્મીનના સાસુ. હર્ષ-પ્રીસાના દાદી. સ્વ. હરીરામભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. મણીબેન, સ્વ. લખામા, સ્વ. કમળાબેન, સ્વ. કસ્તુરીબેન, સ્વ. મધુબેન, ગં. સ્વ. ચંદ્રીકાબેન, સ્વ. દમયંતીબેનના બેન. તા. ૨૬-૬-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગ. સ્વ. નીલાબેન માણેક (ઉં.વ. ૮૭) તા. ૨૭.૬.૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે મહેન્દ્રકુમાર મોહનલાલ માણેકના પત્ની. પ્રભુલાલ હીરાચંદ પ્રેમાણી (જામનગર)ના દીકરી. જયેશ, મિહિરના માતા, રીટાના સાસુ, સુધાબેન બિપિનકુમાર વસાણીના ભાભી, હર્ષ, સ્વ. યસ્વીના દાદી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ રૂકમણીબેન પ્રાગજી લાલજી ચોથાણી(ઠક્કર) ગામ કારી તલાવડી હાલે મુલુંડના જીતેન્દ્રભાઈના ધર્મપત્ની, અ. સો. રજનીબેન (રંજનબેન) (ઉં.વ. ૮૦) તા. ૨૭/૦૬/૨૦૨૫ના શ્રીચરણ પામેલ છે. તે પ્રણીલના માતુશ્રી. હેતલના સાસુ. પલ્લવી સુનીલ ખન્ના, રૂપલ મનીષ ઠક્કર, રીંકુ ફોરમ ઠક્કરના માતુશ્રી, હરીશભાઈ, સ્વ. રંજનબેન, સુશીલાબેનના ભાભી. સ્વ. ગંગાબેન વલ્લભજી ખીમજી માણેક ગામ વરસામેડીના પુત્રી, બને પક્ષની પ્રાર્થનાસભા ૫ થી ૭. તા. ૨૯/૦૬/૨૦૨૫ કાલિદાસ મેરેજ હોલ પીકે રોડ મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યાવહાર સદંતર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

કમળેજ નિવાસી, હાલ બોરીવલી, દેવેન્દ્ર કાશીરામ પંડ્યા (ઉં.વ. ૮૮) તે કુંદનબેન પંડ્યાના પતિ, સ્વ. દલપતરામ, સ્વ. મનુભાઈ, સ્વ. રમેશચંદ્ર, સ્વ. સુરેશભાઇ, સ્વ. સવિતાબેન, સ્વ. વિદ્યાબેનના ભાઇ, વીરેન્દ્ર, સંગીતા કનૈયાલાલ ભટ્ટ, લતા નીતીન બધેકા, શર્મિલા મલય બધેકા, જાગૃતિ ભાવેશ ભટ્ટ, નીતા દર્શન જોષીના પિતા વૈશાલીના સસરા. કેયુરના દાદા, કુકડ નિવાસી સ્વ. વિશ્વનાથ રણછોડરાય ત્રિવેદીના જમાઇ. તા. ૨૬-૦૬-૨૦૨૫ને ગુરૂવારે કૈલાસવાસી થયેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૦૬-૨૦૨૫ને સોમવારે ૪ થી ૬. ડાયામોડા હોલ, તન્વી કોમ્પ્લેક્સ, દહિસર પેટ્રોલ પંપ પાસે, દહિસર (પૂર્વ).

**હાલાઈ લોહાણા**

હાલ પોઈસર કાંદીવલી, મોહનકુમાર શિવનાથ શર્મા (રાય)ના ધર્મપત્ની પન્નાબેન શર્મા (રાય) (ઉં.વ. ૬૫) તે રુચિતા પંકિલ મહેતા, સાહિત્યના માતુશ્રી. સવિતાબેન રસિકલાલ બાટવિયાના દીકરી, સ્વ. ગીરીશ, રાજેશ, ચેતના જયેશ બદીયાનીના બેન, શોભનાબેન વંદનાબેનના નણંદ. શુક્રવાર, તા.૨૭-૬-૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૩૦-૬-૨૦૨૫ના ૫થી ૭. રઘુલીલા મોલ, શેઠિયા બેન્કવેટ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, કાંદીવલી (વેસ્ટ).

**વીસા નીમા વૈષ્ણવ વણિક**

મહુધા નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. શ્રીમતી તનમન ગિરીશકુમાર ગાંધી (ઉં.વ. ૭૯ વર્ષ) તેઓ સ્વ. ગિરીશકુમાર ગાંધીના ધર્મપત્ની, સ્વ. કમલાબેન રસિકલાલ પારેખ ના સુપુત્રી,સ્વ.શારદાબેન કનૈયાલાલ ગાંધી ના પુત્રવધુ, ડો. પ્રતીક્ષા ગાંધી અને મેહુલ ગાંધીના માતુશ્રી, સોનાલી ગાંધીના સાસુ. ક્રિશ અને જહાનવી ના દાદી ગુરુવાર, જૂન ૨૬, ૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા સોમવાર, જૂન ૩૦, ૨૫ ના સાંજે ૫:૦૦ થી ૭:૦૦ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હોલ (જવાહર નગર હોલ), એસ.વી. રોડ, સીટી સેન્ટર સામે, ગોરેગાંવ વેસ્ટ.

**લેઉઆ પટેલ**

ગામ મોટા ચારોડીયા હાલ ભિવંડી, હેમલ સુરેશભાઈ પટેલ (ઉં.વ. ૩૨) શુક્રવાર તા.૨૭/૬/૨૫ના અક્ષર નિવાસ પામેલ છે. તે દર્શનાના પતિ તથા નીતાબેન સુરેશભાઈના સુપુત્ર. તેમજ રમેશભાઈ અને ભગવાનભાઈના ભત્રીજા. નેન્સી ફાલ્ગુની શ્વેતા અને હિમાંશીના ભાઈ. શારદાબેન રમેશભાઈ શિંગાળા ના જમાઈ. તેમની પ્રાર્થના સભા રવિવાર તાર૬/૬/૨૫ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભાવે કમ્પાઉન્ડ, શિવાજી ચોક, ભિવંડી ખાતે રાખેલ છે.

## પારસી મરણ

સીલુ મીનુ નાણાવટી તે મરહુમ મીનુંના ધનીયાની. તે મરહુમો ગુલબાઇ તથા સોરાબજી ચાહના દીકરી. તે ફીરોઝા અદી કુપર ને પરશીશ બેહરામ પેશીનાના માતાજી. તે અદી રૂસ્તમ કુપર ને બેહરામ કેકી પેશીનાના સાસુજી. તે મરહુમો ડો. જહાંગીર ચાહ તથા ફેની ખુરશેદ ઇરાનીના બહેન. (ઉં. વ. ૧૦૨) રે. ઠે. ફ્લેટ જી-૩, ૭મે માળે, પાલાસીમો સિલવર ઓક્સ એસ્ટેટ. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૦-૬-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે સાહેર અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ઢસા જંકશન નિવાસી હાલ કેલિફોર્નિયા અરવિંદ ધીરજલાલ કપાસીના ધર્મપત્ની ચારુલતા (ઉં.વ. ૭૪) તા. ૨૨-૬-૨૫ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે સેજલ, હર્ષલના માતુશ્રી. ડો. બિન્દેશ, વલ્લરીના સાસુ. સાવરકુંડલા નિવાસી સ્વ. મોહનલાલ લાલચંદ કામદારના સુપુત્રી. સ્વ. ભરતભાઇ, ધીરેન, અતુલ, બકુલના બેન. સ્વ. વસંતબેન, મહેન્દ્રભાઇ, વિનોદા, સ્વ. સરલા, હંસા, દીપકના ભાઇના ધર્મપત્ની. પ્રાર્થના રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર (ભેસાણ) નિવાસી હાલ ગોરેગાવ, સ્વ. લક્ષ્મીબેન મનસુખલાલ હેમાણીના સુપુત્ર દીલીપભાઇ (ઉં.વ. ૮૦) શુક્રવાર, તા. ૨૭-૬-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. ધર્મિન, કિંજલના પિતાશ્રી. કોમલ હેમાણી અને રાજીવ જયકાંત મોતાના સસરા. સ્વ. કિશોરભાઇ, સ્વ. ઇન્દુબેન દીલીપભાઇ દોશી, સ્વ. ભારતીબેન ભાસ્કરભાઇ ભીમાણી, જયોતિબેન રશ્મીભાઇ દોશીના ભાઇ. ભાવનગર નિવાસી સ્વ. કળાબેન રમેશભાઇ ડેલીવાળાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સામખીયારીના મોતીલાલ જગશી ભીમશી ગાલા (ઉં.વ. ૮૮) તા. ૨૬-૬-૨૫ ગુરુવારના અવસાન પામેલ છે. સ્વ. પુનઇબેન જગશીના સુપુત્ર. સ્વ. શાંતાબેન / ગં. સ્વ. શાંતિબેનના પતિ. રાજેન્દ્ર, નિર્મળા, હેતલ, ડો. નેહાના પિતાશ્રી. લતા, નેમચંદ, જયેશ, વિક્રમના સસરા. સ્પર્શ, દૃષ્ટિ, કૃતિ, હિલોનીના દાદા. ગાગોદરના ગં. સ્વ. રત્નાબેન પુંજાલાલ, રણમલ ગડાના જમાઇ. પ્રાર્થના રવિવાર, તા. ૨૯-૬-૨૫ના ૪થી ૫.૧૫. ઠે. કરસન લધુ નિસર હોલ, દાદર.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખાના કાન્તીલાલ નથુ સૈયા (ઉં.વ. ૭૫) તા. ૨૬-૬ના અવસાન પામ્યા છે. જેઠીબાઇ નથુ રામાના પુત્ર. વિમળાના પતિ. સંસાર પક્ષે લી.અ.સં. જૈમીનીબાઇ મહાસતીજી, દિપક, પ્રતીક્ષા, જયશ્રી, સોનલના પિતાશ્રી. વેલજી, દામજી, નાનજી, પોપટ, કંકુબાઇ, પાનબાઇ, મણીબાઇના ભાઇ. દેવકાબાઇ કુંવરજીના જમાઇ. પ્રા.શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. કરસન લધુભાઇ નીસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦.

કોટડી (મહા.)ના ઝવેરબેન દેઢિયા (ઉં.વ. ૮૪) ૨૭-૬ના અવસાન પામેલ છે. સ્વ. રવજીના ધર્મપત્ની. ગંગાબાઈ ગોસરના પુત્રવધુ. ખુશાલ, કુસુમ, દક્ષા, રેખા, પુષ્પા, મંજુલાના માતુશ્રી. ડુમરા નાનબાઈ ભવાનજીના પુત્રી. વેજબાઈ, ધનબાઈ, દમયંતી, રતનશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ખુશાલ દેઢિયા, બી/૭૦૨, વીઝન હાઈટ, વસંત નગરી, વસઈ (ઈ).

નવાવાસ (ગાંધીધામ)ના અ.સૌ. ભાનુમતી રસીકલાલ છેડા (ઉં.વ. ૭૭) ૨૬-૬ના અવસાન પામ્યા છે. રસીકલાલ શામજીના પત્ની. દેવકાબેન શામજી જેવતના પુત્રવધુ. કિરણ, હર્ષા, હીના, પૂનમ (હેમા), ભારતી, કસ્તુરના માતુશ્રી. નાગલપુર/લાયજા નિર્મળાબેન હીરજી રવજીના પુત્રી. પ્રકાશ, દેવપુર હેમલતા પ્રવિણ, ચિયાસર ગંગાબાઈ સુંદરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કિરણ છેડા : પ્લોટ-૮૮, ગોકુલધામ, આદિપુર (તા. ગાંધીધામ)-૩૭૦૨૦૫.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ બોરીવલી, સ્વ. રસિકલાલ અમ્રિતલાલ ઘોડા (શાહ) ના ધર્મપત્ની રંજનબેન (ઉં.વ. ૯૨) ૨૭/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગોકળદાસ, સ્વ. હરિભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. વિનુભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. ભુપતભાઇ, સ્વ. મુક્તાબેન, સ્વ. કાંતાબેનના ભાભી, કમલેશભાઈ, જીતેન્દ્રભાઈ, જયેશભાઇના માતુશ્રી, કલ્પના, જયશ્રી તથા ભાવનાના સાસુ, કાજલ, અંકિતા, કુણાલ, શ્રીપાલ, ખુશ્બુ, રોનક, દીપાના દાદી. પિયરપક્ષે સ્વ. અમૃતલાલ રાજપાળ મહેતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વેરાવળ દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વેરાવળ નિવાસી હાલ દહિસર, સ્વ. નવલબેન પ્રાણજીવન દોશીના પુત્ર રસિકભાઈ (ઉં.વ. ૮૨) તા. ૨૭-૬-૨૦૨૫ને શુક્રવારના અરિહંતશરણ પામ્યા છે. તે હંસાબેનના પતિ. સ્વ. સુશીલાબેન દોશી, સ્વ. સરેન્દ્રભાઈ, સ્વ. નિરંજનભાઈ, સ્વ. મધુબેન ભણસાલીના ભાઈ, નિશા, તિમિર, નિમિષના પિતા. રીના, હેમાના સસરા. શ્વશુર પક્ષે સ્વ. અમીચંદ વીરજી કુંભાણીના જમાઈ. શંત્રુજય ભાવયાત્રા રવિવાર, તા. ૨૯-૬-૨૫ના ૧૦ થી ૧૨. આંગન પાર્ટી હોલ, પહેલે માળે, કેન્ટ ગાર્ડન બી, જંકશન ઓફ ટીપીએસ રોડ, ફેક્ટરી લેન, એમ. કે. સ્કૂલની બાજુમાં, બોરીવલી (પ.).

**મરણ ખબર માટેની સૂચના** — મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે — (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક



# નેપાળ ફરી રાજાશાહી સાથે હિન્દુ રાષ્ટ્ર બને એ દિવાસ્વપ્ન તો સાબિત નહીં થાયને?

**નેપાળ પર શાહ રાજવંશે ૨૩૯ વર્ષ શાસન કર્યું. એ પછી ૨૦૧૫માં નવા બંધારણ અનુસાર હિન્દુ રાષ્ટ્રના સ્થાને નેપાળને બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર બનાવવામાં આવ્યું, પણ લોકશાહી અહીંના રાષ્ટ્રીય પક્ષોને સદી નથી. છેલ્લાં ૧૭ વર્ષમાં તો ૧૪ વાર સરકાર અને ૧૩ વાર વડા પ્રધાનો બદલાઈ ગયા. આવા અરાજકતાના માહોલમાં લોકશાહીને પડતી મૂકી નેપાળમાં ફરી રાજાશાહી પરત લાવવા માટે ઉગ્ર આંદોલનો થઈ રહ્યાં છે... આમ છતાં નેપાળ ફરી એક વાર રાજાશાહી સાથે હિન્દુ રાષ્ટ્ર બની શકશે ખરું?**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

ભારતના પાડોશી દેશ નેપાળમાં છેલ્લાં કેટલાક સમયથી અશાંતિનો માહોલ છે. નેપાળમાં લોકશાહી છે અને સામ્યવાદી નેતા કે.પી. શર્મા ઓલી વડાપ્રધાન છે, પણ હમણાં નેપાળને ફરી હિન્દુ રાષ્ટ્ર બનાવવાની ઝુંબેશ ચાલી રહી છે અને લોકશાહીના સ્થાને રાજાશાહીની માગ સાથે ઉગ્ર દેખાવો થઈ રહ્યા છે તેથી નેપાળ ફરી આંતરિક વિગ્રહ તરફ ધકેલાઈ રહ્યું હોય એવાં એંધાણ છે. છેલ્લાં લગભગ બે વર્ષથી થઈ રહેલા દેખાવો હિંસક પણ બની રહ્યા છે તેથી દેશમાં અરાજકતા પણ વ્યાપેલી છે.

નેપાળમાં ૨૦૦૬ સુધી રાજાશાહી હતી. નેપાળ પર શાહ રાજવંશે ૨૩૯ વર્ષ શાસન કર્યું. નેપાળના રાજા બિરેન્દ્ર વીર બિક્રમ શાહ અને એમના પરિવારના આઠ સભ્યની ૨૦૦૫માં સામૂહિક હત્યા પછી જ્ઞાનેન્દ્ર શાહને નેપાળના રાજા બનાવવામાં આવ્યા હતા.

જોકે ત્યાર પછી નેપાળમાં પ્રસરેલી અરાજકતાની સ્થિતિનો લાભ લઈને ચીનના પીઠ્ઠુ એવા માઓવાદીઓ સક્રિય થઈ ગયા અને હિંસા શરૂ કરી દીધી. એ વખતે ભારત અને નેપાળના સંબંધો સારા હતા તેથી ભારતે માઓવાદીઓને દબાવી દેવામાં મદદ કરેલી. બીજી તરફ, જ્ઞાનેન્દ્ર શાહે લોકશાહીને સ્થાને પોતાની સમરમુખત્યારશાહી સ્થાપવા પ્રયત્ન કર્યો તેના કારણે ૨૦૦૬માં પ્રચંડ આંદોલન શરૂ થયું.

### નેપાળમાં હિન્દુઓની કેટલી વસતિ?

૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે નેપાળમાં લગભગ ત્રણ કરોડની વસતિમાં અઢી કરોડથી વધારે એટલે ૮૧.૩ ટકા હિન્દુ છે, જ્યારે ૩.૧ ટકા કિરાત છે કે જે હિન્દુત્વની જ એક શાખા છે. આમ ૮૫ ટકા વસતિ હિન્દુત્વને અનુસરે છે. કુલ વસતિમાં બૌદ્ધ ધર્મી નવ ટકા છે, જ્યારે મુસલમાન ૪.૪ ટકા, ખ્રિસ્તી ૧.૪ ટકા અને પ્રકૃતિ પૂજક ૦.૫ ટકા છે.

દાયકાઓ સુધી નેપાળ સત્તાવાર રીતે હિન્દુ રાજ્ય હતું અને મહાદેવ એટલે કે ભગવાન શિવને દેશના રક્ષક દેવતા માનવામાં આવતા હતા.

જ્ઞાનેન્દ્ર શાહે તેની સામે ઝૂકીને ૨૦૦૭માં સર્વપક્ષીય સરકારને સત્તા સોંપવી પડી અને ૨૦૦૮માં નેપાળમાં રાજાશાહીનો અંત આવ્યો.

વચગાળાના બંધારણનો અમલ કરીને લોકશાહી પુનઃસ્થાપિત કરવામાં આવી અને સંપૂર્ણ બંધારણનો અમલ કરવાની કવાયત શરૂ થઈ.

એ પછી ૨૦૧૨માં નેપાળમાં બંધારણનો પહેલો ભાગ અમલી બન્યો કે જેમાં હિન્દુ રાષ્ટ્રના સ્થાને નેપાળને બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર બનાવવામાં આવ્યું. ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ નેપાળનું સંપૂર્ણ બંધારણ અમલમાં આવ્યું એ સાથે ત્યાં રાજાશાહી અને હિન્દુ રાષ્ટ્રનો દરજ્જો સમાપ્ત થઈ ગયો.

નેપાળમાં રાજાશાહી વખતે રાજા કહે એ કાયદો હતો. લેખિત બંધારણના અમલ પછી નેપાળમાં રાજા રહ્યા જ નહીં ને એના સ્થાને પ્રમુખ આવી ગયા ને ફક્ત ચૂંટાયેલી સરકાર જ કાયદા બનાવી શકે છે એવી ગોઠવણ અમલમાં તો આવી, પણ નેપાળના રાષ્ટ્રીય પક્ષોને એ લોકશાહી સદી નથી. વિભિન્ન પક્ષોની સરકાર રચાય છે અને સરકાર માંડ ટકે તો એના વડા પ્રધાન બદલાય...આંતરિક મતભેદ અને પક્ષમાં જ અસંતોષને લીધે ત્યાં ભાગ્યે જ કોઈ પક્ષની સરકાર સ્થિર રહી, છેલ્લાં ૧૭ વર્ષમાં તો ૧૪ વાર સરકાર અને ૧૩ વાર વડા પ્રધાનો બદલાઈ ગયા. આ પણ એક વિશ્વ વિક્રમ ગણાય!

આવા મહોલમાં લોકશાહીને પડતી મૂકી નેપાળમાં ફરી રાજાશાહી પરત લાવવાની ધૂન ફરી સંભળાવા લાગી છે. પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર છેલ્લાં કેટલાક સમયથી પાછા સક્રિય થયા છે અને એમના ઈશારે ફરી રાજાશાહીની સ્થાપનાની માગ પ્રબળ બની રહી છે.

રાજાશાહીની નાબૂદી પછી રચાયેલી સરકારોના ગેરવહીવટના કારણે નેપાળમાં ગરીબી અને બેરોજગારી વધી છે, સામ્યવાદી શાસકો ચીનના ખોળામાં બેસતાં ભારત સાથેના સંબંધો વણસ્યા તેથી પહેલાંની જેમ સરળતાથી ભારત જઈ શકાતું નથી તેનો પણ આક્રોશ છે. આ બધાં કારણોસર નેપાળમાં આંદોલનો થઈ રહ્યાં છે.

નેપાળ એક સમયે દુનિયાનું એક માત્ર હિન્દુ રાષ્ટ્ર હતું, પણ રાજાશાહીના અંત પછી સેક્યુલર બની ગયું. હવે ફરી આટલાં વર્ષો પછી નેપાળને ફરી હિન્દુ રાષ્ટ્ર બનાવવાની માગ પણ પ્રબળ બની છે. સામ્યવાદીઓનો દાવો છે કે, ભારતમાં ભાજપ સત્તામાં આવ્યા પછી નેપાળમાં હિન્દુવાદનો પ્રભાવ વધ્યો છે તેથી ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નેપાળને ફરી હિન્દુ રાષ્ટ્ર બનાવવા સક્રિય થયાં છે. ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથ મુખ્ય મંત્રી બન્યા પછી નેપાળમાં હિન્દુવાદીઓ વધારે સક્રિય થયાના આક્ષેપ પણ થાય છે. નેપાળના મધેસ ક્ષેત્રમાં સંઘનો પ્રભાવ વધ્યો છે તેથી હિન્દુત્વનો મુદ્દો ઊઠી રહ્યો છે એવું પણ કહેવાય છે. યોગી આદિત્યનાથનો મતવિસ્તાર ગોરખપુર નેપાળની સરહદની નજીક આવે છે તેથી નેપાળના ઘણા હિન્દુઓ ગોરખપુર મઠના અનુયાયી છે. આ કારણે પણ નેપાળના તરાઈ ક્ષેત્રમાં યોગીનો પ્રભાવ છે. ૨૦૧૮માં યોગી આદિત્યનાથ નેપાળના જનકપુર ગયા પછી મઠના સ્વયંસેવકો વધારે સક્રિય થયા છે.

ભાજપ વિદેશમાં 'ભાજપને જાણો' નામનો એક કાર્યક્રમ ચલાવી રહ્યું છે. ૨૦૨૨માં નેપાળના ભૂતપૂર્વ વડા પ્રધાન પ્રચંડે ભાજપના એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભાજપ અને આરએસએસના નેતાઓએ કાઠમંડુની વારંવાર મુલાકાતો લીધી છે એ દરમિયાન નેપાળને ફરીથી 'હિન્દુ રાષ્ટ્ર' બનાવવા અંગે ચર્ચા પણ થઈ હતી.

આ વાતમાં કેટલો દમ છે એ ખબર નથી, પણ નેપાળમાં છેલ્લાં કેટલાક દિવસોથી હિન્દુ રાષ્ટ્રની માગ સતત થઈ રહી છે એ હકીકત છે. માર્ચ ૨૦૨૩માં નેપાળના જનકપુરમાં રામનવમી નિમિત્તે શોભાયાત્રા નિકળી ત્યારે પણ એને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની માગ સાથે સૂત્રોચ્ચાર થયેલા. એ શોભાયાત્રા પર ત્યારે હુમલો થયો હતો. હિન્દુવાદીઓએ તેનો જવાબ આપતાં ઘર્ષણ થયું અને નેપાળમાં પહેલી વાર કોમી રમખાણો ફાટી નિકળ્યાં હતાં.

આ રમખાણોને તો સરકારે દબાવી દીધાં પણ નેપાળને ફરીથી હિન્દુ રાષ્ટ્ર બનાવવાની માગને દબાવી શકાઈ નથી. આ માગ સ્વાભાવિક પણ છે કેમ કે નેપાળમાં હજુય હિન્દુઓની બહુમતી છે. વસતિની ટકાવારીની રીતે વિશ્વમાં હિન્દુઓની સૌથી વધુ નેપાળમાં વસતિ છે. ભારતમાં સંખ્યાની રીતે હિન્દુઓ વધારે છે પણ ટકાવારીની રીતે નેપાળ ભારતથી આગળ છે.

નેપાળને ફરી હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે બંધારણ બદલવું પડે. નેપાળના બંધારણ ૨૦૧૨ (ભાગ ૧, કલમ ૪) દ્વારા નેપાળને સેક્યુલર નેશન જાહેર કરવામાં આવ્યું છે. આ કલમ પ્રમાણે ધર્મનિરપેક્ષતાનો અર્થ 'ધાર્મિક, સાંસ્કૃતિક સ્વતંત્રતા, તેમ જ ધર્મ, સંસ્કૃતિનું રક્ષણ થાય છે કે જે અનાદિ કાળથી (સનાતન)થી કરવામાં આવે છે.'

બંધારણ બદલવા માટે હિન્દુવાદી સરકારની રચના કરવી પડે, નેપાળમાં હિન્દુત્વનો ઝંડો ઉઠાવીને 'રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી' ચાલે છે પણ નેપાળની સંસદમાં તેનો કોઈ પ્રભાવ નથી. અહીં નેપાળી કૉંગ્રેસ અને સામ્યવાદી પક્ષોનો પ્રભાવ વધારે છે અને સત્તા પણ તેમની પાસે ફરતી રહે છે. આ બંને પક્ષને કમ સે કમ અત્યારે તો નેપાળને ફરી હિન્દુ રાષ્ટ્ર બનાવવામાં રસ નથી કેમ કે બંને ચીનના ખોળામાં બેઠાં છે. આ સંજોગોમાં જ્યાં સુધી 'રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી સત્તા' પર નહીં આવે ત્યાં સુધી નેપાળ હિન્દુ રાષ્ટ્ર બને એવી આશા રાખવા જેવી નથી. ■



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# માચા થી માતે સુધી વિશ્વના પીણા ના કલચર ને એક્સપ્લોર કરો

## સ્થળની વિશેષતા દર્શાવતાં માચા, માતે અને ફ્લેવર્સ









એક વખત મને અમસ્તો જ વિચાર આવ્યો કે ચા-કોફી જેવા સાદા પીણા માટે ટ્રિપ પર વળગી રહેવાનું તમારી સાથે કેટલી વાર બને છે?એકાદ ફેન્સી રેસ્ટોરન્ટમાં નહીં, પરંતુ સ્થાનિક સ્તરે ચા-કોફીનો ઘૂંટડો માણવા માટે આવું બન્યું છે? અમુક વાર તમે એકાદ સ્થળે પહોંચતાંજ ચા-કોફી પીવાનું મન થઈ જાય છે. અમુક વાર તે તમને ચકિત કરે છે અને અમુક વાર તે તમારી ટ્રિપની એક હાઈલાઈટ બની જાય છે.

આથી આ સમાહમાં મેં વિચાર્યું કે મારે કશુંક અલગ કરવું જોઈએ. ડેસ્ટિનેશન ગાઈડ નહીં, ટોપ 10 યાદી નહીં,ફક્ત મેં માણેલા આ પીણા વિશે કહેવા માગું છું અથવા મને આશા છે કે એકાદ સ્થળ વિશે ખરેખર કશુંક વાસ્તવિક તમને કહી શકું.

**જાપાનમાં માચા:** મેં જાપાનમાં વિતાવેલા સમય દરમિયાન મારે માટે એક પીણું યાદગાર રહી ગયું છે અને તે છે, માચા. આ ફક્ત ચા નથી, પરંતુ સંપૂર્ણ અવસર છે.એક વખત હું ક્યોટોમાં શાંત તાતામી રૂમમાં પગ પર પગ ચઢાવીને બેઠેલો હતો અને ટી માસ્ટરને લીલા રંગની ભૂકી કશુંક મલાઈદારમાં નાખીને ધીમે ધીમે ઉછાળતો જોયો તે આજે પણ યાદ છે. ખાંડ નહીં, દૂધ નહીં, ફક્ત સહેજ કડવું પીણું, જે તમને કોઈક રીતે જકડી રાખે છે.

જાપાનમાં માચા ફક્ત સેવન કરાતું નથી, પરંતુ તેનો આદર કરાય છે. તેની આસપાસ સંપૂર્ણ ટી સેરિમની ધીમી, માઈન્ડફુલ અને અચૂક હોય છે. તમારે ઉતાવળ કરવાની જરૂર નથી.

તે સદીઓની પરંપરાનો ભાર વહન કરે છે અને લોકો તેને બહુ જ આદરથી જુએ છે. અને મારા જેવા અમુક લોકો સામાન્ય રીતે એકથી અન્ય સ્થળે ભટકતા હોય તેમને માટે તે ખરેખર થોભવાનું કારણ આપે છે. એક કપ અને અચાનક તમે હવે પછી શું એ વિચારતા નથી, પરંતુ તમે ત્યાં મોજૂદ હો છો. મેં ટોકિયો, ઓસાકા, ક્યોટોમાં માચા માણ્યું છે અને દરેક વખતે શહેરની બહારી દોડધામ વચ્ચે પણ તે તમને બે ઘડી રોકી રાખે છે.

જાપાનમાં માચા તમને કશુંક શીખવે છે, જે ઘણાં બધાં સ્થળો પ્રયાસ કરે છે, પરંતુ જૂજ સફળ થાય છે. તે છે રોકાયા વિના ધીમા કઈ રીતે પડવું?

**ઈસ્તંબુલમાં ટર્કિશ કોફી:** જાપાનમાં માચા એટલે ધીમા પડો અને શાંતિનો બે પળ આનંદ લો ત્યારે ટર્કિશ કોફી તેની સાવ વિપરીત છે. તે વાર્તાલાપ સાથે સંકળાયેલી છે. લાઉડ, લેયર્ડ અને જીવનથી સમૃદ્ધ. આ પીણું તમને ટટ્ટાર બેસીને માણવા માટે પ્રેરિત કરે છે. તે નાના, મનોહર કપમાં પીરસવામાં આવે છે,પરંતુ તેના આકારથી ભરમાઈ નહીં જતા, તે બોલ્ડ, ઘટ્ટ અને નિર્વિવાદ રીતે સઘન છે.

મેં ઈસ્તંબુલમાં એક બાજુ બોસ્પોરસ સ્ટ્રેઈટ અને બીજી બાજુ ઊભરતા હાગિયા સોફિયાના ડોમના નજારા સાથે ગલીમાં નાના કેફેમાંપ્રથમ ટર્કિશ કોફી માણી. કોફી એક ગ્લાસ પાણી અને લોકમ (ટર્કિશ ડિલાઈટ)ના નાના ચોકઠા સાથે આવી. આ જ ખરી મજા છે.હું નિખાલસતાથી કહું છું કે ટર્કિશ કોફીનો મોટો ચાહક નથી. તે ફિલ્ટર રહિત હોય છે, જેથી તમને તળિયે તેનું પોત હોય છે.આ પીણું મારું ફેવરીટ નથી, છતાં આ પરિપૂર્ણ અનુભવ છે, જે તેને અલગ તારવે છે.

કારણ કે કપ ખાલી થયા પછી વાત પૂરી થતી નથી. ટર્કીમાં કોફીનું તળિયું વાંચવાની પરંપરા છે. તમે કપ ફ્લિપ કરો,તેને ઠંડો થવા દો અને કોઈક, સામાન્ય રીતે મિત્ર અથવા કેફે માલિક તેની શૈલીને જ્યોતિષની જેમ વાંચી સંભળાવે છે. આ હૃદયસ્પર્શી,મોજીલું અને સાવ અણધાર્યું હોય છે. જોકે એક પળ તે સાદા પીણામાં ફેરવાઈ જાય છે, જેના ઘૂંટડા ભરતાં ભરતાં તમે કોઈની સાથેહસીમજાક કરી શકો છો અથવા વાર્તાલાપ કરી શકો છો.

**આર્જેન્ટિનામાં યેર્બા માતે:** હું આર્જેન્ટિનામાં હતો ત્યારે એન્ટાર્કટિકામાં જતી વખતે મને વર્ષોથી હું કશુંક સાંભળતો આવ્યો તે અજમાવવાની તક મળી: યેર્બા માતે.તમે ઘણી વાર જોયું હશે કે લિયોનેલ મેસ્સી મેચ, ટીમ બસ અથવા ઈન્ટરવ્યુ દરમિયાન માતેના ઘૂંટડો ભરતો હોય છે.જો મેસ્સી તેવું કરતો હોય તો નિશ્ચિત જ આખો દેશ તેવું કરવા માટે ઘેલો બને છે!

ત્યાં આ પીણું નથી, પરંતુ રસમ છે, જે લગભગ સાંસ્કૃતિક હેન્ડશેક જેવું છે. હું પાર્ક, ગલીના ખૂણાઓ, એરપોર્ટ સહિત જ્યાં પણ ગયો ત્યાં લોકોને નાના સમૂહમાં ભેગા થયેલા અને આ ધાતુના સ્ટ્રો સાથે આ પીણું આસપાસ આપતા જોયા છે, જાણે તે એકાદ સમારંભમાં હિસ્સો હોય.

માતે સૂકા યેર્બાનાં પાનથી બનાવવામાં આવે છે. તે ગરમ પાણીમાં સ્ટીપ કરાય છે અને ગોળ ગુર્ડમાં પીરસવામાં આવે છે,જે બૉંબિલા (ધાતુનો સ્ટ્રો) સાથે જ પીવામાં આવે છે. તે અર્થી, કડક, સહેજ કડવું અને આશ્ચર્યકારક રીતે ઘૂંટડો ભરતાં જ સુખદ અહેસાસ આપે છે.

માતેનો એક અકથિત નિયમ છે. તે એ કે તમે તેને નકારી નહીં શકો. તમે ગુર્ડ લો, ઘૂંટડો ભરો અને તે પછી અન્યને આપો. એક કપ. ઘણા બધા લોકો. આ આમંત્રણ છે અને હા કહેવાનો અર્થ એક પળ પણ કેમ નહીં, પરંતુ વર્તુળનો તમે હિસ્સો બની ગયા એવો અર્થ થાય છે.

**ભુટાનમાં બટર ટી:** મેં બટર ટી અજમાવી નહોતી, પરંતુ તે ક્યાં અજમાવી શકાય તે હું બરોબર જાણું છું: ભુટાનમાં હિમાલયની ટોચ પર,જ્યાં હવા પાતળી હોય છે, નિસર્ગસૌંદર્ય અદભુત હોય છે અને ચા સાકર અને દૂધ સાથે નહીં પણ યાક બટર અને નમક સાથે આવે છે.તેને સુજા તરીકે ઓળખવામાં આવે છે અને મેં જે વાંચ્યું અને સાંભળ્યું છે તે પરથી તે તમારું લાક્ષણિક કમ્ફર્ટ ડ્રિંક નથી.તે સમૃદ્ધ, સ્વાદિષ્ટ અને ઉષ્માભર્યું છે, જે ચા કરતાં સૂપ વધુ લાગે છે.

મોટા ભાગના લોકો કહે છે કે તેનો પ્રથમ ઘૂંટડો મૂંઝવણમાં મૂકી દે છે. જોકે બીજો અથવા ત્રીજો ઘૂંટડો ભરતાં તેનો અર્થ સમજાય છે.ખાસ કરીને તમે બરફાચ્છાદિત પહાડીઓ અને ઠંડા પવન સાથે ઘેરાયેલા હો છો. તે રિફ્રેશિંગ થવા માટે નથી, પરંતુ તે તમને સક્ષમ રાખવા,તમને ઊર્જા, હાઈડ્રેશન અને ઠંડીમાં ગરમી આપવા માટે છે. આ એવું પીણું છે જેનું અસ્તિત્વ તેના વાતાવરણને કારણે છે અને મને તે જ ગમે છે.

બટર ટી મારી યાદીમાં ટોચ પર નથી. અને હું આખરે મારી પ્રથમ ખારી, ગરમ બટર ટી માણીશ ત્યારે મને લાગે છેકે આ એક એવો અવસર હશે તે ટ્રિપ પૂરી થયા પછી પણ લાંબા સમય સુધી યાદ રહેશે.

**મલેશિયામાં તેહ તારિક:** મલેશિયાનું વહાલું રાષ્ટ્રીય પીણું તેહ તારિક વિશે કશુંક તુરંત ગમી જાય એવું છે. આ કડક બ્લેક ટી અને કન્ડેન્સ્ડ દૂધનું મિશ્રણ છે,પરંતુ તે જે રીતે બનાવવામાં આ છે એ તેને વિશેષ બનાવે છે. નામનો અર્થ "પુલ્ડ ટી" છે અને ખેંચવાની બાબત છે ત્યાં જ અસલી ચમત્કાર છે.ચા ઉપરથી રેડવામાં આવે (કટિંગ ચા અથવા ફિલ્ટર કોફીની જેમ), અમુક વાર તો બે કપ વચ્ચે હાથની લંબાઈથી રેડવામાં આવે છે,જે તેને સ્વાદિષ્ટ અને લહેજતદાર બનાવે છે.

મેં પ્રથમ વાર કુઆલા લમ્પુરમાં એક હોકર સેન્ટરમાંથી તે માણી હતી અને નિખાલસતાથી કહું તો તે બનાવવાની રીત પણ તેટલી જ મજેદાર હતી. ફેરિયાએ હજારો વાર (અને તેણે કર્યું જ હોય છે) કર્યું હોય તે રીતે બે કપ વચ્ચે ઉપરથી રેડે છે અને દરેક ટીપું બીજા કપમાં અચૂક જઈને પડે છે. એકેય ટીપું ઢોળાતું નથી, ફક્ત સ્ટાઈલ છે. અને તે પછી સ્વાદ, મીઠાશ, મલાઈદાર અને ઉત્તમ સંતુલનની બાબત આવે છે.આ રીત આસાન લાગતી હોવા છતાં તેનાથી પરિચિત હોય તેઓ જ આવું કરી શકે છે.

જોકે મને સૌથી વધુ એ વાત ગમી કે મારી આસપાસના દરેક ટેબલ પર તેહ તારિકનો ગ્લાસ હતો. તેહ તારિક ફેન્સી નથી, પરંતુ તે તેવું હોવું જરૂરી પણ નથી. તેમાં ગુણ છે, મોહિની છે અને સાકરની યોગ્ય માત્રા છે અને અમુક વાર એક કપમાંથી તમને તે જ જોઈતું હોય છે.

**થાઈલેન્ડમાં નારિયેળ પાણી:** હું આ સન્માનજનક ઉલ્લેખ લેખનો અંત પૂર્વે કરવા માગતો હતો. મારો વિશ્વાસ કરો તો આમાં મગજ દોડાવવાની જરૂર નથી.થાઈલેન્ડમાં નારિયેળ પાણી સાવ અલગ સ્વાદ ધરાવે છે. એકદમ તાજગીપૂર્ણ, મીઠો, ઠંડો અને વધુ જીવંત. તે ગરમીને કારણ હોઈ શકે છે.પરંતુ જે પણ હોય તે અફલાતૂન છે. તે ગૂંચભર્યું નથી, પરંતુ અસલ છે. અને અમુક વાર ઉત્તમ પ્રવાસ પળ આવી જ હોવી જોઈએ.

આ સિવાય પણ હું ઘણાં બધાં પીણાં વિશે લખી શકું એમ છું. ઈટાલીમાં એસ્પ્રેસો, મોરોક્કોમાં મિંટ ટી, ભારતમાં શેરડીનો રસ,ક્રિસમસ દરમિયાન જર્મનીમાં મુલ્ડ વાઈન અથવા ગરમીની બપોરે તાજી લાઈમ સોડા પણ છે. આ દરેકની પોતાની વાર્તા છે,પોતાની પાર્શ્વભૂ છે. જોકે તે વિશે ફરી ક્યારેક વાત કરીશું, કારણ કે આ યાદી તો હજુ શરૂઆત છે. દુનિયા પાસે ઓફર કરવા જેવું ઘણું બધું છે,એક સમયે એક ઘૂંટડો.

આવાં પીણાં તમને સ્થળ વિશે ઘણું બધું કહી જાય છે એ ખરેખર મજેદાર વાત છે. અચૂકતાથી રેડવું, વર્તુળમાં બેસીને આદાનપ્રદાન કરવું,વાર્તાની જેમ વાંચવું કે નારિયેળમાં ઠંડું ઠંડું પીરસવું, દરેકની ફ્લેવરની પર એક વાર્તા છે. તે સંસ્કૃતિ, રસમ અને યાદ ધરાવે છે.તો આજે વાત અહીં પૂરી કરું છું. ફરી આગામી સમાહમાં મળીશું, ત્યાં સુધી જીવનની ઉજવણી કરતા રહો!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.


તમે ગયા છો ત્યાં સુધી? લેટ્સ ગો!

ઇતિહાસભર્યા ચુ ચી ટનલથી લઈને શ્વાસ રોકી દે તેવા લાઈમસ્ટોન લેન્ડસ્કેપ્સ સુધી વિયેટનામ એ જગ્યા છે જ્યાં ઐતિહાસિક સંસ્કૃતિ અને નેચરલ બ્યૂટી સાથે મળે છે. એક એવો દેશ જેમણે સુપરપાવરને ટક્કર આપી, આજે ત્યાં ૯૭% લિટરસી છે, હોસ્પિટાલિટી અને સેફ્ટી તો ગજબની! આવો, વીણા વર્લ્ડના હજારો પ્રવાસીઓ સાથે તેના આકર્ષણને એક્સપ્લોર કરો... ચાલો, બેગ ભરો, નીકળ પડો વીણા વર્લ્ડ સાથે!

| | | |
|---|---|---|
| હાઈલાઈટ્સ ઓફ વિયેટનામ<br>5 Days<br>100000 - 110000 | વિયેટનામ-સાપા કુ ક્વોક<br>7 Days<br>125000 - 135000 | બેસ્ટ ઓફ વિયેટનામ<br>8 Days<br>136000 - 143000 |
| વિયેટનામ કંબોડિયા<br>11 Days<br>198000 - 210000 | વિયેટનામ બાલી<br>12 Days<br>195000 - 205000 | ઓલ ઓફ વિયેટનામ<br>13 Days<br>225000 - 235000 |
| વિયેટનામ લાઓસ<br>13 Days<br>260000 - 270000 | વુમન્સ સ્પેશિયલ વિયેટનામ<br>8 Days - Sep 5<br>136000 | સિનિયર્સ સ્પેશિયલ<br>વિયેટનામ (8D) Aug 14<br>136000 |

T&C Apply

Book Online 365 days 24x7 Visit veenaworld.com



વિયેટનામ
ઇટ્સ ટ્રેન્ડિંગ અને વીણા વર્લ્ડ લીડ કરી રહ્યુ છે!

Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 313 5555 | 1800 22 7979

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# બિલકુલ ખાનગી વાત (૩)



મેં લગભગ દસ વર્ષ પહેલાં નોંધ્યું હતું મારા દિવાન ‘અંધારની બારાખડી’ની પ્રસ્તાવનામાં કે મેં પ્રાથમિક કક્ષાની ગઝલો લખવાની શરૂઆત કરી આયુષ્યના અઢારમે વર્ષે ૧૯૭૪મા અને બરકતભાઇના કહેવા મુજબ ઉગતો નહીં પણ ઊગી ગયેલો ગઝલકાર એમને મારામાં દેખાયો જૂન ૧૯૭૫માં.

૧૯૭૬ની ફેબ્રુઆરીમાં હું કૈલાસ પંડિતને મળ્યો અને ગઝલસૃષ્ટિનો ભાડૂઆત બન્યો ત્યારે માહોલ રહેમનો-એકતાનો-દરગુજરનો-સાચવણનો હતો. ‘બેફામ’ મને ગઝલ લખતાં શીખવાડે, ‘કૈલાસ’ મારો મુશાયરા પ્રવેશ કરાવે, ‘શૂન્ય’ મારી ગઝલનું પ્રેમાળ વિવેચન કરે, ‘સૈફ’ મને બિયરના રૂપમાં ઉર્દૂ ગઝલનાં ધાવણ ધરે, ‘ગની’ મને તરન્નુમથી માહિતગાર કરે, ‘મરીઝ’ મારી ગઝલને દાદ આપે, ‘ઘાયલ’ મારામાં અણીશુદ્ધ ગઝલ દ્વારા, થોડીક અદાકારી સાથે મુશાયરો લૂંટવાનાં બી રોપે!!! જાણે કે અતિસમૃદ્ધ પરિવારમાં હું કોઇ મોટી ઉંમરે આવેલું સંતાન ન હોઉં, એમ બધા મને લાડ લડાવે.

અર્વાચીન ગઝલના લિબાસમાંથી સૌંદર્યને વધુ લાવણ્યમય બનાવતી જાદુગરીનો રંગ ગાયબ થવા માંડ્યો છે અને ઉમેરાતો ગયો છે સલાહનો, જ્ઞાનનો (અજ્ઞાનનો?), અણસમજુ તત્ત્વજ્ઞાનનો રંગ. પરિણામે, ગઝલ રંગમય રહેવાને બદલે ‘રંગાળું’ બની ગઇ છે. જેવું અને જેટલું આવે એ રજૂ થતું રહે ત્યારે આવું બને જ. રંગ નથી કેસરી, નથી રાતો કે નથી ભગવો. પણ... કેટલાક નવયુવાન અને તરવરિયા મરજીવા ‘પરિશ્રમ જાગરણ સાહિત્યનો કાનૂન માગે છે’ ને અનુસરીને ગઝલને અસલ રંગીનિયતની નીપજ ધરી જ રહ્યા છે. તગઝુલનો પુનઃપ્રવેશ અને ગુજરાતી ગઝલ ધન્ય!!! શૂન્ય પાલનપુરીના આ શેરની તોલે છેલ્લા પચાસ વર્ષમાં (મને ગણીને) એક પણ શાયરનો શેર નથી આવ્યો.

*દૈવી પુસ્તક કોણ ન ચૂમે!*
*લાવ રૂપાળા મુખને આમ...*

હવે શિર્ષકાનુસાર વાત પર આવું તો આજે તો અમારા પરમ આદરણિય દોસ્ત ‘આદિલ’ મન્સુરી સાહેબને એમની અતિપ્રચલિત ગઝલ સાથે પેશ કરવા છે.

*દૃષ્ટિ ફરેબ ખાય છે માણેકચોકમાં*
*બુદ્ધિ ય છેતરાય છે માણેકચોકમાં*

**આદિલ મન્સૂરીને અર્પણ**

*મૂલ્યો ઘસાતાં જાય છે માણેકચોકમાં*
*શુભ-લાભ ક્યાં મપાય છે માણેકચોકમાં?*

*શું પામવાને રોજ આ કીડિયારું ધસમસે ?!*
*લાગી ગજબની લહાય છે માણેકચોકમાં*

*પૈસો, ઘમંડ, દોષ, નિરાશા, સમયનો વ્યય*
*મરજી મુજબ રળાય છે માણેકચોકમાં*

*જાહેર તો કરે છે વધુ સૌથી એ જ, જે-*
*છૂપી રીતે કમાય છે માણેકચોકમાં*

*સાક્ષી છે નાકું, શેની ‘ને કેવી ઊઠી છે ભૂખ?!*
*‘ને કોણ કોને ખાય છે માણેકચોકમાં*

*બિસમાર એ થયું ને બન્યો છું અશક્ત હું*
*મારાથી ક્યાં જવાય છે માણેકચોકમાં*

*આપે લખી હતી જે ગઝલ, એના આજ તો*
*પડઘાય ક્યાં ઝિલાય છે માણેકચોકમાં*

....

સૈફભાઇ બહુ વહેલા જતા રહ્યાં. મારા હિસાબે ૧૯૮૦માં તો અહીંથી ઉપર મુશાયરાને શાન બક્ષવા જતા ય રહ્યા. ઉમ્મર હશે માંડ ૫૭ વર્ષ અને છેલ્લાં ત્રીસ વર્ષથી સંગીતની એક મહેફિલ એવી નહીં મળે જ્યાં ‘શાંત ઝરુખે’ ગવાઇ ન હોય કે ફરમાઇશ ન થઇ હોય.

*સામે નથી કોઇ અને શરમાઇ રહ્યો છું*
*હું પોતે મને પોતાને દેખાઇ રહ્યો છું.*

**સૈફ પાલનપુરીને અર્પણ**

*એથી જ તો દુનિયામાં વગોવાઇ રહ્યો છું*
*કોઇ નથી સાથે અને હરખાઇ રહ્યો છું*

*દરરોજ સવારે મને તોલે છે નવાં માપ*
*ચળકાટ છું આદિ અને પરખાઇ રહ્યો છું*

*જોઇને ઝરૂખે ઊભી એક રૂપની રાણી*
*હું મનમાં ને મનમાં બહુ શરમાઇ રહ્યો છું*

*એક જ આ વિમાસણ લઇ ઊભો છું બજારે*
*વેચાઇ રહ્યો છું કે ખરીદાઇ રહ્યો છું?*

*સૂનું બહુ લાગે છે મને આપ વિના અહીં*
*ખીલવાની છે મોસમ અને કરમાઇ રહ્યો છું*

*ઝળહળનું ભલે શ્રેય મળે પૂરું બીજાને*
*હું પાયો બની ભોંયમાં ધરબાઇ રહ્યો છું*

*ક્યારેક મળી જાઉં અનાયાસ હું તમને,*
*બસ એ જ અપેક્ષાથી હું ખોવાઇ રહ્યો છું*

* * *

અને સાહેબો આજે ‘બિલકુલ ખાનગી વાત’ની આખરી બાદાન (અમીન સયાની) પર છે વેણીભાઇ પુરોહિત.

*એ રાત હતી ખામોશ અષાઢી અલબેલો અંધાર હતો*
*તમરાંની ત્રમત્રમ વાણીમાં કૈં પાયલનો ઝંકાર હતો*

**વેણીભાઇ પુરોહિતને અર્પણ.**

*ચાંદ વસૂલે ભાડું એવી રાત હતી ખામોશ*
*તારા ગણવા માંડું એવી રાત હતી ખામોશ*

*તમરાંની ત્રમત્રમમાં લીન સમય વીસર્યો’તો વહેવું*
*પરોઢ ભાળે આડું એવી રાત હતી ખામોશ*

*આકાશેથી પર્વત ઉપર ઊતર્યું ના હો જાણે*
*અંધારાનું ધાડું એવી રાત હતી ખામોશ*

*સ્થિર ઊભા પર્ણોની સાથે હું વહેતા વાયુને*
*વાતોએ વળગાડું એવી રાત હતી ખામોશ*

*અડું જરા તો આંગળીએથી સરી જતું અંધારું*
*રેશમ લાગે જાડું એવી રાત હતી ખામોશ*

*ચહલ પહલથી એની હાનિ ના પહોંચે એ ડરથી*
*ઝબૂકિયાં સંતાડું એવી રાત હતી ખામોશ*

*ચાંદની તરતા નીરવ વચ્ચે સરવરની ખળખળથી*
*ખાલીપાને ખાંડું એવી રાત હતી ખામોશ*

* * *

આજે આટલું જ

---

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




‘નફરત કરતી હું પુરુષજાત સે...’ સાંભળીને એસીપી મોરે અને પીએસઆઇ શાંતાબાઈ સાબડેએ એકબીજાની સામે જોયું.

‘સીમામેડમ, તુમ્હારી નફરત કો સાઇડ પર રખો ઔર બતાઓ...તુમને તુમ્હારે હસબન્ડ અભિનય શ્રીવાસ્તવ કા મર્ડર કિયા હૈ યા નહીં.?’ એસીપી મોરેએ કહ્યું.

‘હાં...કિયા હૈ..’ સીમાની છાતી ધમણની જેમ ઉપર નીચે થઇ રહી હતી. એની આંખોમાં લાલાશ ઉતરી આવી હતી.

‘ક્યું કિયા મર્ડર.?’ એસીપી મોરએ

‘લંપટ થા વો.......ઉસને મેરા યુઝ કિયા....શાદી મુઝસે ઔર રંગરેલિયાં દુસરી લડકિયોં કે સાથ કરતા થા...અભિ ઔર શીલા કો તો મૈંને અપને ઘર મેં હી પકડ લિયા થા....ઔર વહાં મેરા બાપ.....વો ભી મેરે સામને લડકી ઘર મેં લાતા થા...સબ મર્દ એક જૈસે હૈ......બાપ સે પીછા છુડાને કે લિયે ઘર સે ભાગ કર ચંદન કે સાથ શાદી કર લી....વો નપુંસક નીકલા.......અભિ મેં સુખ દેખા...ઉસકી ઓર ઢલતી ગઇ....મુઝે લગ રહા થા કિ વો એક દિન બડા સ્ટાર બનેગા....લેકિન વો મુઝ સે શાદી કી પ્રપોઝલ દેગા યે મૈંને કભી સોચા નહીં થા...શાદી કે બાદ ઉસકી અસલિયત પતા ચલને લગી....હમારે બીચ ઝગડે શુરૂ હો ગયે થે, લેકિન થોડી દેર બાદ હમ બેડરૂમ મેં હમ એક હો જાતે થે. વો લંપટ થા લેકિન, બેડરૂમ મેં મર્દ થા. હમારે બીચ ઉસકી બેવફાઇ ઔર મેરી ઇન્સિક્યોરિટી આકર ખડી રહે જાતી થી. બાપ કે ઘર સે ઇન્સિક્યોરિટી લેકર નીકલી થી. હસબન્ડ કે ઘર મેં ભી વહી મિલી........પહેલે લગા અભિ કે સાથ મૈં સિક્યોર હું.....બાદ મેં પ્રિયાને બતાયા...અભિ ઉસકે સાથ શાદી કરનેવાલા હૈ.....થોડે દિન પહેલે આકાંક્ષાને આકર મુઝે કહા કિ વો અભિ સે શાદી કરને વાલી હૈ......દુનિયા કી હર લડકી અગર અભિ સે શાદી કરને વાલી હૈ તો ફિર મૈં કહાં જાઉંગી...

પ્રિયાને સચ કહા થા ઉસ દિન...અભિ સબ કો સ્ટેપિંગ સ્ટોન સમજતા હૈ.....સબકા યુઝ કરતા હૈ......દેખના તુઝે એક દિન ફૂટપાથ પર લા કર ના છોડ દે. તબ મૈં મેરી સિક્યોરિટી કે બારે મેં સોચને લગી. અગર અભિને પ્રિયા, શીલા યા આકાંક્ષા સે શાદી કર લી તો મૈં સચ મેં ફૂટપાથ પર આ જાઉંગી.....આજ જો મેરે પાસ હૈ વો સબ ચલા જાયેગા...મૈં યે સબ ખોના નહીં ચાહતી થી.......મેરી સિક્યોરિટી અભિ કે મૌત મેં થી......ઇસલિયે મૈંને મોતી કો મર્ડર કરને કા કામ સોંપા...ચિઠ્ઠી મેં જો નામ લિખા થા વો નામ અભિ કા થા. લેકિન ઉસસે પહેલે વો ખુદ મર ગયા.....એસે મેં એક રાત ઘર પર બબલુ આયા...ઉસકો આશરા ચાહિયા થા ઔર મુઝે રિવોલ્વર. અભિ શો કે બાદ જબ ઘર પર આયા તો મૈંને નીંદ મેં હોને કા ઢોંગ રચાયા....વો દુસરે બેડરૂમ મેં ગયા....નાઇટ ડ્રેસ પહેના...બહાર આ કર દારૂ પિઆ....ફિર જેસે વો નહાને કે લિયે બાથટબ મેં ઊતરા મૈંને ગોલી ચલાઇ.’

‘ગોલી કી આવાઝ સૂન કર બહાદુર આયા નહીં.?’ એસીપી મોરેએ પૂછ્યું.

‘બંગલે કે સામને કિસી કી બારાત જા રહી થી...મ્યુઝિક લાઉડ થા ઔર ફટાકે ફુટ રહે થે.’ સીમાએ પોઝ લીધો.... ‘ફિર ડુપ્લિકેટ ચાબી સે સ્ટોર રૂમ ખોલા ઔર રિવોલ્વર રખ દી.’ સીમા થોડું અટકીને બોલી ‘સોચા થા કી મર્ડર કા આરોપ પ્રિયા યા આદિલ ખાન પર લગેગા.....લેકિન મેરી કિસ્મત મેં ઇન્સિક્યોરિટી હી લિખી હૈ.’ સીમાએ ઊંડો શ્વાસ લીધો.

એસીપી મોરેએ ટેપ બંધ કર્યું. ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ સીમા તરફ સરકાવ્યો. ટેપ ઉપાડીને શાંતાબાઈને આપ્યું. બંને ઊભા થઇને જવા લાગ્યા ત્યારે સીમાએ પૂછ્યું: ‘સાહેબ, ક્યા યે ફિક્શનલ સ્ક્રિપ્ટ મેં લિખા થા.?’ એસીપી મોરે સ્માઇલ આપીને નીકળી ગયા...એની પાછળ દરવાજો પછાડીને પીએસઆઇ શાંતાબાઈ સાબડે નીકળી.

****************

‘શાંતાબાઈ, સીમા પર અપને પતિ અભિનય શ્રીવાસ્તવ કે મર્ડર કા ચાર્જ લગાઓ ઔર એફઆઇઆર ફાઇલ કરો.’ એસીપી મોરેના ચહેરા પર ખુમારી હતી....કેસ સોલ્વ કર્યાનો આનંદ હતો. શિંદેની એન્ટ્રી થતા જ એ બોલી ઉઠ્યા. ‘શિંદે, સીમાને કબૂલ કર લિયા અભિ કા મર્ડર ઉસી ને કિયા હૈ.’ એમણે ટેપ રેકોર્ડર બતાવતા કહ્યું. શિંદે ઉછળી ઉઠ્યો. ‘સર, આ જ રાત્રિ પાર્ટી દો...આપ, મૈં ઔર શાંતાબાઈ. સર, આજ રાત્રિ મલા મસ્ત ઝોપ એણાર...કિતને દિન સે સોયા નહીં’ એ બોલ્યો.

> **‘અપ્પા સાહેબ પાસે સત્તા હતી. એમની ખુરસી એમની તાકાત હતી. પોલીસની તાકાત રાજનીતિ સામે કાયમ ટૂંકી પડતી હોય છે.’**

‘ફિંગર પ્રિન્ટ કા રિપોર્ટ કબ આયેગા?’ એસીપી મોરેએ પૂછ્યું.

‘આજ શામ તક આયેગા..’ શિંદેએ કહ્યું.

‘અબ બોલતા હું અપ્પા સાહેબ કો જા કર....યે લો આપકી અસલી ગુન્હેગાર....સબ સબૂતો કે સાથ.’ એસીપી મોરેએ બેય હાથના આંગળા એકમેકમાં ભેરવીને પાછળ ખેંચ્યા. આંગળીમાંથી ફુટેલા ટાચકામાં હાશકારો હતો.

****************

શિંદે, સાંજે ફિંગર પ્રિન્ટની કોપી લાવ્યો. ‘સર, ગન ઔર ગ્લાસ દોનો મેચ કરતે હૈ સીમાબાઇ કે સાથ.’ એસીપી મોરેની ખુશીની કોઇ સીમા નહતી. એ અપ્પા સાહેબને મળવા ઉતાવળા હતા. ‘શિંદે, આપ દોનોં પોલીસ જિમખાના કલબ પહોંચો મૈં અપ્પા સાહબ કો મિલ કર આતા હું....ફિર પાર્ટી કરતે હૈ.’

***************

એસીપી મોરેએ જ્યારે અપ્પા સાહેબને મુલાકાતનો ટાઇમ માગતો ફોન કર્યો હતો.

‘અપ્પા સાહેબ, અસલી કાતિલ મિલ ગયા હૈ.....ડેડલાઇન સે પહેલે.’ એસીપી મોરેએ કહ્યું હતું.

‘મોરે, મુઝે તેરી કાબેલિયત પર કોઇ શક નહીં હૈ...કૌન હૈ વો નામ બતા..’ અપ્પા સાહેબે કહ્યું હતું.

‘આપસે મિલ કર સબ કૂછ બતાઉંગા....કબ મિલને આઉં.?’ એસીપી મોરેએ કહ્યું હતું.

‘શામ કો આ જા’

‘ઠીક હૈ....’

****************

એસીપી મોરે અપ્પા સાહેબની કેબિનના દરવાજે બે ટકોરા મારીને અંદર પ્રવેશ્યા. સેલ્યુટ કરી. અપ્પા સાહેબે બેસવાનો ઇશારો કર્યો.

‘બહુત ખુશ લગતા હૈ તું?’ અપ્પા સાહેબે કહ્યું.

‘સાહેબ, હાઇપ્રોફાઇલ કેસ થા ઔર મૈને ડેડેલાઇન સે પહેલે ખૂની કો પકડ લિયા હૈ.’ એસીપી મોરેએ બેગમાંથી ટેપ રેકોર્ડર કાઢીને સ્વિચ ઓન કર્યું.

અપ્પા સાહેબ અદબ વાળીને ટેબલને ટેકે બેઠા. વચ્ચે વચ્ચે અમુક શબ્દો પર આંખો મિંચાઇને ફરી ખુલી જતી હતી....ક્યારેક તેઓ એસીપી મોરેની સામે નજર કરી લેતા. સીમાનું સ્ટેટમેન્ટ પૂરું થયું. એટલે એસીપી મોરેએ એફઆઇઆર અને ફિંગર પ્રિન્ટની કોપીઓ એમની સામે મૂકી.....

‘સબ સબૂત હૈ હમારે પાસ.’ એસીપી મોરેનો આત્મવિશ્વાસ છલકાતો હતો.

‘હમમમમમ તો અભિ કી વાઇફ સીમાને હી મર્ડર કિયા હૈ.’ અપ્પા સાહેબ બોલ્યા.

‘જી સાહબ. અબ હમ પ્રેસ કે સામને નામ જાહિર કર સકતે હૈ.’

‘હમમમમમમ...લેકિન ઇસસે પહેલે મુઝે સીમા સે મિલના હૈ..’ અપ્પા સાહેબ આલરીને બેઠા. મોરેને અપ્પા સાહેબની આ વાત પસંદ ન પડી. એમણે એક નજર ફરવીને પૂછ્યું: ‘કહાં મિલેંગેં..?’

‘લોકઅપ મેં મિલુંગા....આ જ રાત બારહ બજે.’ અપ્પા સાહેબે ઘોષણા કરતા હોય એમ કહ્યું.

‘જી સાહેબ.’ સેલ્યુટ મારીને એસીપી મોરે ઝડપથી નીકળી ગયા.

સત્તા સામે શાણપણ નકામું હોય છે. અપ્પા સાહેબ પાસે સત્તા હતી. એમની ખુરસી એમની તાકાત હતી. પોલીસની તાકાત રાજનીતિ સામે કાયમ ટૂંકી પડતી હોય છે.

*****************

પોલીસ જિમખાના કલબ સુધીમાં એસીપી મોરેના દિમાગમાં માત્ર એક જ સવાલ ઘુમી રહ્યો હતો કે અપ્પા સાહેબ સીમાને શા માટે મળવા માગતા હશે. એમની લાખ કોશિશ છતાં મોરેને એનો જવાબ ન મળ્યો. પોલીસ જિમખાના કલબની લોનમાં રાહ જોઇ રહેલા શિંદે અને શાંતાબાઈ પાર્ટીના મૂડમાં હતા, પણ એમને ખબર ન હતી કે થોડીવારમાં પાર્ટીમાં રંગમાં ભંગ પડવાનો છે.

એસીપી મોરેએ ખુરસી પર બેગ પછાડીને મુકતા કહ્યું: ‘પાર્ટી કેન્સલ. અપ્પા સાહેબ આજ રાત્રિ બારહ બજે સીમા કો મિલના ચાહતે હૈ.’

‘વો ક્યું મિલના ચાહતે હૈ.?’ શિંદેએ પૂછ્યું.

‘વો નહીં બતાયા..’ મોરે બોલ્યા.

‘સર, લેકિન આપને પૂછા નહીં..?’ શિંદેએ કહ્યું.

‘શિંદે, ઉસકે પાસ પાવર હૈ...હોમ મિનિસ્ટર હૈ વો. ઉસકો નહીં પૂછ સકતે. બરસો સે જાનતા હું ઉનકો....ખૂની કો પકડેને કે લિયે મુઝે એક હપ્તા દિયા ઉસને.....મેરી જગહ કોઇ દુસરા હોતા તો બસ્તા ઔર મોતી કો ખૂની બના દેતે’

‘સોચા થા કી આજ પાર્ટી કર કે અચ્છે સે સોઉંગા.’ શિંદે બોલ્યો.

‘તુમ દોનોં પાર્ટી કર કે ઘર જાઓ. મૈં સંભાલ લુંગા.’

‘નહીં સર, હમ રહેંગે સાથ. અપ્પા સાહેબ કા નાટક સાથ મેં દેખેંગેં.’ શિંદેએ કહ્યું.

‘સીમાબાઈ એક્ટર કી વાઇફ હૈ...કોઇ તમાશા કરેગી અપ્પા સાહેબ કે સામને.’ શાંતાબાઈ બોલી.

‘ઉસસે પહેલે હમ સીમા કો’ શિંદે આગળ બોલવા જાય તે પહેલા એસીપી મોરેએ કહ્યું: ‘કૂછ નહીં કરના, કૂછ નહીં કહેના. દેખતે હૈ રાત બારહ બજે.’ (ક્રમશઃ)

---

વિશેષ પ્લસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# એક એવું મંદિર, જ્યાં ધાર્યું ન હોય એવી એવી અવાક કરી મૂકે તેવી પૂજા થાય છે?







મા કામાખ્યા મંદિર

**પૂર્વોત્તરના** રમણીય રાજ્ય આસામનું ધાર્મિક મહત્ત્વ પણ ખૂબ છે. ભારતના ૫૧ શક્તિપીઠોમાંથી એક મા કામાખ્યાનું સુંદર મંદિર આસામની ઓળખ છે. આમ તો, રાજકીય બળવા પછી મહારાષ્ટ્રના નેતાઓ મા કામાખ્યાના દર્શને ગયા હોવાથી જેમના માટે અજાણ્યું હતું એમના માટે પણ આ મંદિર જાણીતું બન્યું!

જોકે, પરમ શક્તિના ઉપાસકો માટે આ મંદિરનું અનેરું મહત્ત્વ છે. દેવી કામાખ્યા ફળદ્રુપતા, પુનર્જન્મ, પ્રજનન અને સર્જનાત્મક શક્તિનું પ્રતીક છે.

કામાખ્યા દેવીનો જેટલો ઇતિહાસ રોચક છે એટલો જ રોચક છે ત્યાં ઉજવાતો અંબુબાચી તહેવાર. કામાખ્યા માતા તંત્ર શાસ્ત્રનું પ્રતિનિધિત્વ કરે છે. એટલે જ અહીં તંત્ર સાધના કરનારા સાધકો બહોળી સંખ્યામાં જોવા મળે છે. હિન્દુ મહિના અષાઢના સાતમાથી દસમા દિવસ સુધીના અંબુબાચીના સમયગાળા દરમિયાન મંદિરના દરવાજા બધા માટે બંધ હોય છે, કારણ કે માન્યતા મુજબ તે સમયે દેવી કામાખ્યા માસિક સ્રાવના વાર્ષિક ચક્રમાંથી પસાર થાય છે. બારમા દિવસે, મંદિરના દરવાજા વિધિપૂર્વક ખોલવામાં આવે છે અને તે દિવસે મંદિર પરિસરમાં એક મોટો મેળો ભરાય છે.

અન્ય કોઈ મંદિરમાં નહીં અને અહીંયા જ કેમ દેવીના માસિક ચક્રની વાત આવે છે? કેમકે ભગવાન શંકરે દેવી સતીના દેહ સાથે તાંડવ કર્યું, ત્યારે દેશમાં ૫૧ સ્થળે એ દેવીના અંગના ભાગો પડ્યા હતા, જેને આપણે ‘શક્તિ પીઠ’ તરીકે ઓળખીએ છીએ. એમાં ગોહાટીના નીલાંચલ પર્વતના આ સ્થળે દેવીની યોનિનો ભાગ પડ્યો હતો. તેથી, અહીં દેવીના ફક્ત યોનિ ભાગની પૂજા થાય છે.

માતા કામાખ્યાની યોનિ વાદળી પથ્થરના રૂપમાં અહીં નિવાસ કરે છે. કાલિકા પુરાણ અનુસાર, આ સ્થાન પર શિવના ત્રીજા નેત્રથી કામદેવ બળીને રાખ થઈ ગયા હતા અને એમને મૂળ સ્વરૂપને પાછું મેળવવાનું વરદાન મળ્યું હતું. ‘અંબુબાચી’નો અર્થ પાણીથી બોળવું એવો થાય છે, કારણે કે આ મહિનામાં અપેક્ષિત વરસાદ પૃથ્વીને ફળદ્રુપ અને પ્રજનન માટે તૈયાર બનાવે છે પરંતુ અંબુબાચી તહેવાર ‘સ્ત્રીના માસિક સ્રાવ કેન્દ્રિત’ છે એવું કહીએ તો ઘણાને આશ્ચર્ય થાય, પણ એ સત્ય છે. તેનો બીજો ગહન અર્થ પણ થાય છે. સૂત્રાત્મક ભાવના એ છે કે, યોનિ એ કુદરતી સર્જનનું પ્રતીક છે નહીં કે વાસના-કામના પૂર્તિનું. આ તહેવાર પ્રજનન, પુનર્જન્મ અને કુદરતના રક્ષણનો તહેવાર છે. સ્ત્રીના માસિક સ્રાવને આજે પણ બહુમતી લોકો એક લાંછન, એક અપવિત્રતા ગણે છે, જ્યારે અહીં રીતસરનો મેળો ભરાય, દેવીની પૂજા થાય અને તહેવાર ઉજવાય છે. તેના દ્વારા એ કહેવામાં આવે છે કે સ્ત્રીના શરીર સાથે જોડાયેલી આ ઘટના જેટલી કુદરતી છે તેટલી જ પવિત્ર પણ છે, કારણકે જ્યાં સુધી સ્રાવ છે ત્યાં સુધી જ જન્મ રૂપે સર્જન શક્ય છે, તેના વિના નહીં. વરસાદ પડે અને પૃથ્વી નવપલ્લવિત થાય એ પણ આવી જ એક પ્રક્રિયા છે.

તેથી જો પૃથ્વીનું સર્જન અને તેની પ્રક્રિયા ઉજવાતી હોય તો સ્ત્રીનો માસિક સ્રાવ કેમ નહીં? છે ને કેવી ઉમદા અને તાર્કિક વાત?!

અંબુબાચી દરમિયાન એક આશ્ચર્યજનક ઘટના બને છે. કહેવાય છે કે દેવી માસિક ધર્મ શરૂ થાય તે પહેલાં, ગર્ભગૃહમાં મહામુદ્રાની આસપાસ સફેદ કપડાં પાથરવામાં આવે છે. જ્યારે ત્રણ દિવસ પછી મંદિરના દરવાજા ખોલવામાં આવે છે, ત્યારે દેવીના માસિક રક્તને કારણે આ કપડાં લાલ થઈ જાય છે! તમને જાણીને નવાઈ લાગશે કે, ભક્તોને દેવીની યોનિનો આ અંગત અંગવસ્ત્રનો ટુકડો પ્રસાદ રૂપે આપવામાં આવે છે, જેને ભક્તો આશીર્વાદ રૂપે ગ્રહણ કરે છે અને સાથે એવી માન્યતા પણ છે કે આ આશીર્વાદથી ગર્ભ ધારણ ન કરી શકનારી સ્ત્રી, માતૃત્વ મેળવે છે. અન્ય એક રહસ્યમયી ઘટનામાં આ સમયે બ્રહ્મપુત્ર નદીનું પાણી ત્રણ દિવસ સુધી લાલ રહે છે...!

અંબુબાચી યોગ ઉત્સવ દરમિયાન માતા ભગવતીના ગર્ભગૃહના દરવાજા બંધ કરવામાં આવે છે અને તેમના દર્શન પણ પ્રતિબંધિત છે. ત્રણ દિવસ પછી જ્યારે મા ભગવતીનો રજસ્વલા કાળ સમાપ્ત થાય છે ત્યારે એમની વિશેષ પૂજા અને ધ્યાન કરવામાં આવે છે.

ચોથા દિવસે દેવીને સ્નાન કરાવ્યા પછી અને બ્રહ્મ મુહૂર્તમાં શણગાર્યા પછી જ ભક્તોના દર્શન માટે મંદિર ખોલવામાં આવે છે. જોકે, માસિક ધર્મના આ ઉત્સવ પર્વ વખતે જેમનો માસિક ધર્મ ચાલતો હોય તેવી સ્ત્રીને અહીં મંદિર પ્રવેશ પર પ્રતિબંધ હોય છે...આને એક વિરોધાભાસ કે વિટંબણા પણ કહી શકાય... ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# એવિયેશનનું અવનવું: વિમાનની મુસાફરી કરતાં કારનો પ્રવાસ વધુ જોખમી હોય છે !





અમદાવાદમાં વિમાની દુર્ઘટના પછી લોકોમાં, ખાસ કરીને હવાઈ યાત્રા કરતા ડર પેસી જાય તે સ્વાભાવિક છે. મકાનમાં આગ લાગે અથવા રોડ-રેલ અકસ્માતમાં લોકો એમની જાન બચાવવા પ્રયાસો કરી શકે તેવી સંભાવનાઓ વધુ હોય છે એટલે તેનો આઘાત લોકોને 'ઓછો' લાગે છે, પરંતુ ચારેબાજુથી બંધ વિમાન જ્યારે એક અગનગોળામાં પલટાઈ જાય ત્યારે પીડિતોની અસહાયતા-લાચારી જોઇને લોકો વધુ વિચલિત થઇ જાય છે. એટલા માટે જ વિમાની દુર્ઘટનાઓ હંમેશાં મોટા સમાચાર બનતી હોય છે. એક તો, તેમાં જાનમાલના નુકસાનની પૂરેપૂરી શક્યતા હોય છે અને બીજું, તેમાં એક સાથે, એક જ સમયે મોટી સંખ્યામાં લોકો જાન ગુમાવે છે. ત્રીજું, આજકાલ દરેક માણસ પાસે સ્માર્ટફોન હોય છે એટલે દુર્ઘટનાનાં નાટ્યાત્મક અને સનસનીભર્યાં દૃશ્યો લોકો સમક્ષ આવી જાય છે.

આમ અમદાવાદની દુર્ઘટનાના સાક્ષી બન્યા પછી લોકો હવાઈ પ્રવાસ જોખમી છે તેવું માનવા લાગે તે સમજાય તેવું છે, પરંતુ આંકડાકીય હકીકત એ છે કે વિમાનની મુસાફરી કરતાં કારનો પ્રવાસ વધુ અસુરક્ષિત હોય છે!.

'ઈન્ટરનેશનલ સિવિલ એવિયેશન ઓર્ગેનાઈઝેશન'ના રિપોર્ટ અનુસાર, ૨૦૦૫માં વિમાન દુર્ઘટનામાં ૮૨૪ લોકોનાં મોત થયાં હતાં. વર્ષ ૨૦૦૮માં મૃત્યુઆંક ઘટીને ૫૨૪ થયો હતો. ૨૦૧૩માં મૃત્યુઆંક ૧૭૩ થયો હતો, પરંતુ પછીના વર્ષે, ૨૦૧૪માં ૯૦૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૨૦૨૦માં ૨૯૮ લોકોનો જીવ ગયો હતો, જ્યારે વર્ષ ૨૦૨૩માં વિમાન દુર્ઘટનામાં ૭૨ પ્રવાસીનાં મોત થયાં હતાં. દેખીતી રીતે જ વિમાન દુર્ઘટનામાં મૃત્યુની સંખ્યામાં સમય જતાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

આનું એક કારણ છે. પ્રત્યેક વિમાની દુર્ઘટના એવિયેશન ઉદ્યોગ માટે એક મહત્ત્વનો બોધપાઠ બને છે. માર્ગ પરિવહનમાં ઝડપનું ખૂબ મહત્વ હોય છે એટલે ઓટોમોબાઇલ કંપનીઓ ઝડપી વાહનો બનાવવા માટે બહુ મહેનત કરે છે. એવિયેશન ઉદ્યોગમાં સલામતી અને સુવિધા (એ જ ક્રમમાં) સર્વોચ્ચ હોય છે એટલે એવિયેશન કંપનીઓ વધુને વધુ સુરક્ષિત વિમાનો બનાવવા માટે હરીફાઈ કરતી હોય છે, જેથી દુનિયામાં ક્યાંય પણ વિમાની દુર્ઘટના સર્જાય ત્યારે એવિયેશન સાથે જોડાયેલા લોકો માટે તે એક ક્લાસરૂમ બની જાય છે.

અમદાવાદમાં કારનો અકસ્માત થાય તો ન્યૂયોર્કમાં કાર કંપનીને તેના સમાચાર જાણવામાં પણ રસ ન હોય, પરંતુ કેન્યામાં વિમાન તૂટી પડે તો તહેરાનની એરલાઈન્સ પણ તેની રજેરજ માહિતી મેળવે.

એર લાઈન્સ અને વિમાન બનાવતી કંપનીઓ નિયમિત તેમની સુરક્ષા સુવિધાઓ અપગ્રેડ કરતી રહેતી રહે છે. ઇન ફેક્ટ, એવિયેશન ઉદ્યોગનું તો લક્ષ્ય પણ છે કે ૨૦૩૦ સુધીમાં વિમાની દુર્ઘટનાઓમાં એક પણ મૃત્યુ ન થાય. દુનિયાભરમાં પાછલાં ૨૦ વર્ષમાં થયેલી એવિયેશન દુર્ઘટનાઓના આંકડા પર નજર નાખો તો ખ્યાલ આવે છે કે એવી ઘટનાઓમાં લગાતાર ઘટાડો નોંધાયો છે.

મૃત્યુ અનપેક્ષિત હોય છે. તમે રસ્તો ક્રોસ કરતા હો તો પણ તેની ઝપેટમાં આવી શકો. આમ છતાં, હવાઈ મુસાફરી સૌથી સુરક્ષિત છે. 'શેલ' નામની વૈશ્વિક પેટ્રોકેમિકલ્સ કંપનીમાં કામ કરતા એક અધિકારીએ એક જાતઅનુભવ કહ્યો હતો. તે લોકો ઓફશોર તેલ પ્લેટફોર્મ પર કામ કરતા હતા. એમને ૧૪ દિવસ કામ કર્યા પછી ૧૪ દિવસની છુટ્ટી આપવામાં આવતી હતી. શરૂઆતમાં કંપનીના એચઆર વિભાગે તેમના સ્થાયી સરનામા અંગે અને ત્યાં કેવી રીતે જશો તે પૂછ્યું હતું. અધિકારીને એમ કે એચઆર મેનેજરને જવા-આવવામાં તકલીફ પડે તેની ચિંતા હશે. એમણે કહ્યું કે, ચિંતાનું કારણ નથી, મુંબઈથી ગોરખપુરની બહુ ટ્રેનો છે, કોઈ એકમાં રિઝર્વેશન મળી જશે.

મેનેજરે જવાબ આપ્યો તે સાંભળીને અધિકારી આશ્ચર્યચકિત થઇ ગયો; 'કંપનીની પૉલિસી પ્રમાણે હું તમને હવાઈ યાત્રા કરવાની સલાહ આપું છું. કારણ કે તે વધુ સુરક્ષિત છે એટલે તમે તમારું નજીકનું એરપોર્ટ બતાવો.'

અમેરિકામાં વર્ષ ૨૦૦૦થી ૨૦૦૯ વચ્ચેના એક ડેટા અનુસાર, મોટરસાઇકલની સવારીમાં ૨૧૩ લોકો, કારમાં ૭.૩, સમુદ્રી સફરમાં ૩.૨, ટ્રેનમાં ૦.૪૩, બસમાં ૦.૧૧ અને વિમાનમાં ૦.૦૭ ટકા લોકોએ જીવ ગુમાવ્યા હતા. જૂનો ડેટા છે પણ લગભગ આજે પણ આવો જ ટ્રેન્ડ છે.

પરિવહનની દુનિયામાં જોખમનું આકલન બે બાબત પરથી થાય છે; સંભાવના અને તીવ્રતા. હવાઈ જહાજમાં જોખમની તીવ્રતા મહત્તમ હોય છે. ત્યાં કશું ન થવાનું થયું તો, જીવ જવાનું લગભગ નક્કી હોય છે, પરંતુ ન થવાનું થવાની સંભાવના કેટલી? નહીંવત્. તમે ટેલિવિઝન પર વિમાન દુર્ઘટનાના સમાચાર કેટલી વખત જુવો છો? અને વાહન અકસ્માતના?

વાહન યાત્રામાં મૃત્યુના જોખમની તીવ્રતા મધ્યમ હોય છે, પણ અકસ્માતની સંભવાના મહત્તમ હોય છે એટલા માટે વિમાનની સરખામણીમાં રેલ કે રોડ યાત્રામાં જાનમાલનું જોખમ વધુ હોય છે. અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયામાં 'હાર્વર્ડ યુનિવર્સિટી'નો એક અભ્યાસ કહે છે તેમ ૧૨ લાખ ફ્લાઇટ્સમાંથી ૧ ફ્લાઈટ સાથે દુર્ઘટનાની સંભાવના હોય છે. તેની સામે ૫,૦૦૦ કારમાંથી ૧કાર સાથે અકસ્માત થવાની શક્યતા હોય છે.

આ વર્ષની જ વાત કરીએ તો જૂન મહિનામાં સમગ્ર દુનિયામાં મળીને કુલ ૩.૮ કરોડ ફ્લાઈટ ઉડવાનો અંદાજ છે. તેમાંથી માત્ર અમદાવાદમાં જ એક ફ્લાઈટને અકસ્માત થયો છે. જ્યારે એકલા ભારતમાં જ રોજ ૧,૨૬૪ માર્ગ દુર્ઘટનાઓ થાય છે.

જો કે, આમાં આશ્વાસન લેવા જેવું નથી. અકસ્માતની સંભવાના ઓછી, પણ જાનમાલના નુકસાનની તીવ્રતા વધુ હોવાથી હવાઈ સફર વધુ ડર પેદા કરે છે. હવાઈ સુરક્ષા માત્ર ટેકનોલોજી કે પાઈલટની કુશળતા સુધી જ સીમિત નથી- એવિયેશન કંપનીઓનાં બોર્ડરૂમમાં શું થાય છે તેની અસર કોકપિટમાં પડે છે.

૭૦ દેશમાં ૧૯૯૦થી ૨૦૧૬ વચ્ચેનાં વર્ષોમાં થયેલા એક અભ્યાસ અનુસાર એર લાઈન્સના કારોબારી બોર્ડમાં સ્થિરતા અને એર લાઈનની સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સીધો સંબંધ જોવા મળ્યો છે. જ્યાં નબળી લીડરશીપ હોય, નીતિઓમાં લગાતાર ફેરફાર થતા હોય ત્યાં અકસ્માતની સંભવાના વધી જાય છે. અમદાવાદમાં જે વિમાન તૂટી પડ્યું તે બોઇંગ કંપની સામે પાછલાં કેટલાંક વર્ષોથી એવી ફરિયાદ છે કે તે નફો રળવા માટે ગુણવત્તા સાથે બાંધછોડ કરે છે.

માત્ર આંકડાઓથી એર લાઈન્સમાં લોકોનો વિશ્વાસ પેદા નથી થતો. દરેક ભૂલમાંથી કંપની જો કશું ન શીખે અને સુરક્ષાની ચૂક દૂર ન કરે તો તે પ્રવાસીઓની નજરમાંથી ઊતરી જાય છે. બોઇંગનું અને એર ઇન્ડિયાનું અત્યારે એવું જ થઇ રહ્યું છે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# કેપિટલ માર્કેટમાં AI અને MLના ઉપયોગમાં જવાબદારીનું પાલન મહત્ત્વનું...

**હવે સેક્ટર કોઈ પણ હશે, પણ આગામી સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML) મહત્ત્વની ભૂમિકા ભજવવાના છે, જેમાં લાભની સાથે ગેરલાભના જોખમ પણ હશે. આ સંભાવનાને ધ્યાનમાં રાખી નિયમન તંત્ર 'સેબી' એ જે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ બહાર પાડયા છે એ જાણવા જરૂરી છે**

હવેના સમયમાં AI(આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)નું જબરદસ્ત વર્ચસ્વ જામશે એની સાથે ML(મશીન લર્નિંગ) પણ જમાવટ કરશે. શૅરબજાર-મૂડીબજારમાં પણ આ બંને મહત્ત્વની ભૂમિકા ભજવશે, જેમાં ઘણાં લાભની સાથે દુરુપયોગ થવાની સંભાવના પણ રહેશે, જેને કેન્દ્રમાં રાખી 'સેબી' (સિક્યોરિટીઝ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા)એ કેટલીક તૈયારીઓ કરી છે. આ સાધન-સુવિધાની અસરો વિશે જાગ્રત રહેવાના સૂચનો સાથે ચોકકસ સંકેતો પણ આપ્યા છે અને બજારના તમામ સહભાગીઓને સજ્જ થવાની સૂચના પણ આપી છે.

અલબત્ત, આના અમલ કરતા પહેલાં 'સેબી' એ માર્કેટના સંબંધિત તમામ વર્ગ પાસેથી પણ સૂચન સલાહ માગ્યા છે, જવાબદારીપૂર્વકનું સંચાલન જરૂરી 'સેબી' માને છે કે AI (આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ /ML( મશીન લર્નિંગ)ના વધતા જતાં ઉપયોગ સાથે આવી સિસ્ટમ્સનું જવાબદારીપૂર્વક સંચાલન બહુ જ મહત્ત્વપૂર્ણ છે, અન્યથા તે ચોક્કસ જોખમો ઊભા કરી શકે છે, જેને પરિણામે નાણાકીય બજારોની કાર્યક્ષમતાને અસર થઇ શકે છે અને સાથે સાથે રોકાણકારોને નુકસાન પણ કરી શકે છે. માર્કેટમાં AIના જવાબદાર, નૈતિક ઉપયોગ માટે અનુરોધ કરતાં અને સમજ આપવા 'સેબી'એ એક કન્સલ્ટેશન પેપર બહાર પાડયું છે, જેમાં AI અને ML ના જવાબદાર ઉપયોગ માટે જણાવેલા માર્ગદર્શક સિદ્ધાંતોનો હેતુ જણાવ્યા છે.

રોકાણકારોની સુરક્ષા, બજારની અખંડિતતા અને નાણાકીય સ્થિરતાને સુરક્ષિત રાખવાની સાથે સાથે સિક્યોરિટીઝ બજારોમાં AI/ML આધારિત એપ્લિકેશનોના સંકલનનો મહત્તમ લાભ મેળવવાનો અને સંભવિત જોખમોને ઘટાડવાનો છે. કન્સલ્ટેશન પેપરમાં પ્રસ્તાવિત માર્ગદર્શક સિદ્ધાંતોમાં મૉડેલ ગવર્નન્સ, રોકાણકાર સુરક્ષા-જાહેરાત, પરીક્ષણ માળખું, ન્યાયીપણું, ડેટાની ગોપનિયતા અને સાયબર સુરક્ષા માટેના પગલાં પણ સૂચવ્યા છે. પ્રસ્તાવિત મૉડેલ ગવર્નન્સ હેઠળ, AI/ML મૉડેલનો ઉપયોગ કરતા બજાર સહભાગીઓ પાસે આવા મૉડેલનું નિરીક્ષણ કરવા અને અલ્ગોરિધમ્સના નિયંત્રણો, પરીક્ષણ, અસરકારકતા અને સુરક્ષાનું નિરીક્ષણ કરવા માટે એક કુશળ ટીમ હોવી જોઈએ.

તેમની પાસે યોગ્ય જોખમ નિયંત્રણ વ્યવસ્થા અને વહીવટી માળખા હોવા પણ જરૂરી, જે ખાસ કરીને બજારના તણાવ કે કોઈ કટોકટી દરમિયાન ઉપયોગી નિવડે. માર્કેટ પ્લેયર્સે ટેકનોલોજીનું યોગ્ય જ્ઞાન અને



અનુભવ ધરાવતા વરિષ્ઠ મેનેજમેન્ટની નિમણૂક કરવી જોઇશે, જે AI/MLઆધારિત મૉડેલોના વિકાસ, માન્યતા, પરીક્ષણ, નિરીક્ષણ અને નિયંત્રણોની દેખરેખ માટે જવાબદાર હશે. થર્ડ પાર્ટી સપ્લાયર્સનું નિરીક્ષણ અને AI/ML મૉડેલ્સની ચોકસાઈ સમયાંતરે SEBI ને શેર કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

## ગ્રાહકો માટે પારદર્શકતા

કન્સલ્ટેશન પેપર મુજબ, ક્લાયન્ટ્સને અસર કરી શકે તેવી વ્યવસાયિક કામગીરી માટે AI/MLમૉડેલનો ઉપયોગ કરતા બજાર સહભાગીઓએ વિશ્વાસ, પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે તેમના ગ્રાહકોને એમને મળે તેવી જ માહિતી આપવી પડશે. સહભાગીઓએ-મધ્યસ્થીઓએ ટ્રેડિંગ અલ્ગોરિધમ્સ કેવી રીતે પસંદ કરવામાં આવ્યા છે,

એસેટ મેનેજમેન્ટ/પોર્ટફોલિયો મેનેજમેન્ટ માટે તેનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે, સલાહકાર અને સહાયક સેવાઓમાં ઉપયોગ વગેરે પરિમાણો જાહેર કરવાની જરૂર પડશે. બજાર નિયમનકારે AI/MLનો ઉપયોગ કરવામાં આવે તો તેની જાહેરાત ફરજિયાત કરી છે.

SEBI સૂચવે છે કે બજાર સહભાગીઓએ નિયમિત ધોરણે પરિણામોને માન્ય કરવા માટે AI/ML આધારિત મૉડેલોનું પર્યાપ્ત પરીક્ષણ અને દેખરેખ રાખવી જોઈએ.

AI/MLમૉડેલો તણાવપૂર્ણ અને તણાવરહિત બજાર પરિસ્થિતિઓમાં અપેક્ષા મુજબ વર્તવાની ખાતરી કરવા માટે ડિપ્લોયમેન્ટ પહેલાં લાઇવ ટેસ્ટિંગથી અલગ વાતાવરણમાં ટેસ્ટીંગ થવું જોઈએ. સહભાગીઓએ બધા મૉડેલોના યોગ્ય દસ્તાવેજીકરણ જાળવવાની અને ઓછામાં ઓછા ૫ વર્ષ માટે ડેટાનો રેકોર્ડ જાળવવો જરૂરી છે. AI/ML મૉડેલોનું સતત પરીક્ષણ પણ સૂચવવામાં આવ્યું છે.

## નિષ્પક્ષતા ને ન્યાય

'સેબી'એ ભારપૂર્વક કહયું છે કે AI/ML આધારિત મૉડેલ્સ ન્યાયી હોવા જોઈએ. ખાસ કરીને, એમણે ગ્રાહકોના એક જૂથને બીજા જૂથ કરતાં વધુ પ્રેફરન્સ ન આપવું જોઈએ અથવા ભેદભાવ ન કરવો જોઈએ. બજારના સહભાગીઓએ ખાતરી કરવી જોઈએ કે વપરાયેલ ડેટા પર્યાપ્ત ગુણવત્તા સાથેના છે. આ માટે ઉપયોગમાં લેવાતા સાધનોની ગુણવત્તા તેમ જ મૉડેલના ઉદ્દેશ્યો માટે ડેટાની સુસંગતતા અને સંપૂર્ણતા ચકાસીને કરી શકાય છે. ડેટા સેટમાંથી પૂર્વગ્રહોને ઓળખવા અને દૂર કરવા માટે યોગ્ય પ્રક્રિયાઓ અને નિયંત્રણો હોવા જોઈએ એવું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે,

## ડેટાની ગોપનિયતા ને સાયબર સુરક્ષા

SEBI ના પ્રસ્તાવ મુજબ AI/ML સિસ્ટમો ડેટાના સંગ્રહ અને પ્રક્રિયા પર આધારિત હોવાથી, બજારના સહભાગીઓ પાસે AI/ML આધારિત મૉડેલોના ઉપયોગ માટે ડેટા સુરક્ષા, સાયબર સુરક્ષા અને ડેટા કોન્ફિડન્સયાલિટી (ગોપનિયતા) માટે સ્પષ્ટ નીતિ હોવી જોઈએ. રોકાણકારોના વ્યક્તિગત ડેટાનો સંગ્રહ, ઉપયોગ અને પ્રક્રિયા, તેમજ સુરક્ષા પગલાં, લાગુ પડતાં કાયદાઓ અનુસારના હોવા જોઈએ.

સિક્યોરિટીઝ માર્કેટમાં AI/MLના ઉપયોગને પરિણામે વ્યાપક અને ધરખમ પરિવર્તન જોવા મળશે. જેની અસર બજારને તેમ જ રોકાણકારોના વિશાળ વર્ગને પણ થશે, હવેના સમયમાં આ સાધનોની ઉપેક્ષા થઈ શકશે નહીં.

અલબત્ત, આના ઉપયોગ પર સતત નિરીક્ષણ અને વાજબી-વ્યવહારું નિયંત્રણ પણ જોઈશે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ટચૂકડો દેશ તુવાલુ જળસમાધિની પ્રતીક્ષામાં છે!






**Tuvalu.** હા, તુવાલુનું નામ સાંભળ્યું છે તમે? એ કોઈ વાનગી, પ્રાણી કે ગામડું નથી. આખેઆખો દેશ છે પણ સાવ ટચૂકડો. સાઈઝ છે માત્ર બાર (હા, એકડે બગડે બાર) કિલોમીટર. આ દેશમાં માત્ર એક હૉસ્પિટલ છે, ને એક જ પોલીસ સ્ટેશન. એટલે જ તો દુનિયાના સૌથી નાના દેશમાં ચોથા ક્રમે આવે છે.

તુવાલુ ચોતરફ સમુદ્રથી ઘેરાયેલો દેશ છે. એની વસતિ માંડ અગિયાર હજારની છે. એ આઈલેન્ડ એટલે કે દ્વીપથી બનેલો દેશ છે. તુવાલુમાં નવ દ્વીપોનો સમાવેશ થાય છે. સાવ નાનકડો દેશ અને પાંખી વસતિ હોવાથી એક મેક નાગરિક સૌને જાણે, ઓળખે અને સુખદુ:ખમાં સામેલ થાય. કારણ કે આ દેશમાં સતત દુકાળ કાં ભારે વરસાદ કાં વાવાઝોડાની હાજરી હોય જ. અહીં સામાન્યપણે મહિને આઠથી સોળ ઈંચ વરસાદ પડે છે. ૨૦૧૧માં એટલો ભયંકર દુકાળ પડ્યો હતો કે સરકારે કટોકટી જાહેર કરી દેવી પડી હતી.

**તુવાલુ છે ક્યાં?**

પ્રશાંત મહાસાગરમાં ઓસ્ટ્રેલિયા અને હવાઈ વચ્ચે. એની રાજધાની છે બેઆકુ. પાડોશી દેશો ફિઝી, સમોઆ અને કિરિબાતી છે. આ ટાપુ દેશ ઈ.સ. ૧૮૯૨થી લઈને ૧૯૧૬ વચ્ચે બ્રિટનના તાબામાં હતો. ત્યાર બાદ ૧૯૧૬થી ૧૯૭૪ વચ્ચે ગિલબર્ટ ઍન્ડ ઈલાઈલ આઈલેન્ડ કોલોનીનો ભાગ હતા. ૧૯૭૪માં સ્થાનિકોએ સ્વતંત્રતાની તરફેણમાં મતદાન કર્યું ને ૧૯૭૮માં એ રાષ્ટ્રકુળનો સંપૂર્ણ સ્વતંત્ર દેશ બની ગયો હતો.

અહીં રાજકીય વ્યવસ્થા કેવી છે? સંસદીય લોકશાહી સાથે બંધારણીય રાજાશાહી છે. આની વર્તમાન રાણી મહારાણી એલિઝાબેથ દ્વિતીય છે; તો ગવર્નર જનરલ ફિયોમિયા તિલિતો છે.

અહીં મહદ્અંશે તુવાલુ અને અંગ્રેજી ભાષા બોલાય છે. અહીં ચલણ તુવાલુઆન ડૉલર અને ઓસ્ટ્રેલિયન ડૉલર ચાલે છે. અહીંની ૯૧ ટકા વસતિ નાસ્તિક છે, ને બાકીના ખ્રિસ્તી ધર્મ પાળે છે. અહીં મુખ્યત્વે બે જાતિ છે, પૉલિનેશિયન અને માઈક્રોનેશિયન. આ દેશના રાષ્ટ્રીય પકવાનનું સ્થાનિક નામ છે પાલુસામી.

તુવાલુની જીવનનિર્વાહ પદ્ધતિ અને આર્થિક વ્યવસ્થા કેવીક છે? ૧૯૯૬થી ૨૦૦૦ વચ્ચે તુવાલુનો દેખાવ પ્રશાંત મહાસાગરના દેશોમાં સૌથી શ્રેષ્ઠ હતો, પરંતુ ૨૦૦૨ બાદ આર્થિક વિકાસ ધીમો પડી ગયો. ૨૦૦૮માં ઈંધણ અને અનાજની વૈશ્વિક કિંમતો વધતા તુવાલુના ચલણના મૂલ્યમાં ભારે ધોવાણ થયું હતું અને વિદેશી હૂંડિયામણ ઘટીને ૧૩.૪ ટકા થઈ ગયું હતું.

આ તો થઈ તુવાલુની વિશિષ્ટતા અને વિવિધતાની વાતો, પરંતુ એની સૌથી મોટી સમસ્યા જડબું ફાડીને ઊભી છે અને એનો કોઈ કરતા કોઈ ઈલાજ નથી. જળવાયુની સ્થિતિમાં આત્યંતિક પરિવર્તનને લીધે તુવાલુનું સમગ્ર અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ ગયું છે. આસપાસ સમુદ્રની સપાટી વધવાથી આ દેશ નિશ્ચિતપણે ડૂબી જવાનો છે. નિષ્ણાતોના મત મુજબ વધુમાં વધુ ૪૦-૫૦ વર્ષમાં તુવાલુ સંપૂર્ણપણે જળસમાધિ લઈ લેશે! ૨૦૨૧માં તુવાલુના વિદેશ પ્રધાન સાયમન કોફેએ યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ (સંયુક્ત રાષ્ટ્ર સંઘ જળવાયુ પરિવર્તન પરિષદ)માં સમુદ્રમાં ઘૂંટણી સુધીના પાણીમાં ઊભા રહીને સંબોધન કર્યું હતું. આની પાછળ એમનો ધ્યેય પોતાના દેશની સમસ્યા ભણી દુનિયાનું ધ્યાન ખેંચવાનો હતો એ સમજી શકાય એવું છે.

માત્ર માછીમારી અને અન્ય સમુદ્ર સંબંધી આર્થિક પ્રવૃત્તિ પર નભતા તુવાલુનું પોતાનું એક એરપોર્ટ છે, જે બીજા વિશ્વ યુદ્ધ વખતે અમેરિકાએ બંધાવ્યું હતું.

વધુ માળખાકીય સગવડ ન હોવાથી પર્યટકો બહુ ઓછા પ્રમાણમાં આવે છે.

એ બધું તો ઠીક સવાસો મણનો મહાપ્રશ્ન એ છે કે તુવાલુ દેશ ડૂબી જાય તો એના નાગરિકોનું શું? તેઓ ક્યાં જાય? ઓસ્ટ્રેલિયાની સરકારે પોતાના દેશમાં શરણ આપવાની ઑફર કરી છે. પરંતુ પોતાની ધરતી, ઘર, સંસ્કૃતિ એ સર્વસ્વથી કાયમીપણે વિખૂટા પડવાનું કેટલું આકરું-અસહ્ય બની જાય? અત્યારે યુનાઈટેડ નેશનલ ડેવલપમેન્ટ પ્રોગ્રામના વિજ્ઞાનીઓ ક્લાઈમેટ ચેન્જથી આ ટાપુ પર થતા અને ભવિષ્યમાં થનાર ફેરફારોનો અભ્યાસ કરી રહ્યાં છે.

સમુદ્રની સપાટીથી માત્ર બે મીટરની ઊંચાઈએ આવેલા આ દેશની સંસ્કૃતિ, પરંપરા, રીતભાત જળવાઈ રહે એ માટે એનું ડિજિટાઈઝેશન થઈ રહ્યું છે. પણ ધીમે ધીમે પોતાની તરફ નિશ્ચિતપણે આવતા મોતને જોઈને કોઈ દર્દીને થતી લાગણી જેવી જ હાલત તુવાલુની હશે ને? ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# સાહિત્ય-સંસ્કાર ને ગઝલના શાયર મધુકર રાંદેરિયા

**આ જલતી શમાને ઠારો ના,**
**આ પરવાનાને વારો ના**
**આ પ્રેમની પાગલ દુનિયામાં વહેવારુ**
**ઈલાજો શા માટે**

૧૯૭૦ના દાયકામાં મુંબઈમાં કવિતા, ગઝલ, નાટ્ય, સંસ્કારી અને સામાજિક પ્રવૃત્તિઓનો સુવર્ણકાળ હતો. કવિતામાં અને ગઝલમાં વર્ષમાં સમાન ગતિ રાખનાર હરિન્દ્ર દવે જેવા સાહિત્ય સ્વામીઓ હતા, કવિ તારુપી ગોવર્ધનને ટચલી આંગળીએ ઉપાડનાર સુરેશ દલાલ, જગદીશ જોષી, અનિલ જોશીનો ઉદય થઈ ચૂક્યો હતો ત્યારે કવિતા, ગઝલ, નાટક, સાહિત્ય, સંસ્કાર અને સામાજિક ક્ષેત્રે કામ કરતા સાહિત્યકારોમાં મધુકર રાંદેરિયા દબદબો ભરેલું નામ હતું. નાટક લખવા અને નાટકોમાં વિલક્ષણ ભૂમિકા ભજવીને મુંબઈમાં ગુજરાતી તખ્તાને રંગ રોશની આપનાર મધુકરભાઈની બહુઆયામી પ્રતિભા નોંધનીય હતી. શિક્ષણ, ગઝલ અને નાટ્યક્ષેત્રનું એમનું પ્રદાન ચિરંજીવી છે.

પરંપરાની ગુજરાતી ગઝલોના મુકામ સામે હરિન્દ્ર દવે સંપાદિત ‘મધુવન’માં કુલ ૮૩ જેટલા શાયરોની ૨૧૩ જેટલી ગઝલોનો સમાવેશ થયો છે. તેમાં શૂન્ય પાલનપુરી, બેફામ અને મરીઝ જેવા દિગ્ગજ શાયરોના



સમકાલીન મધુકર રાંદેરિયાની ત્રણ ગઝલો લેવામાં આવી છે.

રાંદેરિયા એટલે રાંદેરના, રાંદેર એ પરંપરાગત ગઝલનું ઉદ્ગમ છે. અહીં જ ગઝલ ફૂલી-ફાલી છે. અહીંથી મુશાયરા પ્રવૃત્તિનો પ્રારંભ થયો છે. આવા ગઝલના મક્કા જેવા ગામ રાંદેરમાંથી આવેલા મધુકર રંગીલદાસ રાંદેરિયાનો જન્મ ૩ એપ્રિલ, ૧૯૧૭ના રોજ થયો હતો.

એમણે ૧૯૪૧માં એમ.એ. કર્યું અને શિક્ષણનો પ્રવિત્ર વ્યવસાય સ્વીકાર્યો હતો. કબીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક, પ્રતિષ્ઠિત જયહિંદ અને ભવન્સ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી.

‘ગુજરાતી નાટ્ય’ના તંત્રી પદે રહેનાર મધુકરભાઈ બૃહદ ભારતીય સમાજના ડાયરેક્ટર, નાટકોના લોકપ્રિય અભિનેતા, રેડિયો બ્રોડકાસ્ટર અને જાહેર વક્તા તરીકે મુંબઈના સપ્તરંગી જાહેરજીવનમાં ખ્યાતિ પામ્યા હતા. ચોટદાર અને પ્રતિભાવંત રજૂઆત માટે પ્રખ્યાત આ શાયર મુશાયરાના સફળ સંચાલક તરીકે જાણીતા થયા હતા. એમના નાટ્યક્ષેત્રના પ્રદાનને નજરમાં રાખીને આફ્રિકાના કંપાલા કેન્દ્રમાં યોજાયેલા નાટ્યોત્સવમાં એકમાત્ર નિર્ણાયક તરીકે ૧૯૬૩માં ગયા હતા. કોલેજના એમના ગુજરાતીના વર્ગોમાં જેમણે ગુજરાતી ન લીધું હોય એવા વિદ્યાર્થીઓ પણ આવતા. અસ્ખલિત વાણી અને છટાદાર રજૂઆતથી વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ બનતા.

એમણે ‘અંતે તો તમારી જ’ (૧૯૫૭) ‘અનન્તને આરે’ (૧૯૫૮) ‘મુક્તિદાતા લિંકન’ (૧૯૬૧) જેવા નાટકો લખ્યાં હતાં. ‘મહાસભાના મહારથીઓ’ (૧૯૪૬) ‘ઘરદીવડા’ (૧૯૫૮) તેમ જ ‘ભક્ત શિરોમણિ દયારામ’ (૧૯૫૯) જેવા જીવનચરિત્રો આપ્યાં છે. તેમ જ ‘મનોયાત્રા’ (૧૯૬૬) તેમનો નિબંધ સંગ્રહ છે અને ‘નવવધૂને પગલે’ (૧૯૫૭) તેમનો વાર્તા સંગ્રહ છે. એમણે અંગ્રેજીમાંથી કેટલાક પુસ્તકોનું સુંદર ભાષાંતર કર્યું હતું. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૯૦ રોજ મધુકરભાઈનું મુંબઈમાં અવસાન થયું હતું.

આ શાયરના પ્રખ્યાત શેરોનું રસપાન કરીએ:

**આ લાંબા લાંબા મારગ પર,**
**કંઈ કંકર-કટંક વાગે છે**
**બેચેન બનાવી દેનારી**
**કંઈ લાખ ઉપાધિ જાગે છે;**
**આ સર્વ બલાઓ ઉપરથી**
**કંઈ અમથી અમથી આવે ના**
**બંદાની સાથે અલ્લાને**
**કંઈ મહોબત જેવું લાગે છે.**
***** *****

**જનમનું એક બંધન જીવને**
**જીવનથી બાંધે છે**
**જીવન જીવતાં, જટિલ જેજાખ**
**જગની રોજ બાંધે છે;**
**મરણ તક બંધનોમાં બોજ ઓછા**
**હોય એ રીતે-**
**અહીંના લોક મડદાને ય**
**મુસ્કેટાટ બાંધે છે.**
***** *****

**આપમેળે એ જ તો ચાલ્યા ગયાં**
**સાવ અમથી વાતમાં વંકાઈને;**
**મે ન્હતું કીધુંઃ મને આવો, મળો,**
**એ જ કંટાળ્યાં હતાં હિજરાઈને.**
***** *****

**તમે હોતાં નથી ત્યારે મને કેવુંક લાગે છે-**
**તમે આવી ચડો છો ને ખુલાસો થૈ નથી શકતો.**
***** *****

**હું જાણું છું કે વર્ષાથી એક માવઠું જુદું**
**થાયે છે**
**મુજ હાલત પર અમથી અમથી આ**
**આંખ નિતારો શા માટે**
**આ જલતી શમાને ઠારો ના આ**
**પરવાનાને વારો ના,**
**આ પ્રેમની પાગલ દુનિયામાં વહેવારું**
**ઈલામે શા માટે?**
**આ દિલને તમારા માટે તો બચપણથી**
**અનામત રાખ્યું છે.**
**આ સ્હેજ ઉંમરમાં આવ્યાં કે આ રોજ**
**તકાજો શા માટે?**
***** *****

**તમારી સાથે મારી પ્રીત કંઈ ફોગટ**
**નથી નીવડી**
**ગુલો પર આજ ચાલું છું, ગુલોને ખાર**
**સમજીને.**
***** *****

**કહ્યું કોણેઃ અમે બેહોરા છીએ આજ પી**
**પી ને**
**અમે લથડ્યા છતાં લથડ્યા છીએ પાછા**
**સુરાહી પર**
***** *****

**અમે તૌબા કરી છે તો ય આંખો લાલ**
**થઈ ગઈ છે**
**ચડ્યો છે તો ચડ્યો છે આપની**
**આંખોનો મય બાકી.**
***** *****

**અમે છો પડ્યા પાનખનરને પથારે**
**આ નકામી નકામી વસંતો ઠસ્સી છે.**
***** ***** ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# બોલો, લોકો તમને કેવી રીતે યાદ રાખે એ ગમે?

થોડા દિવસો અગાઉ એક યુવાન મને મળવા આવ્યો. એણે હૈયાવરાળ ઠાલવતા કહ્યું, અમારી સોસાયટીમાં એક કાકા છે એમણે બધાના નાકે દમ લાવી દીધો છે. એ કાકાને દરેક વાતે કંઈક ને કંઈક વાંકું પડે છે અને પાડોશીઓને હેરાન કરવાનો એક પણ મોકો એ ચૂકતા નથી.... એ પછી પેલા યુવાને એની સોસાયટીમાં રહેતા તે ઉપદ્રવી વૃદ્ધ માણસ વિશેના ઘણા કિસ્સાઓ કહ્યા. એ કિસ્સાઓ સાંભળીને પણ આપણે અકળાઈ જઈએ તો સ્વાભાવિક રીતે તે યુવાન પોતે ઉપદ્રવી પાડોશીના ત્રાસનો ભોગ બન્યો હતો એટલે એનો ઉકળાટ વધુ અને વાજબી પણ હતો.

એણે મને પૂછ્યું કે મારે તે પાડોશી વિરુદ્ધ મીડિયામાં આપવું હોય તો શું કરવું જોઈએ? એ એટલો અકળાયેલો હતો કે એ કહે કે હું મીડિયામાં પેલા કાકા વિરુદ્ધ છપાવવા માટે પૈસા ખર્ચવા પણ તૈયાર છું.!

મેં એને શાંત પાડ્યો ને કહ્યું : ‘એમની સાથે પનારો પડે નહીં એની તકેદારી રાખવાની. બાકી ઘણી સોસાયટીમાં કોઈક એકાદ એવી વ્યક્તિ હોય છે કે જે બીજાઓને હેરાન કરવામાં વિકૃત આનંદ મેળવતી હોય છે...’

મને એ યુવાનની અને એના પાડોશીઓની તો દયા આવી, પરંતુ એણે જે મોટી ઉંમરના વડીલ પાડોશી સામે ઉકળાટ ઠાલવ્યો એ વૃદ્ધની પણ દયા આવી, કારણ કે આવા માણસો પોતે તો અંદરથી જીવન માણતા જ નથી હોતા, પરંતુ બીજા લોકો માટે પણ એ દુઃખના પાસવર્ડ સમા સાબિત થતા હોય છે.

તમારી આજુબાજુ પણ એવી કોઈક ને કોઈક વ્યક્તિ તમને દેખાશે કે જેને દુનિયામાં કશું સારું દેખાતું જ નથી હોતું. એમને દરેક વાતમાં કંઈક ને કંઈક વાંધો પડતો હોય છે.

વર્ષો અગાઉ મેં એવો એક કિસ્સો જોયો હતો કે જેમાં એક સોસાયટી જર્જરિત થઈ ગઈ હતી. સોસાયટીના બાકીના બધા જ સભ્યો સોસાયટીના રી-ડેવલપમેન્ટ માટે મથી રહ્યા હતા, પરંતુ એક વાયડો સભ્ય આડો ફાટયો હતો અને તેણે વર્ષો સુધી એ સોસાયટીનું રી-ડેવલપમેન્ટ થવા દીધું ન હતું. એ સોસાયટી એટલી જર્જરિત થઈ ચૂકી હતી કે એમાં રહેતા તમામ માણસોના જીવ તાળવે ચોંટેલા રહેતા હતા. તે વાયડા માણસના કુટુંબના સભ્યો પણ એની વિરુદ્ધ હતા પરંતુ એના નામે ફ્લેટ હતો અને એણે વાયડાઈ કરીને વર્ષો સુધી સોસાયટીનું રી-ડેવલપમેન્ટ થવા ન દીધું.

સમય જતાં એ માણસનું મૃત્યુ થયું ત્યારે પાડોશીઓ દુઃખી થવાને બદલે રાજી થયા હતા અને એના કુટુંબના સભ્યો પણ ઉપરછલ્લો શોક દર્શાવતા હતા, પરંતુ અંદરથી તેમણે રાહતનો



અનુભવ કર્યો હતો.

આનાથી વિપરીત રીતે દરેક સોસાયટીમાં કોઈક ને કોઈક એવી વ્યક્તિ હોય કે જે ઉત્સાહી હોય. કોઈની તકલીફમાં મદદરૂપ બનવા માટે તૈયાર હોય અને અડધી રાતે પણ કોઈના પર મુશ્કેલી આવી પડે તો તે દોડી જતી હોય.

મારા આવા એક પાડોશી મિત્ર હતા- દિનેશ પારેખ. કોઈને પણ મદદરૂપ થવા માટે એ તત્પર રહેતા. એમનું અચાનક મૃત્યુ થયું ત્યારે એમની અંતિમ વિદાય વખતે સોસાયટીના તમામ લોકો રડ્યા હતા. અંતિમવિધિ વખતે સ્મશાનમાં પણ પાડોશીઓ એમણે કરેલા મદદના કિસ્સાઓ કહી રહ્યા હતા. સોસાયટીના કોઈ સભ્યના વડીલની મધરાતે તબિયત બગડી હોઈ ને એમને લઇને હોસ્પિટલ પહોંચી જતા હતા અને તબિયત વધુ ખરાબ હોય તો તાત્કાલિક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરતા ને સવાર સુધી ખુદ જાગતા હતા.

સોસાયટીમાં કોઈ પણ તહેવાર હોય એટલે એ તહેવારની ઉજવણીમાં દિનેશભાઈ મોખરે હોય. નવરાત્રિ કે જન્માષ્ટમી કે હોળી જેવો મોટો તહેવાર આવવાનો હોય ત્યારે દિવસો અગાઉથી એની તૈયારીમાં વ્યસ્ત થઈ જાય અને પછી તહેવાર દરમિયાન સોસાયટીના લોકોને ખૂબ મજા કરાવે અને પોતે પણ આનંદ માણે. મોટી ઉંમરના હતા, પરંતુ યુવાનોને શરમાવે એવા તરવરાટથી દરેક પ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ લેતા હતા. દશેરાનો દિવસ હોય તો એ ખુદ કાર લઈને બીજા ઉપનગરમાં જઈને ફાફડા અને જલેબી લઈ આવે અને સોસાયટીમાં પોતાના મિત્રો સાથે બેસીને ફાફડા-જલેબીની મહેફિલ માણે અને જેમની સાથે અંગત સંબંધ હોય એમના ઘરે ફાફડા-જલેબી મોકલાવે. આવા કિસ્સાઓ કહેતા-કહેતા પણ પાડોશીઓ રડી રહ્યા હતા.

ઘણા માણસો જિંદગીમાં સતત ફરિયાદો જ કરતા હોય છે. દરેક વાતમાં ફરિયાદ કરવાની આદત હોય છે. સતત ફરિયાદ કરતા રહેતા માણસો પ્રત્યે લોકોને પણ અણગમો થઈ જતો હોય છે. એમને કુટુંબના સભ્યો સામે ફરિયાદ હોય, સોસાયટીના સભ્યો સામે ફરિયાદ હોય, સોસાયટીની કમિટી સામે ફરિયાદ હોય, પોતાના શહેર સામે ફરિયાદ હોય, નેતાઓ સામે ફરિયાદ હોય અને દેશની સામે ફરિયાદ હોય ને જ્યાં કોઈ ફરિયાદ કરવાનું કારણ ન હોય ત્યાં પણ એમની પાસે ફરિયાદનું કારણ હાજર હોય.

આવા માણસો પોતે તો અંદરથી દુઃખી રહેતા જ હોય છે, પરંતુ બીજા લોકોને પણ દુઃખી કરતા રહે છે. આવી સતત ફરિયાદ કરનારી વ્યક્તિઓ પણ તમે જોઈ હશે. એવી વ્યક્તિ તમારી સામે આવે ત્યારે તમને ભાગી છૂટવાનું મન થતું હશે.

એની સામે મારા પાડોશી દિનેશ પારેખ અને એમના જેવા પરગજુ માણસોને જોઈએ ત્યારે આનંદ થાય કે હજી દુનિયામાં એવા માણસો છે ખરા કે જે બીજાઓને મદદરૂપ બનવા માટે તત્પર હોય છે. મારા પાડોશી મિત્ર દિનેશ પારેખનું મૃત્યુ થયું એ પછી દિવસો સુધી સોસાયટીમાં કોઈ સામસામે મળે તો પણ દિનેશભાઈને યાદ કરીને વાતો કરે કે દિનેશભાઈની ખોટ સાલે છે સોસાયટીમાં કોઈ સમસ્યા આવે ત્યારે પણ આજે બધાને દિનેશભાઈ અચૂક યાદ આવે.

ભીખુદાન ગઢવીની કેસેટ્સ બાળપણમાં ખૂબ સાંભળી છે. ભીખુદાનભાઈના શબ્દો ઘણીવાર યાદ આવે : ‘આણંદો કહે પરમાણંદાને કે માણહે માણહે ફેર. એક લાખ દેતા ન મળે અને બીજા ત્રાંબિયાના તેર.’

માણસે નક્કી કરવું જોઈએ કે મૃત્યુ પછી લોકો તેને કેવી રીતે યાદ કરે એ તેને ગમે?

જો તમારા ગયા પછી તમને ઓળખતા માણસોની આંખો ભીંજાય એવું ઈચ્છતા હો તો બીજાઓને મદદરૂપ બનતા શીખવું જોઈએ. બીજાઓના સુખમાં સહભાગી થતા શીખવું જોઈએ અને એ ન કરી શકાય તો બીજાઓને નડવાનું બંધ કરવું જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# પરિકથા જેવા પ્રેમવિવાહ... કવિ - કન્યા ને કારાવાસ

***ટાઇટલ્સઃ સાચો કવિ એકલો હોય છે. (છેલવાણી)***

કવિતાઓમાં પ્રેમ હોય છે. પ્રેમમાં કવિતા હોય છે. લગ્નમાં, પ્રેમ અને કવિતા સાથે ડ્રામા પણ હોય છે. વળી ક્યારેક આ બધું એકસાથે હોય છે. આજકાલ જે રીતે કન્યાઓ પતિ લોકોને જે ક્રૂરતાથી હનીમૂન પર જ પતાવી નાખે છે એ જોતાં પ્રેમ સંબંધ અને લગ્ન પરથી ભરોસો ઊઠી જાય!

બીજી બાજુ આપણે ત્યાં ‘સૂરજ બડજાત્યા છાપ’ ફિલ્મી લગ્નકથા કે આપણાં લગ્નોમાં ઉડતા ડ્રોન કેમેરા કે ચારેબાજુ પથરાયેલા બૂફે જમણ કે લાખોના કપડાં-દાગીનાંઓથી અલગ અને અજીબ એવાં અમુક પ્રેમલગ્નો દુનિયામાં થતા હોય છે, જેમ કે...

નાદેઝ્દાએ લગ્નમાં કોઈ સફેદ બ્રાઇડલ ડ્રેસ નહોતો પહેર્યો અને ના તો સામે સજીધજીને આવેલ દુલ્હો હતો. નાદેઝ્દા અને યેગોરે લગ્નમાં એકમેક સાથે વેડિંગ રિંગની આપ લે પણ કરી નહીં. કારણ? કારણ કે બુટીર્કા જેલમાં આ બધાં પર પ્રતિબંધ છે!

વાત એમ છે કે- ૨૩ વરસનો યેગોર નામનો યુવાકવિ છેલ્લાં ૧૫ મહિનાથી જેલમાં કેદ છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં, યેગોરે જાહેરસભામાં ટીનએજર નાદેઝ્દા માટે લખેલી એક પ્રેમકવિતા સેંકડો લોકો સામે પહેલીવાર વાંચેલી ત્યારે નાદેઝ્દા તો પાણી પાણી થઇ ગઇ હતી!

પછી એ જ રાત્રે પોલીસે ‘લોકોને ભેગા કરી રાજ્યની સુરક્ષા વિરુદ્ધ પ્રવૃત્તિઓ’ કરવાનો આરોપ મૂકી યેગોરની ધરપકડ કરી. પોલીસે યેગોર પર યુક્રેન યુદ્ધ-વિરોધી કવિતાઓ ફેલાવવાનો આરોપ મૂક્યો!

એ પછી નાદેઝ્દા ૧૮ વર્ષની થઈ ત્યારે ૨૩ વર્ષના યેગોરને જેલમાંથી માત્ર એક વાક્યનો ઈ-મેલ મોકલવાની પરવાનગી મળી. યેગોરે નાદેઝ્દાને લખ્યુંઃ ‘તું મારી સાથે લગ્ન કરીશ?’

નાદેઝ્દાએ સામે એટલો જ જવાબ આપ્યોઃ ‘હા.’

....પછી ગયા મહિને જેલમાં રજિસ્ટાર સામે બેઉનાં લગ્ન થયાં. યેગરની ધરપકડ પછી મોસ્કોની જેલમાં એ બંને પહેલી જ વાર રૂબરૂ મળ્યા! અગાઉ નાદેઝ્દાનો યેગોર સાથે કાનૂની સંબંધ નહોતો એટલે બેઉનું મળવું પણ અશક્ય હતું. બેઉ પરણ્યાં ત્યારે યેગોર-નાદેઝ્દા એકમેકને ૧૦ મિનિટ ભેટીને બસ મૂર્તિવત્ ઊભાં હતાં.... ત્યારે કવિ સુરેશ દલાલની પંક્તિ સ્મરે છેઃ

**‘આમ તો આપણે સાવ લગોલગ, આમ તો અલગ અલગ..’**

જેલમાં સ્ટાફ સામે થયેલ એ લગ્ન- એક અનોખા પ્રેમનું પ્રમાણપત્ર હતું! નાદેઝ્દાએ કહ્યુંઃ ‘યેગોર સાથે મારાં લગ્ન થશે એવી કલ્પના યે નહોતી. કેવી કરૂણ વાત છે કે હું તો ભૂલી યે ગઈ હતી કે- યેગોર, કેવો દેખાય છે, કેટલો ઊંચો છે, એનો અવાજ, એની ખૂશ્બુ કેવી છે....! કોણ જાણે અને હવે ફરી ક્યારે મળાશે’



પત્ની મારિયા સાથે ગોર્કી...

આજના કઠોર રશિયામાં રાજકીય કેદીઓ ‘ઈન ધ ઝોન’ કે ‘ઉચ્ચ-સુરક્ષાવાળી જેલો’માંથી પ્રિયજનો સાથે સંપર્ક જાળવવા ઝઝૂમી રહ્યા છે ત્યારે નાદેઝ્દા અને યેગોરના પ્રેમલગ્ન, એક પરિકથા સમાન છે.

***ઇન્ટરવલઃ***
***દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે***
***પૈસેવાલે દેખતે રહ જાયેંગે!***
***(ઇંદ્રજીતસિંઘ ‘તુલસી’)***

એ જ રશિયામાં આજથી ૧૧૮ વરસ અગાઉ, ‘મધર’ નોવેલનાં ક્રાંતિકારી લેખક અને રશિયન ક્રાંતિના પ્રણેતા એવા મેક્સિમ ગોર્કીની પણ આવી જ ચોંકાવનારી પ્રેમકથા કે લગ્નકથા છે.

૧૯૦૬માં અમેરિકાનાં ધનપતિઓએ ગોર્કીનું સ્વાગત કરીને એને રાજય-સન્માન આપવાની તૈયારી કરેલી ત્યારે એક શેઠિયાએ બંદરગાહ પર ગોર્કી વિશે કહ્યું : ‘આવકારીએ એક વિરાટ સાહિત્યકારને, જે સ્વદેશની મુક્તિ માટે આપણી મદદ માગવાં પધાર્યા છે. આપણે સૌ અમેરિકનો તો સ્વાધિનતાનાં સંતાનો છીએ. માનવીનાં મુક્તિ-યુદ્ધમાં એને તન-મન-ધનથી સહકાર આપવો જ જોઇએ.’ ક્રૂર રાજા ઝારનાં ગરીબો પરના દમનથી રશિયાને ઉગારવા ગોર્કી, ડોનેશન અને રાજકિય મદદ માગવા ત્યારે જ અમેરિકાને કિનારે ઉતર્યો હતો.

....પણ એટલામાં જ ભીડમાંથી ગોર્કી વિરુદ્ધ અવાજો ઉઠવા માંડ્યાઃ

‘અરે, આવાનું સ્વાગત ના હોય! એણે લગ્ન સંસ્થાની પવિત્રતા પર લાંછન લગાડ્યું છે. ગોર્કી સાથે જે સ્ત્રી આવી છે તે ધાર્મિક ક્રિયા મુજબ એને પરણેલી નથી, એની રખાત છે! ગોર્કીએ અધર્મ આચર્યો છે, આવા વ્યભિચારીનું સ્વાગત ના હોય!’

ગોર્કીએ કહ્યું,‘અરે, ના ના, એ મારી રખાત નથી, મારી પત્ની છે. ઓફકોર્સ, અમે ધાર્મિક વિધિથી લગ્ન નથી કર્યા, કારણ કે હું ક્રાંતિવાદી પાર્ટીનો સભ્ય છું. અમે કોઇ ધર્મમાં નથી માનતા. અમારું લગ્ન કોઇ દંભી ચીલાચાલુ લગ્ન નથી. એ તો બે દિલ વચ્ચેનું મુક્ત-પ્રેમલગ્ન છે. બે આત્મા વચ્ચેનું કરારનામું છે!’...પણ ત્યારના દકિયાનુસી અમેરિકન સમાજમાં દંભી શિષ્ટાચાર જાગી ઉઠયો. ગોર્કી સામે બહિષ્કારનો વંટોળ ફૂંકાયો, અખબારોમાં ગોર્કી પર કાદવ ઉછાળવામાં આવ્યો.

સામાન્ય પ્રજા તો ઠીક, પણ અમેરિકાના વિદ્વાનોએ, સાહિત્યકારોએ પણ ગોર્કીથી પોતાનાં મોં સંતાડી લીધાં. ધનિકો અને ચર્ચનાં આશ્રિત જેવા અમેરિકન બૌદ્ધિકોએ ગોર્કીની સભાઓ રદ કરી. પછી તો ‘સંસ્કાર’ અને ‘નીતિ’ને નામે ગોર્કી અને એની પત્ની માટે અખબારોએ માનહાની કરતી મજાકભરી વાતો લખી. એક હોટેલમાંથી બીજીમાં હડધૂત થતો ગોર્કી અહીં તહીં ભટકતો રહ્યો ને આખરે થાકી હારીને પોતાનું મિશન પડતું મૂકીને પાછો જતો રહ્યો.

જોકે, અમેરિકામાં ગોર્કીની સામેનાં ‘નીતિહીનતા’ના આ દેશવ્યાપી પ્રચાર પાછળ ખરી હકીકત એ હતી કે- ગોર્કીનો ગુનો સામાજિક નહીં પણ પોલિટિકલ હતો. ગોર્કી કોલસાની ખાણનાં માલિકોને છંછેડી બેઠો હતો. રશિયામાં ખાણ-માલિકો અને ખાણીયા મજૂરોની વચ્ચે સંઘર્ષ થયેલો, જેમાં ખાણીયાઓના બે યુનિયન લીડરો સામે કેસ ચાલતો હતો. એ બે ગરીબ લીડર પર ગોર્કીએ સહાનુભૂતિ આપતો એક તાર કે ટેલિગ્રામ મોકલ્યો હતો. બસ! ગોર્કીનો એ જ અક્ષમ્ય ગુનો હતો કે એણે ગરીબોને સાથ કેમ આપ્યો? ક્રાંતિકારી ગોર્કીને આમ બદનામ કર્યા સિવાય ખતમ કરવો સંભવ જ ન હતો! રશિયા કે અમેરિકા કે કોઇ પણ દેશ હોય પૈસાવાળાંઓમાં કમાલની એકતા હોય છે. ધંધો જ એમનો ધર્મ હોય છે.

કવિ, લેખક કે વિદ્રોહીઓનાં પ્રેમસંબંધો ઘણીવાર ક્રાંતિની શૂળીએ ચઢી જતા હોય છે.

***એંડ-ટાઇટલ્સઃ***
***આદમઃ લગ્નનો વિચાર આવે છે***
***ઈવઃ પાછો મોકલી દે.*** ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# જયશંકર 'સુંદરી' પુરુષ પાત્રમાં પણ પ્રશંસનીય...



હું અમેરિકા જવા ઊપડી એ પછીની વાત આગળ ચલાવતા પહેલા એક જૂના નાટકની અને એના મુખ્ય કલાકારોની વાત કહેવી છે. જૂની રંગભૂમિની સ્મૃતિઓ હું મમળાવતી હતી ત્યારે ૭૦ વર્ષ પહેલા ભજવાયેલા 'મેના ગુર્જરી' નાટકનું સ્મરણ થયું. રંગભૂમિએ એવાં કેટલાંક નાટક આપ્યાં છે જે તે સમયકાળમાં આદર - સત્કાર મેળવવામાં સફળ રહ્યા હતા એટલું જ નહીં એ નાટકના કલાકાર પણ સ્મૃતિપટ પર અંકિત થઈ ગયા છે. 'મેના ગુર્જરી' એ શ્રેણીમાં બિરાજમાન છે. આ નાટકની લાક્ષણિકતા એ હતી કે એનું કથાબીજ એક પ્રચલિત ગરબા પરથી લેવામાં આવ્યું હતું. સાથિયા પુરાવો દ્વારે દીવડા પ્રગટાવો રાજ, આજ મારા આંગણે પધારશે મા પાવાવાળી' ગરબાથી લગભગ બધા સર્વવિદિત હશે. અનેક લોકોને તો એ યાદ પણ હશે. નવરાત્રી દરમિયાન તો એ રોજ સાંભળવામાં પણ આવતો હશે. 'મેના ગુર્જરી' નાટકમાં આ ગરબો ઉપરાંત લોકગીતો ઉમેરવામાં આવ્યા હોવાથી નાટક ખૂબ જ લોકભોગ્ય બન્યું હતું. ૭૦ વર્ષ પહેલાનું આ નાટક આજે ભજવાય તો નાટ્ય પ્રેમી પ્રેક્ષકોનો આવકાર મળે કે કેમ એ વિચારે હું ચડી ગઈ.

નાટકનું કથાવસ્તુ જાણવાથી જે તે સમયના સમાજની માનસિકતાનું પ્રતિબિંબ જોવા મળે છે. કલાના સ્વરૂપનું આ જ તો મહત્ત્વ હોય છે જે સાંપ્રત સમાજ સામે અરીસો ધરી એની છણાવટ કરે છે. નાટકનું કથાવસ્તુ આ પ્રમાણે હતુંઃ મેના નામની ગુર્જર કોમની યુવતીને પિયરથી સાસરે તેડી જવા તેના દિયર હીરાજી આવે છે. સાસરે તરફ જતી વેળા મેના કુતૂહલથી પ્રેરાઈને રસ્તામાં પડાવ નાખી વિશ્રામ કરતા બાદશાહને જોવા જતી વખતે પકડાઈ જાય છે. માંડવગઢના ગુર્જર વંશના લોકો મેનાને મુક્ત કરે છે. જોકે, અહીં કથામાં વળાંક આવે છે. સાસરિયા મેનાને સ્વીકારતા નથી, કારણ કે એ પરધર્મી લોકો વચ્ચે રહી હતી. અત્યંત સ્વમાની હોવાથી મેના પાવાગઢ જતી રહે છે. નારી હૃદયનાં સ્નેહ, સમર્પણ, સ્વમાન અને સતીત્વનો મહિમા આ શૌર્યકથામાં જોવા મળે છે.

આ નાટકનો વિશેષ ઉલ્લેખ જયશંકર 'સુંદરી'ના સંદર્ભમાં કરવો છે. મારી આ કોલમ નિયમિત વાંચતા 'મુંબઈ સમાચાર'ના વાચકપ્રેમીઓને યાદ હશે કે અગાઉના હપ્તમાં રંગભૂમિના એક વખતના કુશળ નટ જયશંકર 'સુંદરી'ને હું મળી અને તેમણે મને આશીર્વાદ આપ્યા હતા એની મેં માંડીને વાત કરી હતી. 'મેના ગુર્જરી' નાટકનું દિગ્દર્શન તેમણે કર્યું હતું. અનેક વર્ષ સુધી તખ્તાના અનુભવનો નિચોડ આ નાટકનું જમા પાસું હતું.

નાટકની રસપ્રદ વાત એ હતી કે વિશેષ કરીને સ્ત્રી પાત્ર ભજવવા માટે ખ્યાતિ મેળવનારા જયશંકર 'સુંદરી'એ આ નાટકમાં મેનાના પિતાનો રોલ કર્યો હતો. મા વિનાની મેનાને સાસરે વળાવતી વખતના દૃશ્યમાં લાકડીને ટેકે ઊભેલા પિતા જયશંકર ભાઈની આંખોમાંથી વહી જતો શ્રાવણ ભાદરવો જોઈ પ્રેક્ષકો પણ લાગણીશીલ થઈ દીકરી વિદાયની અનુકંપા અનુભવતા હતા. સ્ત્રી પાત્રો ભજવનાર નટ પુરુષ પાત્રમાં પણ અભિનયમાં દીપી ઊઠે અને લોકચાહના મેળવે એ અભિનયની ઊંચાઈ કહેવાય. મુરબ્બી જયશંકર ભાઇમાં એ ઊંચાઈ હતી. સિવાય દલપતરામના પ્રખ્યાત 'મિથ્યાભિમાન' નાટકમાં જીવરામ ભટ્ટની ભૂમિકા ભજવી જીવરામ ભટ્ટ તરીકે ઓળખ મેળવનારા પ્રાણસુખ નાયકની આ નાટકમાં અદાકારીની પણ પ્રશંસા થઈ હતી. રંગભૂમિ તેમજ ગુજરાતી અને હિન્દી ચલચિત્રોના ખ્યાતનામ અભિનેત્રી દીના પાઠક મેનાના પાત્રમાં દીપી ઉઠ્યાં હતાં. આ બધા કલાકાર અને તેમણે ભજવેલાં પાત્રો અને નાટકો રંગભૂમિના ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો છે. એમને વંદન.

ગયા હપ્તામાં મેં નાટકની ટુર વિદેશ જવા ઊપડે એ પહેલા એમ્બેસીમાં એકાદ બે સીન પરફોર્મ કરીને દેખાડવા પડતા એ વિચિત્ર નિયમની વાત કરી હતી. આ સિવાય બીજો એક એવો પણ નિયમ હતો કે નાટકના ગ્રુપમાં દસથી અગિયાર લોકોને જ લઈ જવાની છૂટ હતી. એટલે બેકસ્ટેજમાં કામ કરતી કોઈ પણ વ્યક્તિ ટુરમાં સાથે ન હોય. પરિણામે નાટકના ખેલ વખતે ઉપયોગમાં લેવાતી પ્રોપર્ટીનું ધ્યાન રાખવું, કપડાને ઈસ્ત્રી કરવી વગેરે કામ દરેક કલાકારે જાતે જ કરવાના.

વિચિત્ર લાગતા આ નિયમનું મહત્ત્વ અમેરિકા પહોંચ્યા પછી સમજાયું. થયું એવું કે યુએસ જવા નીકળ્યા પહેલા અમે 'પૈસો બોલે છે' નાટકનું રિહર્સલ કરી રહ્યા હતા ત્યારે એક યુવક બેકસ્ટેજ કરવા આવ્યો. જોકે, એને જોઈ મારા સહિત કેટલાક જણને બહુ નવાઈ લાગી હતી, કારણ કે એ નાટકની દુનિયાનો જ નહોતો. અગાઉ કોઈ પણ ગ્રુપમાં કે કોઈ પ્રોડક્શનના નાટકના રિહર્સલમાં એને કોઈએ જોયો નહોતો. આ પ્રકારના કામનો કોઈ અનુભવ ન હોવા છતાં એણે કામ બહુ જલદી સમજી લીધું અને બેકસ્ટેજની વ્યક્તિ પાસે જે અપેક્ષા હોય એ પૂરી થાય એ રીતે એનું કામ જોઈ બધા ખુશ હતા. જોકે, આશ્ચર્ય એ વાતનું હતું કે બેકસ્ટેજના માણસો લઈ નથી જવામાં આવતા તો આ યુવકને કેમ સાથે લેવામાં આવ્યો હશે?

અમારો રસાલો પહોંચ્યો અમેરિકા અને પેલા બેકસ્ટેજ આર્ટિસ્ટનું પોત પ્રકાશ્યું. અચાનક એ ગાયબ થઈ ગયો. હું વિચારમાં પડી ગઈ કે છેક સુધી સાથે હતો એ બેકસ્ટેજ કરવા માટે આવેલો છોકરો અચાનક ગયો ક્યાં? મેં સાથી કલાકારને સવાલ કર્યો તો એનો જવાબ સાંભળી હું રીતસરની ચોંકી ગઈ. બે ઘડી તો મને કશું સમજાયું પણ નહીં. સાથી કલાકારે હસતા હસતા મને જણાવ્યું કે 'મહેશ્વરી બહેન, તમે સાવ ભોળા છો. નાટકમાં બેકસ્ટેજનું કામ કરવા એ થોડો આવ્યો હતો. એ તો 'કબૂતર' હતો. ઊડી ગયો.' ઘરની અગાશી પર બેસતા અને શાંતિનું પ્રતીક તરીકે ઓળખાતા કબૂતરથી વાકેફ હતી અને મરદ માણસને સિંહને ઉપમા અપાય છે અને બીકણ વ્યક્તિ સસલું કહેવાય એ હું જાણતી હતી, પણ માણસ કબૂતર કહેવાય એ અમેરિકા પહોંચ્યા પછી જાણ્યું. નાટકના ગ્રુપ સાથે એકાદી વ્યક્તિ આવે અને ગેરકાયદે વિદેશમાં ઘૂસણખોરી કરે એ કબૂતર કહેવાય એનું મને જ્ઞાન થયું. શાહરૂખ ખાનની 'ડંકી' ફિલ્મમાં પણ આ મુદ્દો વણી લેવામાં આવ્યો હતો ને. આમ યુએસમાં એન્ટ્રી સાથે જ બે ઘડી સ્તબ્ધ થઈ જવાય એવી ઘટના બની. સાથે ટુરમાં મર્યાદિત સંખ્યામાં જ કલાકાર લઈ જવાનો નિયમ પણ સમજાઈ ગયો.

## મદનિકાના પુરુષ વેશમાં પરાક્રમ

નાટ્યકાર અને વિવેચક તરીકે જાણીતા રસિકલાલ છોટાલાલ પરીખ વિદ્વાન હતા. ૧૬ વર્ષની ઉંમરે મેટ્રિક પાસ કર્યા પછી ભાષા પ્રીતિને કારણે સંસ્કૃત અને અંગ્રેજી વિષયો સાથે બી.એ. કર્યું હતું. અભ્યાસમાં ઊંડા ઊતરવાની પિપાસા અને સાહિત્ય રુચિ હોવાથી પૂનામાં સંસ્કૃત અને અંગ્રેજીનો વિસ્તૃત અભ્યાસ કર્યો. જીવનદર્શન માટે પણ લગાવ હોવાથી બંને ભાષાની સાથે ફિલોસોફી - તત્ત્વજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો. અભ્યાસુ વ્યક્તિની એક ખાસિયત એ છે કે જે વિષયમાં ઊંડું અધ્યયન કરવું હોય એને સંબંધિત વિષયો વિશે પણ જાણકારી મેળવવા કોશિશ કરે. એટલે રસિકભાઈએ મુનિશ્રી જિનવિજયજી પાસેથી ઇતિહાસ તેમજ વ્યાકરણનું અધ્યયન કર્યું. મુનિશ્રી વિદ્વાન હતા અને સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષા ઉપરાંત જૂની ગુજરાતી ભાષા અને સાહિત્યનો અભ્યાસ કરી સંશોધન કર્યું હતું. અભ્યાસ કરતા કરતા અધ્યાપન માટે રુચિ કેળવાતા ૧૯૨૦થી ૧૯૩૦ દરમિયાન શિક્ષક અને પ્રાચાર્યની ભૂમિકા અદા કરી. સર્જન પ્રક્રિયા માટે તીવ્ર લગાવ હોવાથી ૧૯૩૦માં અધ્યાપનને તિલાંજલિ આપી અને નાટ્ય લેખન તરફ વળ્યા. 'શર્વિલક' અને 'મેનાગુર્જરી' એમના તેજસ્વી નાટક તરીકે જાણીતા છે. 'શર્વિલક' નાટકમાં મદનિકાએ પુરુષ વેશમાં કરેલાં પરાક્રમોની ખાસ્સી પ્રશંસા થઈ હતી. 'મેના ગુર્જરી' નાટકે રસિકભાઈ પરીખને પ્રસિદ્ધિ અને પ્રશંસા અપાવ્યા હતા. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@
bombaysamachar.com

# જાણો છો, તમારો ખરો સ્પર્ધક કોણ છે?




જો આપણને પૂછવામાં આવે કે તમારા વેપારમાં તમારો પ્રતિસ્પર્ધી કોણ? આપણે કહીશું, મારો જે વેપાર છે તેવો જ વેપાર જે કરે છે એ મારો પ્રતિસ્પર્ધી...

વાત સાચી છે, પણ આજની તારીખે તમારો પ્રતિસ્પર્ધી એ એવા વિચાર છે જે તમારા હેતુ સાથે સ્પર્ધા કરે છે અથવા તેની સાથે સંઘર્ષ કરે છે - ખાસ કરીને, તે એવા વિચારો છે જે તમારી બ્રાન્ડ જે માને છે અને જે ઈચ્છે છે તેનાથી વિરુદ્ધ દિશામાં ચાલે છે. તમારો પ્રતિસ્પર્ધી બીજી માન્યતા અથવા ધારણા હોઈ શકે છે. એ કોઈ ક્રિયા અથવા કામ કરવાની રીત હોઈ શકે છે. એ વૈશ્વિક પરિસ્થિતિ હોય શકે ....તે ગમે તે હોય, તે એવી વસ્તુ છે, જેનો તમારી બ્રાન્ડ મૂળભૂત રીતે વિરોધ કરે છે અને તેને બદલવા માગે છે, કારણ કે તમારાં મૂલ્યો સૂચવે છે કે તમારા માટે તે કરવું જરૂરી છે.

આને સમજવાની કોશિશ કરીએ. જયારે તમે તમારા પ્રતિસ્પર્ધી સાથે સ્પર્ધા કરો છો ત્યારે પ્રોડક્ટની સરખામણી થશે, ટાર્ગેટ ઓડિઅન્સની સરખામણી થશે, તમારી બ્રાન્ડની જે ત્રજ્જ હશે તેની વાત થશે, ટેક્નોલોજીની વાત થશે વગેરે.

આ સંદર્ભમાં કોઈ પણ વેપાર કે બ્રાન્ડ માટે એકબીજાની નકલ કરવી આસાન છે. આવા સમયે બ્રાન્ડે પોતાને પ્રતિસ્પર્ધીથી અલગ તરી આવવા- પોતે કોની સાથે ખરા અર્થમાં લડાઈ કરે છે તે જાણવું જરૂરી છે. તમારો પ્રતિસ્પર્ધી કોણ છે તે જાણવું જરૂરી છે અને જો તમે તે જાણી શકો અને તે વાતને તમારી બ્રાન્ડના પોઝિશનિંગ માટે વાપરી શકો તો પ્રતિસ્પર્ધી બ્રાન્ડ માટે તેની નકલ કરવી અશક્ય હશે. આના અમુક ઉદાહરણ જોઈએ, જયારે બ્રાન્ડે પોતાના પ્રતિસ્પર્ધીને ઓળખી પોઝિશનિંગ બનાવ્યું અને તે પ્રમાણે ખ્યાતિ મેળવી. ફક્ત તેટલું નહિં, ગ્રાહક પણ તે બ્રાન્ડને માનની નજરથી જોતો થયો, જેમકે ...

સ્પોર્ટ્સ વેર બ્રાન્ડ નાઈકી, જેનાથી આપણે પરિચિત છીએ. આપણે કહીશું કે નાઇકીનો પ્રતિસ્પર્ધી એડિદાસ કે પ્યુમા હશે પણ તે નાઇકીનો વાસ્તવિક પ્રતિસ્પર્ધી નથી. તે બધા સમાન વ્યવસાયમાં છે, પરંતુ દરેક કંપનીના જૂતા (સમાન ભાવે) વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નથી. નાઈકીની સ્પર્ધા ઉદાસીનતા સાથે છે- નિષ્ક્રિયતા સાથે છે... તે લોકો છે જે કોઈ બાબતની કાળજી લેતા નથી અથવા કંઈ પણ કરવા માંગતા નથી. તેમની ટેગલાઈન છે : 'જસ્ટ ડુ ઈટ' અર્થાત ફક્ત (કંઈક) કરો!

'નાઈકી' એ નક્કી કર્યું જે લોકોને મનમાં કે વિચારોમાં જે કોઈ બાધ લઇને બેઠા હતા તેને તોડવા દબાણ કરવું. 'નાઇકી'ના સ્થાપક ફિલ નાઈટ માને છે કે જો તમારી પાસે શરીર છે તો તમે એથ્લેટ છો. એમણે એક વિચારધારા કે પછી કલ્ચર ઊભું કર્યું કે તમારા ભાગ્યના નિર્માતા તમે જ છો તેથી તમારી માનસિકતામાંથી બહાર આવો અને કંઈક કરો...

આજ રીતે, 'એપલ'ની સાચી સ્પર્ધા માઈક્રોસોફ્ટ કે ગૂગલ સાથે નથી. મેક અને વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમ એ જ હેતુ હાંસલ કરે છે, જેની મોટાભાગના વપરાશકર્તાઓને જરૂર છે. શબ્દજ્ઞક્ષય અને ઝ્શઢ્ઢયહ ફોન કાર્યક્ષમતામાં સમાન છે.

'એપલ' ખરેખર જેની સામે લડી રહ્યું છે તે કંટાળાજનક વૃત્તિ છે. તે એક સરળ ડિઝાઇન જાળવી રાખીને તકનીકી વિકાસ માટે પ્રયત્ન કરે છે. એપલના ઉત્પાદનો ઉપયોગમાં તેની સરળતા તરીકે ઓળખાય છે.

હવે તમને ખ્યાલ આવી ગયો હશે કે બ્રાન્ડ કે વેપાર માટે પ્રતિસ્પર્ધી કોણ અને શા માટે જરૂરી છે. હજુ એક ઉદાહરણ જોઈએ તો ટેસ્લા કાર, નાઇકી અને એપલ તેમના હેતુ પાછળ ઘણા લોકોને એકત્ર કરવામાં સફળ રહી છે.

ટેસ્લાની સ્પર્ધા પ્રદૂષણ સાથે છે. એ વિશ્વને પ્રદૂષણની અસરોથી બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આનાથી એક વિચારધારા ઊભી થાય છે. જ્યાં ગ્રાહકો માત્ર કાર ખરીદતા નથી એને લાગે છે કે પૃથ્વીને બચાવવામાં એ યોગદાન આપી રહ્યા છે!.

બીજી નામી બ્રાન્ડની વાત કરીએ તો ડિઝનીલેન્ડ વાસ્તવિક દુનિયાને તેના પ્રતિસ્પર્ધી તરીકે લે છે તો મેકડોનાલ્ડ કદાચ હેલ્ધી લાઇફસ્ટાઇલને પોતાનો પ્રતિસ્પર્ધી માનશે તેથી બ્રાન્ડ્સને સ્પર્ધકો કરતાં ગ્રાહકો અને એમની વફાદારી મેળવવા માટે વધુની જરૂર છે. એમને એવા વિચારની જરૂર છે જેને ક્યારેય હરાવી ન શકાય, કારણ કે તમે તે પહેલેથી કહી ચુક્યા છો કે તે વિચારની માલિકી તમે ધરાવો છો. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

# માનવ ઇતિહાસનું સૌપ્રથમ પોડકાસ્ટ કયું હતું?

**માનવ** ઇતિહાસનો સૌપ્રથમ નોંધાયેલો અને ગ્રંથસ્થ થયેલો પોડકાસ્ટ આપણી પાસે છે અને હા, એને આપણે વાંચી પણ શકીએ છીએ અને એને ભારતીયો ભગવદગીતા કહે છે આજના ઇન્સ્ટાગ્રામ જમાના મુજબ!

**પોડકાસ્ટ એટલે શું?**

બે વ્યક્તિ વાતચીત કરે એ અને ગામ આખું સાંભળે એ.... મહાભારતની ગીતા એ જ હતી.! યુદ્ધનું મેદાન હતું. અર્જુન વિષાદયોગમાં સવાલો પૂછી રહ્યો છે અને કૃષ્ણ જવાબ આપતા હતા,, જેને સંજય સાંભળીને ધૃતરાષ્ટ્રને કહી સંભળાવતા હતા- રિલે કરી રહ્યા હતા !

ત્યારે માઈક હતાં નહીં, કારણ કે માઈકની જરૂર ન હતી. કૃષ્ણનો પ્રચંડ પણ સૌમ્ય અવાજ એ ધારે તો આખી સૃષ્ટિ સુધી પહોંચી શકે એમ હતો.

સેઇમ ગોઝ ફોર મહાવીર સ્વામી અથવા તો કોઈ પણ તીર્થંકર....તીર્થંકરને જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારે એમનું પહેલું કામ સમવસરણમાંથી જ્ઞાન આપવાનું શરૂ કરે જેને ફક્ત દેવો કે માણસો નહીં,પરંતુ કોઈ પણ પ્રાણી કે જીવ સાંભળી શકે.

એ વખતે ગૌતમ સ્વામી અને મહાવીર સ્વામી વચ્ચે ઘણાબધા સવાલ- જવાબ થયા, જે બીજાએ સાંભળ્યા પણ ખરા. એ શું હતું? પોડકાસ્ટ.. ! .

આજથી ત્રીસ - ચાલીસ વર્ષ પહેલાં એક જમાનો હતો કે છોકરો ખાસ કંઈ કરતો ન હોય એવું બને. એને પૂછવામાં આવે કે શું કરે છે બેટા? એટલે તરત એના પપ્પા જવાબ આપેઃ

'ભાઈ ઈમ્પોર્ટ - એક્સપોર્ટનું કરે છે ને બસ.. એના માટે સારી ઓફિસ શોધીએ છીએ, તમારા ધ્યાનમાં હોય તો કહેજો.' આવો જવાબ આવે એટલે આપણે આખું ચિત્ર સમજી જવાનું. એના પછી દશકો આવ્યો શૅરબજારનો. જેને પણ પૂછીએ એ શૅરબજારનું કરતા હોય. પછી આઈ-ટીની બૂમ આવી ને બોસ, કમ્પ્યુટર સિસ્ટમ લઈને જાવા ને સી સી પ્લસ શીખીને લોકો પોતાના સેન્ટર સ્થાપવા લાગ્યા. એના પછી અમુક એલઆઈસીના એજન્ટથી લઈને વોટ્સએપ ગ્રૂપના એડમિન સુધીના સ્ટેટસનો જમાનો આવ્યો. ટિકટોકનો સરદર્દીયો દશકો વહેલો પત્યો અને ઇન્સ્ટાગ્રામની રીલનો સમય આવ્યો...


જોકે, પછી નક્કર દશકો શરૂ થયો છે પોડકાસ્ટનો. દરેક ત્રીજો માણસ અત્યારે પોડકાસ્ટ કરી રહ્યો છે. કોઈ એક અજાણી વ્યક્તિને ફિલ્મના પ્રિમિયરમાં મળો ને એને પૂછે કે તમે શું કરો છો? તો જવાબ મળશે : 'ઈન્ફ્લ્યુન્સર છું ને પોડકાસ્ટ કરું છું.' આપણે હજુ તો કંઈક આગળ પૂછીએ એ પહેલાં તે પોડકાસ્ટર ભાઈ એના સ્પોટીફાયની લિંક સાથે એના કેટલા હજાર ફોલોઅર્સ કે લીસનર્સ છે એ કહી દેશે.


એક ઝમાને મેં જીસ કો ઇન્ટરવ્યૂ બોલા કરતે થે, **વો આજ- કલ પોડકાસ્ટ હૈ.**

બે માણસ જે કદાચ પહેલી વખત મળે છે એ દુનિયાના દરેક વિષય ઉપર વાત કરે છે. એલિયન્સે ક્રિપ્ટો કરન્સી બનાવી છે, ઈરાનને રશિયાએ હાઇડ્રોજન બૉમ્બ આપ્યો છે, દુનિયાનો દરેક પુરુષ અને દરેક સ્ત્રી વાસ્તવમાં અનુક્રમે ગે અને લેસ્બિયન હોય છે - વગેરે વગેરે જેવા કુછ ભી વિષયો ઉપર પોડકાસ્ટ થાય છે. કરી શકાય છે બિનધાસ્ત!

વિજય માલ્યાના પોડકાસ્ટ પછી તો જે છેવાડાનો માણસ પોડકાસ્ટ એટલે શું એ જાણતો ન હતો એ પણ જાણતો થઈ ગયો.








**ઇન્ટરવ્યૂમાંથી પોડકાસ્ટનું નામકરણ થયું કઈ રીતે?**

પોડકાસ્ટ કોઈ કેલિફોર્નિયાની સિલિકોન વેલીમાં બનેલા કોઈ સ્ટાર્ટ-અપની દેન નથી. એમટીવીના સ્ટુડિયોમાં વીડિયો જોકી એડમ ક્યુરી અને સોફ્ટવેર ડેવલપર ડેવ વાઈનરે ઓડિયો ફાઇલ્સ માટે પ્રયોગાત્મક ધોરણે આ શરૂ કરેલું - ફક્ત આઈફોન/પેડ/પોડના યુઝર માટે જ. માટે જ આ માધ્યમ આઈ-પોડ + બ્રોડકાસ્ટ = પોડકાસ્ટ તરીક ઓળખાયું .



ટેક્નોસેવી નિષ્ણાતોનો એ પ્રયોગ હતો, પણ અગ્નિ અને પૈડાંની શોધની જેમ હવે તો પાણીના ગ્લાસમાં હળદર નાખવી અને પોડકાસ્ટ શરૂ કરવો - એ પણ માનવજાત માટે અતિમહત્ત્વના ગણાવા લાગ્યા છે.

પ્રાચીન ગ્રીક શહેરોમાં ટાઉન સ્કવેર એટલે કે ગામના ચોકને અગોરા કહેવાતો. સોક્રેટિસ એ અગોરામાં જાય. કોઈ પથ્થર પર બેસે. પ્રગાઢ મૌન ધારણ કરે. અચાનક મૌન તોડીને મોટે મોટેથી બોલવા લાગે. એ જે બોલતા એ કોઈ ચોક્કસ વિષય વિષેનું ઊંડું આત્મચિંતન ને આત્મમંથન હોય. થોડા કલાકો બોલ્યા પછી સોક્રેટિસ એવું કહે... 'હવે વધુ આવતા અંકે'. આ સોક્રેટિસનો પોડકાસ્ટ હતો. જિસસ ક્રાઇસ્ટ પણ પર્વત ઉપર શું કરતા? પોડકાસ્ટ જ સ્તો. બસ, માઈક હતું નહીં. માઈકની જરૂર હતી નહીં. બુદ્ધ, કબીર આવા મહામાનવો વોકિંગ પોડકાસ્ટર હતા. લોકો એમને સાંભળવા ઘરબાર બધું છોડીને એમના નકશે-કદમ પર ચાલતા. લોકો એમને શ્રદ્ધાળુ કહેતા. પોડકાસ્ટના પ્રામાણિક શ્રોતાઓનું અંતિમ સ્વરૂપ એટલે શ્રદ્ધાળુ થતું હશે. આવાં બીજાં પચાસ ઉદાહરણો આપી શકાય. ગાંધીજીએ પણ પોડકાસ્ટ કરેલા - આપેલા. એ આજના ફોર્મેટમાં રેકોર્ડ ન થયા એટલું જ!

આ માનવસહજ પ્રકૃતિ છે કે બીજા બે જણ શું વાત કરતા હોય એની વાતો દરવાજે કાન મૂકીને સાંભળવામાં મજા આવે છે. પોડકાસ્ટ હવે પ્રમોશન, બિઝનેસ, રાજકારણ કે બીજા અમુક ઉદ્દેશો માટેનું માધ્યમ પણ બની ગયું છે. દરેક માણસ પોતાને નિષ્ણાત સમજતું હોય એવું પણ દેખાય, પણ પોડકાસ્ટે નોનસેન્સ અને ક્રિન્જ કોન્ટેન્ટ(શરમજનક સામગ્રી)ની સ્ક્રોલિંગ હારમાળા તોડી. કઈંક નક્કર કોન્ટેન્ટ આવ્યું. એ સાચું કે ખોટું એ ચર્ચા અલગ છે, પણ લોકોનો અનુભવ, દરેક વ્યક્તિની પોતાની અલગ કહાની, એનો અલગ પોઇન્ટ ઓફ વ્યૂ આ બધું જાણવાથી સમજશક્તિનો વ્યાપ વધે છે એ ચોક્કસ છે. અમુક સારા પોડકાસ્ટર પણ છે, જે સાચે લાઈફ બદલી શકે છે.

ઓલમોસ્ટ સમકાલીન એવા મહાવીર અને બુદ્ધ બંને મળ્યા હતા કે મળ્યા ન હતા એ ઓથેન્ટિક માહિતી ક્યાંય નથી, પણ માની લો કે એ બંને વિભૂતિઓ - ભગવાન મળ્યા હોત તો કેવો સંવાદ, કેવો પોડકાસ્ટ રચાયો હોત? એ બંને મૌન રહ્યા હોત. આવી વ્યક્તિના મૌનને સાંભળી શકે એવા પરમ શ્રોતા આપણે બની શકીશું?

જવાબ શોધવા ફંફોળવા જેવો ખરો... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## વાદળોનું વિશ્વ મેઘાલય

# પ્રાકૃતિક ગુફાઓ ને ડબલ ડેકર બ્રિજની સફર માણીએ...

(ભાગ ૨)

દૂર દૂર સુધી દૃશ્યમાન થતી હરિયાળી પહાડીઓ, સફેદ વાદળોના ઢગલા જાણે ધરતીને મળવા આતુર હોય તેમ આમતેમ દોડતા, વર્ષાના જળથી ધરાય ધરાયને અમૃતપાન કર્યું હોય તેવી ઘટાદાર વનરાજીમાં મહાલવું કોને ન ગમે ! ખળખળ વહેતું ઝરણું હોય, ચમકીલા ઘસાયેલા વિવિધ આકારના પથ્થરો પરથી જ્યારે એ જળ વહેતું હોય, પક્ષીઓને કલરવ હોય, સુસવાટા મારતા પવનમાં હિંડોળે ઝુલતાં વૃક્ષોનો સૂર ભળતો હોય ત્યારે એવું લાગે જાણે કુદરત એ તેનો સંગીત જલસો ના માંડ્યો હોય. આ સઘળું અનુભવવું હોય તો એકવાર મેઘાલયની મુલાકાત લેવી જોઈએ. ગયા અંકમાં આપણે વાદળોના ઘર એવા મેઘાલયની સફરે નીકળ્યા હતા. હજી તો ઘણું બધું મેઘાલયમાં એક્સપ્લોર કરવા જેવું છે જે છોડી તો ન જ શકાય.





મેઘાલયના લિવિંગ રૂટ બ્રિજ એ તેની ખાસિયત કહી શકાય. ખાસ કરીને ડબલ ડેકર બ્રિજ જોવા માટે લોકો ખૂબ જ ઉત્સાહી હોય છે. ખાસી અને જેન્તીયા ટ્રાઈબ્સ આ કળામાં ખૂબ સારી પકડ ધરાવે છે. અહીંનું સોહરા કે જેને દુનિયાના સૌથી વેટેસ્ટ પ્લેસ તરીકે ઓળખવામાં આવે છે ત્યાં સતત વરસાદને કારણે અન્ય બ્રિજ લાંબો સમય સુધી ટકી શકતા ન હતા. જેથી અહીંના સ્થાનિકો ખાસ કરીને રબરનાં વૃક્ષોના મૂળને એકબીજા સાથે જોડી બ્રિજ જેવું નિર્માણ કરે છે. આમ કુદરતની પ્રતિકૂળ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તેમણે રસ્તો શોધ્યો જે આજે પ્રવાસન થકી તેમની આવકનો એક હિસ્સો બની ગયું છે. આ ઘણું બધું શીખવી જાય એવી બાબત છે કુદરતને અનુકૂળ થઈને રહેવું એ આજના સમયની સૌથી કિંમતી મૂડી કહી શકાય. મેઘાલયના લિવિંગ રૂટ બ્રિજને યુનેસ્કોના વર્લ્ડ હેરીટેજનો દરજ્જો પણ આપવામાં આવ્યો છે. અહીંની સુંદરતા અનન્ય છે. આ લિવિંગ રૂટ બ્રિજ એ ફક્ત નદી કે ઝરણાઓ પસાર કરવાનો રસ્તો નથી તે એક સંપૂર્ણ ઇકોસિસ્ટમ ધરાવે છે. મેઘાલયમાં આવા અનેક બ્રિજ આવેલા છે. ખાસ વાત એ કે આ પુલનું આયુષ્ય સંપૂર્ણ રીતે વિકસિત થયા બાદ ચારસો થી પાંચસો વર્ષ સુધીનું હોય છે. સોહરા એટલે કે ચેરાપુંજીનો ડબલ ડેકર લિવિંગ બ્રિજ ત્યાંની સૌથી ફેમસ ટુરિસ્ટ ડેસ્ટિનેશન કહી શકાય. અહીં ૩૫૦૦ જેટલા પગથિયાં ઊતરીને પહોંચી શકાય છે. આ ટ્રેક દરમિયાન આસપાસ ચારેકોર લીલાશ અને ભીનાશનું સામ્રાજ્ય ફેલાયેલું દેખાય. ભીંજાયેલાં જંગલોની એ સુગંધ, નજર કરીએ ત્યાં ક્યાંક ને ક્યાંક કોઈ નાના મોટા વોટર ફોલ કે ઝરણાં વહેતા હોય, મન મૂકીને વહેતુ પાણી હોય, દિલ ખોલીને ગાતાં પક્ષીઓ હોય સ્વર્ગની પરિભાષામાં આનાથી વિશેષ તો શું હોવાનું ? ટ્રેક દરમિયાન જેમ જેમ નીચે ઊતરતા જાવ આસપાસ તમને નાનાં નાનાં સ્થાનિક ઘરો જોવા મળશે. કંઈકને કંઈક પ્રવૃત્તિઓ કરતા એ સ્થાનિકો સ્મિત સાથે અભિવાદન કરે છે. સંતોષી અને સ્વાવલંબી જીવન જ્યાં કુદરતને પ્રથમ રાખવામાં આવે છે.

મેઘાલયમાં એક અનોખું ગામ આવેલું છે જે સમગ્ર એશિયામાં સૌથી કલીનેસ્ટ વિલેજનો દરજ્જો ધરાવે છે. ખાસી હિલ્સમાં આવેલું માઉલિંનનોગ નામનું નાનકડું ગામ અનોખી સિદ્ધિ ધરાવે છે. અહીં પ્લાસ્ટિક બેન છે. અહીંના સ્વચ્છ અને સુઘડ રસ્તાઓ જોઈને આનંદ થાય. અહીં માત્ર એક કે બે દિવસ પૂરતો સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ નથી ચાલતો, સ્વચ્છતા હવે તેમના જીવનનો એક ભાગ અને આદત બની ગઈ છે અહીં કચરો કરનારને દંડ કરવાની પણ જોગવાઈ છે. અહીં બાળકોથી માંડીને વૃદ્ધો સુધી દરેક સ્વચ્છતાની કાળજી રાખે છે. રસ્તા પર થોડા થોડા અંતરે બામ્બુમાંથી બનાવેલા ડસ્ટબીન જોવા મળે. મેઘાલયની અપાર સુંદરતામાં જ્યાં આવી સ્વચ્છતા સામેલ થાય તો એ જગ્યા ખરેખર મનમોહક બની જાય છે. દરેક એ અહીંના લોકો પાસેથી સ્વચ્છતા પાઠ શીખવા જોઈએ.

મેઘાલય કુદરતની બેનમૂન આકૃતિઓથી ભરપૂર છે. કેવિંગ જેવી એડવેન્ચર એક્ટિવિટી માટે મેઘાલય ખૂબ જ ફેમસ છે અહીં બહુ જ મોટા પ્રમાણમાં ગુફાઓ આવેલી છે. એડવેન્ચરહોલિક્સ રસિયાઓ માટે ટ્રેકિંગ, હાઇકિંગ, કેવિંગ ,બોટિંગ વગેરે જેવી અઢળક પ્રવૃત્તિઓ કરવા મળી રહે છે. અહીંની ફેમસ ગુફા સિજુ છે. અહીંનું રોક ફોર્મેશન આશ્ચર્યજનક છે. સિજુ ગુફા વિશે એવું કહેવાય છે કે તે વિશ્વની સૌથી લાંબી ગુફાઓમાંની એક છે. ખૂબ જ ઊંડાણ અને અંધકારને કારણે અહીં ચામાચીડિયાઓ ખૂબ જ છે જેથી તેને બેટ કેવ પણ કહેવામાં આવે છે. અહીં પહોંચવા માટે જંગલમાંથી પસાર થતો નાનો ટ્રેક છે સુંદર લીલીછમ પહાડીઓ અને ઝરણાઓ વચ્ચેથી નીકળતા આ રસ્તાઓ અલગ જ પ્રકારનું સુકૂન આપે છે. મેઘાલય એડવેન્ચર એસોસિયેશનની હેલ્પથી કેવને ઊંડાણપૂર્વક કરવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વિશ્વની સૌથી લાંબી સ્ટોન ગુફા ક્રેમ પુરીને થોડા સમયગાળા પહેલા જ ડિસ્કવર કરવામાં આવી છે. એવું ઘણું બધું છે અહીં જે માત્ર કાલ્પનિક દુનિયામાં જ હોવાનો અંદાજો હોય. ઉપરાંત ઘણા બધા હાઇકિંગ પોઇન્ટ્સ છે જે તે પોતાની ઈચ્છા અને અનુકૂળતા અનુસાર કરી શકે છે.

મેઘાલયના ટ્રાઇબલ વિસ્તારો ખૂબ જ સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવે છે. અહીંની ગારો, ખાસી અને જેન્તીયા આદિજાતિને પોતાના આગવા રીતરિવાજો અને રહેણીકરણી છે, અલગ અલગ ખાન-પાન અને પરિવેશ છે. તેને જાણવાનો રસ હોય તો મેઘાલયમાં દર વર્ષે અલગ અલગ ફેસ્ટિવલ્સ થાય છે જેમાં આ ટ્રાઈબ્સ વિશે જાણકારી મેળવી શકાય. ત્યાં અહીંનાં પરંપરાગત આહારની લિજ્જત પણ માણી શકાય. જોકે અહીં માંસાહારનો વધુ ઉપયોગ થાય છે છતાં અહીંનું ખાસ શાકાહારી ભોજન પણ સરળતાથી મળી રહે છે. આ ઉપરાંત અહીંની સરકાર દ્વારા હિલ્સ ફેસ્ટિવલ, ધી મેઘાલયન એજ, ચેરી બ્લોઝમ ફેસ્ટિવલ જેવા આયોજન પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ઘણા ટ્રાઈબલ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે જેમાં બહડિખલ્મ ફેસ્ટિવલ, વંગાલા ફેસ્ટિવલ વગેરે મુખ્ય છે. આ બધા તહેવારો આદિવાસી પરંપરાઓ સાથે જોડાયેલા છે જેમાં મુખ્યત્વે તેઓ પ્રકૃતિનો આભાર વ્યક્ત કરતાં હોય છે. સારા પાક અને લણણીની ખુશીઓ મનાવે છે. જેમાં નાચવા, ગાવાનું અને પરંપરાગત વસ્ત્રો પરિધાન પહેરીને પોતાની સાંસ્કૃતિક તથા પ્રાકૃતિક ધરોહર સાચવે છે.

મેઘાલયમાં પ્રાકૃતિક વિશ્વ ખૂબ જ અનોખું છે. વન્યજીવોને તેના પ્રાકૃતિક નિવાસમાં મહાલતા જોવા માટે મેઘાલયમાં નોક્રેક બાયોસ્ફર રિઝર્વ અને રાષ્ટ્રીય ઉદ્યાન આવેલો છે. ખાસ કરીને અહીં હુલોક ગિબન અને હાથીઓના ટોળાને મહાલતા જોઈ શકાય છે ઉપરાંત બ્રિટિશ કોલોનીયન સમયનાં બાંધકામો શિલોંગમાં આવેલાં છે. મેઘાલયમાં આજે અને અગાઉ જે સફર કરી તે ઉપરાંત પણ ઘણું બધું છે જેને એક્સપ્લોર કરી શકાય. અહીંના લોકોની સાદગી અને તેમનું પ્રકૃતિ સાથેનું જોડાણ આપણને જીવનની અલગ જ સમજ આપી જાય છે. મેઘાલયની કેપિટલ શિલોંગ વેસ્ટર્ન કલ્ચરથી પ્રભાવિત છે જ્યારે અન્ય ભાગમાં સ્થાનિક આદિવાસીઓ ખૂબ જ સાદગીપૂર્ણ જીવન વ્યતીત કરે છે. તેથી મેઘાલયમાં દરેકને ગમતું મળી રહે તેવો માહોલ છે. ભાગદોડવાળા આજના જીવનમાં સમય કાઢીને કુદરતના આવા કરિશ્માને માણતું રહેવું જોઈએ. ■

---

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ક્લાઉડ સ્ટોરેજની હરીફાઈ... ફાયદો અંતે આપણો જ છે!




વરસાદી સિઝનમાં વાદળોની દોડધામ હોય, સ્વચ્છ આકાશ તો વરસાદ બાદના ઉઘાડમાં જ જોવા મળે. કાળા રંગનાં વાદળો વરસાદ લાવે. હાથી કદના અને હજારો લિટર પાણી ઠલવતાં વાદળ બંધાવા પાછળ પણ સાયન્સ છે. આ વાદળને અંગ્રેજીમાં 'ક્લાઉડ' કહે છે એ સૌ કોઈ જાણે છે. ક્લાઉડ સ્ટોરેજ સર્વિસ અંગે બહુ ઓછા લોકો એ વાત જાણે છે કે, ક્લાઉડ સ્પેસ માટે અનેક કંપનીઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધાઓ ચાલી રહી છે. આમાં પાયોનિયર ગણાતી કંપની ગૂગલની સર્વિસમાંથી પોતાની કસ્ટમાઈઝડ સર્વિસ તૈયાર કરીને અનેક એવી કંપનીઓ પોતાના ગ્રાહકોને ટેક્નોલોજીના માધ્યમ પર કાયમી ધોરણે જોડી રાખવા દિવસ-રાત પ્રયાસો કરે છે.

ભારત દુનિયા માટે મોબાઈલનું મોટું માર્કેટ છે. આ વાત દરેક ટેક કંપની જાણે છે. ઘણી ઓછી એવી કંપની છે જે પોતાની સર્વિસને ચીલાચાલુ ઓફર્સથી અલગ કરીને યુથને એક નવી રીતે પોતાની સાથે પૈસાના ધોરણે જોડી રાખવા મથે છે. આમાં ક્લાઉડ સર્વિસ આ પૈકી એક છે. મોટાભાગની ટેક કંપની પેઈડ સર્વિસ શરૂ કરીને પછી ભાવ ઘટાડે છે.

ઓલા સર્વિસે પોતાની મેપ સર્વિસ તૈયાર કરીને ગૂગલ મેપ સાથે છેડો ફાડી નાખ્યો. ક્લાઉડ સ્ટોરેજ માર્કેટમાં જીઓથી લઈને એપલ જેવી કંપની હરીફાઈમાં ઊતરી છે. જીઓ સ્પેસમાં ૧૦૦ જીબીનું ક્લાઉડ સ્ટોરેજ મફત મળે છે. આ જોઈને ગૂગલથી લઈને માઈક્રોસોફ્ટ જેવી કંપની પોતાની રીતે ઓફર મૂકે તો નવાઈ નહીં.

**હવે એ જાણી લઈએ કે આ ક્લાઉડ સર્વિસ શું છે?**

આ એક એવી સર્વિસ છે, જેમાં નક્કી કરેલા જીબીમાં કોઈ પણ ડેટાને ડાયરેક્ટ મોબાઈલમાંથી જ સેવ કરી શકાય છે. જે રીતે એપલમાં એક નિશ્ચિત સ્પેસથી વધારે જગ્યા ફોનમાં જોઈતી હોય તો ક્લાઉડ સ્પેસ ખરીદવી પડે છે. એ પછી ડેટા સેવ થાય છે. આ જ અભિગમ પર જીઓએ ૧૦૦ જીબી સુધીની સ્પેસ ફ્રી કરી દીધી છે. આપણા દેશમાં વેચાતા અને મધ્યમ રેન્જમાં પ્રાપ્ત થતા દરેક ફોન આજે નહીં તો કાલે ક્લાઉડ સર્વિસ સાથે આવે એ નક્કી છે. આ પાછળનું કારણ એ કે મોબાઈલના જીબી હવે ઓછા થઈ રહ્યા છે. રેમ અને પ્રોસેસર સ્પીડ વધી રહી છે. ફ્રી ઈન્ટરનેટ ડેટા સર્વિસ લાંબા સમય સુધી મળી રહેતા મલ્ટીમીડિયા પરનું ભારણ વધ્યું છે. એમાં મોબાઈલ એક મોટું માધ્યમ છે. મોબાઈલમાં સ્પેસને લઈને આવતી મુશ્કેલીઓ અને ડ્રાઈવ ફૂલ થઈ જવાની ઝંઝટમાંથી મુક્તિ માટે ક્લાઉડ સ્પેસ જરૂરી છે. દરેકના મોબાઈલમાં ફોટો અને વીડિયો ફોનની સૌથી વધારે સ્પેસ રોકે છે.

મેમરીકાર્ડની સ્પેસ અલગથી ખરીદીએ તો પણ અમુક એપ્લિકેશન કે ડેટાને કંપ્રેસ કરી શકાતા નથી. આ માટે ક્લાઉડનો સહારો લેવો છે. આ ક્લાઉડ સ્પેસ એપ્લિકેશન માટે સ્ત્રોત બનશે એ હજુ નક્કી નથી. દરેક મોબાઈલ યુઝર્સ માટે ફાયદાની વાત એ છે કે, આવી સ્પેસ આપવા માટે કંપનીઓ રેસમાં ઊતરી છે.

બીજી ખાસ વાત એ છે કે, અહીં સેવ કરેલો ડેટા સુરક્ષિત અને પાસવર્ડથી લોક છે. ગમે ત્યારે આ કોડ નાખીને એક્સેસ કરી શકાય છે. મોબાઈલ હોય, કોમ્પ્યુટર, લેપટોપ કે ટેબલેટ, એક કોડથી તમામ ડેટાને ગમે ત્યાં ગમે ત્યારે વાપરી શકાય છે.

આ ઉપરાંત, ડેટા કરપ્ટ થવાનું જોખમ ઘટે છે. ક્લાઉડમાં જે ફોર્મેટમાં જે ડેટા હોય એ જ ફોર્મેટમાં સેવ થાય છે. ફોટોની સાઈઝ કે ચોક્સાઈ પણ ઘટતી નથી. ટેલિગ્રામ જેવી એપ્લિકેશન ડાયરેક્ટ ક્લાઉડ સર્વિસ આપે છે. બસ ફ્રી સ્પેસનો લોજિકલી ઉપયોગ કરવાનો રહે છે. ક્લાઉડ સર્વિસનો સૌથી મોટો ફાયદો એ છે કે, જે એપ્લિકેશનમાં ક્લાઉડ ઓપરેટ થાય છે કે ક્લાઉડ સપોર્ટ કરે છે એને બીજા ડિવાઈસમાં ડાયરેક્ટ ઈન્સ્ટોલ કરીને વાપરી શકાય છે.

ટૂંકમાં નવો મોબાઈલ ખરીદતી વખતે બેકઅપની ઝંઝટ ખતમ. એક એપ્લિકેશન નાખો એટલે તમામ ડેટા આંગળીના ટેરવાએ. વર્કફ્રોમ હોમ કરતા એક આખા વર્ગ માટે આનું શેરિંગ પણ સરળ છે. ઘણીબધી વેબસાઈટ ક્લાઉડ શેરિંગ માટે વેબલિંકના વિકલ્પો આપે છે, જે રીતે વી ટ્રાંસફર છે એ રીતે ડેટા શેરિંગ પણ છે. બસ, એની વેબસાઈટ ક્લાઉડ સર્વિસને સપોર્ટ કરે એવી હોવી જોઈએ. ડેટા, એ પછી ઈન્ટરનેટ હોય કે આપણો પોતાનો. ડિજિટલ પ્લેટફોર્મ પર આ એક ઈંધણ છે, સ્ત્રોત છે. વર્ષ ૨૦૦૪માં જીમેઈલ સાથે બીજી સર્વિસ શરૂ થતા ૧ જીબીની સ્ટોરેજ જુદી જુદી એપ્લિકેશન પર વાપરવા મળતી, જેમકે, ડ્રાઈવ, મેલ એપ્લિકેશન, ગૂગલ ફોટો વગેરે...આ મર્યાદિત સ્પેસની ઈજારાશાહી સામે જીઓ જેવી કંપનીઓએ કાયદેસરનો ઊંડો કૂવો ખોલી આપ્યો. હવે ગૂગલ ૧૫ જીબીની જગ્યા આપે છે. જ્યારે વનડ્રાઈવ, આઈક્લાઉડ, ડ્રોપબોક્સ, પીક્લાઉડ, મેગાબોક્સ જેવી વેબ સર્વિસ સ્પેસ સિવાય ઘણું બધું આપે છે. એટલે સરવાળે ફાયદો આપણો જ છે. હવે ડેટા સાચવવા કોઈ એક સર્વિસની મોનોપોલી ફોલો કરવાની જરૂર નથી. ■

**આઉટ ઓફ બોક્સ**

*સૌથી પહેલા જે આઈફોન તૈયાર કરાયો હતો એમાં કોઈ ટચસ્ક્રીન હતી જ નહીં. સ્ક્રીન પર ૩ડી કહી શકાય એવા બટન હતા. સેમસંગ અને આઈફોન માર્કેટમાં ભલે હરીફ હોય પણ આઈફોન માટે ઘણા પ્રોસેસર સેમસંગે બનાવ્યા છે!*

---

ફોકસ

અનુ આર.
feedback@bombaysamachar.com

# લિવિંગ રૂમને નવા ઓપની સાથે રાખો કૂલ...



ગરમી જ્યારે માઝા મૂકે છે ત્યારે આપણે એ.સી.ની ઠંડી હવાનો આનંદ લઈએ છીએ. સાથે જ ઠંડક અને તરોતાજા પ્રદાન કરતાં ઠંડાં પીણાં અને ફળો આરોગીએ છીએ. એવામાં વધુ સમય સુધી એ.સી.ની ઠંડી હવા પર આધાર ન રાખતાં લિવિંગ રૂમને જ ઠંડો બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

મહાનગરોમાં તેજીથી બહુમાળી ઈમારતો બની રહી છે. એમાં રહેતા લોકો ફ્લેટમાં મોંઘા ઇન્ટિરિયર્સ કરે છે. એથી ઘરમાં રંગ અને પ્રકાશનું ખાસ મહત્ત્વ છે.

લિવિંગરૂમમાં કલર એવો કરવો જે શાંતિ અને ઠંડક પ્રદાન કરે. મોટા ભાગે લાઈટ કલર હોવા જોઈએ. ઘરમાં થોડાઘણું અંધારું રાખવાથી ગરમી ઓછી લાગે છે. સાથે જ આંખોને પણ નાહક લાઈટથી રાહત મળે છે.

હવે વાત કરીએ પરદાંની. તો ઘરમાં આવતા સૂર્યપ્રકાશને પરદાથી અટકાવી શકાય છે. ગરમીમાં તો તડકો વધતા પરદાંનું મહત્ત્વ વધી જાય છે. એવામાં પરદા થોડા ભારે અને ડાર્ક રંગના હોવા જોઈએ. એવું મનાય છે કે ભારે રંગના પરદાથી પ્રકાશ ઓછો આવે છે. જેથી ગરમી લાગવાની શક્યતા ઓછી હોય છે.

જોકે એક વાતનું ધ્યાન એ પણ રાખવું કે ઘરમાં ગભરામણ ન થવા લાગે. ઘરમાં જો હવાની અવર-જવર ન હોય તો એ પણ એક સમસ્યા ઊભી કરી શકે છે. એથી ઘરની બારી થોડી ખૂલ્લી રહે એ પણ અગત્યનું છે. સાંજના સમયે જ્યારે પવન વાતો હોય ત્યારે બારી-બારણા ખૂલ્લા રાખવા જોઈએ જેથી ઘરમાં તાજગીનો એહસાસ થાય.


હવે વાત ઘરના ઈન્ટિરીયર્સની. સોફાના કવર, સોફા પર રાખવામાં આવેલા તકિયાના કવરને પણ હળવા રંગોથી સજાવી શકાય છે. એનાથી ઘરનો લૂક તો બદલાશે જ પરંતુ સાથે જ મનને પણ શાંતિ મળશે. તમામ ફેશન નિષ્ણાતોનું પણ માનવું છે કે શક્ય હોય એટલું હળવા રંગોનો ઉપયોગ કરવામાં આવે.

આ સિવાય ઘરમાં છોડ પણ વાવવા જોઈએ. ઋતુ કોઈપણ હોય ગ્રીન રંગ હંમેશાં આંખોને સારો લાગે છે. એનાથી આપણે કુદરત સાથે પણ જોડાઈ જઈએ છીએ. માર્કેટમાં ઈન્ડોર પ્લાન્ટ્સ સરળતાથી મળી જાય છે. આ બધા ઉપાયો અજમાવી જુઓ ઘરમાં નક્કી પરિવર્તન દેખાશે. ■

---

કિતાબી દુનિયા

## પ્રકૃતિનું ગૂઢ રહસ્ય - વાસ્તુ





લેખકઃ મનોજ પટેલ, પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, શામળદાસ ગાંધી માર્ગ,

મુંબઈ-૪૦૦૦૦૨, મો.નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫, મૂલ્ય રૂ. ૧૩૦.

જમીનથી લઈને ઈમારતના ચણતર, ઘર, દુકાન, ઓફિસ અને કારખાનાના વાસ્તુ વિશે વિગતવાર માહિતી આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. ઘરના ઓરડાઓ, મંદિર, પૂજાનો રૂમ, બેઠકખંડ, શયનખંડ, તિજોરી, જમવાનો ઓરડો (ડાઈનિંગ રૂમ), મેઝનીન ફ્લોર, ઓફિસ, દુકાન, ફેક્ટરીના વાસ્તુ વિષેનું માર્ગદર્શન, વાસ્તુદોષ નિવારણ માટે ઉપયોગી સૂચનો, વાસ્તુશાંતિ માટેના મંત્રો, યંત્ર વિષે શાસ્ત્રોક્ત માહિતી આ ગ્રંથમાં છે. વાસ્તુશાસ્ત્રની આધારભૂત માહિતી મેળવવા માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થઈ પડશે. પુસ્તક ઘેરબેઠાં મેળવવા પૂરું સરનામું મો.નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫ ઉપર મોકલવું અને રૂ. ૧૩૦ ગૂગલ પે દ્વારા આ જ મો. નંબર ઉપર ૨૦-૭-૨૫ સુધી મોકલવા (કુરિયર ચાર્જ ફ્રી).

## શૅરબજારમાં રોકાણ કરતાં પહેલાં





લેખકઃ નરેશ વણજારા (ઈન્વેસ્ટમેન્ટ કન્સલટન્ટ)

મૂલ્ય રૂ. ૨૦૦, પ્રકાશકઃ હેમંત એન. ઠક્કર, એન.એમ. ઠક્કરની કું., ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, ગોવિંદ બિલ્ડીંગ, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૨, મો.નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫.

શૅરબજારમાં નફો મેળવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે સાચું માર્ગદર્શન આપતું નવું પુસ્તક. આ પુસ્તકમાં કુલ ૨૦ પ્રકરણો છે. શૅરમાં રોકાણ કરતાં પહેલાં, પ્રીમિયમ આપતાં પહેલાં શું જોવું જોઈએ, ટેક્નિકલ એનાલિસિસ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ, શૅરબજારની ટિપ્સ કઈ રીતે તમારા સુધી પહોંચે છે? વગેરે પ્રકરણોમાં શૅરબજારમાં ધંધો કરવાની સાચી રીત રસમો વિષે વિગતવાર માહિતી છે. કંપની રિસર્ચ રિપોર્ટ, પ્રોજેક્શન રિયાલિસ્ટિક છે કે નહીં તે જાણવાની પદ્ધતિ, આઈ.પી.ઓ.માં રોકાણ કરતાં પહેલાં ધ્યાનમાં રાખવાની બાબતો વિષે પણ અધિકૃત નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. શૅરબજારમાં ધંધો કરીને નફો મેળવવા માટે ખૂબ જ ઉપયોગી વસાવવા જેવું પુસ્તક. પુસ્તક ઘેરબેઠાં મેળવવા માટે રૂ. ૨૦૦ ગૂગલ પે દ્વારા મો.નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫ ઉપર મોકલવા. (તા. ૨૦-૭-૨૫ સુધી કુરિયર ચાર્જ ફ્રી).

## બુદ્ધિવર્ધક ઉખાણાં અને જોડકણાં




સંકલનઃ ચારૂલતા બારાઈ, પ્રકાશકઃ હેમંત એન. ઠક્કર, એન.એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨. મો.નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫, મૂલ્ય રૂ. ૧૦૦.

બુદ્ધિ-અક્કલને કસવાથી જ્ઞાન મળે છે. જ્ઞાન માનવજીવનને સમૃદ્ધ બનાવે છે. બુદ્ધિનો વિલાસ એટલે આનંદ. જ્ઞાન-રંક માણસને પણ મહાન બનાવી મોટાની મૈત્રી કરાવી શકે છે. બુદ્ધિશાળી દ્રવ્ય ન હોય તો પણ પૂજાય છે અને કીર્તિ મેળવે છે. બુદ્ધિનો તમે ઉપયોગ ન કરો, તમે મગજના ભંડારમાં દાબી રાખો તો બુદ્ધિ કટાઈ જશે. આ પુસ્તકમાં બુદ્ધિપૂર્વક ઉખાણાંઓ અને જૂનાં જાણીતાં જોડકણાં અને બાળગીતોનો સમાવેશ કર્યો છે. બાળકોને બીજી ટેવો પડે તેના કરતાં તેમને આવી વાતોમાં રસ લેતા કરીએ તો તેમની બુદ્ધિ વિકસે અને તેમનામાં તર્કશક્તિ અને અવલોકન શક્તિનો પણ વિકાસ થાય. ઉખાણાંઓ ઉપરાંત આ પુસ્તકમાં પ્રખ્યાત જોડકણાં (જેવાં કે ધના ધતૂડી પતુડી, ચકી ચોખા ખાંડે છે, અચકો મચકો કારેલી, ચાંદાપોળી ઘીમાં ઝબોળી, મામાનું ઘર કેટલે?)નો પણ સમાવેશ કર્યો છે. બાળ જોડકણાં અને બુદ્ધિવર્ધક ઉખાણાંનું આ પુસ્તક ખૂબ જ લોકપ્રિય બની ચૂક્યું છે. ઘેરબેઠાં મેળવવા રૂ. ૧૦૦ ગૂગલ પે દ્વારા મો.નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫ ઉપર મોકલવા (કુરિયર ફ્રી). ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# રે આજ અષાઢ આયો, મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો!



અષાઢ મહિનાનો પ્રારંભ ગુરુવારથી થઈ ગયો છે અને આજે અષાઢ સુદ ચોથ છે. તહેવારોના મહિના તરીકે પ્રખ્યાત એવા શ્રાવણ પહેલા આવતો અષાઢ કચ્છ નવ વર્ષ, રથયાત્રા, દેવશયની એકાદશી, ગુરુપૂર્ણિમા માટે જાણીતો હોવા સાથે **અનરાધાર - મૂશળધાર વરસાદ** માટે પણ પ્રખ્યાત છે. કવિ કાલિદાસની જાણીતી કૃતિ મેઘદૂતનો પ્રારંભ પણ **અષાઢસ્ય પ્રથમ દિવસે** થાય છે. વર્ષા ઋતુની બુલંદ ઘોષણા કરતા અષાઢના પ્રથમ દિવસે કોઈને પ્રિયતમા યાદ આવે તો કોઈને વાદળોમાં સંતાઈ ડમરુ વગાડતા ભગવાન શિવજીનું સ્મરણ થાય. વરસાદની સચોટ આગાહી માટેના **ભડલી વાક્યોમાં અષાઢ માસનો** વિશેષ ઉલ્લેખ છે.

અષાઢી સુદ છઠ **કસુંબા છઠ** તરીકે ઓળખાય છે. મથુરા ગયેલા શ્રી પ્રભુની રાહ જોતી વ્રજ કન્યાઓ આ દિવસે લાલ રંગનાં વસ્ત્રો ધારણ કરીને પનઘટ પર શ્રી ઠાકુરજીની રાહ જોતી હતી. દેશના કેટલાક વિસ્તારમાં અષાઢ મહિનાની સુદ પક્ષની નોમને વણજોયું મુહૂર્ત માનીને આ તિથિમાં લગ્ન કરવામાં આવે છે જેને **ભડલી નોમ** કહેવામાં આવે છે. ટૂંકમાં અષાઢ મહિનાને સ્નેહ સાથે અનેરો સંબંધ છે. નિરંજન ભગતે 'અષાઢ આયો' કવિતામાં રે આજ **અષાઢ આયો, મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો ! દૂરને દખ્ખણ મીટ માંડીને મોરલે નાખી ટહેલ, વાદળી સાગરસેજ છાંડીને વરસી હેતની હેલ; એમાં મનભરીને મતવાલો મોર ન્હાયો!**

માઢ એટલે સંગીતનો એક રાગ જે કોઈ પણ સમયે ગાઈ શકાય છે. આ પંક્તિઓમાં સ્નેહની એવી સરવાણી ફૂટી છે જેમાં હરકોઈને તરબોળ થવાનું મન થાય.

બાર પ્રકારના વરસાદનું જે વર્ણન વડવાઓ કરી ગયા છે એમાં એક વરસાદ **પછેડીવા** તરીકે ઓળખાય છે. **પછેડીવા એટલે પછેડીથી રક્ષણ થાય તેવો કે પછેડી પલળે એટલા છાંટા અથવા વરસાદ.** પછેડી એટલે ચાદર કે ઓછાડ કદનું કપડું. **અનરાધાર વરસાદ એટલે એક છાંટો, બીજા છાંટાને સ્પર્શી જાય અને ધાર પડે તેવો અસ્ખલિત વરસાદ.** અલબત્ત અષાઢ અને વરસાદ વિશેની કોઈ પણ ભાષા - સાહિત્યની વાત એક દુહાના ઉલ્લેખ વગર અધૂરી લાગે: અષાઢ ઉચ્ચારમ્, મેઘ મલ્હારમ્, બની બહારમ્, જલધારમ્, દાદુર ડક્કારમ્, મયુર પુકારમ્, તડિતા તારમ્, વિસ્તારમ્, ના લહી સંભારમ્, પ્યારો અપારમ્, નંદકુમારમ્ નિરખ્યારી, કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

ENગ્લિશ વિંGLISH

## RAIN IDIOMS



તમારું પ્રાથમિક કે સમગ્ર શાળા શિક્ષણ ગુજરાતી માધ્યમમાં થયું હશે કે તમારા બાળકો કે પૌત્ર - પૌત્રી અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હશે તો પણ કેટલીક અંગ્રેજી કવિતા તમે ચોક્કસ સાંભળી હશે અને એમાંની કેટલીક યાદ પણ હશે. Rain Rain go away, come again for some another day એવી જ એક કવિતા છે. અલબત્ત આ કવિતામાં વિદેશી વાતાવરણનું પ્રતિબિં જોવા મળે છે. આપણે રેઈન - વરસાદ સંબંધિત વિશેષ મહત્ત્વ ધરાવતી કહેવતો જાણીએ. Be as right as rain.This means to feel well. Nothing to do with rain! કહેવતમાં રેઈન એટલે કે વરસાદની હાજરી હોવા છતાં અને વર્ષા સાથે કોઈ નિસ્બત નથી. For example, if I have been sick but am beginning to feel a little better, I might say, "I'll be as right as rain next week'. I am believing that I will feel back to normal next week. And next week I could say "I'm feeling as right as rain' meaning that I am feeling perfectly fit and well. વરસાદનો સંબંધ ક્ષેમકુશળ સાથે છે. બીજી એક સમજવા જેવી કહેવત છે Save it for a rainy day. This means to save money or another resource for a future unknown and unexpected need. અહીં પણ રેઈનને વરસાદ સાથે સીધો સંબંધ નથી, પણ ભવિષ્યની અણધારી જરૂરિયાત સાથે એને સાંકળી લેવામાં આવ્યો છે. Mehul's son expressed his desire to study in US for 3 years in a reputed university. But Mehul was not tensed as he had saved money for a rainy day. મેહુલના દીકરાએ અમેરિકાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ માટે ભણવા જવાની ઈચ્છા વ્યક્ત કરી. આ જાણી મેહુલને ટેન્શન ન થયું, કારણ કે તેણે આકસ્મિક ખર્ચ માટે પૈસા બચાવી રાખ્યા હતા. Take a rain check. This is something that you say when you can't accept someone's invitation to something. But it also means that you would like to accept that invitation on another occasion. વ્યસ્તતાને કારણે કોઈ આમંત્રણ સ્વીકારી શકાય એમ ન હોય પણ ભવિષ્યમાં મળવાની ઈચ્છા હોય ત્યારે આ કહેવત વપરાય છે.

રાષ્ટ્ર ભાષા

## बारिश की कहावते

વરસાદનું માનવ જીવનમાં વિશેષ મહત્ત્વ છે. વરસાદના પાણીથી માનવ જીવન મહોરી ઊઠે છે. વરસાદ વર્ષા અથવા બારિશ તરીકે પણ ઓળખાય છે., **बारिश से संबंधित कुछ प्रसिद्ध कहावत हैं: जेठ की गर्मी, सावन का पानी, और भादों की छांव.** આ કહેવતમાં ઋતુના પ્રભાવનું વર્ણન જોવા મળે છે. જેઠ મહિનામાં સારી ગરમી પડે. ત્યારબાદ અષાઢ - શ્રાવણમાં વરસાદી માહોલ હોય અને ભાદરવાના તીવ્ર તડકામાં છાંયડાનું મહત્ત્વ હોય. વરસાદના અનુમાન વિશે કહેવાય છે કે **जितना जेठ तपेगा, उतना सावन बरसेगा इसका मतलब है कि जेठ में जितनी अधिक गर्मी होगी, सावन में उतनी ही अधिक वर्षा होगी.** જેઠ મહિનામાં ગરમી જેટલી વધારે પડે, અષાઢમાં એટલો જ જોરદાર વરસાદ પડે. ગરમી અને વરસાદનું અનુસંધાન જોડાયું છે. સતત વરસતા વરસાદ માટે ગુજરાતીમાં હેલી શબ્દ વપરાય છે. એ દર્શાવતી કહેવત છે કે **शनिचर की बदली, रही इतवार छाई, बिन बरसे न जाया इसका मतलब है कि यदि शनिवार को बादल छाए रहें और रविवार को भी छाए रहें तो वर्षा अवश्य होगी।** શનિવારે જો આકાશ વાદળછાયું રહ્યું તો રવિવારે પણ આકાશમાં વાદળ છવાયેલા રહેશે અને પછી વરસાદ ચોક્કસ પડશે અને અઠવાડિયું લંબાય એવી પૂરેપૂરી સંભાવના છે.

સગ્ગી બહિણ

## ये रे ये रे पाऊसा

વરસાદ માટે મરાઠી શબ્દ છે પાઉસ. ગુજરાતીમાં જેમ વરસાદના પ્રમાણ અનુસાર ફોરા, નેવાધાર, અનરાધાર, મૂશળધાર વગેરે પ્રકાર છે એ જ રીતે મરાઠીમાં પણ વરસાદનાં સ્વરૂપ કે જોર અનુસાર પ્રકાર છે. **लहानपणीत ये रे पाऊसा. तुला देतो पैसा, पैसा झाला खोटा, पाउस आला मोठा खूप आयकाला मिळायचं** વરસાદની કેટલીક મરાઠી કહેવતોથી માહિતગાર થઈએ. **पावसाने धरती ओलीचिंब झाली.** કહેવતમાં પાવસાને એટલે કે વરસાદને કારણે અને ઓલિચિંબ એટલે પૂર્ણપણે ભીની થઈ ગઈ. **जेव्हा जोरदार पाऊस येतो, तेव्हा सर्वत्र पाणीच पाणी होऊन जाते, तेव्हा, ही म्हण वापरती जाते.** જોરદાર વરસાદ પડે ત્યારે ઠેર ઠેર પાણી પાણી થઇ જાય ત્યારે આ કહેવત વાપરવામાં આવે છે. **पिपाणी पाऊस** રૂઢિપ્રયોગ પિપાણી એટલે નાના બાળકોની વગાડવાની પીપૂડી. **पावसाळयाच्या दिवसात छतावर पडणाऱ्या पावसाचे थेंब टपटप असा आवाज करतात, त्याला 'पिपाणी पाऊस' असे म्हणात येईल.** ચોમાસામાં દિવસ દરમિયાન ધીમે ધીમે પણ નિરંતર વરસાદ પડ્યા કરે અને છત પર પડતા વરસાદના ટીપા ટપ ટપ અવાજ કરે એ પિપાણી પાઉસ કહેવાય. **घो घो पाऊस** એટલે અનરાધાર વરસાદ. **आभाळ दाटून येणे** એટલે અતિશય વરસાદ જેને ગુજરાતીમાં મૂશળધાર વરસાદ પણ કહેવાય છે. **जेव्हा पावसाचे ढग येतात आणि आकाश पूर्णपणे भरुन जाते, तेव्हा ही म्हण वापरली जाते.** આકાશ વરસાદી વાદળોથી છવાઈ જઈ મેહુલો વરસે ત્યારે આ કહેવત વપરાય છે. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છનો આ અષાઢી મેહુલિયો છેલબટાઉ છોરો!



અષાઢી બીજ એટલે માત્ર શ્રદ્ધાનું જ નહીં, પરંતુ કચ્છ માટે નવા વર્ષનો આરંભ અને પ્રકૃતિ સાથેના મૈત્રી ભાવનું જોડાણ છે.

બીજ એટલે કે કચ્છી નવું વર્ષ આવતા સુધીમાં અગર જો મેહુલિયો ડોકિયું કરી જાય તો તો કચ્છના હૈયા હિલોળા લેતા થઈ જતા હોય છે. કારણકે અછતની આ ભૂમિ જાણે છે પૂર્તિની કદર.

આ માહોલમાં જ્યારે 'આષાઢી મેહુલિયો, છેલબટાઉ છોરો' જેવી પંક્તિઓ સંભળાય, ત્યારે સહજ રીતે લાગણીના દરવાજા ખૂલી જાય છે. રચના છે ઉષ્માબહેન શુક્લની.

***આષાઢી આ મેહુલિયો, છેલબટાઉ છોરો.***
***વરસી જાય કો લીલપે, કચ્છને રાખે કોરો.***
***નખરાળી નદીઓની અરજે, કાયમ આવતો ઓરો.***
***સફેદ રણના વાયરા...જોતા ! !.. ખાતો કેવો પોરો !!***
***ગજવી જાય ગોરંભીને, ગામ, ગલીને ચોરો... આષાઢી...***
***ચાતક નજરે વાટ્યું જુએ, મૂંગા, અબોલ ઢોરો.***
***વરસે તે વિસ્તાર લાગે, અંગ્રેજ જાણે ગોરો.***
***ચિમડાયેલી ચામડી જેવો, સૂક્કો મુલક મ્હારો.***
***અળવીતરા આ આભને, સાચા રસ્તે કોઈ દોરો.***
***આષાઢી આ મેહુલિયો છેલબટાઉ છોરો.***

કવિતા માણીને મજા પડીને? ઉષ્માબહેન શુક્લ ભલે ભુજોડીના શિક્ષણક્ષેત્રથી જોડાયેલાં છે, પરંતુ તેમની રચનાઓનો વિસ્તાર કચ્છના કણ-કણમાં પ્રસરી ગયો છે. એ તેમની કવિતાઓના શીર્ષક જાણીને જ સમજી જશો.

કિલ્લા, કૂંડ, હસ્તકલા, કચ્છી સાલ, બાંધણી જેવાં કાવ્યો અભિવ્યક્તિના સરાણે ચઢી મુખરિત બન્યાં છે. 'કચ્છી સાલ' એક સળંગ, એક સૂત્રતા સાંધતું લયબદ્ધ સરસ મજાનું કાવ્ય છે. એકમાત્ર કચ્છી કાવ્ય તે 'બાંધણીજા બંધ'. એજ રીતે આ પ્રદેશની ઓળખ: સુરખાબ, દાબેલી, છાશ, મીઠો માવો, ખારેક, કેશર કેરી કે ભૂંગા છે, એનું નાવિન્ય તેમની કવિતાઓમાં પડઘાય છે.

તેમની કલમ માત્ર શિક્ષણ સુધી મર્યાદિત રહી નથી; એ કલમ ક્યારેક મેઘમય અષાઢી બન્યા કરે છે, ક્યારેક રણની વ્યાકુળતા ગાય છે, તો ક્યારેક કચ્છી હસ્તકલા કે યાત્રાધામોની અનોખી ઓળખ અપાવે છે.

કચ્છી ભાષા અને હસ્તકલા એ પણ તેમનું વિશિષ્ટ ક્ષેત્ર છે. તેમણે કચ્છી સાલ અને બાંધણી જેવી લોકવારસાને આવરી લેતી રચનાઓ કરી છે, જે માત્ર શાબ્દિક રચનાઓ નથી એ લોકજીવનના દસ્તાવેજ છે.

*મીઠા મલકની કારીગરી, ગમશે તમને એવી...*
*વિશ્વ આખ્ખું નોંધ લે, મારા કચ્છની હસ્તકલા એવી...*
*ખારેક, પાકો, જત અને મુતવા, આરી, રબારી ભરત ભરે, સાંકડી,*
*બખિયો આભલા સંગે, જોતાં સૌની નજરું ઠરે...*
*સુડી-ચપ્પુની ધાર જ એવી, કહે પ્રવાસી લેવા જેવી.*
*ધાતુના ઘૂઘરા ઘમ-ઘમ થાય, વાગે જાણે આંગણે ટહુકા વેરાય.*
*અજરખને બાટીકની છાપ વખણાય, લેવા પ્રવાસીનું મન લલચાય.*
*રોગાનકલા ના ક્યાંય જોવા જડે, કચ્છમાં કારીગરી અઢળક મળે.*

કવિતાના માધ્યમથી કચ્છ બોલે છે. એ બુલંદ અવાજ ધરાવે છે ઉષ્માબહેન. અવાજ એટલે કે તેઓ આકાશવાણી ભુજના અચ્છા ઉદઘોષક પણ છે. અંતે ઉષ્માબેનને કચ્છી વંદન આપતા ધરાની ભવ્યતામાં કચ્છની ઝલક મેળવીએ.

***સતીઓની છે આ ધરા જે, યુગો-યુગોથી પુજાય છે.***
***તપ આકરાં જે કરે, ધરા તે 'તપો ભૂમિ' કહેવાય છે.***
સતી તોરલ, સતી કપુરી, કે ચારણી દેવલબાઈ હો, રણ-ડુંગર દરિયે સદા, ગુણલાં તેનાં ગવાય છે.
દુકાળ હો કે ધરાકંપ, કાળોકેર વર્તાય છે, તે છતાં, જો આ ધરાની, માણસાઈ વખણાય છે !!
ચારેકોર અફાટ દરિયો, મોજથી લહેરાય છે, કુદરતના આ મીઠા મુલકના, ગુણલા બધે ગવાય છે. ■

વાચકની કલમે

હીરાલાલ ઓણોંઠવારા
feedback@bombaysamachar.com

# અષાઢી બીજે નવું જોમ...



અષાઢી બીજ અતરે કચ્છજો નઉ વરેં. કેરક મીં લો અચે ત કેરક આષાઢી બીજજો અચે. તન ડીં ખેડૂ ઢગે જે શીંગ તે તેલ લગાઇએં ને પૂજા કરી પગે લગી ગુલાબીજોં ટકો કરીને ગોળ ને કપટ સીયા ખારાઇએં. ખેતીજા સતર વેં તેકેં પણ સાફસૂફ કરી આણીયું કઢાઇએં. શેરીએ શેરીએ ગોળધાણા વરાઇએ. તન ડીં ઘરઘરમેં લપ્પઇજા આધણ થીએ બપોર જો મીંડે ભેસ થઇ વારોટીમંજા સચ્ચે ઘી જયું ધારું વાજધેં. કોસ કોસી બપ્પઇ ખાઇએં. નંઢડા છોકરાવે સે લપ્પઇ મીંજા ખોપરેજા ટુકકર બીજી કરી ભા-ભોણેકે ચોરાઇએને ખાઇ વને. આષાઢી બીજણો નિશાળમેં રજા વે ત શેરીએ મીંજા પાણી વુડધો વે તેર ડેલીવટ પાર બંધી ભરો કંઇ છે કાગરજયુ હોડીયું ભનાઇને તારીએ. મીધામામા ડબલ મેં ભેરા કરીએં ન મોરી એજ પાલા પચાઇએ ને આયેજયું ગોટીએજા તાંકડીતોલા ગદકેજા કરી રાંધ કરીએ. તરાઇ તે પાણીજી આવ ને ઓગન નેરેલા વન વાડ ને કોટડીમથે કેવડા વે ઉનીકે પૂછે કેવજડા માથા મીં ઉચેં ક નીચે કેવડો ડોક હલાય પ્યો ને મોર મે આવ કરી મલાર કરી સામ-સામે જભાભડીએ, તરાઇ તે છોકરા ચીકણી મટીજા નાગદાદા, માડુ, ઢગા ને ઘરજા રાંધીકડા ભનાઇએં. એડી વે કચ્છ જે ચોમાસેજી મઝા.

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# લગ્નોત્સુક રાજુ રદી કોના પર ભડકે છે?




'ગિરધરલાલ, લો આ જુવો.'

ઉતાવળે સ્વરે રાજુ રદીએ કહીને અમને એક લાલ-ગુલાબી કવર આપ્યું. રાજુ રદી હાથમાં કાયમ મીંઢળ બાંધી રાખે છે. નાડાછડી બાંધી રાખે છે. હાથમાં પાકીટ કે છત્રીના સ્થાને કટાર રાખી હોય. ઇન્સ્ટન્ટ મેગીની જેમ હસ્તમેળાપ થઇ શકે તે માટે સોનેરી કિનારવાળો ખેસ પણ ખભે રાખે છે. શેરવાની પહેરી હોય અને સાફો પણ બાંધેલો હોય. ભૂલભૂલનાં પણ કોઇ ૨૫ થી ૬૦ વરસની (મને ખબર છે કે તમારા મનમાં ૩૬-૨૪-૩૬નું ફિગર રમે છે.) રેન્જ ધરાવતી કન્યા લગ્ન માટે હા પાડે તો ચટ મંગની પટ બ્યાહ થઇ શકે.

'રાજુ, આ તો 'કુર્યાત સદા મંગલમ્' એટલે કે લગ્નની કંકોતરી છે. કંકુ છાંટીને કંકોતરી મોકલી છે. કાળીમેશ છાંટીને કાળોતરી મોકલી નથી કે તું આટલો આકળો કેમ થાય છે?'

રાજુના હાથ પીળા થતા નથી. એટલે રાજુ કંકોતરી જૂવે એટલે લાલપીળો થઇ જાય છે. એનું દિલ આળું થઇ ગયું છે.

'ગિરધરલાલ, ચશ્માનાં નંબર બદલ્યા છે?' રાજુએ મને ગૂગલી જેવો સવાલ પૂછયો.

'કંકોત્રી જોવામાં ચશ્માનાં નંબર કયાંથી ટપક્યા?' મેં અકળાઈને પૂછયું.

'આ કંકોતરી સામાજિક રીત રિવાજ, કાયદા સામે ખતરો છે.' રાજુએ તિલમિલાઇને કહ્યું.

'રાજુ, લગ્ન બે આત્માનું મિલન છે. તમને જાતીયજીવન જીવવાની કાયદેસરના છૂટ આપે છે. લગ્ન ખતરો હોય તો તું શા માટે ખતરો કે ખેલાડી થવાનો અખતરો કરવા તડપે છે.'

'ગિરધરલાલ, તમારી આ જ તકલીફ છે. તમે વાતનું વતેસર કરો છો. તમે મારી વાતથી ક્યારે કનેકટ થશો? આવાં લગ્ન એ માછલી મેળવવા માટે કોથળામાં હાથ નાખતા કોબ્રા નીકળે તેવા ખતરનાક છે.આવાં લગ્ન થવાથી અમારા જેવા લગ્ન કરવામાંથી લબડી જઇએ છીએ. એક તો છોકરીની અછત અને આવા લોકો વધુ તંગી ફેલાવે છે.' રાજુનો ગુસ્સો ટાઢો થતો ન હતો.

'રાજુ, લગ્ન ન થાય એ માણસ તો નસીબદાર કહેવાય. પલંગની ગમે તે બાજુથી ચડી કે ઉતરી શકે. ગમે ત્યા ફરી ને ચરી શકે. એક દિવસ મીઠો કંસાર ખાઇને પછી કડવા કારેલા જેવો સંસાર ચલાવવો એ ઉગ્ર તપશ્ચર્યા કરતાં પણ ઊંડી ધીરજ અને સહનશીલતા માગી લે છે.' મેં લગ્ન કરનાર પુરુષની બદતર હાલત જણાવી.

'એ તો તમે લગ્ન કરીને લાટા લઇ લીધા. તમે મીઠા મીઠા ગપ અને કડવા કડવા જેવું વલણ અખત્યાર કરો છો. લગ્ન કરવાનો ફાયદો ન હોય તો લોકો મૂરખા હશે કે લગ્ન કરવાની રટ અને રઢ લઇ બેઠા હોય.' રાજુએ કુંવારાનો પક્ષ ખેંચ્યો..

'રાજુ, તું તો ટચી થઇ ગયો. તું રિલેકસ થા.' એમ કહી મેં પાણીનો ગ્લાસ આપ્યો.

'ગિરધરલાલ, જે લોકો અમારા લગ્નની તક પર બરફનું પાણી ફેરવી દે છે તેનો ઘોઘરો દબાવી દેવાનું મન થાય છે.' રાજુ આટલું બોલતા ગળગળો થઈ ગયો... કાયમી કાચા કુંવારાની વેદના શું કહેવાય તેની પરણેલાને શું ખબર પડે?

'રાજુ ઢીલો ન પડ. સૌ સારા વાના થશે. ઇશ્વર કુંવારા તરીકે જન્મ દે છે, પરંતુ, કુંવારા તરીકે મરવા દેતો નથી. સ્ત્રીના માથા પર પતિનું નામ લખે છે.' અમે ફિલસૂફી ઝાડીને રાજુનું દુખ હળવું કરવા કોશિશ કરી.

'ગિરધરલાલ, મીડિયા કીંગ રૂપર્ટ મરડોકનો એક પગ કબરમાં છે. તે એંશી ઉપરની ઉંમરે લગ્ન કરે તો અમારે વિવાહને બદલે વાયરો જ ખાવાનો ને ? હમણા કોઇ ઘોષ કરીને બંગાળના નેતાએ એકસઠ વરસે પાર્ટી કાર્યકર સાથે લગ્ન કરી લીધાં. પેલા બડબડાટ સમ્રાટ દિગી રાજાએ એની ઉંમરથી અડધી ઉંમરની છોકરી સાથે ફેરા ફરેલા. કોઇ લવર મૂછીયો પેન્શનની લાલચે ત્યાંશી વરસની દાદીને પરણી ગયેલ. પ્રસિદ્ધ સિતાર વાદક રવિશંકરે અન્નપૂર્ણા, કમલાદેવી, સુકન્યા રાજન અને સ્યુ જોન્સ એમ ચાર સ્ત્રી સાથે લગ્ન કરેલાં. મૂડી ગાયક કિશોરકુમારે પણ ચાર વાર લગ્ન કરેલાં. અમદાવાદના લગ્ને લગ્ને કુંવારા યુવકે પાંચ યુવતી સાથે લગ્ન કરીને વિશ્વાસઘાત કરતાં યુવકની ચોથી પત્નીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલી... આનાથી ચડિયાતો કિસ્સો બહુનામ ધારી જીઓવાન્ની વિગ્લિઓટોનો છે. એનું અસલી નામ નિકોલાઈ પેરુસ્કોવ છે. એ ૧૪ દેશના ૨૭ રાજ્યોનો જમાઈ હતો અને એણે માત્ર ૧૦૫થી વધુ લગ્ન કર્યા હતાં. આવા લોકોને લીધે અમારે વાંઢાનું લેબલ લઇને જીંદગીભર ઘૂમવુ પડે છે.' રાજુએ બળતરા વ્યક્ત કરી.

'રાજુ, તારે સંઘ પ્રચારકોનો આભાર માનવો જોઇએ કે એ લોકો આજીવન કુંવારા રહે છે...' અમે રાજુને સાંત્વન આપ્યું.

'ગિરધરલાલ, એ તો આંગળા ચાંટીને પેટ ભરવા જેવું કહેવાય' રાજુ આજે આક્રમક મૂડમાં હતો. મોળો પડવાનું નામ ન લેતો હતો.

'રાજુ તું પેલી કંકોતરીજોવા કહેતો હતો. લાવ, હું એ કંકોતરી જોઇ લઉં.' મે રાજુને કહ્યું. પછી કંકોતરી પર ઝડપથી નજર ફેરવી ;

'આ લે લે, વાંસદા ગામના યુવકે તો લગ્નના નવા જ આયામ નક્કી કર્યા. આજ લગી એકસ વેડ વિથ વાય એવું કંકોત્રીમાં લખવામાં આવતું હતું . આ યુવકના કિસ્સામાં મેઘરાજ વેડસ વિથ વર્ષા અને મેઘા એવું લખ્યુ છે. બે ફૂલ એક માળી જેવો કિસ્સો છે. મેઘરાજાના છોકરા પણ નસીબદાર છે કે એના સંતાનો માવતરના લગ્નમાં મ્હાલશે. મેઘરાજના પિતાજી પણ બે લગ્નનો દુસાહસી અને ખતરનાક અનુભવ ધરાવે છે. સામાન્ય રીતે પતિ, પત્ની કે વોહનો પ્રણય ત્રિકોણ સર્જાતો હોય છે. જેમાં વોહ તરીકે આગ ભડકાવવાનું કામ સ્ત્રી કે પુરુષ કરતા હોય છે. આ તો દુનિયાનો પ્રથમ લગ્ન ત્રિકોણ સર્જાઇ રહ્યો છે.' અમે લગ્નનું વિવેચન કર્યું.

બોલો, 'જબ મિંયા બીબીયાં રાજી તો કયા કરેંગા કુંવારા રાજુ કાજી?!' ■

# આરસીબીના ફાસ્ટ બોલર યશ દયાલ વિરુદ્ધ મહિલાનો જાતીય સતામણીનો આક્ષેપ

લખનઊ: આઇપીએલની નવી ચૅમ્પિયન ટીમ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) તેમ જ ગુજરાત ટાઇટન્સ વતી રમી ચૂકેલા લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર યશ દયાલ વિરુદ્ધ ઉત્તર પ્રદેશમાં એક મહિલાએ જાતીય સતામણી તેમ જ માનસિક અને શારીરિક હુમલાનો આક્ષેપ કર્યો હોવાનું કેટલાક અહેવાલોમાં જણાવાયું હતું.

૧૯૯૭માં અલાહાબાદમાં જન્મેલો યશ દયાલ ૨૭ વર્ષનો છે. તેણે ૨૭ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૮૪ વિકેટ લીધી છે.

યશ દયાલ વિરુદ્ધનો મામલો ગંભીર બની ગયો છે જેનું મુખ્ય કારણ એ છે કે તેની વિરુદ્ધ સત્તાવાર રીતે એફઆઇઆર નોંધવામાં આવી છે. એ ઉપરાંત, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના કાર્યાલયને સત્તાવાર ફરિયાદ મોકલવામાં આવી છે. સ્થાનિક સ્તરે આજીજી અવગણવામાં આવતાં તેણે (મહિલાએ) સત્તાવાળાઓનો સંપર્ક કર્યો છે.

એફઆઇઆરમાં જણાવાયું છે કે તે અને યશ દયાલ પાંચ વર્ષથી રિલેશનશિપમાં હતા અને એ સમયગાળા દરમ્યાન તે તેના પરિવારને પણ મળી હતી. મહિલાએ આક્ષેપમાં જણાવ્યું છે કે યશ દયાલે રિલેશિપશિપ દરમ્યાન તેનું માનસિક, શારીરિક અને આર્થિક રીતે શોષણ કર્યું હતું. જોકે જ્યારે મહિલાને દયાલની ખરી દાનતની જાણ થઈ ત્યારે સંબંધો બગડી ગયા હતા અને દયાલે મારપીટ કરી હોવાનું મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે. મહિલાએ ફરિયાદની સાથે પુરાવા તરીકે મોબાઇલ પરના ચૅટ્સ, સ્ક્રીનશૉટ્સ અને વીડિયો કૉલ્સની વિગતો મોકલી છે અને દયાલને કાયદા મુજબ સજા કરવાની માગણી કરી છે.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરાયા છે કે યશ દયાલની અન્ય કેટલીક સ્ત્રીઓ સાથે પણ રિલેશનશિપ હતી જેને પગલે તેણે દયાલ વિરુદ્ધ કાનૂની પગલું ભરવાનું નક્કી કર્યું હતું.

આક્ષેપોને પગલે શરૂઆતમાં યશ દયાલનું કોઈ જ સત્તાવાર નિવેદન બહાર નથી આવ્યું. ■



# સ્મૃતિની વિક્રમજનક સેન્ચુરીએ જિતાડ્યા

## સ્પિનર શ્રી ચરનીનો ડેબ્યૂમાં જ તરખાટ

નૉટિંગમ: ઇંગ્લૅન્ડમાં ભારતના સિનિયર ક્રિકેટરો સિરીઝની પ્રથમ ટેસ્ટ હારી ગયા બાદ ભારતના જુનિયર ક્રિકેટરોએ શુક્રવારે ઇંગ્લૅન્ડની ટીમ સામે વન-ડેમાં વિજય મેળવ્યો અને ત્યાર બાદ શનિવારે ભારતની મહિલા ટીમે પહેલી ટી-૨૦માં ઇંગ્લૅન્ડની વિમેન્સ ટીમને ૯૭ રનથી સજ્જડ હાર આપી હતી. ઇંગ્લિશ મહિલા ટીમની આ સૌથી ખરાબ હાર છે. બૅટિંગમાં કૅપ્ટન અને પ્લેયર ઑફ ધ મૅચ સ્મૃતિ મંધાના (૧૧૨ રન, ૬૨ બૉલ, ત્રણ સિક્સર, પંદર ફોર)નો અને બોલિંગમાં શ્રી ચરની (૩.૫-૦-૧૨-૪)નો સર્વોત્તમ દેખાવ હતો. ૨૦ વર્ષીય લેફ્ટ-આર્મ સ્પિનર ચરનીની આ પહેલી જ ટી-૨૦ મૅચ હતી. સ્મૃતિ ભારતીય મહિલા ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર પહેલી ખેલાડી છે. ઇંગ્લૅન્ડની ટીમ ૨૧૧ રનના લક્ષ્યાંક સામે ૧૪.૫ ઓવરમાં માત્ર ૧૧૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. દીપ્તિ શર્મા અને રાધા યાદવે બે-બે વિકેટ લીધી હતી. મુખ્ય કૅપ્ટન હરમનપ્રીત કૌર પ્રૅક્ટિસમાં માથામાં ઈજા થતાં આ મૅચમાં નહોતી રમી. મંધાના અને હર્લીન (૪૩ રન) વચ્ચે ૯૪ રનની ભાગીદારી થઈ હતી. ■

# અમે નીચલા ક્રમના બૅટ્સમેનોએ નેટમાં તનતોડ બૅટિંગ-પ્રૅક્ટિસ કરી છે: પ્રસિદ્ધ ક્રિષ્ના

## પેસ બોલરે પોતાના કંગાળ પર્ફોર્મન્સની જવાબદારી સ્વીકારતા કહ્યું, ‘હવે સારું રમી દેખાડીશ’

બર્મિંગમ: અહીં એજબૅસ્ટનમાં બુધવાર, બીજી જુલાઈએ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી બીજી ટેસ્ટ મૅચ માટે ભારતીય ખેલાડીઓ પૂર્વતૈયારીઓ કરવામાં ખૂબ મહેનત કરી રહ્યા છે અને એમાંની એક ખાસ પૂર્વતૈયારી નીચલા ક્રમના બૅટ્સમેનોની બૅટિંગને લગતી છે જે બાબતમાં પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ કહ્યું છે કે ‘બીજી ટેસ્ટમાં અમે નીચલી હરોળના બૅટ્સમેનો બૅટિંગમાં સારો પર્ફોર્મન્સ આપી શકીએ એ માટે નેટમાં અમે ખૂબ મહેનત કરી છે.’

ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીના બૅનરમાં રમાતી સિરીઝમાં કુલ પાંચ ટેસ્ટ રમાશે. લીડ્સની પ્રથમ ટેસ્ટમાં ભારતના બન્ને દાવ મળીને કુલ પાંચ સેન્ચુરી થઈ હતી છતાં ભારતનો પરાજય થયો જે અણગમતો વર્લ્ડ રેકૉર્ડ છે. બેઉ દાવ મળીને કુલ ૮૩૫ રન કરવા છતાં ઇંગ્લૅન્ડે ભારતને પરાજિત કરીને સિરીઝમાં ૧-૦થી સરસાઈ લઈ લીધી.



### બન્ને દાવમાં લોઅર ઑર્ડર સાવ ફ્લૉપ

લીડ્સમાં ટેસ્ટની પ્રથમ ઇનિંગ્સમાં ભારતનો સ્કોર એક તબક્કે ૩/૪૩૦ હતો, પણ પછીની સાત વિકેટ માત્ર ૪૧ રનમાં પડી હતી. બીજા દાવમાં એક તબક્કે સ્કોર ૪/૩૩૩ હતો અને બાકીની છ વિકેટ ૩૧ રનમાં પડી ગઈ હતી. પહેલા દાવમાં ભારતે ૪૭૧ રન અને બીજા દાવમાં ૩૬૪ રન કર્યા હતા. ખાસ કરીને બીજા દાવમાં જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના શૂન્યમાં આઉટ થયા હતા. બન્ને દાવમાં પૂછડિયા બૅટસમેન ઉપરાંત મિડલ-ઑર્ડરના બે બૅટ્સમેન પણ સારું નહોતા રમ્યા.

પહેલી અને બીજી ઇનિંગ્સમાં છેલ્લા છ-છ બૅટસમેનના સ્કોર આ મુજબ હતા: કરુણ નાયર (૦ અને ૨૦ રન), રવીન્દ્ર જાડેજા (૧૧ રન અને પચીસ અણનમ), શાર્દુલ ઠાકુર (૧ રન અને ૪ રન), જસપ્રીત બુમરાહ (૦ અને ૦), મોહમ્મદ સિરાજ (૩ અણનમ અને ૦), પ્રસિદ્ધ ક્રિષ્ના (૧ રન અને ૦).

### અમે હવે સમજીને બૅટિંગ કરીશું: ક્રિષ્ના

ક્રિષ્નાએ નેટ સેશન વિશે પત્રકારોને એવું પણ કહ્યું હતું કે ‘અમે વધુ સમજદારીથી બૅટિંગ કરવા મક્કમ છીએ અને એ માટે અમે ખૂબ પ્રૅક્ટિસ કરી રહ્યા છીએ. અમને નીચલા ક્રમના બૅટ્સમેનને ખાતરી છે કે અમે બૅટિંગ સુધારી શકીશું. અમે નક્કી કર્યું છે કે સમજીને રમવું, વધુ સમય ક્રીઝમાં ટકી રહેવું અને બને એટલા રન બનાવવા.’

### ગિલની કૅપ્ટન્સીની પ્રશંસામાં શું કહ્યું?

પ્રસિદ્ધ ક્રિષ્નાએ પત્રકારોને શુભમન ગિલ વિશેના સવાલના જવાબમાં કહ્યું, ‘તેણે કૅપ્ટન્સી બહુ સારી રીતે સંભાળી. આપણે સૌએ જોયું કે તેણે બોલિંગમાં સારા ફેરફારો કર્યા હતા. દરેક બોલરને પૂરતો બ્રેક મળે એની તેણે તકેદારી રાખી હતી અને યોગ્ય સમયે યોગ્ય બોલરને તે મોરચા પર લાવ્યો હતો.’

### આઈપીએલના સુપરસ્ટારે આપ્યા ૨૨૦ રન

આ વખતની આઇપીએલમાં સૌથી વધુ પચીસ વિકેટ લઈને ‘પર્પલ કૅપ’ જીતી લેનાર પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાની બોલિંગમાં બન્ને દાવ મળીને કુલ ૨૨૦ રન થયા હતા. પહેલા દાવમાં તેને ત્રણ વિકેટ ૧૨૮ રનના ખર્ચે અને બીજા દાવમાં બે વિકેટ ૯૨ રનના ખર્ચે મળી હતી. ખુદ ક્રિષ્નાએ શનિવારે પત્રકારોને કહ્યું, ‘હું સતતપણે યોગ્ય લેન્ગ્થમાં બોલિંગ ન કરી શક્યો એનું મને દુઃખ છે. હું કબૂલ કરું છું, એમાં હું નિષ્ફળ રહ્યો. પહેલા દાવમાં મારે જેવા શૉર્ટ બૉલ ફેંકવા જોઈતા હતા એવા નહોતો ફેંકી શક્યો. ઘણી વાર વધુ પડતા શૉર્ટ બૉલ ફેંક્યા હતા. છથી આઠ શૉર્ટ બૉલ યોગ્ય કહેવાય, પણ એવું નહોતું થયું. હું સ્વીકારું છું કે ઘણી વાર મારી લાઇન અને લેન્ગ્થ પરફેક્ટ નહોતી. મને એ જ ભારે પડ્યું. બીજા દાવમાં મારે વધુ સારી લેન્ગ્થમાં બોલિંગ કરવી જોઈતી હતી. હું ભૂલ સ્વીકારું છું. હવે પછી સારી બોલિંગ કરીશ.’

ક્રિષ્નાએ પ્રથમ દાવમાં ઑલી પૉપ (૧૦૬), હૅરી બ્રૂક (૯૯) અને જૅમી સ્મિથ (૪૦)ની વિકેટ લીધી હતી. બીજા દાવમાં તેને ઝૅક ક્રૉવ્લી (૬૫) અને ઑલી પૉપ (૮)ની વિકેટ મળી હતી. ■

# હૉકીમાં ભારત-પાકિસ્તાન એક જ ગ્રૂપમાં


## યજમાન તામિલનાડુના ચેન્નઈ-મદુરાઈમાં સલામતીનો મુદ્દો વિવાદાસ્પદ થઈ શકે

લૉઝેન (સ્વિટ્ઝરલૅન્ડ): પુરુષોની હૉકીનો જુનિયર વર્લ્ડ કપ આગામી ૨૮મી નવેમ્બરથી ૧૦મી ડિસેમ્બર સુધી તામિલનાડુના ચેન્નઈ અને મદુરાઈ શહેરમાં યોજાશે અને એ સ્પર્ધામાં ભાગ લેનાર ૨૪ દેશની ટીમોને વિવિધ ગ્રૂપમાં વહેંચવા માટેનો કાર્યક્રમ અહીં શનિવારે હૉકીની વિશ્વસંસ્થા (એફઆઇએચ)ના વડા મથક ખાતે યોજાયો હતો જેમાં ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં મૂકવામાં આવ્યા હતા.

ભારત આ જુનિયર હૉકી સ્પર્ધાનું યજમાન છે, જ્યારે ભારત માટે પાકિસ્તાન એક નંબરનો દુશ્મન-દેશ છે એ જોતાં બન્ને દેશ વચ્ચેનો હૉકીનો મુકાબલો અત્યારથી જ ચર્ચાનું કેન્દ્ર બનશે. પાકિસ્તાનની મૅચો ચેન્નઈ અને મદુરાઈમાં રમાશે. પાકિસ્તાની ટીમ ભારતમાં પ્રવેશશે ત્યારે તેમની વિરુદ્ધ પ્રચંડ દેખાવો થશે એમાં કોઈ શંકા નથી. એ જોતાં દુશ્મન દેશની ટીમની સલામતીનો મુદ્દો અગ્રસ્થાને રહેશે.

ગયા મહિને ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું જેમાં ભારતે પાકિસ્તાનમાં ઊભા કરવામાં આવેલા આતંકવાદી મથકો ઉડાવી દીધા હતા તેમ જ પાકિસ્તાનના હવાઈ દળના મથકોને પણ ભારે નુકસાન કર્યું હતું. ભારતના જોરદાર આક્રમણ સામે પાકિસ્તાને ઘૂંટણિયા ટેકવ્યા હતા અને ત્રણ જ દિવસમાં યુદ્ધવિરામ માટેની કાકલૂદી ભારત સમક્ષ કરી હતી. પહલગામ પરના આતંકવાદી હુમલાના જવાબમાં ભારતના સશસ્ત્ર દળોએ ‘ઑપરેશન સિંદૂર’ હેઠળ આ અસરદાર અને દમદાર કાર્યવાહી કરી હતી. જોકે પાકિસ્તાન હજી પણ ભારત-વિરોધી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે એ જોતાં નવેમ્બર-ડિસેમ્બરની હૉકી સ્પર્ધાની ભારત-પાકિસ્તાન મૅચ સતતપણે વિવાદમાં રહેશે.

પુરુષોની હૉકીમાં પહેલી જ વખત ૨૪ દેશની ટીમ ભાગ લેશે. ભારત-પાકિસ્તાનવાળા ગ્રૂપમાં ચિલી અને સ્વિટઝરલૅન્ડ પણ છે. જર્મની હાલમાં જુનિયર હૉકી વર્લ્ડ ચૅમ્પિયન છે. ૨૦૨૩માં જર્મનીએ ફાઇનલમાં ફ્રાન્સને ૨-૧થી હરાવ્યું હતું.



### જુનિયર હૉકી વર્લ્ડ કપમાં કયા ગ્રૂપમાં કયા દેશની ટીમ

પૂલ ‘ એ’: જર્મની, સાઉથ આફ્રિકા, કૅનેડા, આયરલૅન્ડ

પૂલ ‘ બી’: ભારત, પાકિસ્તાન, ચિલી, સ્વિટઝરલૅન્ડ

પૂલ ‘ સી’: આર્જેન્ટિના, ન્યૂ ઝીલૅન્ડ, જાપાન, ચીન

પૂલ ‘ ડી’: સ્પેન, બેલ્જિયમ, ઇજિપ્ત, નામિબિયા

પૂલ ‘ ઇ’: નેધરલૅન્ડ્સ, મલયેશિયા, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રિયા

પૂલ ‘ એફ’: ફ્રાન્સ, ઑસ્ટ્રેલિયા, કોરિયા, બાંગ્લાદેશ ■

# ‘મને ડર છે, બુમરાહે એક દિવસમાં ૫૦ ઓવર બોલિંગ ન કરવી પડે તો સારું...’ શોએબ અખ્તરે સિલસિલાબંધ ટકોર કરી

કરાચી: લીડ્સમાં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતનો પાંચ વિકેટથી પરાજય થયો, પણ એ મૅચના પહેલા દાવમાં પાંચ વિકેટ લેનાર જસપ્રીત બુમરાહ વિશે પાકિસ્તાનના એક સમયના ફાસ્ટેસ્ટ બોલર શોએબ અખ્તરે કેટલાંક મહત્ત્વનાં નિવેદનો કર્યાં છે અને તેના વર્કલૉડ મૅનેજમેન્ટની બાબતમાં અમુક ટકોર પણ કરી છે. આખી મૅચમાં ભારતે કુલ ૮૩૫ રન અને ઇંગ્લૅન્ડે ૮૩૮ રન કર્યા હતા અને કુલ મળીને ૧,૬૭૩ રનવાળી આ ટેસ્ટમાં એકમાત્ર બુમરાહની બોલિંગ સૌથી કપરા સમયની અને સૌથી વધુ અસરદાર હતી.




‘રાવલપિંડી એક્સપ્રેસ’ તરીકે જાણીતા શોએબ અખ્તરે એક મુલાકાતમાં બુમરાહને દુનિયાના સૌથી કર્તવ્યનિષ્ઠ બોલર તરીકે ઓળખાવતા કહ્યું છે, ‘જે ટેસ્ટમાં ૧૬૦૦-પ્લસ રન બન્યા એમાં બુમરાહે કમાલની બોલિંગ કરી. તેની સામે બાકીના તમામ બોલર ઍવરેજ બોલર લાગતા હતા. પહેલા દાવમાં બુમરાહે ૨૪ ઓવર બોલિંગ કરી જેમાં તેણે ૮૩ રનના ખર્ચે પાંચ વિકેટ લીધી હતી. જરા વિચારો, બુમરાહે પીઠની સમસ્યા છતાં એક ઇનિંગ્સમાં ૨૪ ઓવર બોલિંગ કરી અને પાંચ વિકેટ લીધી. તેણે શાનદાર બોલિંગ કરી. રિયલી...રિયલી...ગુડ. એક દાવમાં ૨૪ ઓવર બોલિંગ કરવી આસાન કામ નથી અને એમાં પણ પાંચ વિકેટનો તરખાટ મચાવવો. કપરા કાળમાં અને શારીરિક સમસ્યા છતાં આવી બોલિંગ કરવા માટે શક્તિ જોઈએ. આ કોઈ જેવીતેવી વાત નથી.’

ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર બુમરાહને વર્તમાન ક્રિકેટના સૌથી ઑનેસ્ટ બોલર તરીકે ઓળખાવતા શોએબ અખ્તરે કહ્યું, ‘આ બોલર પોતાનું કર્તવ્ય પૂર્ણ કરવાની બાબતમાં ઑનેસ્ટ છે. તે જવાબદારી ઉપાડી લે છે અને પર્ફોર્મ કરીને બતાવે છે. લીડ્સની ટેસ્ટમાં બુમરાહને છોડીને બીજો કોઈ બોલર પ્રભાવ નહોતો પાડી શક્યો. એકંદરે બુમરાહને બાદ કરતા બાકીનું બોલિંગ-સ્તર ઊતરતી કક્ષાનું હતું. આ ટેસ્ટ મૅચ હતી અને એમાં દુનિયાની બે ટોચની ટીમ રમી રહી હતી અને એમાં બોલર્સનો નબળો પર્ફોર્મન્સ જોઈને મને ખૂબ દુઃખ થયું.’

ભારતના બે દાવમાં કુલ પાંચ સેન્ચુરી થઈ છતાં ભારતે પરાજય જોવો પડ્યો જે નવો અણગમતો વિક્રમ છે. બ્રિટિશ ઓપનર બેન ડકેટ (૬૨ રન અને ૧૪૯ રન)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

શોએબે ખાસ કરીને બુમરાહ (પહેલા દાવમાં ૨૪.૪-૫-૮૩-૫ અને બીજા દાવમાં ૧૯-૩-૫૭-૦))ના વર્કલૉડ મૅનેજમેન્ટના મુદ્દે સવાલ ઉઠાવતાં કહ્યું, ‘શું આને વર્કલૉડ મૅનેજમેન્ટ કહેવાય? બુમરાહે એક ઇનિંગ્સમાં ૨૪ ઓવર બોલિંગ કરવી પડી. વર્કલૉડ મૅનેજમેન્ટ એને કહેવાય જેમાં સામા છેડેથી પણ એક કે બે બોલર હરીફ બૅટ્સમેનો પર માનસિક દબાણ ચાલુ રાખે. ભારત પાસે સિરાજ અને શાર્દુલ પણ હતા, પરંતુ એવો બીજો એક બોલર પણ ટીમમાં હોવો જોઈએ જેનામાં મૅચ જિતાડવાની તાકાત હોય. બુમરાહનું વર્કલૉડ મૅનેજ કરવું છે તો તેની સાથે બીજા બે અસરદાર બોલર પણ રાખો. બુમરાહ પાસે એક દિવસમાં વધુમાં વધુ કેટલી ઓવર બોલિંગ કરાવવાની છે એ પણ નક્કી હોવું જોઈએ. તમારે બુમરાહને કહી દેવું જોઈએ કે જો જસ્સી, તારે એક દિવસમાં વધુમાં વધુ ૧૬ ઓવર બોલિંગ કરવાની છે. એનાથી વધુ નહીં. એને જ વર્કલૉડ મૅનેજમેન્ટ કહેવાય. લીડ્સ જેવું જ ચાલુ રહેશે તો થઈ રહ્યું વર્કલૉડ મૅનેજમેન્ટ. મને તો ડર છે કે એક દિવસ બુમરાહ પાસે ક્યાંક ૫૦ ઓવર બોલિંગ ન કરાવાય તો સારું.’

ઉલ્લેખનીય છે કે બુમરાહે આ સિરીઝમાં તમામ પાંચ ટેસ્ટ નહીં રમવાનું અને કુલ ફક્ત ત્રણ ટેસ્ટ રમવાનું જ જે નક્કી કર્યું છે એના ભાગરૂપે તે બુધવાર, બીજી જુલાઈએ શરૂ થનારી બીજી ટેસ્ટમાં કદાચ નહીં રમે. તેના સ્થાને લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને ઇલેવનમાં કદાચ સમાવવામાં આવશે. એ ટેસ્ટ એજબૅસ્ટનમાં રમાશે જ્યાં ભારત અત્યાર સુધીમાં એક પણ ટેસ્ટ નથી જીતી શક્યું. ■

# ઑસ્ટ્રેલિયા ત્રણ જ દિવસમાં ટેસ્ટ જીતી ગયું

બ્રિજટાઉન: ઑસ્ટ્રેલિયા વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ત્રીજી સીઝનમાં સાઉથ આફ્રિકા સામેની ફાઈનલ થોડા જ દિવસ પહેલાં હારી ગયું, પણ શુક્રવારે પૅટ કમિન્સની ટીમે નવી ડબ્લ્યૂટીસીની સીઝનમાં સતત ચોથી ટેસ્ટ જીતીને મોખરાનું સ્થાન મેળવી લીધું હતું. અહીં બ્રિજટાઉનમાં ઑસ્ટ્રેલિયાએ વેસ્ટ ઇન્ડીઝને ત્રણ જ દિવસની અંદર ૧૫૯ રનના માર્જિનથી હરાવી દીધું હતું. ડબલ્યૂટીસીમાં શુક્રવાર સુધી ઇંગ્લૅન્ડ પ્રથમ ક્રમે હતું. વેસ્ટ ઈન્ડિઝને જીતવા માટે ૩૦૧ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ યજમાન ટીમ ફક્ત ૧૪૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ત્રીજા દિવસની રમત પૂરી થવાની છેલ્લી ક્ષણો બાકી હતી. અંતિમ ઓવરના ચાર બૉલ ફેંકાવાના બાકી હતા અને કૅરિબિયનોનો સ્કોર ૮/૧૪૧ હતો. જૉશ હૅઝલવૂડે (૧૨-૩-૪૩-૫) એ આખરી ઓવરના ત્રીજા બૉલમાં શમાર જોસેફ (૪૪ રન)ની વિકેટ લીધી હતી અને ચોથા બૉલમાં જેડન સીલ્સ (૦)ને પણ આઉટ કરીને ઑસ્ટ્રેલિયાને રોમાંચક વિજય અપાવ્યો હતો. પહેલા દાવમાં ૫૯ રન અને બીજા દાવમાં ૬૧ રન કરનાર ટ્રૅવિસ હેડને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

## દેશ-વિદેશ

# કોલકાતા ગેંગરેપ કેસની તપાસ માટે પાંચ સભ્યની ‘સિટ’ની રચના

કોલકાતા : દક્ષિણ કોલકાતાસ્થિત લૉ કૉલેજના કેમ્પસમાં ફર્સ્ટ ‘યરની વિદ્યાર્થિની સાથે ૨૫ જૂને ગેંગરેપ થવાના સમાચારથી હાહાકાર મચી ગયો હતો. આ કેસમાં મુખ્ય આરોપી સહિત કુલ ચાર ઈસમની ધરપકડ કરવામાં આવી હતી. આમાં કૉલેજના ત્રણ વિદ્યાર્થી અને એક ગાર્ડનો સમાવેશ થાય છે.

કોલકાતા પોલીસે લૉ કૉલેજ ગેંગરેપ કેસની તપાસ કરવા એસપી પ્રદીપ કુમાર ઘોષાલની દેખરેખમાં પાંચ સભ્યની સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરવામાં આવી છે. આ કેસમાં મુખ્ય આરોપી સહિત ચાર ઈસમની ધરપકડ કરવામાં આવી છે. મોનોજિત ઉપરાંત ત્રણ અન્ય આરોપીમાં દક્ષિણ કોલકાતા લૉ કૉલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થી જૈબ અહમદ, દ્વિતીય વર્ષના વિદ્યાર્થી પ્રમિત મુખરજી અને સિક્યોરિટી ગાર્ડ પિનાકી બેનર્જીનો સમાવેશ થાય છે.

અદાલતે બધા આરોપીને એક જુલાઈ સુધી પોલીસ રીમાન્ડ આપ્યા છે. પીડિતાના વકીલે કહ્યું હતું કે મારા અસીલ સાથે પહેલાં કૉલેજ કેમ્પસમાં છેડતી થઈ હતી. આરોપી તેને ત્યાંથી ઘસડીને સિક્યોરિટ ગાર્ડની રૂમમાં લઈ ગયો હતો. ત્યાં તેની સાથે ગેંગરેપ કરવામાં આવ્યો હતો. વકીલે કહ્યું હતું કે ધરપકડ કરવામાં આવેલો મુખ્ય આરોપી મોનોજિત મિશ્ર રાજકીય જોડાણને લીધે ઘણો પ્રભાવશાળી છે. મોનોજિત કૉલેજના તૃણમૂલ કૉંગ્રેસ સ્ટુડન્ટ્સ ફેડરેશનના ભૂતપૂર્વ અધ્યક્ષ છે. કહેવાય છે કે તે ટીએમસીના વિદ્યાર્થી સંગઠનના દક્ષિણ કોલકાતા વિંગના સચિવ છે.

પોલીસે કેસની તપાસમાં વધુ ધરપકડ કરવાની સંભાવના નકારી નથી. આરજી કર મેડિકલ કૉલેજમાં ટ્રેની મહિલા ડૉક્ટર સાથે બળાત્કારની ઘટના પછી આ બનાવને લીધે બંગાળમાં રાજકીય નિવેદનબાજી જોર પકડી છે. ભાજપના આઈટી સેલના પ્રમુખ અમીત માલવિયાએ આ ઘટનાને ભયંકર ગણાવી હતી અને આને માટે તૃણમૂલ કૉંગ્રેસની સરકારને જવાબદાર ઠરાવી હતી. તેમણે કહ્યું હતું કે બંગાળમાં દરરોજ જઘન્ય અપરાધ સામે આવે છે. ■

# કેરળના પ્રધાને ‘ભારત માતા’ના ચિત્રને ‘ધાર્મિક છબી’ ગણાવી

## રાજ્યપાલ પર બંધારણનું ઉલ્લંઘન કરવાનો આક્ષેપ કર્યો

કોઝિકોડ : કેરળના સામાન્ય શિક્ષણ પ્રધાન વી. શિવનકુટ્ટીએ શનિવારે રાજભવનમાં સત્તાવાર કાર્યક્રમો દરમિયાન ભારત માતાનું ચિત્ર પ્રદર્શિત કરવા બદલ રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરની આકરી ટીકા કરી હતી અને આ કૃત્યને બંધારણીય ધોરણોનું ‘‘ખુલ્લું ઉલ્લંઘન’’ ગણાવ્યું હતું.

પ્રધાને ભગવો ધ્વજ ધરાવતી ભારત માતા દર્શાવતા ચિત્રને ‘‘ધાર્મિક છબી’’ પણ ગણાવી હતી. બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિએ સત્તાવાર કાર્યક્રમો દરમિયાન આવી છબીની પૂજા કરવી એ ‘‘બંધારણના મૂળભૂત સિદ્ધાંતોને તોડી પાડવા સમાન છે,’’ એમ તેમણે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

રાજભવનના કાર્યક્રમોમાં ભારત માતાનું ચિત્ર પ્રદર્શિત કરવાના નિર્ણયને લઈને કેરળમાં તીવ્ર શબ્દયુદ્ધ અને શેરીમાં વિરોધ પ્રદર્શનની પૃષ્ઠભૂમિ સામે શિવનકુટ્ટીનું આ નિવેદન આવ્યું છે. એમણે રાજભવનમાં આયોજિત એક સત્તાવાર કાર્યક્રમનો બહિષ્કાર કરવાના તેમના તાજેતરના નિર્ણયને પણ યોગ્ય ઠેરવ્યો હતો.

એક પ્રશ્નના જવાબમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશની પ્રસ્તાવના તેને ધર્મનિરપેક્ષ લોકશાહી પ્રજાસત્તાક જાહેર કરે છે. બંધારણની વિવિધ કલમોનો ઉલ્લેખ કરીને, તેમણે કહ્યું કે બંધારણીય પદો ધરાવતા લોકો દ્વારા સરકારી કાર્યક્રમોમાં કોઈપણ ધાર્મિક પ્રથાનો પ્રચાર પ્રતિબંધિત છે.

આ કલમો ધાર્મિક બાબતોમાં રાજ્યની તટસ્થતાને ફરજિયાત બનાવે છે.

‘‘તેથી, રાજ્યપાલનું આ પગલું ભારતીય બંધારણના ધર્મનિરપેક્ષ સ્વભાવ પર સ્પષ્ટ હુમલો છે. આ માત્ર પ્રોટોકોલનું ઉલ્લંઘન નથી, પરંતુ બંધારણ દ્વારા ખાતરી આપવામાં આવેલા ધર્મનિરપેક્ષ મૂલ્યોને પણ નબળી પાડે છે,’’ એમ શિવનકુટ્ટીએ કહ્યું. ■

# થાઈલૅન્ડનાં વડાં પ્રધાનનાં રાજીનામાની માગણીના સમર્થનમાં બેંગકોકમાં દેખાવો

બેંગકોક : થાઈલૅન્ડનાં વડાં પ્રધાન પૈટોંગટાર્ન શિનાવાત્રાનાં રાજીનામાની માગણીના સમર્થનમાં રાજધાની બેંગકોકમાં સેંકડો દેખાવખારો ભેગા થયા હતા. પૈટોંગટાર્ન અને કંબોડિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન હુન સેન સાથેના ફોન કોલની વાતચીત લીક થતાં મોટો રાજકીય વિવાદ થયો છે. થાઈલૅન્ડનાં સૌથી યુવાન વડાં પ્રધાન કંબોડિયા સાથેના સીમાવિવાદને જે રીતે હાથ ધર્યો છે તેનાથી લોકોમાં નરાજગી ફેલાઈ છે. ૨૮ મેએ થાઈલૅન્ડની કંબોડિયા સાથે સશસ્ત્ર અથડામણ થઈ હતી. નાના છમકલામાં કંબોડિયાનો એક જવાન માર્યો ગયો હતો. આ અથડામણને પગલે શ્રેણીબદ્ધ તપાસ વડા પ્રધાન સામે શરૂ કરવામાં આવી હતી જેના પરિણામે તેમને પદ પણ કદાચ છોડવું પડે.

દેખાવકારોએ રાષ્ટ્રીય ધ્વજ હાથમાં લઈને સેન્ટ્રલ બેંગકોકના વિજય સ્મારકની આસપાસની ગલીઓમાં ઉમટયા હતા. સ્મારકની નીચે મોટો મંચ ઊભો કરવામાં આવ્યો હતો. દેખાવકારોએ બેસીને વક્તાઓને સાંભળ્યા હતા.તાજેતરના સીમાવિવાદને પગલે આ દેખાવકારોએ કહ્યું હતું કે પોતાના દેશ પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવા તેઓ ભેગા થયા છે.

વિરોધ પ્રદર્શનમાં જાણીતા આગેવાન નેતાઓએ ભાગ લીધો હતો જે યલો શર્ટ નામથી ઓળખાતા જૂથ સા થે સંકળાયેલા છે. આ પીળો રંગ સૂચવે છે કે તેઓ થાઈ શાહી ખાનદાનને વફાદાર છે. આ જૂથ પૈંટોગટાર્નના પિતા અને ભૂતપૂર્વ વડા પ્રધાન થાકસિન શિનવાત્રાનું જૂના દુશ્મન છે. તેમની રૅલી અનેક વાર હિંસક બની છે અને ૨૦૦૬ અને ૨૦૧૪માં લશ્કરી બળવા તરફ દોરી ગઈ છે જેથી થાકસિન અને પૈંટોગટાર્નની કાકી અને ભૂતપૂર્વ વડા પ્રધાન યિન્ગલક શિનવાત્રાની હકાલપટ્ટી થઈ હતી.

વિવાદાસ્પદ ફોન કોલમાં પૈંટોગટાર્ન કંબોડિયાના હાલના સેનેટના પ્રમુખ અને તેમના પિતાના લાંબા સમયના મિત્ર હુન સેનને કહે છે કે તેઓ થાઈલૅન્ડના ‘વિરોધી’ને ન સાંભળે. આમાં રીજનલ થાઈ આર્મી કમાન્ડરનો ઉલ્લેખ છે જેઓ અથડામણ થઈ ત્યારે એ વિસ્તારના ઈન્ચાર્જ હતા. આ કમાન્ડરે સીમાવિવાદ માટે જાહેરમાં કંબોડિયાની ટીકા કરી હતી.

હુન સેને શનિવારે એવો સંકલ્પ લીધો હતો કે તેઓ પોતાના દેશના ક્ષેત્રને વિદેશી હુમલાખોરોથી બચાવશે. તેમણે આલોચના કરતાં કહ્યું હતું કે ગયા મહિને થાઈલૅન્ડના દળોએ હુમલો કર્યો હતો. (એજન્સી)■

## ૪. ધાર્મીક સંબંધી

**ભાગવત કથા- મેડિકલ- શૈક્ષણિક પ્રોજેક્ટ**
સમદર્શન સેવા પરિવાર, સાન્તાક્રુઝ, (ફંડ રેઝીન્ગ ઈવેન્ટ, 80G- CSR) ગીતા પ્રવચન, ભાગવત કથા, શ્રીવિષ્ણુસહસ્ત્રનામસ્ત્રોતમ્, વ્યાસપીઠ, પૂ. ઈશ્વરચંદ્ર વ્યાસ 26 નવેમ્બરથી ૩ ડિસેમ્બર, 2025, 8 દિવસ, ''ત્રયોદશ જ્યોતિર્લિંગ તિર્થ'', બરૂમલ, ધરમપુર, વલસાડ (વેબસાઈટ જોવો) AC રૂમ, તમામ ભોજન, મુખ્ય યજમાન, પોથીજી, ઉત્સવ, હવન, યજમાનશ્રી સંપર્ક- 9324250850. (૪૮-એ)

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**
રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૫૦)

## ૯. લગ્ન સંબંધી

■ યુવક US સીટીઝન, જૂન 1997, 6'1", ડબલ માસ્ટર એન્જિનિયરીંગ માટે US સીટીઝન, ગ્રીન કાર્ડ, H1B કન્યા આવકાર્ય. વોટ્સએપ- 9322847496 (મુંબઈ)/ 18178961574 (અમેરિકા). (દહેજ નહીં) (૪૨-સી)

## ૯. લગ્ન સંબંધી

**45થી ઉપરની**
**વયના મહિલા/ પુરુષો જીવનસાથી માટે પરિચય કેન્દ્ર- 9324570328. (દહેજ નહીં). (બી-૧૬૧૮૬)**

**બ્રાહ્મણ સેવા સમાજ**
49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.). (૧૫૯૫૪-એ)

■ અલ્ટ્રામોર્ડન ભાઈ બહેનો સર્વ જ્ઞાતિના વિધવા, વિધુર, સુખી લગ્ન જીવન માટે તરત જ મળો 9377992110, 9867510027. (દહેજ નહીં). (બી-૧૬૧૪૬)

**દિશાવાળ મેરેજ બ્યુરો**
**સમસ્ત વૈષ્ણવ પરિવાર માટે યોગ્ય જીવનસાથી શોધવા સંપર્ક કરો. નિર્મલભાઈ શાહ 9321325575 (સાંજે ૬થી ૯), સેજલબેન શાહ 9769995455 (સવારે ૧૧થી ૧) ટુંક સમયમાં ફક્ત મેમ્બર માટે પરિચય મેળો યોજવામાં આવશે. (દહેજ નહીં.). (એસડીબી-૨૭૦૯)**

**રૂપેશ મુલજીભાઈ**
ચર્ચગેટવાળા, ૬૪ વર્ષોથી ચાલતું ઈન્ડિયા એબ્રોડનાં પાત્રો (વાપી)માં પણ 9324534747. (દહેજ નહીં). (૧૫૯૮૯-એ)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫-બી)


## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722


## ૯. લગ્ન સંબંધી

■ CA 1991 5'4" હેન્ડસમ બ્રાહ્મણને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551 (દહેજ નહીં). (૫૮-સી)

■ ભીવંડીમાં 1973 વેલસેટ બિઝનેસ ધરાવતા જૈન વિધુરને યુવતી આવકાર્ય. 9920817551 (દહેજ નહીં). (૫૮-સી)

■ B.E. COMPUTER 1981 ઈન્ટેલીજન્ટ દેખાવડીને ક્વોલિફાઈડ વેલસેટ યુવક આવકાર્ય. 9920817551 (દહેજ નહીં). (૫૮-સી)

■ જુહુ 1978 ફેશન ડિઝાઈનર એક્ટિવ બ્યુટીફુલને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551 (દહેજ નહીં). (૫૮-સી)

■ પાર્લામાં 1984 MBA બ્યુટીફુલ એક્ટિવને વેલસેટ એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551 (દહેજ નહીં). (૫૮-સી)

■ 1978 HSC 4'10" ડાયવોર્સીને જૈન યુવક આવકાર્ય. 9920817551 (દહેજ નહીં). (૫૮-સી)

BORIVALI DOCTOR MD Boy 1986 Divorce Rajesh Rajkot 9428250002. (No Dowry) (B-16128)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ ચિરાગ- 10 ઓગસ્ટથી ઓક્ટોબરમાં ચારધામ 14/12 દિવસ 6. 9833009445. (૧૫૩૫૯-બી)

**શ્રીગણેશ યાત્રા**
**નેપાળ, પશુપતિનાથ, પોખરા, કાશી, પ્રયાગ, અયોધ્યા, દિવસ 13, ઉપડશે 8 સપ્ટેમ્બર, ડિલેક્સ હોટેલ પોતાનું રસોડું, ગ્રુપ બુકિંગ આવકાર્ય. ૯૮૨૦૧૬૪૦૦૭/ ૯૮૯૨૨૬૮૬૬૭. (૪૪-એ)**

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૪૯)

**નિઃશુલ્ક મહાબળેશ્વર**
નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે ભારે માંગને કારણે હવેથી દરરોજ પ્રસ્થાન કરશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૭૫)

## ૧૪. નોકરી ખાલી છે

**REQUIRED**
Office DTP Operator 12th Pass + Computer Knowledge, Salary - 15000/- + (Age upto 40 years), Jalaram - Borivali 9820441711/ 9820000538. (49-A)

## ૧૫. નોકરી જોઈએ છે

■ મીરા-ભાયંદરમાં હાઉસિંગ સોસાયટી બિલિંગ એકાઉન્ટ ઑડિટ મેનેજમેન્ટ માટે: 9324109312. (જેપી/૪૯૯૯-એફ)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી વેસ્ટ**
2 બેડરૂમ વેચાણથી, 85 લાખ નીગોશિયેબલ, ઈરાનીવાડી રોડ 4, ચાવલાચાલ, 10 વર્ષ પૂર્ણ ટ્રાન્સફર શક્ય. owner 9619003164. (જેપી/૪૫૦૪-ઈ)

**કાંદિવલી વેસ્ટ**
જતીન વિલા, રેડી પજેસન, OC સાથે, નવા ટાવરમાં, સારા વ્યૂવાળા 1 BHK - 2 BHK અને જોડી ફ્લેટ, ખજુરિયા ગાર્ડન અને શ્રી દ્વારકેશ હવેલી પાસે સંપર્ક 9820436340. (જેપી/૪૫૦૩-ઈ)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456 (P51800055546). (૨૩/એ)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની નજીક, રેડીમાં 4 બેડરૂમના 1567' (32500/-થી બોક્સપ્રાઈઝ). ભારત પારેખ 9920675286. (એસડીબી-૨૬૬૬)**

**ઘાટકોપર (વેસ્ટ)**
**સંભવદર્શન**
ગોપાલભવનની પાછળ એલ.બી.એસ. રોડ, ૧ બેડરૂમ હોલ કિચન-માસ્ટર બેડસાથે ફુલ્લી ફર્નીશ્ડ, પાર્કિંગ સાથે ઓનરશીપ વેચાણથી 9820888323. (૬૪-એ)

**ગામદેવી/ગોવાલીયા ટેન્ક**
બે/ત્રણ/ચાર બેડરૂમ ભાડેથી/ વેચાણથી, ફર્નિશ્ડ, હાયર ફ્લોર, પાર્કિંગ, વેજીટેરીયન, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૬૦૭૩)

**STUDIO FLATS**
1 બેડરૂમ 340' કારપેટ, 95 લાખ +, -440' કારપેટ 1.23 કરોડ+, માસ્ટર બેડરૂમ કાંદીવલી વેસ્ટ એસવી રોડ સ્ટેશનની સામે, Swastick House 9820866563. (જેપી/૪૯૯૯-બી)

**નેપિયન્સી/ પેડર/ વોર્ડન**
એક/બે/ત્રણ બેડરૂમ ભાડેથી/ વેચાણથી, હવાઉજાસ, પાર્કિંગ, વેજીટેરીયન, રેડી પજેશન 'ભરતભાઈ' 9322246950. (બી-૧૬૦૭૨)

**પેડર રોડ**
1 બેડરૂમનો ફ્લેટ નાની - સોસાયટી - તુર્ત કબજે લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૯૮૩-ડી)

## ૧૭. જગ્યા આપવી છે

**સાઉથ મુંબઈ**
2-3-4 બેડરૂમના આકર્ષક ફ્લેટો - બંધાતા ટાવરમાં વર્લી - પ્રભાદેવી - ગામદેવી - તારદેવ - ભાયખલા - વડાલા - લોઅર પરેલ - આધુનિક સુવિધા - પ્રતિષ્ઠિત બિલ્ડર્સ - આકર્ષક શરતે - લેવા સંપર્ક ચેતન શેઠ - 9820062638. (૧૫૯૮૩-એ)

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 1-2 બેડરૂમના ફ્લેટ - દેરાસર નજીક - પાર્કિંગ સુવિધા. ચેતન શેઠ - 9820062638. (૧૫૯૮૩-બી)

**નેપયન્સી**
1 બેડરૂમનો ફ્લેટ નાની પ્રતિષ્ઠિત સોસાયટી - તુર્ત કબજો લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૯૮૩-સી)

**તારદેવ**
2 બેડરૂમનો ફ્લેટ- દેરાસર નજીક- નાની સુંદર સોસાયટી લેવા ચેતન શેઠ- 9820062638. (૧૫૯૮૩-ઈ)

**સાઉથ મુંબઈ**
1-2-3-4 બેડરૂમના ફ્લેટો વોર્ડન, પેડર, અલ્ટ્રામાઉન્ટ, વાલ્કેશ્વર નેપયન્સી તારદેવ વર્લી પ્રભાદેવી- લેવા. ચેતન શેઠ- 9820062638. (૧૫૯૮૩-એફ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૯૬૦-એ)

**વડાલા**
ભવિષ્યનો સિંગાપોર તૈયાર બે ત્રણ બેડરૂમ લીફટ અઢીથી ત્રણ કરોડ. વિનોદ: 9892980593. (બી-૧૬૧૪૩)

**બોરીવલી (ઈસ્ટ)**
**SERENITY HEIGHTS, માગાઠાણે, INVESTMENT OPPORTUNITY, રેડી પઝેશન, ફુલ્લી ફર્નિશ્ડ KING SIZE 1 બેડરૂમ, (2 બેડરૂમ કન્વર્ટ થઈ શકે) 600' કાર્પેટ, (1.25 CR.) ઓનર : 80802 32426. (૩૪-જી)**

**પાર્લા વેસ્ટ**
લક્ઝુરીયસ 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ. 1250' કાર્પેટ, 3 બેડરૂમ 950' કાર્પેટ, નવું મકાન, એમેનીટીસ સાથે. એજન્ટ: જય શાહ- 8850666935. (બી-૧૬૧૬૬)

**અંધેરી વેસ્ટ**
2 બેડરૂમ, 700' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ. એજન્ટ: જય શાહ- 8850666935. (બી-૧૬૧૬૭)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી, રાજાવાડી 2 બેડરૂમ, હોલ, કિચન, 700' + કારપેટ, હાયર ફ્લોર, પાર્કિંગ સાથે, લોક & કી. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૬૩-એ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું બિલ્ડિંગ 4 બેડરૂમ્સ 1305' 12 મો માળે, 2 ફ્લેટ ૭૪૦' ૨ બેડરૂમ્સ ૧૧મે માળે અને 10મા માળે, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૬૧-એ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી 4 બેડરૂમ્સ વેસ્ટરલી સેમી ફર્નિશ્ડ ફ્લેટ 1236' 11 મો માળો નવું મકાન બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૬૧-સી)**

**કાંદિવલી (વેસ્ટ)**
એમ. જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @ 90L, 2 બેડ @ 1.19 Cr, પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, રૂફટોપ એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હૉસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૯૯૯-જી)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
એસ. વી. રોડ - 3 બેડરૂમનો ટેરેસ ફ્લેટ + ક્લોઝ્ડ ગેરેજ - વેચાણથી 3,40,000,00/- રેડી/ બંધાતામાં ફ્લેટો લેવા - વેચવા - ભાડેથી સંપર્ક: ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪/ ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૬૦૫૩)

**લોનાવાલા**
તુંગારલીમાં ૪ બેડરૂમ ફર્નીશ્ડ બંગલો લોંગલીઝથી આપવાનો. શ્રીજી- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૧૧૧)

**બોરીવલી (વેસ્ટ)**
2 બેડરૂમ 1.55 કરોડ + વેચાણથી (બાલકનીવાળા ફ્લેટો ઉપલબ્ધ) એલટી રોડ, 13 માળના નવા ટાવરમાં, સ્ટેશનથી પાંચ મિનિટ ચાલતા, સાઈટ-9324158672/ 9320705166. (જેપી/૪૯૯૫-સી)

**કાંદિવલી વેસ્ટ**
એમ.જી. રોડ, 2 બેડરૂમનો ફ્લેટ, શોર્ટ ટર્મ માટે ભાડેથી. - 9867586949 નીરજભાઈ. (બી-૧૬૧૧૩)

**DISTRESS SALE**
3 BHK at Vile Parle (East) PM Road, 2nd Floor with One Parking Carpet Area 810 Usable 1180, Empty Flat Ready Possession with Lock N Key, Walkable from Station (Price 3.75 Cr). Contact Dilip Jain- 9820268645. (13/B)

FOR BUYING SELLING Leasing Residential Property Colaba to Prabhadevi Available Sale Lease Options in Trump Tower Lodha Park/ Allura India Bulls BLU and many more Proposals. 9699091506. (285)

# લોણીકર અને વિવાદને જૂનો સંબંધ

## 'અમે બધુ આપ્યું છે...' નિવેદન પર હવે ૧૦૦ વાર માફી માગવા તૈયાર

જાલનાઃ 'અમે બધું આપ્યું છે...' એવા વિવાદાસ્પદ નિવેદન પરથી ચર્ચામાં આવેલા ભાજપના વિધાનસભ્ય અને ભૂતપૂર્વ પ્રધાન બબનરાવ લોણીકરે કંઇ પહેલી વખત આવું નથી કર્યું. તેમણે અગાઉ પણ ઘણી વખત પોતાના નિવેદનો દ્વારા વિવાદ વહોરી લીધો હતો.

તેઓ પોતાના રાજકીય વિરોધીઓને જ નહીં, પણ સરકારી અધિકારીઓને પણ છોડતા નથી. તાજેતરમાં વિવાદ ત્યારે થયો હતો જ્યારે તેમણે જાલના જિલ્લામાં પરતુરમાં ખેડૂતોની એક સભામાં કહ્યું હતું કે જે લોકો અમારી સરકાર અને અમારા પક્ષની ટીકા કરે છે તેઓને અમે જ કપડા, જૂતા, મોબાઇલ, યોજનાઓ દ્વારા નાણાં પૂરા પાડીએ છીએ.

આ નિવેદનને વિપક્ષો દ્વારા વખોડી કાઢ્યા બાદ અને મુખ્ય પ્રધાને દેવેન્દ્ર ફડણવીસે પણ તેમના પક્ષના નિવેદન પર વાંધો ઉઠાવીને તેને 'અયોગ્ય' ગણાવ્યું હતું.

આ વચ્ચે ભૂતપૂર્વ પ્રધાન લોણીકરે પણ માફી માગી હતી અને કહ્યું હતું કે હું મારા શબ્દોને પાછા લઉં છું અને ૧૦૦ વખત માફી માગુ છું.

ફેબ્રુઆરી, ૨૦૨૦માં પણ લોણીકરે સ્થાનિક તહેસિલદારને 'હીરોઇન' કહીને વિવાદનો મધપૂડો છંછેડ્યો હતો.

'ખેડૂતોને સરકાર પાસેથી ૨૫,૦૦૦ સહાય જોઇએ છે તો અમે ૨૫,૦૦૦થી ૫૦,૦૦૦ લોકો સાથેની સૌથી મોટી રેલીનું આયોજન કરી શકીએ છીએ. જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિના સભ્યો સહમત થાય તો અમે દેવેન્દ્ર ફડણવીસ, ચંદ્રકાંત પાટીલ અને સુધીર મુનગંટીવારને પણ બોલાવી શકીએ છીએ. તમે હીરોઇનનું નામ પણ આપી શકો છો. જો એવું ના કરવું હોય તો અમારી પાસે અમારા તહેસિલદાર મેડમ હીરોઇન જેવા છે', એવું વિવાદાસ્પદ નિવેદન લોણીકરે તે સમયે આપ્યું હતું.

છત્રપતિ સંભાજીનગરમાં આવેલા તેમના બંગલાની વીજળી બિલ ન ભરવાને કારણે કાપી નાખવામાં આવી હતી અને લોણીકરે એમએસઇડીસીએલ એન્જિનિયરને કથિત ગાળો આપી હતી. તેમના વચ્ચે થયેલી ચર્ચાની ઓડિયો ક્લિપ પણ વાઇરલ થઇ હતી. તેમણે અધિકારીને ઇન્કમ ટેક્સના દરોડા કરાવવાની ધમકી પણ આપી હતી અને ઝૂંપડપટ્ટીમાં લોકો ચોરીને વીજળી વાપરે છે તો તેમની વીજળી કેમ કાપવામાં આવતી નથી, એમ કહ્યું હતું.

અણછાજતી ભાષાનો ઉપયોગ કરવા માટે તેમની સામે એસસી/ એસટી (પ્રીવેન્શન ઓફ એટ્રોસિટી) એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

## ૧૭. જગ્યા આપવી છે

**ZERO MAINTENANCE SOCIETY**
1 BHK Flat for Sale + Parking, at Tardeo. Atul, 9820070445, 9920070445. (B-16103)

**VIRAR WEST**
**2 Bedroom area 1295 Untouch Resale Ready Possession Investor Flat E/W 24 Water Parking Full White Package 80 Lakh negotiable Jash Properties 7666328834. (53-A)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ભાંડુપ**
**હેવી ઈન્ડસ્ટ્રીઅલ ગાળો ભાંડુપ કલા ઉદ્યોગનગર LBS માર્ગમાં 1100 ફીટ અને 1030 ફીટ ગ્રાઉન્ડ ફ્લોર 22 ફીટ હાઈટ, પાવર સાથે ભાડેથી/ વેચાણથી મળોઃ 9892002660 / 9969469931. (બી-૧૬૧૪૨)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**પ્રી-લોન્ચ ઓફર**
સસ્તામાં 30/6/25 સુધી વિલેપાર્લા (વેસ્ટ) મીઠીબાઈ કોલેજ નજીક, રેરા રજિસ્ટર કોમર્શિયલ પ્રોજેક્ટમાં અંડર કન્સ્ટ્રક્શન ઓફિસો વેચાણથી એરિયા 300'થી 1000' સેલ્ફ કંટેન ડાયરેક્ટ પાર્ટી સંપર્ક 9223577250. (જેપી/ ૪૫૦૪-ડી)

**ખાર (પશ્ચિમ)**
**એક્સકલુઝિવ ઓફિસ સ્પેસ 430' થી 650' RERA કાર્પેટ, આઉટરાઈટ બેસીસ, O.C. સાથે, પ્રાઈમ લોકેશન એસ. વી. રોડ, સ્ટેશનથી વોકેબલ, ધંધા લાયક જગ્યા વેચવાની છે. સંપર્કઃ 9987464111/ 8898901997. (૨૭-એ)**

**મસ્જીદબંદર (વેસ્ટ)**
**સ્ટેશન નજીક ઓનરશીપ**
**ઓફિસ કમ વેરહાઉસ વેચવાનું છે. કાઝી સૈયદ સ્ટ્રીટ રોડટચ, ગ્રાઉન્ડ ફ્લોર, (વેલ મેઈન્ટેઈન્ડ સોસાયટી) ગ્રાઉન્ડ 1000' + 500' મેઝેનાઈન, ટોટલ કાર્પેટ એરિયા 1500 સ્કવેર ફીટ માલિક 9619690555. (૩૭-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
**ચીકુવાડી, ફોનિક્ષ હોસ્પિટલની સામે, 500' કાર્પેટ + 200' ઓટલો ધરાવતી કમર્શિયલ જગ્યા (અત્યારે બ્રાન્ડેડ હોટલને મહિને 1,50,000/- ભાડેથી આપેલી છે.) વેચવાની (કિંમત 4.5 કરોડ) PRASHANT 8080232426. (૩૪-એફ)**

**કોમર્શિયલ ઓફિસ**
વેચાણથી-270'થી 400' નવા ટાવરમાં 1.08 કરોડ onwards, બોરીવલી (વેસ્ટ) એલ.ટી. રોડ, સ્ટેશનથી પાંચ મિનિટ ચાલતા, સાઈટ 9833110859. (જેપી/૪૯૯૫-ડી)

**બાન્દ્રા (વેસ્ટમાં)**
અમારા માનવંતા ડૉક્ટર ઘરાકને ૪૦૦' થી ૫૦૦' કન્સલ્ટીંગ રૂમ માટે જગ્યા ભાડેથી જોઈએ છે. સંપર્ક: જીતુભાઈ શાહ: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૭/એ)

**જૂની હનુમાન ગલીમાં**
માત્ર ૧૫ લાખનું Investment બંધાતા મકાનમાં પહેલો માળ જગ્યા ભાડેથી/વેચાણથી મળશે. 9869781781. (બી-૧૬૧૬૯)

## ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી-મરોલ**
ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000' + 1000' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેચાણથી/ ભાડેથી. તથા અન્ય ઘણી પ્રપોઝલ. એજન્ટ દિનેશ ઠક્કર - 9819337299. (૫૧-એ)

COMMERCIAL PROPERTY Near Bhavan's College for Leave & License In Gilbert Hill, Andheri (W) Gr. Flr + Parking. 500 sq.ft. 9322061410. (B-16123)

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2682)

## ૨૩. મનોરંજન

■ જે.એલ.સી. જુહુ લાફીંગ ક્લબના મેમ્બર શ્રી જીતુભાઈ શાહ તેમજ સીમા સોની હાસ્યનો એક પ્રોગ્રામ તા. ૨૯-૦૬-૨૦૨૫ને રવિવારે સાંજે ૪ થી ૬ વડલો પાર્લામાં કરવાના છે. વડલાના પાર્લા સર્વે મેમ્બર જરૂર પધારે. શૉ માટે સંપર્કઃ સીમા સોનીઃ 8976056065. (૫૪-એ)

## ૩૨. જમીન-મિલકત

**AGRICULTURE PLOT SALE AT KARJAT**
**Agricultural Plot 30000 sq.ft. Rate 275/= per sq.ft. available for Sale. Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner. Ideal for Resort, Farmhouse, Home Stay, etc. Contact: 9821114355 / 9321807605. (15992-G)**

## ૩૩. ધંધાદારી

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૬૧૦૭)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૧૩૮)

**TANGENT INTERNATIONAL CONSULTANCY**
**Offers Legal Drafting (Complaints, Notices, Replies) for Victims of Fraud, Cheating, Criminal/ Civil Cases Advisory, Police Liason/ Assistance in Court Matters (Anticipatory/ Regular Bail, Litigation Strategy) for Appointment: Pratap Bhosle (Ex. Police officer): 9821323064. (JP/4503-B)**

## ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA [Only Male] Speak perfect English Have USA Visa Be able to Drive Car Must be connected with the Diamond Market. Position is to work 6-8 months per year in USA Selling Diamond Jewellery. (2-3 trips of 2-3 months each) Contact Premal: +91 79774 27785. (B-16097)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# ખાણકામની પ્રવૃત્તિઓ પર નજર રાખવા ડ્રોનનો ઉપયોગ

મુંબઈઃ રાજ્ય સરકાર ટૂંક સમયમાં ખાણકામ પ્રવૃત્તિઓ પર નજર રાખવા અને આવક વધારવા માટે અદ્યતન લિડાર-આધારિત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરશે, જેની શરૂઆત પુણેમાં એક પાઈલટ પ્રોજેક્ટથી થશે, એમ મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું.

રાજ્યના મહેસૂલ પ્રધાને જણાવ્યું હતું કે મુરુમ, રેતી અને પથ્થર જેવા ગૌણ ખનીજોનું મોટા પાયે ખોદકામ થતું હોવા છતાં સરકારને અપેક્ષિત આવક મળી રહી નથી.

કાગળ પરના આંકડા અને વાસ્તવિક ખોદકામ વચ્ચે નોંધપાત્ર તફાવત છે. આને ઉકેલવા માટે, રાજ્યએ ખાણકામ વિસ્તારોના ચોક્કસ મેપિંગ અને માપન માટે લાઇટ ડિટેક્શન એન્ડ રેન્જિંગ (લિડાર) ટેકનોલોજીથી સજ્જ ડ્રોન તહેનાત કરવાનો નિર્ણય લીધો છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજ્યમાં ખાણકામની આવક વધારવા માટે પારદર્શક અને તકનીકી ઉકેલો જરૂરી છે, અને ડ્રોન-આધારિત સર્વેક્ષણ પ્રોજેક્ટ આ પ્રયાસમાં નિર્ણાયક સાબિત થશે. ડ્રોનનો ઉપયોગ કરીને, ખાણકામ વિસ્તારમાં હાજર પથ્થર અથવા મુરુમનું પ્રમાણ ચોકસાઈથી માપી શકાશે. આનાથી આવક વધારવામાં અને સિસ્ટમમાં વધુ પારદર્શિતા લાવવામાં મદદ મળશે. આ ટેકનોલોજી ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિઓને રોકવામાં પણ મદદ કરશે તેવી અપેક્ષા છે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# સિનિયર વતી ૯૫ હજારની લાંચ લેવા બદલ મહિલા પોલીસની ધરપકડ

છત્રપતિ સંભાજીનગરઃ ધારાશિવ જિલ્લામાં ઇન્સ્પેક્ટર વતી એક વ્યક્તિ પાસે ૯૫ હજાર રૂપિયાની લાંચ સ્વીકારવા બદલ એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ મહિલા પોલીસ કર્મચારીની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

૩૪ વર્ષની મહિલા કોન્સ્ટેબલ ધારાશિવ ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતી અને બુધવારે તેને લાંચ સ્વીકારતી વખતે પકડી પાડવામાં આવી હતી.

ફરિયાદીના પુત્ર એક કેસમાં આરોપી હોવાથી તેણે મદદ માટે પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટરનો સંપર્ક સાધ્યો હતો.

ઇન્સ્પેક્ટરે આ પ્રકરણે ફરિયાદીને મહિલા કોન્સ્ટેબલને મળવાનું કહ્યું હતું, જેણે ઇન્સ્પેક્ટર વતી ફરિયાદી પાસે એક લાખ રૂપિયાની લાંચ માગી હતી અને તડજોડને અંતે ૯૫ હજાર લેવાની તેણે તૈયારી દર્શાવી હતી.

દરમિયાન ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ નોંધાવતાં અધિકારીઓએ બુધવારે સરકારી ગેસ્ટ હાઉસ નજીક છટકું ગોઠવીને મહિલા કોન્સ્ટેબલને લાંચ સ્વીકારતાં પકડી પાડી હતી.

ઇન્સ્પેક્ટર હાલ અમુક સ્વાસ્થ્યની સમસ્યાઓને કારણે હોસ્પિટલમાં દાખલ હોઇ ડિસ્ચાર્જ મળ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવશે. (પીટીઆઇ)■



રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારોમાં રોડ પર ખાડા કે ખાડા પર રોડ તેવી સ્થિતિ જોવા મળી રહી છે, મવડીના બાપા સીતારામ ચોક પાસે કોંગ્રેસના કાર્યકરોએ રોડ પર ખાડાને હારતોરા, અગરબત્તી કર્યા, શ્રીફળ વધેરીને વિરોધ નોંધાવ્યો હતો. (પ્રવિણ સેદાણી, રાજકોટ)

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ કચ્છ સંસદ કાર્નિવલમાં સહભાગી બની કચ્છીયતના રંગે રંગાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અષાઢી બીજ પર્વની સાંજે કચ્છ કાર્નિવલનો શુંભારભ કરાવતા રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કચ્છીમાડુઓને કચ્છી નૂતન વર્ષની શુભેચ્છા પાઠવીને જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં તહેવારો તથા મેળાવડાઓ આનંદ-પ્રમોદનું એક માધ્યમ છે. કચ્છીઓ પોતાના આગવા ખમીર અને ઝમીરથી ઉત્સવો માણવા માટે પ્રખ્યાત હોવાથી દેશ વિદેશથી કચ્છ આવતા લોકોને કચ્છની પરંપરાગત અને ભાતીગળ સંસ્કૃતિ, ખાન-પાન, કલા કારીગરીથી પરિચિત કરાવવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છ કાર્નિવલ તથા રણોત્સવનું આયોજન કરી કચ્છની વિશેષ સંસ્કૃતિ અને ઉત્સવપ્રિયતાને વિશ્વથી રૂબરૂ કરાવી હતી. કચ્છના રણને રણોત્સવ દ્વારા પ્રવાસનનું તોરણ બનાવીને કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા ની ટેગ લાઈન સાથે વિશ્વમાં કચ્છની આગવી ઓળખ ઊભી કરી છે. કચ્છ તેમના વિકાસના વિઝન અને કમિટમેન્ટનું એક ઉત્તમ ઉદાહરણ બન્યું છે. કચ્છી નવા વર્ષે ખેંગારબાગ પાસે મહારાવ મદનસિંહજીની પ્રતિમા પાસેથી પ્રારંભ કરાયેલા આ સંસદ કાર્નિવલમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે કલાકારોની કૃતિઓ ઉમેદનગર સુધીના માર્ગે રજૂ કરવામાં આવી હતી. કચ્છી કલા અને સંસ્કૃતિની



ઝાંખીઓની પ્રસ્તૃતિથી કચ્છીયત સોળે કળાએ ઝળકી ઉઠી હતી. કચ્છભરના ૨૫૦૦ જેટલા કચ્છી કલાકારોએ કચ્છ, ગુજરાત તથા અન્ય રાજ્યની સંસ્કૃતિને ૬૨ ફ્લોટના માધ્યમથી રજૂ કરીને કલાના કામણ પાર્થયા હતા. કચ્છ કાર્નિવલમાં વિવિધ સમાજ, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ, શાળાઓ, મહિલા મંડળો વગેરે જોડાઇને વિવિધ થીમ પર ૬૨ કૃતિઓ રજૂ કરી હતી, જેમાં કચ્છ ઢોલી, મઠો અસાંજો કચ્છડો, પાંજા સંત ઓધવરામ, મા મઢવાળીની શરણે, કચ્છડો કામણગારો, કચ્છ ચારણી ગરબો, સ્વર્ણિમ ભારત, તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે રમતનું મહત્વ, નારીશક્તિ, તલવારબાજી, કેરેલા ફોલ્ક ડાન્સ, યોગાસન, બેકપાઇપ બેન્ડ, કચ્છી રાસ, ઓપરેશન સિંદૂર, હસ્તકલા થી હાઇટેક સુધીની યાત્રા સહિતની પ્રસ્તૃતિ નિહાળી લોકો મંત્રમૃગ્ધ થયા હતા. ■

# ભાવનગરમાં અડધો ઈંચ વરસાદઃ જિલ્લાના અન્ય પાંચ તાલુકામાં હળવાં- ભારે ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડ પંથકમાં વરસાદી માહોલ ઊભો થાય છે, પરંતુ છૂટો છવાયો જ વરસાદ પડે છે. દિવસભર વરસાદી માહોલ વચ્ચે છૂટાછવાયાં ઝાપટાં વરસી જાય છે. ભાવનગર શહેરમાં દિવસ દરમિયાન વરસાદી માહોલ રહ્યો હતો, શહેરમાં અડધો ઇંચ વરસાદ પડ્યો હતો. જ્યારે જિલ્લાના પાંચ તાલુકામાં વરસાદના હળવાં ભારે ઝાપટાં વરસી ગયા હતા. સાંજના ૬ વાગ્યા સુધીમાં ભાવનગર શહેરમાં ૧૦, વલભીપુરમાં ૫, ઘોઘામાં ૨, પાલીતાણામાં ૪, તળાજામાં ૨ અને મહુવામાં ૪ મી.મિ. વરસાદ નોંધાયો હતો. ■

# કચ્છમાં આત્મહત્યાના ત્રણ વિવિધ કિસ્સાઓમાં એક ૧૫ વર્ષની તરુણી સહિત ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં બનેલી આત્મહત્યાની વિવિધ ઘટનાઓમાં એક ૧૫ વર્ષની કિશોરી સહિત ત્રણ મહિલાઓએ પોતપોતાના જીવનને ટૂંકાવી લેતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી. ગાંધીધામ ખાતે નવાં મકાનમાં રહેવા જવાના મુદ્દે રંભાબેન નનહેભાઈ રાય (ઉ.વ.૨૭) નામની પરિણીતાએ ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું, અંજાર તાલુકાના મેઘપર કુંભારડીમાં જાગૃતિ જીવણભાઈ પરમાર (ઉ.વ.૧૫) નામની કિશોરીએ અજ્ઞાત કારણોસર ગળેફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો હતો, જયારે ભુજ શહેરના પડદાભિટ્ટ હનુમાન મંદિર પાસે રહેતા હિનાબેન મહેશપુરી ગુંસાઈ (ઉ.વ. ૪૦) નામના મહિલાએ કોઈ અગમ્ય કારણે ઝેરી દવાના પારણાં કરી લઈને આપઘાત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામના સેકટર-૫માં મકાન નં.૨૭૯માં રહેતાં રંભાબેને ગત સાંજે પાંચ વાગ્યાના અરસામાં પોતાનાં ઘરમાં સાડી વડે પંખામાં ગળેફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

નવાં ઘરમાં રહેવા જવાના મુદ્દે આ મહિલાએ અંતિમ પગલું ભરી લીધું હોવાનું જણાવવામાં આવ્યું હતું. બીજી તરફ, અંજારના મેઘપર કુંભારડીમાં ગોપાલ પાર્કમાં રહેતી જાગૃતિએ પોતાનાં ઘરે સાંજના આઠ વાગ્યાના અરસામાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ભણવામાં હોશિયાર એવી આ કિશોરીએ કયા કારણોસર આ પ્રકારનું અંતિમ પગલું ભરી લીધું તે જાણવા માટે અંજાર પોલીસે વધુ છાનબીન હાથ ધરી હતી. ત્રીજા બનાવમાં ભુજના કૈલાશ નગર પાસે આવેલા પડદાભિટ્ટ મંદિર નજીક રહેતાં હતભાગી હિનાબેન ગોસાઈ પોતાના ઘરે હતા ત્યારે કોઈ અકળ કારણે તેમણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તેઓને ભુજની જી. કે. જનરલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ■

# કચ્છમાં કિશોરીઓ અસલામતઃ અડપલાં, દુષ્કર્મ અને જાતીય સતામણીના ત્રણ બનાવ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં સામે આવેલા ત્રણ શરમજનક બનાવોથી ભારે ચકચાર પ્રસરી હતી. પૂર્વ કચ્છના અંજાર શહેરમાં એક કિશોરીને શારીરિક અડપલાં અને બ્લેકમેઇલ કરીને બળજબરીપૂર્વક રોકડ રૂ. ચાર લાખ તથા રૂા. ૩,૭૮,૦૦૦ના દાગીના કઢાવી લેનારા એક શખ્સ તથા મહિલા વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ઇરફાન વલુ શેખ નામના શખ્સે એક કિશોરીના ભોળપણનો લાભ લઇ તેની સાથે શારીરિક અડપલાં કર્યાં હતાં અને બાદમાં આ કિશોરીના ઉતારેલા વીડિયો-ફોટો વડે તેને બ્લેકમેઇલ કરીને કિશોરી પાસેથી બળજબરીપૂર્વક રોકડ રૂ. ચાર લાખ તથા રૂ. ૩,૭૮,૦૦૦ના સોનાં-ચાંદીના દાગીના કઢાવી લીધા હતા.

બીજી તરફ, ગાંધીધામ તાલુકાના ખારીરોહર નજીક બે કિશોરોએ એક કિશોરી ઉપર દુષ્કર્મ ગુજારી, તેણીને ગર્ભવતી બનાવી હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી હતી. ખારીરોહર નજીક શાંતિલાલ ગોદામ પાસે ચાર મહિના અગાઉ રાત્રિના ભાગે આ ઘૃણાસ્પદ બનાવ બન્યો હતો જેમાં બે કિશોર વયના છોકરાઓએ ચાર મહિના અગાઉ ભોગ બનનાર કિશોરી ઉપર વારાફરતી કરીને બળાત્કાર ગુજાર્યો હતો અને આ વાત કોઇને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડરી ગયેલી આ કિશોરીએ મૌન ધારણ કરી લીધું હતું, જોકે તેણીને ચાર માસનો ગર્ભ રહી જતાં આ સમગ્ર પ્રકરણ પ્રકાશમાં આવ્યું હતું.

આદિપુરના શિણાય ગામ તરફ જતા માર્ગ ઉપર ઓટલા પર બેઠેલા કિશોર-કિશોરીને પોલીસ મથકે લઇ જવાનો ડર બતાવી, બંનેનું અપહરણ કરી જાતીય સતામણી કરનારા બે શખ્સ વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. આદિપુર નજીક શનિદેવ મંદિરથી શિણાય તરફ જતા માર્ગ ઉપર બેઠા હતા, ત્યારે અચાનક નંબર પ્લેટ વિહોણા બે મોટરસાઇકલો પર બે શખ્સ આવ્યા હતા. આ શખ્સોએ બંનેને નજીકના પોલીસ મથકે લઇ જવાના નામે વાહનોમાં બળજબરીપૂર્વક બેસાડી અપહરણ કર્યું હતું. બંને પાસેથી તેમના મોબાઈલ ફોન લઇ લીધા હતા અને કિશોરીને સુમસામ જગ્યાએ લઇ જઇ, તેની સાથે જાતીય સંબંધ બાંધવાની કોશિશ કરવામાં આવી હતી. કિશોરીએ નરાધમનો પ્રતિકાર કરતાં આ શખ્સો સંબંધ બાંધવા ન દે તો અહીં જ મારીને દાટી દેવાની તથા બીજા ભાઇબંધોને બોલાવીને દિલ્હીના નિર્ભયાકાંડ જેવો સામૂહિક બળાત્કાર ગુજારવાની ધમકી આપી, જાતીય સતામણી કરી હતી. ત્યારબાદ તેને અંજાર પાસેના પેટ્રોલ પંપ પાસે ઉતારીને નાસી ગયો હતો, જ્યારે બીજો આરોપી ભોગ બનનાર કિશોરને પોતાની સાથે બેસાડીને શનિદેવ મંદિર બાજુ લઇ જઇ રહ્યો હતો, ત્યારે કિશોરે હિંમત બતાવીને આ શખ્સનું વાહન પાડી દઇ તેની સાથે ઝપાઝપી કરતાં આ આરોપી કાળા રંગનું સુઝુકી કંપનીનું જીક્ષર મોટરસાઇકલ ત્યાંજ મૂકીને નાસી ગયો હતો. ■

# ભારે પવન ફૂંકાવાના કારણે ગિરનાર રોપ-વે બંધ કરવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચોમાસુ શરૂ થાય અને વરસાદ થયા પછી લોકો જૂનાગઢ ફરવા જવાનો પ્લાન બનાવતા હોય છે. ખાસ કરીને ચોમાસામાં ગિરનાર સોળે કળાએ ખીલી ઉઠે છે. જેથી ત્યા મોટી સંખ્યામાં લોકો જતા હોય છે. અહીં દરેક ઉંમરના લોકો આવતા હોવાથી રોપ-વે શરૂ કરવામાં આવ્યો છે. જો કે, ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાવાના કારણે રોપ-વે સેવા બંધ કરી દેવાઈ હતી, ઘણા દિવસથી ભારે પવનના કારણે સંચાલન પર તેની અસર પડી રહી હતી જેથી યાત્રિકોની સલામતીને ધ્યાને રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો, પવનની ગતિ સ્થિર થતાં રોપ-વેની સેવા ફરી શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

ઉષાબ્રેકો કંપની સંચાલિત રોપ-વેના જૂનાગઢના રેસીડેન્ટ મેનેજર કુલબીરસિંઘ બેદીએ જણાવ્યું હતું કે, ભારે પવન ફૂંકાવાના કારણે હાલમાં રોપ-વેની સેવા બંધ રહી છે, જે લોકોએ એડવાન્સ બુકિંગ કરાવ્યું હતુ તેમને મેસેજ કરીને આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢના ગિરનારમાં ક્યારેક પવની ગતિ વધારે હોય છે.

જેના કારણે જૂનાગઢ ગિરનારની રોપ વે સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવે છે. સુરક્ષાના કારણોસર રોપ-વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવતો હોય છે.

ખાસ કરીને ગિરનાર શિખર પર ૫૦-૫૪ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાય છે. તીવ્ર ગતિના પવનમાં રોપ વે સેવા દરમિયાન કોઇ દુર્ઘટના ન ઘટે માટે સુરક્ષાના મુદ્દાને ધ્યાનમાં રાખીને રોપ-વે સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવતો હોય છે. ■

# રાજકોટમાં વાદળછાયાં વાતાવરણ વચ્ચે હળવાં ઝાપટાં પડ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી વચ્ચે રાજકોટમાં મેઘરાજા મન મૂકીને વરસતા ન હોય તેમ માત્ર છુટાછવાયાં ઝાપટાં પડી રહ્યાં છે. શહેરમાં માત્ર ૪ મિ.મી.નો વરસાદ નોંધાયો હતો. રાજકોટ હવામાન વિભાગ પ્રમાણે, ભેજનું પ્રમાણ ૯૨ ટકા હતું અને ૧૦ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો.

શહેરમાં નોંધપાત્ર વરસાદ ન હોવા છતાં આકાશ વાદળોથી જ ઘેરાયેલું હતું. વારંવાર કાળાડીબાંગ વાદળો આવી જતાં હતા. વખતોવખત ઝાટકાના તેજ પવન પણ ફૂંકાતા રહ્યા હતા. હવામાન વિભાગ દ્વારા રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજકોટમાં અત્યારસુધીમાં મોસમનો કુલ વરસાદ ૧૨ ઈંચ કરતા વધુ નોંધાયો હતો. ■

# રાજકોટના વાછકપર(બેડી) ગામે વોંકળામાં ડૂબી જતાં ભાઇ-બહેનનું કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરની ભાગોળે આવેલા વાછકપર (બેડી) ગામે રહેતાં શ્રમિક પરિવારનો અઢી વર્ષનો પુત્ર અને પાંચ વર્ષની પુત્રીનું વોકળામાં ડૂબી જતાં મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત છવાઇ ગયો હતો. અઢી વર્ષનો પુત્ર રમતા રમતા વોંકળામાં ન્હાવા પડયો અને ડૂબવા લાગતાં તેની સાથે રહેલી પાંચ વર્ષની બહેને પણ ભાઈને બચાવવા પાણીમાં ઝપલાવતાં બન્ને ઊંડાં પાણીમાં ગરક થઇ ગયાં હતાં.

ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર મૂળ મધ્ય પ્રદેશના વતની અને હાલ વાછકપર (બેડી)ગામે નિલેશ ભંડેરીની વાડીમાં ખેતીકામ કરનાર કાળુભાઈ માવીનો અઢી વર્ષનો પુત્ર જગદીશ અને પાંચ વર્ષની પુત્રી ભાવના આજે સવારે વાડી નજીક રમતાં હતાં ત્યારે બન્ને રમતાં રમતાં વોંકળા નજીક પહોંચતાં જગદીશ ન્હાવા માટે વોંકળામાં પડતાં ડૂબવા લાગ્યો હતો. જેથી ભાવના ભાઈને બચાવવા વોંકળાના પાણીમાં પડતાં તે પણ ડૂબવા લાગ્યો હતો. બન્ને પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. પરિવારજનો બન્ને બાળકોની શોધખોળ કરતાં હતાં દરમિયાન ગામના લોકો એકત્ર થઈ જતાં શોધખોળ દરમિયાન વોંકળામાંથી બન્નેના મૃતદેહ મળી આવ્યા હતાં.

બન્ને બાળકોને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.પરંતુ સારવાર મળે તે પહેલા જ બન્નેના મોત નિપજ્યા હતાં. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી કુવાડવા પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી બન્ને મૃતદેહને પી.એમ.માં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં કાળુભાઈ મુળ મધ્ય પ્રદેશના વતની છે. આ બન્ને બાળકો તેમની બીજી પત્ની મનીપાબેનના હતાં તેમની પહેલી પત્નીને ત્રણ પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ છેલ્લા પાંચ વર્ષથી અહિં વાડીમાં કામ કરે છે. માસુમ ભાઈ બહેનના મોતથી શ્રમિક પરિવારમાં માતમ છવાય ગયો હતો. ■

# રાજકોટમાં કરદાતાઓએ ૨૪૪ કરોડનો એડવાન્સ ટેક્સ ચૂકવી મનપાની તિજોરી છલકાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વેરા વસૂલાતમાં નોંધપાત્ર પ્રગતિ કરી હતી. ૯ એપ્રિલ ૨૦૨૫થી ૨૭ જૂન ૨૦૨૫ સુધીમાં કુલ ૩,૪૩,૨૮૬ કરદાતાઓએ ૨૪૪.૧૪ કરોડનો વેરો ભરપાઈ કર્યો હતો.

આ વસૂલાતમાં ૨,૫૩,૬૭૩ કરદાતાઓએ ઓનલાઈન માધ્યમથી ૧૬૦.૦૯ કરોડ અને ૮૯,૬૧૩ કરદાતાઓએ ચેક તથા રોકડથી ૮૪.૦૫ કરોડ ભર્યા હતા. એડવાન્સ વેરો ભરપાઈ કરનાર કરદાતાઓને ૨૫.૬૨ કરોડનું માતબર ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. યોજના અંતર્ગત મહિલા કરદાતાઓને ૧૦ ટકા અને સામાન્ય કરદાતાઓને પાંચ ટકા વળતર આપવામાં આવે છે.

મિલકત વેરાના બાકીદારોને રાહત આપવાના હેતુથી રાજકોટ મહાપાલિકા દ્વારા વન ટાઈમ ઇન્સ્ટોલમેન્ટ સ્કીમ અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ કરદાતાઓ વાર્ષિક ધોરણે ચાર હપ્તામાં જૂનો ચડત અને ચાલુ વર્ષનો બાકી વેરો ભરી શકે છે, જેનાથી નવું ચડતું વ્યાજ બંધ થાય છે. ૨૭ જૂન ૨૦૨૫ સુધીમાં, કુલ ૪,૦૧૯ કરદાતાઓએ આ યોજનામાં નોંધણી કરાવી હતી. આ યોજના ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધી અમલમાં રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને તેનો મહત્તમ લાભ લેવા વિનંતી મનપા તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, વેરા વસૂલાતમાં સારો સહયોગ આપનાર કરદાતાઓનું સન્માન કરવાના કાર્યક્રમ અંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિચારણા ચાલી રહી છે. આ પહેલ કરદાતાઓને પ્રોત્સાહિત કરશે અને ભવિષ્યમાં પણ સમયસર વેરો ભરવા માટે પ્રેરિત કરશે. ■

# સામખિયાળીમાં કિશોરીના અપહરણ-દુષ્કર્મ કેસમાં કોર્ટે ૨૦ વર્ષની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના સામખિયાળીમાં એક ૧૫ વર્ષની કિશોરીનું અપહરણ અને દુષ્કર્મ ગુજારવાના ચર્ચાસ્પદ પ્રકરણમાં ભચાઉ અદાલતે નરાધમને ૨૦ વર્ષની કેદનો સજાનો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો.

સામખિયાળી પોલીસ મથકે ગત ૧૯મી મે ૨૦૨૪ના ફરિયાદ નોંધાઇ હતી, જેમાં આરોપી રમેશ વિજય ચાવડાએ ૧૪ વર્ષ ૧૧ મહિનાની એક કિશોરીનું લલચાવી-ફોસલાવીને અપહરણ કર્યું હતું, પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધરી, આરોપીના ચુંગાલમાંથી કિશોરીને છોડાવી હતી. તપાસ દરમ્યાન આરોપી વિરુદ્ધ બળાત્કાર અને પોક્સોની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો હતો. આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા હોવાથી સામખિયાળી પોલીસે કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. બાદમાં આ કેસ ભચાઉની કોર્ટમાં ચાલી ગયો હતો જ્યાં ૧૫ સાહેદો અને ૨૬ જેટલા દસ્તાવેજી આધારો રજૂ કરાયા હતા, જેને ચકાસી તથા બંને પક્ષની દલીલો સાંભળી આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા હોવાથી ન્યાયાધીશ અંદલિપ તિવારીએ રમેશ ચાવડાને ૨૦ વર્ષની સજા તથા રૂ. ૫૦૦૦નો દંડ ફટકાર્યો હતો તેમજ ભોગ બનનારને જિલ્લા કાનૂની સેવા સમિતિમાંથી રૂ. પાંચ લાખ ચૂકવી આપવા આદેશ કર્યો હતો. ■

# અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં ચોથી જુલાઈ સુધી વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ભાવનગર ફ્લડ કંટ્રોલના જણાવ્યા અનુસાર, ૨૮ જૂન ૨૦૨૫ના રોજ અમરેલી, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં છૂટાછવાયા વિસ્તારમાં હળવાથી ભારે અને હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ૨૯ જૂનથી ૪ જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ૨૮ જૂનથી ૨ જુલાઈ સુધી હળવી મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ■

# કચ્છના કાંઠાળ વિસ્તારો પર મેઘમહેર જારીઃ માંડવીમાં વધુ ત્રણથી સાડા ચાર ઈંચ વરસાદ



(ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. કચ્છના કાંઠાળ પટ્ટામાં અને ખાસ કરીને માંડવી તાલુકામાં ચાર ઇંચથી વધારે વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન માંડવીમાં સર્વાધિક સાડા ચાર ઇંચ, તાલુકામાં દોઢથી બે ઇંચ, અબડાસા તાલુકામાં એકથી અઢી ઈંચ વરસાદ પડ્યો હતો. માંડવીમાં ભારે વરસાદ ખાબકતાં નાના તળાવો, ડેમો તથા ખેતરોમાં પાણી ભરાયાં હતા. બીજી તરફ, કાંઠાળ અબડાસાના કોઠારા સહિતના વિસ્તારમાં દોઢેક ઇંચ જેટલો ધોધમાર વરસાદ ખાબક્યો હતો. કોઠારામાં પોણા ઇંચ તેમજ નાગોર ગામમાં એક ઇંચ વરસાદથી બજારોમાંથી પાણી વહી નીકળ્યાં હતાં. તેમજ ખેતરોમાં પાણી ભરાયાં હતા. આસપાસના ધનાવાડા, અરજણપર સહિતના ગામોમાં નોંધપાત્ર વરસાદથી ગામમાં જોશભેર પાણી વહ્યાં હતાં. નખત્રાણા પંથકમાં પણ ડરામણી મેઘગર્જનાઓ સાથે અંદાજે અઢી ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. ભુજ શહેરમાં ધીમી ધારે ઝાપટાઓનો દોર જારી રહ્યો હતો. ■

# ભાવનગરમાંથી વિદેશી દારૂની ૩૧૨ બોટલ અને ઈકો કાર સહિત ₹ ૩.૫૮ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર એલ.સી.બી. પોલીસ સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં તે દરમિયાન બાતમી મળી હતી કે, હાર્દિક દુલાભાઇ ગોહિલ (રહે.મફતનગર, ૧૪ નાળા, ઘોઘા રોડ, ભાવનગર) તેના કબ્જા-ભોગવટાની લાલ કલરની મારુતિ ઇકો કારમાં બહારથી ભારતીય બનાવટનો પરપ્રાંત ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરી શીવાજી સર્કલથી સુભાષનગર જવાના રસ્તે ત્રિલોચન સોસાયટીના ખુણા ઉપર જાહેર રોડ ઉપર ઊભો છે.

આથી બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતાં કારમાંથી ભારતીય બનાવટનાં ઇંગ્લીશ જુદી જુદી કંપનીની દારૂની ૩૧૨ સીલપેક બોટલો સાથે હાર્દિક દુલાભાઇ ગોહિલ મળી આવ્યો હતો.

આથી પોલીસે તેની અટકાયત કરી રૂ.૨.૫૮ લાખનો દારૂ અને ઇકો કાર મળી રૂ.૩.૫૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ■

# પાટીલ ગુજરાતમાં ધારાસભ્યોના તોડ-ફોડની દુકાન ચલાવે છેઃ ઈટાલિયાના પ્રહાર

અમદાવાદઃ તાજેતરમાં યોજાયેલી વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાદ ગોપાલ ઈટાલિયાનો વિજય થયો હતો. જીત બાદ તેમણે પ્રથમ વખત પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. જેમાં તેમણે નવસારીના સાંસદ અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે પાટીલ ગુજરાતમાં ધારાસભ્યોને તોડવા-ફોડવાની દુકાન ચલાવતાં હોવાનો આરોપ લગાવ્યો હતો. ગોપાલ ઈટાલિયાએ કહ્યું, કોઈ ધારાસભ્ય પોતાની પાર્ટીમાં નારાજ હોય તો તેમને અલગ પાડવાની પદ્ધતિ સી.આર. પાટીલ વર્ષોથી અપનાવે છે. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. 300.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી 30મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ઈઝરાયલ-ઈરાન વચ્ચેના યુદ્ધ અને અમેરિકા ચીન વચ્ચેનું ટ્રેડ વૉર શાંત પડતાં સોનામાં તેજીને વિરામ

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલેલા સતત ૧૨ દિવસના યુદ્ધ થયા બાદ ગત મંગળવારે થયેલા યુદ્ધ વિરામ તેમ જ ત્યાર બાદ અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડીલ થતાં ટ્રેડ વૉરનો પણ અંત આવતા વૈશ્વિક બજારમાં ગત મંગળવારથી સોનાની તેજીમાં પણ વિરામ જોવા મળ્યો હતો અને સપ્તાહના અંતે સોનાના વૈશ્વિક ભાવમાં સાપ્તાહિક ધોરણે ત્રણ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોનાના ભાવમાં તેજીને બ્રેક લાગી હતી.

વધુમાં ગત મંગળવાર પશ્ચાત્ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં પણ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાપ્તાહિક ધોરણે ૧૨૭ પૈસાનો ઘટાડો નોંધાયો હોવાથી સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી સોનાના ગબડતા ભાવને ઢાળ મળતાં સાપ્તાહિક ધોરણે ભાવમાં ૨.૯૪ ટકાનો અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૦૭નો ઘટાડો આવ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૦મી જૂનના ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮,૬૯૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૯૮,૮૮૪ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૯૯,૩૪૮ અને નીચામાં સપ્તાહના અંતે રૂ. ૯૫,૭૮૪ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૦૭ અથવા તો ૨.૯૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

એકંદરે ગત મંગળવાર બાદ ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી વધુ ભાવઘટાડાના આશાવાદ વચ્ચે સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહી હતી.

તાજેતરમાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધ વિરામ ઉપરાંત વિશ્વના બે મોટા અર્થતંત્રો અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થઈ ગઈ હોવાથી વૈશ્વિક ટ્રેડ વૉરની ચિંતા પણ દૂર થવાથી સોનામાં સલામતી માટેની માગ ઓસરી જવાથી તેજીના વળતા પાણી થયા હતા. આમ એકંદરે જોખમી પરિબળો હળવા થવાની સાથે હવે રોકાણકારોની નજર અમેરિકી ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં કપાતના સંકેતો પર મંડાઈ છે. વાસ્તવમાં અમેરિકી રાષ્ટ્રપ્રતિ ડૉનલ્ડ ટ્રમ્પ વ્યાજદરમાં કપાત અથવા તો હળવી નાણાનીતિની તરફેણ કરી રહ્યા છે, જ્યારે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલનું માનવું છે કે ટ્રમ્પનાં વહીવટીતંત્રમાં આગામી નવમી જુલાઈથી નવાં ટેરિફનો અમલ થતાં ફુગાવામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા હાલ તુરંતમાં વ્યાજદરમાં કપાત શક્ય નથી. આમ ટ્રમ્પ અને પૉવૅલ વચ્ચે વ્યાજદરમાં કપાતના મુદ્દે ખટરાગ ચાલી રહ્યો છે. તેમ જ ટ્રમ્પ આગામી સપ્ટેમ્બર-ઑક્ટોબર આસપાસ હળવી નાણાનીતિનો અમલ કરે તેવાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષનાં અનુગામીની જાહેરાત કરે એવા અહેવાલો પણ ગત સપ્તાહે વહેતા થયા હતા. ગત સપ્તાહે અમેરિકી કૉંગ્રેસની ટેસ્ટીમનીમાં પૉવૅલે જણાવ્યું હતું કે જો આગામી નવમી જુલાઈથી અમલી થનારા નવાં ટેરિફનો અમલ વિલંબમાં મૂકવામાં આવે તો એક કરતાં વધુ વખત વ્યાજદરમાં કપાત કરી શકાય તેમ છે.

અમેરિકામાં બીજા ત્રિમાસિકગાળામાં જીડીપીમાં ૦.૫ ટકાના ઘટાડાનો સુધારિત અંદાજ મૂકવામાં આવ્યો હોવાથી ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતા પ્રબળ બની છે. જોકે, આ વર્ષના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૫૦થી ૭૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા છે. એકંદરે હાલમાં મધ્ય પૂર્વના દેશોમાં જોવા મળેલા યુદ્ધ વિરામ ઉપરાંત અમેરિકા-ચીન વચ્ચેના ટ્રેડ વૉરની ભીતિ દૂર થતાં આગામી દિવસોમાં સોનાના ભાવ દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ટેક્નિકલ દૃષ્ટિએ આગામી સપ્તાહે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે અને જો આ સપાટી તૂટે તો ભાવ ઘટીને ૩૨૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈ વાયદામાં સપ્તાહ દરમિયાન સોનાના ભાવની રેન્જ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૩,૮૦૦થી ૯૮,૨૦૦ની જોવા મળી શકે છે.

ગત સપ્તાહના અંતે અમેરિકાના મે મહિનાના કન્ઝ્યુમર સ્પેન્ડિંગમાં અનપેક્ષિતપણે ઘટાડો જોવા મળ્યો હોવાથી તેમ જ સલામતી માટેની માગનો અભાવ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ૧.૫ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૨૭૭.૧૭ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. જોકે, તે પૂર્વેના સત્રમાં બે ટકાના ઘટાડા સાથે ૨૯મી મે પછીની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

વાસ્તવમાં મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ હળવો થવાની સાથે અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડીલ થતાં સલામતી માટેની માગ ઓસરતા રોકાણકારોએ નફો ગાંઠે બાંધ્યો હોવાનું આરજેઓ ફ્યુચર્સના વિશ્લેષક ડેનિયલ પેવિલિયને જણાવતા ઉમેર્યું હતું કે ભૂરાજકીય તણાવ દૂર થવા ઉપરાંત અમેરિકાની ચીન સાથેની ટ્રેડ ડીલને કારણે આર્થિક અનિશ્ચિતતા પણ ઓછી થવાથી રોકાણકારો સોના જેવી સલામતી માટેની માગથી દૂર રહીને જોખમી અસ્ક્યામતો તરફ વળતા હોવાથી હાલના તબક્કે સોનામાં મોટી તેજી જોવા મળે એવું કોઈ ટ્રીગર જણાતુ નથી, એમ તેમણે ઉમેર્યું હતું.

# કૉકિંગ કૉલની આયાતનિર્ભરતા અને સ્ક્રેપની અછત સ્ટીલ ક્ષેત્ર સામેના પડકારો

નવી દિલ્હી: દેશમાં સ્ટીલ ક્ષેત્રને મહત્ત્વાકાંક્ષી ઉત્પાદન ક્ષમતાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે, પરંતુ સ્ટીલ ક્ષેત્ર કૉકિંગ કૉલ માટે ઊંચી આયાતનિર્ભરતા અને સ્ટીલ સ્ક્રેપની મર્યાદિત ઉપલબ્ધિતા જેવાં પડકારોનો સામનો કરી રહ્યો હોવાનું એક ફાઈનાન્સિયલ કન્સલ્ટન્સીએ એક અહેવાલમાં જણાવ્યું છે.

ભારતીય સ્ટીલ ઉદ્યોગ દેશનાં માળખાકીય અને ઉત્પાદનની ઈકોસિસ્ટમની કરોડરજ્જુ સમાન ગણાય છે અને સરકારે ઉદ્યોગ સમક્ષ આગામી વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં વર્ષે ૩૦ કરોડ ટન ક્રૂડ સ્ટીલની ઉત્પાદનક્ષમતા પહોંચાડવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે. જોકે, વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ભારતે ૨૦.૫ કરોડ ટનની ઉત્પાદન ક્ષમતાં હાંસલ કરી છે અને વર્ષ ૨૦૩૧ સુધીમાં ૧૬.૭ કરોડ ટન ઉત્પાદન ક્ષમતાના વિસ્તરણ માટે મુખ્ય ખેલાડીઓ યોજના ધરાવી રહ્યા છે. જોકે, હાલમાં સ્ટીલ ક્ષેત્ર ઘણાં પડકારોનો સામનો કરી રહ્યું છે. જેમાં મુખ્યત્વે આયર્ન ઑફના બેનિફિકેશનની આવશ્યકતા, કૉકિંગ કૉલ માટે ૮૫ ટકા આયાત નિર્ભરતા, સ્ટીલ સ્ક્રેપની મર્યાદિત ઉપલબ્ધિ અને સ્ટીલ ઉત્પાદનની પ્રક્રિયામાં કાર્બન ઉત્સર્જનનાં વધુ પ્રમાણનો સમાવેશ થાય છે, એમ એમપી ફાઈનાન્સિયલ એડવાઈઝરી સર્વિસીસ એલએલપીએ એક યાદીમાં જણાવ્યું છે. આ ઉપરાંતના અન્ય બાહ્ય પરિબળોના પડકારોમાં ચીન, યુરોપિયન યુનિયનથી થતી સસ્તી આયાત, સેફગાર્ડ ડ્યૂટી કાર્બન ટૅરિફ જેવા જોખમોને કારણે ઉદ્યોગની વૃદ્ધિ રૂંધાઈ રહી હોવાનું અહેવાલમાં ઉમેર્યું છે.

વધુમાં ઊંચા પરિવહન ખર્ચ ઉપરાંત ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ માટે મંજૂરી મેળવવા માટેની લાંબી પ્રક્રિયા, ફાઈનાન્સ માટે સ્ટીલનાં વૈશ્વિક અગ્રણી ઉત્પાદક દેશ ચીનની સરખામણીમાં વ્યાજનું વધુ ભારણ જેવા અન્ય પડકારો પણ ઈચ્છીત સ્ટીલ ઉત્પાદનની ક્ષમતા વધારવામાં અંતરાયો પુરવાર થઈ રહ્યા હોવાનું અહેવાલમાં જણાવ્યું છે.

વધુમાં અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આટલા પડકારો હોવા છતાં લક્ષ્યાંકિત સ્ટીલ ઉત્પાદન ક્ષમતા પાંખી વ્યૂહરચનાથી પ્રાપ્ત કરવામાં આવશે, જે મુખ્યત્વે પાંચ પરિબળો પર આધારિત છે જેમાં ગ્રીન અને મૂલ્યવર્ધિત સ્ટીલમાં ઝડપી રોકાણ, માળખાગત સુવિધાઓ અને કાચા માલની ઉપલબ્ધિતામાં સુધારો, ક્લિન ટેક્નોલૉજીની સ્વીકૃતિ, ફાઈનાન્સિંગ માટેનાં નીતિવિષયક તથા મંજૂરીઓ માટેની નીતિઓમાં સુધારણા અને મજબૂત જાહેર-ખાનગી મૉડેલના અમલીકરણનો સમાવેશ થાય છે.

# ટીન અને કોપરની ચોક્કસ વેરાઈટીઓમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જના અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને કોપરની ચોક્કસ વેરાઈટીઓ અને ટીનમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી પાંચનો ઘટાડો આવ્યો હતો અને નિકલ, બ્રાસ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૨૯૧૦, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૬૧, રૂ. ૮૪૮, રૂ. ૮૩૮ અને રૂ. ૯૩૯ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે નિકલમાં ઘટ્યા મથાળેથી નીકળેલી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૩૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકારોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૬૦૭ અને રૂ. ૨૬૩ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૫૫૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૭૫, રૂ. ૨૧૨, રૂ. ૨૫૫ અને રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હતા.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં એક અબજ ડૉલરનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત ૨૦મી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧.૦૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૭.૯૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યુ છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૨૯ ડૉલર વધીને ૬૯૮.૯૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

જોકે, અગાઉ ગત સપ્ટેમ્બરના અંતે દેશની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની સપાટીએ પહોંચી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા ડૉલરમાં વેચવાલીનું દબાણ રહેતાં અનામતમાં ક્રમશ: ઘટાડો નોંધાતો રહ્યો હતો. દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૩૫.૭ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૫૮૯.૦૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૫૭.૩ કરોડ ડૉલર ઘટીને ૮૫.૭૪ અબજ ડૉલરની સપાટીએ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૮.૫ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૭૨ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામતો પણ ૧૦ લાખ ડૉલરના ઘટાડા સાથે ૪.૪૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે સાધારણ આઠ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સપ્તાહનું અંતિમ સત્ર તેમ જ મલયેશિયાના અહેવાલોની ગેરહાજરી તથા હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૧૫, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૪૫ અને રૂ. ૧૧૭૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૬૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૬૭ અને પતંજલિ ફૂડ્સના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૫, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૪૮૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ.૧૫ના ઘટાડા સાથે રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# હાજર ખાંડમાં માગને ટેકે સુધારાતરફી વલણ

મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયા હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૮નો સુધારો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી તેમ જ રિટેલ સ્તરની પણ માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૯થી ૩૦ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે આજે સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ચારથી ૧૮ના સુધારા સાથે રૂ. ૩૯૪૬થી ૪૦૫૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.


## સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોની સાત જોડીના ફેરા વધારશે

| ટ્રેન નં. | થી | સુધી | દોડનો દિવસ | સુધી વિસ્તૃત |
|---|---|---|---|---|
| 09043 | બાંદ્રા ટર્મિનસ | બર્હની | રવિવાર (સાપ્તાહિક) | ૨૭.૦૭.૨૫ |
| 09044 | બર્હની | બાંદ્રા ટર્મિનસ | સોમવાર (સાપ્તાહિક) | ૨૮.૦૭.૨૫ |
| 09025 | વલસાડ | દાનાપુર | સોમવાર (સાપ્તાહિક) | ૨૮.૦૭.૨૫ |
| 09026 | દાનાપુર | વલસાડ | મંગળવાર (સાપ્તાહિક) | ૨૯.૦૭.૨૫ |
| 09007 | વલસાડ | ખાતીપુરા | ગુરુવાર (સાપ્તાહિક) | ૨૫.૦૯.૨૫ |
| 09008 | ખાતીપુરા | વલસાડ | શુક્રવાર (સાપ્તાહિક) | ૨૬.૦૯.૨૫ |
| 09031 | ઉધના | જયનગર | રવિવાર (સાપ્તાહિક) | ૨૭.૦૭.૨૫ |
| 09032 | જયનગર | ઉધના | સોમવાર (સાપ્તાહિક) | ૨૮.૦૭.૨૫ |
| 09045 | ઉધના | પટના | શુક્રવાર (સાપ્તાહિક) | ૦૧.૦૮.૨૫ |
| 09046 | પટના | ઉધના | શનિવાર (સાપ્તાહિક) | ૦૨.૦૮.૨૫ |
| 09343 | ડૉ. આંબેડકર નગર | પટના | ગુરુવાર (સાપ્તાહિક) | ૩૧.૦૭.૨૫ |
| 09344 | પટના | ડૉ. આંબેડકર નગર | શુક્રવાર (સાપ્તાહિક) | ૦૧.૦૮.૨૫ |
| 09195 | વડોદરા | મઉ | સોમવાર (સાપ્તાહિક) | ૨૮.૦૭.૨૫ |
| 09196 | મઉ | વડોદરા | મંગળવાર (સાપ્તાહિક) | ૨૯.૦૭.૨૫ |

નોંધ: ટ્રેન નં. ૦૯૦૦૭/૦૯૦૦૮ને બંને દિશામાં કનકપુરા સ્ટેશન બદલે જયપુર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

ટ્રેન થોભવાના સમય અને તેની માહિતી વિગતવાર મેળવવા માટે ઉતારુઓએ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેવી.

ટ્રેન નં. ૦૯૦૪૩, ૦૯૦૨૫, ૦૯૦૦૭, ૦૯૦૩૧, ૦૯૦૪૫, ૦૯૩૪૩ & ૦૯૧૯૫ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ ૨૯.૦૬.૨૦૨૫થી બધા –PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેનો તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**

www.wr.indianrailways.gov.in

અમને લાઈક કરો: facebook.com/WesternRly

અમને ફોલો કરો : X.com/WesternRly

અમને ફોલો કરો : instagram.com/WesternRly

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો


# આ વર્ષે ચોમાસું સારું રહેતાં ખાંડના ઉત્પાદનમાં ૧૫ ટકા વૃદ્ધિનો અંદાજ: ક્રિસિલ

મુંબઈ: આ વર્ષે દેશમાં ચોમાસું સારું રહેવાના આશાવાદ સાથે આગામી ઑક્ટોબરથી શરૂ થનારી વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં ખાંડનું ઉત્પાદન ૧૫ ટકા વધીને ૩.૫ કરોડ ટનની સપાટીએ રહેવાની ધારણા મુકાઈ રહી છે.

એકંદરે આ વર્ષે ચોમાસું સરેરાશ કરતાં સારું રહેતા શેરડીના વાવેતર વિસ્તારમાં વધારો થતાં ઉપજમાં પણ વધારો થતાં ખાસ કરીને કર્ણાટક અને મહારાષ્ટ્ર જેવા મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં શેરડીનું ઉત્પાદન વધતાં ખાંડનું કુલ ઉત્પાદન ૧૫ ટકાના વધારા સાથે ૩.૫ કરોડ ટન આસપાસ રહેવાની ધારણા ક્રિસિલ રેટિંગ્સે એક અહેવાલમાં વ્યક્ત કરી છે.

આગામી ખાંડ મોસમમાં ઉત્પાદનમાં વધારો થતાં સ્થાનિક સ્તરે ખાંડમાં પુરવઠાસ્થિતિ હળવી થશે અને સાથે સાથે ઈથેનોલના ઉત્પાદન માટે ખાંડ વધુ વિકેન્દ્રિત થશે તેમ જ જો નીતિવિષયક ટેકો મળશે તો નિકાસમાં પણ વધારો થશે, એમ અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે શેરડીના ઉત્પાદનમાં વધારો થવાથી ખાંડ મિલોને શેરડીના ઊંચા ભાવ, ઈથેનોલના દબાણ હેઠળ રહેલા ભાવ અને સ્થગિત થયેલી નિકાસ જેવાં પડકારો સામે પણ રાહત મળતાં નાણાકીય વર્ષ ૨૦૨૫માં મિલોની કાર્યકારી નફાક્ષમતા ૨૦૦ બેસિસ પૉઈન્ટ વધીને ૮.૭થી નવ ટકા આસપાસની સપાટીએ રહેવાની શક્યતા છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં પુરવઠા સ્થિતિમાં સુધારો, ઈથેનોલ સાથે ગૅસોલિનમાં ભેળવણી માટે વધુ માત્રામાં ખાંડ વિકેન્દ્રિત થતાં ખાંડ મિલોના ઓપરેટિંગ માર્જિન વધીને ૯થી ૯.૫ ટકા સુધી પહોંચે તેમ હોવાથી ખાંડના ખેલાડીઓની ધિરાણ શાખને પણ ટેકો મળશે. એકંદરે છેલ્લી બે ખાંડ મોસમ દરમિયાન શેરડીનાં ફેર રેમ્યુનરેટિવ પ્રાઈસ (સામાન્ય વળતરદાયીભાવ)માં ૧૧ ટકાનો બહોળો વધારો થયો છે તેની સામે ઇથેનોલના ભાવ બૃહદ્ અંશે સ્થિર રહ્યા હોવાથી મિલોના નફા સંકડાઈ ગયા છે.

ક્રિસિલના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૫માં ઈથેનોલ માટે ૩૫ લાખ ટન ખાંડ વિકેન્દ્રિત થઈ હતી, જ્યારે આગામી વર્ષ ૨૦૨૬ની ખાંડ મોસમમાં ઈથેનોલ માટે ૪૦ લાખ ખાંડ વિકેન્દ્રિત થવાની શક્યતા છે. તેમ જ ઉત્પાદનમાં વધારો થવાની સાથે ડીઝલની ભેળવણી માટે સરકારે નિર્ધારિત કરેલો ૨૦ ટકા ભેળવણીનો લક્ષ્યાંક સર થશે તેમ જ મિલોની પ્રવાહિતીમાં પણ સુધારો થશે.

એકંદરે વ્યૂહાત્મક ધોરણે ઈથેનોલ માટે ખાંડ વિકેન્દ્રિત થવાથી મિલોના આવક સામેના જોખમો હળવા થતા હોય છે અને રોકડ પ્રવાહમાં વધારો થતો હોય છે, પરંતુ સામા પક્ષે શેરડીના ભાવમાં વધારો અને ઈથેનોલના ભાવમાં વધારો અટકતાં મિલોની નફાક્ષમતામાં સુધારો મર્યાદિત માત્રામાં જોવા મળતો હોવાનું ક્રિસિલે અહેવાલમાં ઉમેર્યું હતું.

# કેન્દ્ર સરકાર કર્ણાટકમાંથી અઢી લાખ ટન કેરીની પ્રાપ્તિ કરશે

નવી દિલ્હી: કર્ણાટકમાં કેરીનાં ભાવ ગગડી જતાં ખેડૂતોના હિત જાળવવા માટે સરકાર બજાર હસ્તક્ષેપ યોજના હેઠળ અઢી લાખ ટન કેરીની પ્રાપ્તિ કરશે, એમ ગત મંગળવારે કેન્દ્ર સરકારે જણાવ્યું છે.

કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી બજાર હસ્તક્ષેપ યોજના (માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ) હેઠળ આ પ્રાપ્તિ કરશે. નોંધનીય બાબત એ છે કે કેન્દ્રીય પ્રધાન એચ ડી કુમારસ્વામીએ તેના રાજ્યના કેરીના ઉત્પાદકોના હિતની ચિંતા વ્યક્ત કરવામાં આવતા પ્રાપ્તિ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે આજે જણાવ્યું હતું. વર્તમાન માર્કેટિંગ વર્ષ ૨૦૨૫-૨૬માં માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ હેઠળ કર્ણાટક રાજ્યમાંથી વધુમાં વધુ ૨.૫૦ લાખ ટન કેરીની પ્રાપ્તિ ક્વિન્ટલદીઠ રૂ. ૧૬૧૬નાં ભાવથી કરવામાં આવશે, એમ કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે કુમારસ્વામીને એક પત્ર લખીને જણાવ્યું છે.

હાલ કર્ણાટકમાં કેરીના ભાવ ઘટીને ક્વિન્ટલદીઠ રૂ. ૪૦૦ સુધી ગગડી ગયા છે ત્યારે સરકાર બજારભાવથી ચાર ગણાં ભાવથી ખરીદ કરશે, આમ સરકારના આ પગલાંથી રાજ્યનાં કેરીનાં ઉત્પાદકોને રાહત થશે, એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ઓક્ષીલીઅરી ટ્રાન્સફોર્મરની બદલી કરવી**

સીની. DEE/TRD/NS/BCT ઈ-ટેન્ડર નો. નં. EL-TRD-W-118-23-24-12-R-3 તા. ૨૬.૬.૨૫ મંગાવે છે. કામનું નામ: મુંબઈ ડીવી.ના વિરાર-સંજાણ સેક્શનમાં MSDSAC કામ માટે રીલે હટના લોકેશન સાથેનાં અનુસંધાનમાં ઓક્ષીલીઅરી ટ્રાન્સફોર્મરની બદલી કરવી. જાહેરાત વેલ્યુ: ₹ ૩૭,૭૦,૯૨૦/-. બાના રકમ : ₹ ૭૫,૪૦૦/-. સુપ્રતિની તા. & સમય: ૨૧.૭.૨૫ના ૧૫ ક. ખુલવાની તા. અને સમય: ૨૧.૭.૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0336

અમને લાઈક કરો : facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટિસ

DRM (S&T) વર્કસ રતલામ, એક્ટિંગ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતિ નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે. ટેન્ડર નં. SnT_RTM_W_૨૫_૧૦_સિગ્નલ, તારીખ: ૨૬.૬.૨૦૨૫. કામનું નામ: ૩ સ્ટેશન મક્સી, પીર ઉમરોડ ખાતે ઓવર એજેડ ઈન્ડોર અને આઉટડોર મક્સીની બદલીકરણ સાથેના સંબંધમાં સિગ્નલિંગ મટેરિઅલની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ & મક્સી ખાતે સુવિધાની શિફ્ટિંગ દ્વારા ગૂડસ શેડ ખાતે સુવિધા કરવી/ ડાયરેક્ટ રિસેપ્શન સાથે બ્રેન્ચ. બિડિંગ/ટેન્ડર પ્રકાર & સિસ્ટમ : કામ નોર્મલ ઓપન ઈ-ટેન્ડર, બે પેકેટ સિસ્ટમ. (IREPS પોર્ટલ). ટેન્ડર જાહેરાત મૂલ્ય : રૂ. ૨૨,૫૭,૫૨,૫૭૫.૫૪. બીડ સુરક્ષા/ બાના રકમ : રૂ. ૧૨,૭૮,૮૦૦/-. ટેન્ડર દસ્તાવેજની કિંમત : Nil. પ્રી-બીડ કોન્ફરન્સ : NA. બીડ પ્રારંભ તારીખ: ખોલવાના તારીખ પહેલાં ૧૫ દિવસ. બીડ ખોલવાની તારીખ & સમય : ૨૨.૦૭.૨૦૨૫ના ૧૫.૦૦ ક. ટેકનિકલ બીડની ખોલવાની તારીખ & સમય : ૨૨.૦૭.૨૦૨૫ના ૧૫.૩૦ ક. પછી. કોમર્શિયલ બીડની ખોલવાની તારીખ & સમય : ટેકનિકલ બીડના એવેલ્યુશન પછી તારીખ ઈન્ટીમેટ કરાશે. ઓફરની માન્યતા : ટેન્ડર ખોલવાના ૯૦ દિવસ. પૂર્ણતાનો સમયગાળો : ૧૮ મહિના. JV મંજૂર : મંજૂર નથી. બીડ ખોલવાની ટેન્ડરીંગ ઓફિસ ઈન-ચાર્જ & સ્થળ : Dy CSTE વર્કસ રતલામ, DRM ઓફિસ રતલામ M. P. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર તેજ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરી શકાય છે.

DRM (S&T) વર્કસ, પશ્ચિમ રેલવે, રતલામ

SPAN/6/1/110

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# સિમિના સાકિબ નાચનનું દિલ્હીની હોસ્પિટલમાં મોત

મુંબઈઃ પ્રતિબંધિત સ્ટુડન્ટ્સ ઇસ્લામિક મુવમેન્ટ ઓફ ઇન્ડિયા (સિમિ) ના ભૂતપૂર્વ પદાધિકારી અને પુણે આઇસિસ મોડ્યુલ કેસના આરોપી સાકીબ નાચનનું થોડા દિવસ પહેલા બ્રેઇન હેમરેજ થયા પછી શનિવારે દિલ્હીની એક હોસ્પિટલમાં અવસાન થયું હતું, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડી તાલુકાના પડઘા વિસ્તારના રહેવાસી નાચનને ચાર દિવસ પહેલા રાષ્ટ્રીય રાજધાનીની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

૨૦૨૩ માં રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) એ આતંકવાદી સંગઠન આઇસિસ પર દેશવ્યાપી કાર્યવાહીના ભાગરૂપે પડઘા ખાતે દરોડા પાડ્યા હતા અને નાચન સહિત અનેક લોકોની ધરપકડ કરી હતી.

તિહાર જેલમાં બંધ સિમિના ભૂતપૂર્વ પદાધિકારીને મંગળવારે (૨૪ જૂન) તેમની તબિયત બગડતા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ડોક્ટરોએ પછીથી પુષ્ટિ કરી હતી કે બ્રેઇન હેમરેજને લીધે તેનું મૃત્યુ થયું હતું.

શનિવારે તેમની તબિયત વધુ ખરાબ થઈ હતી, અને બપોરે ૧૨.૧૦ વાગ્યે તેનું મૃત્યુ થયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

''પોસ્ટમોર્ટમ પછી તેમના મૃતદેહને તેમના પરિવારને સોંપવામાં આવશે, અને તેમના અંતિમસંસ્કાર રવિવારે પડઘા નજીકના બોરીવલી ગામમાં કરવામાં આવશે,'' તેમણે જણાવ્યું.

એનઆઇએ દ્વારા ૨૦૨૩માં નાચનની ધરપકડ કરવામાં આવી હતી. વિદેશી આતંકવાદી સંગઠન આઈસિસની આતંકવાદી પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે સામેલ હોવાની કબૂલાત નાચને કરી હતી.

ઇમ્પ્રુવાઇઝ્ડ વિસ્ફોટક ઉપકરણો (જુઓ પાનું ૪) ▶▶

# અસ્થિ વિસર્જન માટે ગયેલા ત્રણ જણ હાજી અલીના દરિયામાં ડૂબ્યાં

## બેનાં મોતઃ માતાનાં અસ્થિ વિસર્જન કરવા ગયા હતાઃ દરિયામાં ભયંકર ભરતી હોવાની પોલીસની ચેતવણી છતાં પોલીસ સાથે ઝઘડીને ગયા ને દુર્ઘટના ઘટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દરિયામાં મોટી ભરતી હોવાથી પોલીસે રોક્યા હોવા છતાં તેમની ચેતવણીને અવગણીને વરલીમાં હાજી અલીમાં માતાના અસ્થિ વિસર્જન કરવા ગયેલી વ્યક્તિની સાથે જ તેના મિત્રનું દરિયામાં તણાઈ જવાથી મૃત્યુ થયું હોવાનો આઘાતજનક બનાવ બન્યો હતો. આ દુર્ઘટનામાં બેનાં મોત થયા હતા તો બચી ગયેલા જીએસટી ઈન્સ્પેક્ટર પર મુંબઈ સેન્ટ્રલમાં આવેલી નાયર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું તાડદેવ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના શનિવારે બપોરના લગભગ ત્રણથી ચાર વાગ્યાની આસપાસ વરલીમાં હાજી અલી નજીક લોટસ જેટી પાસે પાસે બની હતી. તાડદેવ પોલીસના સિનિયર પોલીસ અધિકારી નિલિમા કુલકર્ણીએ 'મુંબઈ સમાચાર'ને (જુઓ પાનું ૪) ▶▶



હાજી અલીમાં મૃત્યુ પામેલા કુણાલ કોકાટેના શોકમગ્ન પરિવારજનો નાયર હૉસ્પિટલની બહાર. (અમય ખરાડે)

# પહેલા ધોરણથી હિન્દી અમાન્ય, કેબિનેટમાં ચર્ચા થશેઃ અજિત પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા શાળાઓમાં પહેલા ધોરણથી હિન્દી શીખવવાના નિર્ણયના વધતા વિરોધ વચ્ચે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શનિવારે કહ્યું હતું કે રાજ્ય વિધાનસભાના ચોમાસું સત્ર પહેલા કેબિનેટની બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવશે.

બારામતીમાં પત્રકારોને સંબોધતાં એનસીપીના પ્રમુખે તેમના મંતવ્યને પુનરાવર્તિત કર્યું કે હિન્દી પાંચમા ધોરણથી શીખવવી જોઈએ.

'અમે ક્યારેય એવું માનતા નથી કે શરૂઆતથી જ હિન્દી લાદવી જોઈએ. હિન્દી શીખવવા માટે કોઈ ફરજ નથી,' એમ તેમણે કહ્યું હતું.

'હિંદી કોઈ ફરજિયાત નથી. અમે માનીએ છીએ કે પોતપોતાના રાજ્યમાં દરેક વ્યક્તિએ પોતાની માતૃભાષા શીખવી જોઈએ. અમે કહ્યું હતું કે પાંચમા ધોરણથી હિન્દી વિશે વિચારવું જોઈએ. અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણતા લોકોએ મરાઠી શીખવી જ જોઈએ કારણ કે તે ફરજિયાત વિષય છે. લોકોએ પાંચમા ધોરણથી (વૈકલ્પિક ભાષા વિશે) નિર્ણય લેવો જોઈએ,' એમ નાયબ મુખ્ય પ્રધાન પવારે કહ્યું હતું.

'વિધાનસભાનું સત્ર એક દિવસ પછી શરૂ થશે. અમે આ મુદ્દે (કેબિનેટની બેઠકમાં) રવિવારે ચર્ચા કરીશું. શરૂઆતથી જ હિન્દી લાદવાનો અમારો (જુઓ પાનું ૪) ▶▶

# નરેન્દ્ર મોદીના જન્મદિનથી નવી મુંબઈ ઍરપોર્ટ શરૂ થવાની શક્યતા

## ૧૭ સપ્ટેમ્બરની ઉદ્‌ઘાટનની તારીખ હાલ નક્કી કરાઈ છે

નવી મુંબઈઃ નવી મુંબઈથી ઊડતી ફ્લાઇટ્સ માટે અપેક્ષિત લોન્ચ તારીખ સપ્ટેમ્બરમાં નક્કી કરવામાં આવી છે. એરપોર્ટના નિર્માણ માટે જવાબદાર અદાણી ગ્રુપે રાજ્યની જાહેર ઉપક્રમ સમિતિને આદેશ મુજબ જાણ કરી છે.

અદાણી ગ્રુપ અને રાજ્ય સરકાર ૧૭ સપ્ટેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના સન્માનમાં નવી મુંબઈથી ફ્લાઇટ્સ શરૂ કરવાની યોજના ધરાવે છે, એવો ઉલ્લેખ છે. ઘણા અહેવાલો અનુસાર, ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસના સન્માનમાં નવી મુંબઈથી ફ્લાઇટ્સ શરૂ કરવા માટે સિડકો અને સરકારી અધિકારીઓ સહયોગ કરી રહ્યા હતા.

નવી મુંબઈ એરપોર્ટ પ્રોજેક્ટની સમીક્ષા માટે એરપોર્ટ સાઇટ પર રાજ્યના ધારાસભ્યોની બનેલી પબ્લિક અંડરટેકિંગ્સ કમિટી સમક્ષ પ્રોજેક્ટ પ્રેઝન્ટેશનમાં, નવી મુંબઈથી ફ્લાઇટ્સ શરૂ કરવાની સમયરેખા હવે સપ્ટેમ્બર માટે સ્થાપિત કરવામાં આવી છે.

નવી મુંબઈ એરપોર્ટ ટર્મિનલના (જુઓ પાનું ૪) ▶▶

## મુખ્ય પ્રધાન ફડણવીસના દાવાઓની ઐસીતૈસી

# ગઢચિરોલી અને ગોંદિયાના ચાર તાલુકા નકસલગ્રસ્ત જાહેર કરાયા

મુંબઈઃ સંપૂર્ણ ગઢચિરોલી અને ગોંદિયાના ચાર તાલુકા નકસલગ્રસ્ત હોવાનું સરકારે જણાવ્યું હતું. સરકારની આવી જાહેરાત પર એટલે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે, કારણ કે પાંચ મહિના પહેલા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગઢચિરોલીના અમુક વિસ્તારોને માઓવાદીમુક્ત ગમાવ્યા હતા અને કહ્યું હતું કે દક્ષિણ ગઢચિરોલી પણ ટૂંક સમયમાં નકસલીઓની સમસ્યામાંથી મુક્ત થવાનું કહ્યું હતું.

શુક્રવારે જારી કરાયેલા સરકારી પરિપત્રમાં (જુઓ પાનું ૪) ▶▶

# જોગેશ્વરીમાં ૨૧.૫૫ કરોડ રૂપિયાનો ગાંજો જપ્તઃ બે ઇન્ડોનેશિયન નાગરિકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જોગેશ્વરીમાં ૨૧.૫૫ કરોડ રૂપિયાની કિંમતનો ગાંજો વેચવા માટે આવેલા બે ઇન્ડોનેશિયન નાગરિકને પોલીસે પકડી પાડી લોકઅપભેગા કરી દીધા હતા.

ઓશિવરા પોલીસે ધરપકડ કરેલા બંને આરોપીની ઓળખ બડી વિયોનો (૪૪) અને રખમત અર્દી હિદાયત (૩૯) તરીકે થઇ હતી. બંને હાલ પોલીસ કસ્ટડીમાં હોવાથી તેમની પૂછપરછ કરવામાં આવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ઓશિવરા પોલીસને માહિતી મળી હતી કે બે (જુઓ પાનું ૪) ▶▶

# ટાર્ગેટ બાંગ્લાદેશીઓઃ દસ્તાવેજોની તપાસનો મહારાષ્ટ્ર સરકારનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ગેરકાયદે રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકો સરકારી યોજનાઓનો લાભ લઈ રહ્યા હોવાના અહેવાલો વચ્ચે, દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની મહાયુતિ સરકારે વિવિધ વિભાગોને વિશેષતઃ ઓળખ, રહેઠાણ અને લાભો મેળવવાના હક સંબંધિત દસ્તાવેજોની યોગ્ય રીતે તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે.

રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સંસાધનોના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરતાં સરકારે શુક્રવારે રાત્રે બહાર પાડેલા સરકારી ઠરાવ (જીઆર)માં બધા જ વિભાગોને બનાવટી અથવા તો ચેડાં (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

CAMA માટે પ્રોગ્રેસિવ ગ્રુપનું વિઝનઃ ઉજ્જ્વળ ભવિષ્ય માટે આપણા સમુદાયને સશક્ત બનાવવું

અમે એક નવા યુગના શિખર પર ઊભા છીએ, જ્યાં CAMA સમુદાય ફક્ત ટકી રહ્યો નથી, પરંતુ સમૃદ્ધ પણ થઈ રહ્યો છે. ૭૦ વર્ષથી, અમે આધારસ્તંભ રહ્યા છીએ, અને હવે, અમે ભવિષ્ય માટે એક બોલ્ડ વિઝન સાથે તે વારસા પર નિર્માણ કરી રહ્યા છીએ. અમારી પ્રતિબદ્ધતા દરેક સભ્ય પ્રત્યે છે, વૃદ્ધિ, પારદર્શિતા અને અપ્રતિમ સમર્થન સુનિશ્ચિત કરે છે.

**વઢવાણ બંદર પહેલ**
અમે કામા સભ્યો માટે સબસિડીવાળી જમીન સુરક્ષિત કરવા માટે સરકારી અધિકારીઓ સાથે સક્રિયપણે શોધખોળ કરીશું અને સંપર્ક કરીશું. આ પહેલ વેરહાઉસિંગ અને લોજિસ્ટિક્સ જેવી આવશ્યક સંલગ્ન સેવાઓ સુધી વિસ્તરે છે, જે અમારા સભ્યોને મહત્વપૂર્ણ સ્પર્ધાત્મક ધાર પ્રદાન કરે છે.

**નવો ડિજિટલ સભ્ય ડેટાબેસ**
CAMAનાં ૭૦ વર્ષની ઉજવણી કરવા માટે, અમે એક અત્યાધુનિક ડિજિટલ એપ્લિકેશન-આધારિત સભ્ય ડેટાબેઝ લોન્ચ કરીશું, જે પરંપરાગત ભૌતિક સભ્ય ડાયરી દ્વારા પૂરક છે. આ મહત્વપૂર્ણ માહિતીની સરળ ઍક્સેસ સુનિશ્ચિત કરશે અને મજબૂત જોડાણોને પ્રોત્સાહન આપશે.

**ડિજિટલ ટેક આધારિત સશક્તીકરણ**
અમે CAMA સભ્યોને વ્યવસાયિક કામગીરી અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવા માટે રચાયેલ અત્યાધુનિક ટેકનૉલૉજી-આધારિત ઉકેલોથી સજ્જ કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

**વેપાર -રક્ષણ**
અમે પક્ષકારોની ક્રેડિટ યોગ્યતા ચકાસવા માટે ખાસ રચાયેલ એપ્લિકેશન-આધારિત ડેટાબેઝ બનાવીશું અને સતત જાળવીશું. આ સક્રિય પગલું અમારા સભ્યોના હિતોનું રક્ષણ કરશે અને સુરક્ષિત વેપારને પ્રોત્સાહન આપશે.

**ગતિશીલ વેપાર સંચાર**
અમે નિયમિતપણે સભ્યોને મહત્વપૂર્ણ ઉદ્યોગ સમાચાર અને ઘટનાઓથી વાકેફ કરવા અને અપડેટ કરવા માટે એક મજબૂત સિસ્ટમ સ્થાપિત કરીશું, જેથી તમે હંમેશા માહિતગાર અને આગળ રહો.

**આગળ દેખાતી વેપાર સુવિધા**
અમે નિયમિતપણે સામનો કરતી સમસ્યાઓ માટે ભવિષ્યલક્ષી, નવા યુગના ઉકેલો બનાવીશું અને પ્રદાન કરીશું, જેમાં વીમા અને કાનૂની સલાહ જેવી મહત્વપૂર્ણ સેવાઓ, કામગીરીને સુવ્યવસ્થિત કરવી અને સભ્યોનો બોજ ઘટાડવો સામેલ છે.

**ઝડપી સંપર્ક**
અમે નિયમિતપણે સરકારી અધિકારીઓ સાથે અમારા સમુદાયનું પ્રતિનિધિત્વ કરીશું અને સંપર્ક કરીશું, તેમના સતત સમર્થનની હિમાયત કરીશું અને મહત્વપૂર્ણ નીતિગત બાબતો પર અમારા સામૂહિક અવાજને સાંભળવામાં આવે તેની ખાતરી કરીશું.

**સભ્યપદ શક્તિ**
અમે નિયમિત સભ્યપદ ઝુંબેશ દ્વારા સમાવિષ્ટ વિકાસ અને માહિતીની આપ-લેને સક્રિય રીતે સુવિધા આપીશું, જેનાથી CAMAની એકંદર શક્તિ અને પહોંચમાં નોંધપાત્ર વધારો થશે.

**ઝડપી લવાદ પ્રક્રિયા**
અમે સંઘર્ષના નિરાકરણને ઝડપી બનાવવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOPs) સ્થાપિત કરીશું, જેનાથી અમારા સભ્યોને વિવાદોના ઝડપી અને વધુ કાર્યક્ષમ ઉકેલો મળશે.

**તાલીમ અને વિકાસ**
અમે નિયમિત વિકાસ કાર્યક્રમો અને વિવિધ ઉદ્યોગ સહભાગીઓની આગેવાની હેઠળ જ્ઞાન- આદાન-પ્રદાન સત્રો દ્વારા સભ્યોના જ્ઞાનને તાલીમ અને કૌશલ્ય વધારવાને પ્રાથમિકતા આપીશું, જેથી ખાતરી કરી શકાય કે અમારા સભ્યો તેમનાં ક્ષેત્રોમાં મોખરે રહે.

**પારદર્શકતા**
અમે સંપૂર્ણ પારદર્શિતા માટે પ્રતિબદ્ધ છીએ. અમે CAMA ના બાય-લોઝને ડિજિટાઈઝ અને સંપૂર્ણ રીતે અપડેટ કરીશું, જેથી તે બધા સભ્યો માટે સરળતાથી સુલભ અને સમજી શકાય.

**પોડકાસ્ટ**
ભવિષ્ય માટે શાણપણ : અમે ઉદ્યોગના અનુભવીઓ અને નેતાઓને દર્શાવતી આકર્ષક પોડકાસ્ટની શ્રેણી શરૂ કરીશું. તેમના અમૂલ્ય અનુભવો અને જ્ઞાન સીધા અમારા સભ્યો સાથે શેર કરવામાં આવશે, જે આગામી પેઢીને પ્રેરણા અને માર્ગદર્શન આપશે.

આ મેનિફેસ્ટો ફક્ત પહેલાની યાદી કરતાં વધુ છે; તે એક વચન છે. તમને સશક્ત બનાવવાનું, તમારા હિતોનું રક્ષણ કરવાનું અને એક એવું ભવિષ્ય બનાવવાનું વચન જ્યાં દરેક CAMA સભ્ય તેમની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરી શકે.

શું તમે આ પરિવર્તનશીલ યાત્રાનો ભાગ બનવા માટે તૈયાર છો?




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**